# आगमप्रतिपक्षनिराकरणम्

## Aagampratipakshanirakaranam

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રીપ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ

શ્રી ભુવનભાનુસૂરિ જન્મશતાબ્દીએ નવલું નજરાણું-૨૯

नवनिर्मित-आगमोपनिषद्-विषमपदविवरणविभूषितम्

# आगमप्रतिपक्षनिराकरणम्

: नूतनविषमपदविवरणसर्जनम्+मूलसंशोधनम्+गुर्जरानुवादः+सम्पादनम् :

प्राचीन श्रुतोद्धारक प.पू. आचार्यदेव-श्रीमद्विजयहेमचन्द्रसूरीश्वरशिष्या

आचार्यविजयकल्याणबोधिसूरीश्वराः

**ઈતિહાસકારો અને**
**વિદ્વાનોને**
**એક અનોખો ઉપહાર**

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

: प्रकाशक :

श्री जिनशासन आराधना ट्रस्ट

- મૂળ કૃતિ : આગમપ્રતિપક્ષનિરાકરણ / વિસંવાદ પ્રકરણ
- મૂળકૃતિકાર : અજ્ઞાત બહુશ્રુત પૂર્વાચાર્ય
- નવનિર્મિત ગુર્જર વિવરણ + અનુવાદ-આગમોપનિષદ્

  ત્રણ હસ્તાદર્શો પરથી : મૂળકૃતિનું સંશોધન+વિષમપદવિવરણ અનુવાદ+સંપાદન : પ્રાચીન શ્રુતોદ્ધારક પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા ના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય **કલ્યાણબોધિસૂરીશ્વરજી** મહારાજ.
- **વિષય :** સૂત્રવિરુદ્ધ પ્રરૂપણાઓનું વિશદ નિરાકરણ.
- **વિશેષતા :** ગ્રંથકારશ્રીના સમયમાં ઉદ્ભવેલ કુમત-કુશાસ્ત્ર દ્વારા પ્રરૂપિત અનેક શાસ્ત્ર-વિરુદ્ધ બાબતોનું શાસ્ત્રપાઠો સાથે નિરાકરણ. આ નિરાકરણથી વર્તમાન વિશ્વમાં પ્રચલિત અનેક કુમતોનું પણ નિરાકરણ થઈ શકે છે. ભવિષ્યમાં તે પ્રાચીન કુશાસ્ત્ર પ્રગટ થાય કે તેમાં કહેલા ઉત્સૂત્રોની સમાનતા ધરાવતા વિધાનો થાય, ત્યારે શાસ્ત્રીય સત્યની પ્રાપ્તિ માટે આ પ્રબંધ વિશેષ ઉપયોગી થઈ શકે છે.
- **પઠન-પાઠનના અધિકારી :** ગીતાર્થગુરુ અનુજ્ઞાત આત્મા.


- વિ. સં. ૨૦૬૬ ● પ્રતિ : ૫૦૦ ● આવૃત્તિ : પ્રથમ● મૂલ્ય : રૂા. ૨૨૫

  આ પુસ્તક જ્ઞાનદ્રવ્યથી પ્રકાશિત થયું છે. માટે ગૃહસ્થે મૂલ્ય ચૂકવીને માલિકી કરવી.
- પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ E-mail : jinshasan_108@yahoo.com



Copyright held by Shree Jinshasan Aradhana Trust under Indian Copyright Act, 1957. http://copyright.gov.in/documents/copyright rules 1957, pdf.

Note : Unauthorised usage, whether uploading on any website or printing in a book or forwarding to others on the internet or putting u on a blog is prohibited. Reproduction of this text by any means whether in part or in full, cannot be made unless express written consent obtained from shree Jinshasan Aradhana Trust. Any violation of this shall be deemed a violation of the intellectual rights of the publisher & of the copyright act, 1957.



**મુદ્રક : ભરત ગ્રાફિક્સ,** ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.

Ph. : 079-22134176, M : 9925020106, E-mail : bharatgraphics1@gmail.com



चरमतीर्थपतिः करुणासागरः श्रीमहावीरस्वामी



अनन्तलब्धिनिधानः श्रीगौतमस्वामी



पञ्चमगणधरः श्रीसुधर्मास्वामी

# કૃપા વરસે અનરાધાર

સિદ્ધાંતમહોદધિ સુવિશાલગચ્છસર્જક પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

અજોડ ગુરુસમર્પિત ગુણગણનિધિ પ. પૂ. પંન્યાસપ્રવર

**શ્રી પદ્મવિજયજી ગણિવર્ય**

સિદ્ધાંત દિવાકર પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ

**શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

વૈરાગ્યદેશનાદક્ષ પ. પૂ. આચાર્યદેવ

**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

# સુકૃત સહયોગી

અનુમોદના...અભિનંદન...ધન્યવાદ...અનુમોદના...અભિનંદન...ધન્યવાદ...અભિનંદન...ધન્યવાદ...

## શ્રી લબ્ધિનિધાન
## સીમંધરસ્વામી શ્વે.મૂ. જૈન સંઘ
## વરલી (મુંબઈ)

**પ્રેરક : આ. વિજય જયસુંદરસૂરીશ્વરજી મ.સા.**

જ્ઞાનનિધિના સદ્વિનિયોગ બદલ
શ્રીસંઘ તથા ટ્રસ્ટીઓની
ભૂરિ ભૂરિ અનુમોદના

- પ્રાપ્તિસ્થાન : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

મુંબઈ : શ્રી ચંદ્રકુમારભાઈ બી. જરીવાલા,
દુ.નં. ૬, બદ્રીકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ 'ઈ' રોડ,
નેતાજી સુભાષ માર્ગ, મુંબઈ. ફોન : ૨૨૮૧૮૩૯૦

શ્રી અક્ષયભાઈ જે. શાહ
૫૦૬, પદ્મએપાર્ટમેન્ટ, જૈન દેરાસરની સામે,
સર્વોદયનગર મુલુંડ (વે.) મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૬૭૪૭૮૦

પાટણ : શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી
૬-બી, અશોકા કોમ્પલેક્ષ, પહેલા રેલવે ગરનાળા પાસે,
પાટણ, ઉ.ગુ. ફોન : ૯૯૦૯૪ ૬૮૫૭૨

અમદાવાદ : શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાળા
સિદ્ધાચલ બંગલોઝ, સેન્ટ એન. સ્કુલ પાસે, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૫. ફોન : ૨૭૫૦૫૭૨૦, ૨૨૧૩૨૫૪૩

# જિનબિંબ ઔર જિનાગમ ભવિયણકું આધારા

જિનબિંબની આરાધના અનેક રીતે થઈ શકે છે. (૧) તેનું ધ્યાન કરવાથી (૨) તેના દર્શન કરવાથી (૩) તેની પૂજા કરવાથી (૪) તેની દેખરેખ કરવાથી. આ આરાધનાઓ પ્રસિદ્ધ છે. આગળ વધીને કહું તો, તેના પર કોઈ આક્રમણ આવે, ત્યારે તેનો પ્રતિકાર કરવો એ પણ જિનબિંબની આરાધના છે. કોઈ એને અલગ સ્વરૂપમાં રજુ કરે, અને તેના મૂળ સ્વરૂપની અવગણના કરે ત્યારે, યોગ્ય ઉપાયો દ્વારા તેના મૂળ સ્વરૂપને પ્રગટ કરવું એ પણ જિનબિંબની આરાધના છે. એનો તિરસ્કાર કરનારાઓનો વિરોધ કરવો, તેમનું નિરાકરણ કરવું, એ પણ જિનબિંબની આરાધના છે.

જિનબિંબની આરાધનાના જે જે પ્રકારો કહ્યા, તે તે પ્રકારોથી જિનાગમની પણ આરાધના થઈ શકે છે. કલ્પસૂત્રની અષ્ટપ્રકારી પૂજા કરીને તેને મોતીઓથી વધાવવું, એ પણ કલ્પસૂત્રની આરાધના છે. અને કલ્પસૂત્રના વચનોને મારી-મચડીને વિસંસ્થૂલ રૂપમાં રજુ કરવામાં આવે, ત્યારે તેનું નિરાકરણ કરીને કલ્પસૂત્રના યથાર્થ તાત્પર્યનું પ્રાકટ્ય કરવું, એ પણ કલ્પસૂત્રની આરાધના છે.

પ્રસ્તુત પ્રકરણ એટલે આવી જ એક આરાધના. કેટલાક સમય પૂર્વે એક એવો મત ઊભો થયો હતો, કે જેણે જિનશાસનને બોડી-બામણીનું ખેતર સમજી લીધું. અનેક વિચિત્ર સિદ્ધાન્તો અને આચારોનું નિરૂપણ કર્યું. સુવિહિત મુનિઓ કરતાં પણ પોતાને ઉંચા દરજ્જાના ગણાવ્યા. અનેક ઉત્સૂત્ર પ્રરૂપણાઓ કરી. તેમણે જે ગ્રંથોમાં આવી પ્રરૂપણાઓ કરી

તે ગ્રંથોના નામ છે-ઈષ્ટકમનીયસિદ્ધિ, બ્રહ્મકમનીયસિદ્ધિ, નવતત્ત્વનિદાન, વિજ્ઞાનેશ્વર, સિદ્ધાગમસંકેત, વિજ્ઞાનગુણાર્ણવ વગેરે.

આજે આ ગ્રંથો જોવા મળતા નથી, એ જગતના હિતમાં જ છે. એ ગ્રંથો રજુ કરનારાએ એવો દાવો કર્યો હતો કે, આ ગ્રંથો ભરત ચક્રવર્તીએ બનાવ્યા છે. આવશ્યકચૂર્ણિ આદિ શાસ્ત્રોમાં ભરતચક્રીકૃત આર્યવેદોની વાત છે, તે ગ્રંથો આ જ છે. સમસ્ત શ્રીસંઘનું સમર્થન મળે એ માટે તેમણે એ દાવો કર્યો. પણ પ્રસ્તુત ગ્રંથના કર્તાએ અનેક ઉત્સૂત્રો, કાલ્પનિક વાતો, પ્રસિદ્ધ પ્રસંગોના વિકૃત સ્વરૂપો, પૂર્વાપર વિરોધો અને અનેકાનેક આગમાદિના બાધકો રજુ કરીને પુરવાર કરી દીધું કે, આ ગ્રંથો ભરતચક્રીકૃત છે જ નહીં. એટલું જ નહીં, અનેક દષ્ટિકોણોથી એ ગ્રંથોનું વિશ્લેષણ કરીને પ્રસ્તુત પ્રકરણકારે સ્પષ્ટપણે પુરવાર કર્યું છે, કે એ ગ્રંથો આધુનિક જ છે. એ ગ્રંથો પોતાના કવનથી જ દેખાડી આપે છે, એમનો શબ્દદેહ જ જાહેરાત કરે છે, કે એ આધુનિક છે.

પ્રકરણકારશ્રીએ ક્યાંય પોતાનું નામ મૂક્યું નથી. પણ એક એક ઉત્સૂત્રોનું સૂક્ષ્મતાથી તેમણે ખંડન કર્યું છે. તીક્ષ્ણ તર્કો રજુ કર્યા છે. સજ્જડ બાધક તરીકે શાસ્ત્રીય વચનો રજુ કર્યા છે. આ બધું જોતા તેઓ એક બહુશ્રુત મહાપુરુષ હતા, એવું સહજપણે જણાય છે. આ પ્રકરણ દ્વારા તેમણે માત્ર જિનાગમની જ નહીં, પણ સમગ્ર જિનશાસનની પણ આરાધના અને રક્ષા કરી છે.

એક પ્રશ્ન એ ઉદ્ભવી શકે, કે વર્તમાનમાં તે ઉત્સૂત્રમય ગ્રંથો જ જોવા નથી મળતાં, તો પછી તેના નિરાકરણને પ્રસિદ્ધ કરવાનો શું અર્થ છે ? આનો ઉત્તર આ મુદ્દાઓથી મળી જશે -

(૧) અનેક શાસ્ત્રીય બાબતો અંગે આજે પણ ઘણી અણસમજ-ગેરસમજ પ્રવર્ત્તે છે, જેના સચોટ ઉકેલો આ પ્રકરણમાં આપેલા છે.

(૨) આજે ય જિનપૂજાનિષેધ જેવા અનેક ઉત્સૂત્રોની પ્રરૂપણા થઈ રહી છે. જેના નિરાકરણની અત્યંત આવશ્યકતા અનુભવાય છે. એવા અનેક ઉત્સૂત્રોનું નિરાકરણ પણ પ્રસ્તુત ગ્રંથમાં કરેલું છે. માટે વર્તમાન વિશ્વને પણ આ ગ્રંથ ઉપયોગી છે.

(૩) ઉત્સૂત્ર પ્રરૂપક તે ગ્રંથો કે તેની સમાન અન્ય ગ્રંથો ભવિષ્યમાં પ્રગટ થાય ત્યારે પ્રાચીનતા આદિને કારણે જૈન-જૈનેતર જગત ગેરમાર્ગે દોરવાય, ઘણા વિવાદો ઊભા થાય, એવી શક્યતાઓ રહેલી છે, પ્રસ્તુત પ્રકાશનથી તેવા અનિષ્ટોનું નિવારણ કરી શકાશે.

(૪) સાધુ-શ્રાવક આચાર આદિ અનેકાનેક ઉપયોગી બાબતોનું જ્ઞાન પ્રસ્તુત ગ્રંથથી થાય છે. માટે અભ્યાસ માટે પણ આ ગ્રંથ ઉપયોગી છે.

(૫) જિનાગમ એટલું વ્યવસ્થિત છે, કે કોઈ જરા પણ આઘી-પાછી પ્રરૂપણા કરે, તો અનેક શાસ્ત્રો સાથે વિરોધ આવી જાય, અને પેલાની પોલ પકડાઈ જાય. આ વાસ્તવિકતા પ્રસ્તુત પ્રકરણના પાને પાને છતી થઈ છે. આ પ્રકરણ ઉત્સૂત્રપ્રરૂપકો માટે એક લાલબત્તી સમાન છે. જે આ પ્રકરણથી પરિચિત થશે, તે જિનવચન સાથે ચેડા કરતા પહેલા સો વાર વિચાર કરશે.

આ લાભોને જોઈને પ્રસ્તુત ગ્રંથ પર વિષમપદવિવરણ તથા અનુવાદની રચના કરી છે. સંક્ષેપથી અતિદિષ્ટ શાસ્ત્રવચનો, ગંભીર વાક્યોના વિવરણો અધ્યેતાઓને ઉપયોગી થશે. જેમનું નિરાકરણ કરાયું છે, તે ગ્રંથો ઉપલબ્ધ ન હોવાને કારણે કેટલાક સ્થળોએ તાત્પર્ય સમજી શકાતું નથી. પણ એવા સ્થળો અત્યંત અલ્પ છે. મોટા ભાગે પ્રકરણકારશ્રીએ તે ગ્રંથોના વચનોને ઉદ્ધૃત કરીને તેમનું નિરાકરણ કર્યું છે. આ પ્રકરણ પ્રથમ વાર પ્રકાશિત થઈ રહ્યું છે, તેનું સંશોધન નિમ્નદર્શિત ત્રણ હસ્તાદર્શો પરથી કરવામાં આવ્યું છે. ત્રણે હસ્તાદર્શો **શ્રીહેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિર-પાટણના** છે.

## ક-પ્રતિ, ડા. ૧૧૨, ગ્રં.૨૯૧૯, પત્ર સંખ્યા-૨૬

### પ્રથમ પત્ર



### અંતિમ પત્ર



## ખ-પ્રતિ, ડા. ૧૧૧, ગ્રં.૨૯૦૦, પત્ર સંખ્યા-૩૪

### પ્રથમ પત્ર



## અંતિમ પત્ર



લેખક - સીરીરામ, લેખનસ્થળ - પાટણ, લેખન સંવત - ૧૯૫૯

---

## ગ-પ્રતિ, ડા. ૨૪૨, ગ્રં.૧૧૪૭૩, પત્ર સંખ્યા-૨૯

## પ્રથમ પત્ર



## ૩૫-અંતિમ પત્ર



આ પ્રતિ અપૂર્ણ છે. ॥૧૬૧॥ - કલ્પિત ઉત્સવોના સ્થાન સુધી પ્રાપ્ત થાય છે. શુદ્ધ પાઠો મેળવવામાં આ પ્રતિ ઘણી ઉપયોગી થઈ છે.

પરમકૃપાળુ પરમાત્મા તથા ભવોદધિતારક ગુરુદેવશ્રીની કૃપાથી આ પ્રબંધ સંપન્ન થઈ શક્યો છે. ઉપરોક્ત હસ્તાદર્શોની સંરક્ષક સંસ્થા અને સંચાલકોના અમે આભારી છીએ.

આ મહાન ગ્રંથના મૂલાધાર છે મુનિ **શ્રી જિનપ્રેમવિજયજી મ.સા.** અને અનન્ય સહયોગી છે મુનિ **શ્રી ભાવપ્રેમવિજયજી મ.સા.**, મુનિ **શ્રી રાજપ્રેમવિજયજી મ.સા.** તથા ભરત ગ્રાફિક્સના પ્રયત્નોથી ટાઈપ સેટીંગ આદિ કાર્ય કુશળતાપૂર્વક પાર પડ્યું છે. કૃપા કરીને બહુશ્રુતો એનું સંશોધન કરી ક્ષતિનિર્દેશ કરે, એવી નમ્ર પ્રાર્થના. જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.

**ભાદરવા વદ-૧૦,**
**વિ.સં. ૨૦૬૬,**
**શ્રી અઠવાલાઈન્સ જૈન સંઘ,**
**સુરત.**

પ્રાચીન શ્રુતોદ્ધારક
પ.પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી**
મહારાજાનો ચરણસેવક
**આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**

# નિગમ ગચ્છીય ગ્રંથોની ઝલક

## शासनीनगुणानन्दचूडामणिः ( निगमप्रवचनम् ? ) पत्र-२०

## શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર - કોબા, સા.ક્ર. ૧૮૯૬

### પ્રથમ પત્ર



## शासनीनगुणानन्दचूडामणि ( निगमप्रवचनम् ? ) पत्र-२०

## શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર - કોબા, સા.ક્ર. ૧૮૯૬

### અન્તિમ પત્ર



આ પત્રોની નકલ પાઠવવા બદલ

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર (કોબા)ના અમે આભારી છીએ.

---

## निगमागमैकान्तीकरणसंवादशतक

## શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર - પાટણ, ક્ર. ૭૯૭૩, પત્ર-૪, ૫ઘ

### પ્રથમ પત્ર



## निगमागमैकान्तीकरणसंवादशतक

## શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર - પાટણ, ક્ર. ૭૯૭૩, પત્ર-૪, પદ્ય

## અન્તિમ પત્ર



# अथ
# आत्मप्रतिपक्षनिराकरणम्

# आगमप्रतिपक्षनिराकरणम्

**प्रणम्य श्रीमदर्हन्त्तं, तत्सिद्धान्तविरोधिनम् ।**
**परं ज्ञापयितुं साक्षात्, कुर्वे प्रकरणं नवम् ।।१।।**

**શ્રી અરિહંત ભગવંતને પ્રણામ કરીને શ્રી અરિહંતકથિત સિદ્ધાન્તનો જે વિરોધિ છે, તે પરને પ્રત્યક્ષ જણાવવા માટે હું નૂતન પ્રકરણની રચના કરું છે.**

અહીં પરના બે અર્થ થઇ શકે, એક તો 'અન્ય' અને બીજો 'શત્રુ'. જિનસિદ્ધાન્તનો જે વિરોધિ છે, તેવા અન્યપક્ષને જણાવવા માટે હું નવું પ્રકરણ રચું છું, આ એક અર્થ. અને બીજો અર્થ - જે જિનસિદ્ધાન્તનો વિરોધી છે, માટે જે આગમનો શત્રુ છે, તેને જણાવવા માટે હું નવું પ્રકરણ રચું છું.

**इह हि श्रीमदागमाविसंवादि[1] शास्त्रं यत्सम्भवति तदेव प्रमाणीकार्यम्, नान्यत्**

**અહીં જે શ્રી આગમથી અવિસંવાદી શાસ્ત્ર સંભવતુ હોય, તેને જ પ્રમાણ કરવું જોઇએ, અન્યને નહીં.**

શાસ્ત્રમાં બે ગુણ હોવા જોઇએ. એક તો એ યુક્તિયુક્ત હોવું જોઇએ = તર્કસંગત હોવું જોઇએ. અને બીજો ગુણ એ કે એ આગમો સાથે સંવાદ ધરાવતું હોવું જોઇએ. આ પણ ઉપલક્ષણ છે, તેના પરથી પ્રત્યક્ષાદિ પ્રમાણ સાથે પણ શાસ્ત્ર સંવાદ ધરાવતું હોવું જોઇએ.

---

१. ख - ०विसंथादि० ।

પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ લોકતત્ત્વનિર્ણય નામના ગ્રંથમાં કહ્યું છે કે જે શાસ્ત્ર પર વિચાર કરતાં તે પ્રત્યક્ષથી અને અનુમાનથી યુક્તિરહિત લાગે તે શાસ્ત્રને કયો બુદ્ધિશાળી અનુસરે ? ગાયના શિંગડામાંથી જો દૂધ મળી શકે, તો જ એવા શાસ્ત્રને અનુસરવાથી આત્મહિત થઇ શકે.

(શ્લોક-૧૬)

**યોગવાશિષ્ઠ**માં પણ કહ્યું છે કે - જો પૌરુષેય શાસ્ત્ર પણ યુક્તિસંગત હોય તો તે ઉપાદેય છે. યુક્તિરહિત શાસ્ત્ર તો આર્ષ-ઋષિપ્રણીત હોય તો પણ તેનો ત્યાગ કરવો જોઇએ. ન્યાયમાર્ગનું જ સેવન કરવું જોઇએ.

બીજી બાજુ એ પણ ધ્યાન રાખવું જોઇએ કે એ શાસ્ત્ર આગમવિસંવાદી ન હોવું જોઇએ, અન્યથા યુક્તિમાત્ર તો બધે સુલભ છે. જેમ કે - કોઇ તર્કશાસ્ત્રનો અભ્યાસી રસ્તા પરથી જતો હતો, ત્યારે કોઇ ગાંડો હાથી આવી ચડ્યો. લોકો દોડાદોડ કરવા લાગ્યા. પેલો તાર્કિક મજેથી ચાલતો હતો. લોકોએ કહ્યું, "જલ્દી ભાગ, નહીં તો હાથી ચગદી નાખશે." તાર્કિકે કહ્યું હાથી પોતાને અડેલાને ચગદે કે નહીં અડેલાને ? જો અડેલાને ચગદે, તો એ પોતાના પર બેઠેલા મહાવતને જ ચગદી નાખે. પણ એવું તો એ કરતો નથી. માટે હાથી અડેલાને ચગદી નાખતો નથી. હવે જો એ નહીં અડેલાને ચગદી નાખતો હોય, તો પછી ભાગવાનનો અર્થ જ રહેતો નથી.

બિચારો તાર્કિક આવા તર્કો કરતો રહ્યો અને હાથીએ

આવીને તેને ચગદી નાખ્યો. માટે શુષ્કતર્કમાત્ર ઉપાદેય ન બની શકે. તેની સાથે પ્રત્યક્ષ, આગમ આદિનો સંવાદ પણ જોઇએ.

માટે જ પતંજલિએ કહ્યું છે - આગમ, અનુમાન અને યોગાભ્યાસરસ, આ ત્રણ દ્વારા જે પોતાની પ્રજ્ઞાને પરિકર્મિત કરે છે, તે ઉત્તમ તત્ત્વને પ્રાપ્ત કરે છે.

તેથી આગમ-અવિસંવાદી હોય તે જ શાસ્ત્ર પ્રમાણ છે, એવું જે કહ્યું છે, તે ઉચિત જ છે. હવે કયાં કયાં વિષયોમાં વિસંવાદ છે, એ કહે છે -

**बह्व(क्व)चित्तु प्रथमं दिक्कुमारिकासङ्ख्या ।।१।। स्थानयो ।।२।। र्विसंवादः । पुत्र्यादिकल्पनया स्वरूपस्यापि ।।३।। नाम्नामपि ।।४।। कार्याणामपि संवट्टमेहेत्यादि श्रीमदावश्यकाद्युक्तानां भूयान् विसंवादः ।।५।।**

**(૧) પ્રથમ તો દિક્કુમારિકાઓની સંખ્યા અને (૨) તેમના સ્થાનોનો વિસંવાદ. (૩) પુત્રી વગેરેની કલ્પનાથી તેમના સ્વરૂપનો પણ વિસંવાદ. (૪) તેમના સંવૃત્તમેઘ વગેરે કાર્યો કે જે આવશ્યક વગેરેમાં કહ્યા છે, તેમાં પણ મોટો વિસંવાદ છે.**

પ્રથમ દૃષ્ટિએ એવું જણાય છે કે ગ્રંથકારશ્રી વિસંવાદવિષયનો ઉલ્લેખ કરીને પછી એક-એક વિષયની ચર્ચા કરશે. પણ ગ્રંથમાં આગળ તેવી ચર્ચા દૃષ્ટિગોચર થતી નથી. માટે (૧) દિક્કુમારિકાઓની સંખ્યા ૫૬ કહી છે, તે પાશ્ચાત્યશાસ્ત્રમાં અન્યથા કહી હોય, તે વિસંવાદનો ગ્રંથકારશ્રીએ ઉલ્લેખમાત્ર

કર્યો હોય, એવું સંભવે છે. (૨) સ્થાન-પૂર્વરુચક વગેરે પ્રસિદ્ધ છે. (૩) સ્વરૂપ-દિક્કુમારિકાઓ મહર્દ્ધિક દેવી છે. તેથી તેઓ કોઇની દીકરીઓ નથી (૪) નામ-દિક્કુમારિકાઓના ભોગંકરા વગેરે નામો પ્રસિદ્ધ છે. (૫) આવશ્યકનિર્યુક્તિમાં - **संवट्टग मेह** વગેરે દિક્કુમારિકાઓના કાર્યો ૧૮૮ મી ગાથામાં જણાવ્યા છે. તે વિષે પણ અન્ય ગ્રંથમાં વિસંવાદ હશે, જેનો ગ્રંથકારશ્રીએ નિર્દેશ કર્યો છે. ॥૫॥

**तथा परिणीताया अक्षतायाः पुनरुपसन्धानं विपन्नविरक्तादिभ्य उद्दालिताया विचारणीयम् ॥६॥**

**તથા વિવાહિત સ્ત્રી અખંડિતકૌમાર્યવાળી હોય અને તેનો પતિ મરી જાય કે વિરક્ત થઇ જાય, વગેરે અવસ્થાવાળા પતિથી છૂટી પડી હોય, ત્યારે તેનું પુનઃ ઉપસંધાન વિચારણીય છે. ॥૬॥**

પતિ મરી જાય કે દીક્ષા/સંન્યાસ લઇ લે, એવા સંયોગોમાં જો પત્ની અખંડિતકૌમાર્યવાળી હોય, તો તે પુનઃ વિવાહ કરી શકે આવા વિધાનને અહીં વિચારણીય કહ્યું છે. કારણ કે વિવાહ થઇ ગયા પછીની વાત તો જવા દો, વિવાહ નક્કી થાય ત્યારથી કન્યા જે પતિને વરી, તે સિવાયના બધા ભાઇ સમાન થઇ ગયા. માટે એ ભવમાં હવે બીજાને પરણવું ન કલ્પે. જ્યારે કૌમાર્ય અખંડ છે, ત્યારે પણ જો આ સ્થિતિ હોય, તો પછીની બાબત તો 'અતિવિચારણીય' છે. ॥૬॥

**तथा श्रीकेवलज्ञानिनो मनःपर्यवज्ञानोत्पत्तिः पञ्चदशमा-**

**सातिक्रमे श्रामण्याद् या प्रोक्ता, सा 'पडिवन्नम्मि चरित्ते चउनाणी' इत्याद्यागमेनानेनापि च विरुद्धा विचार्या ।।७।।**

**કેવળજ્ઞાનીને ૧૫ મહિના પસાર થયે શ્રામણ્યથી જે મનઃપર્યવજ્ઞાનની ઉત્પત્તિ કહી છે, તે-ચારિત્રનો સ્વીકાર કર્યે છતે ચતુર્જ્ઞાની- ઇત્યાદિ આગમથી અને આના દ્વારા પણ વિરુદ્ધ છે, તેનો વિચાર કરવો જોઇએ. ।।૭।।**

અન્ય ગ્રંથમાં કેવળજ્ઞાનીને ૧૫ મહિનાના ચારિત્ર પર્યાયથી મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે, એવું કહ્યું છે, તે વચન આગમથી બાધિત છે. આવશ્યક ભાષ્ય-૧૧૦ મી ગાથામાં કહ્યું છે -
तिहिं नाणेहिं समग्गा तित्थयरा जाव हुंति गिहवासे ।
पडिवण्णंमि चरित्ते चउनाणी जाव छउमत्था. ।।

તીર્થંકરો ગૃહવાસમાં ત્રણ જ્ઞાનથી યુક્ત હોય છે. તેઓ ચારિત્રનો સ્વીકાર કરે ત્યારથી માંડીને જ્યાં સુધી છદ્મસ્થ હોય, ત્યાં સુધી ચાર જ્ઞાનના ધારક હોય છે. આ આગમથી કેવળજ્ઞાનીને મનઃપર્યવજ્ઞાનની ઉત્પત્તિ થાય એ વાતનો બાધ થઇ જાય છે.

તથા 'આનાથી પણ વિરુદ્ધ છે' આવું જે ગ્રંથકારશ્રીએ કહ્યું છે, તેમાં એવો આશય જણાય છે કે તે જે વિસંવાદી વિધાન છે તેનાથી પણ તે વચન વિરુદ્ધ છે અર્થાત્ 'કેવળજ્ઞાનીને' આ પૂર્વ અંશ અને 'મનઃપર્યવજ્ઞાનની ઉત્પત્તિ' આ પાશ્ચાત્ય અંશ, એ બંને વચ્ચે પણ વિરોધ છે. જે કેવળજ્ઞાની છે,

એમને મનઃપર્યવજ્ઞાનની ઉત્પત્તિ શી રીતે થાય ? અને જેમને મનઃપર્યવજ્ઞાનની ઉત્પત્તિ થાય, તે કેવળજ્ઞાની શી રીતે હોઇ શકે ? આમ બંને રીતે આ વિધાન વિરુદ્ધ હોવાથી અસંગત છે. ॥૭॥

**तथा वइसाहसुद्धदसमी इत्यनेन मधुसिताष्टम्यामरुणोदये इत्यादिना या प्रोक्ता केवलचिदुत्पत्तिः सापि व्यभिचारिणी ॥८॥**

**તથા 'વૈશાખ શુદ્ધ દશમી' એના વડે 'ચૈત્ર શુક્લ આઠમે અરુણોદયે' ઇત્યાદિ જે કેવળજ્ઞાનની ઉત્પત્તિ જણાવી છે, તે પણ વ્યભિચારયુક્ત છે. ॥૮॥**

**આવશ્યકવૃત્તિ**માં કહ્યું છે - **वइसाहसुद्धदसमीए हत्थुत्तराहिं नक्खत्तेणं जोगमुवागएणं....** ઇત્યાદિ (ગાથા-૫૨૬)

કલ્પસૂત્રમાં પણ કહ્યું છે - **वइसाहसुद्धस्स दसमीपक्खेणं पाईणगामिणीए छायाए...** ઇત્યાદિ (ક્ષણ-૬). એના પરથી સિદ્ધ થાય છે કે શ્રીવીર પ્રભુનું કેવળજ્ઞાન વૈશાખ સુદ ૧૦ ના દિવસે થયું હતું.

તેથી જેઓ ચૈત્ર સુદ ૮ ના દિવસે સૂર્યોદય પૂર્વના સમયે અજવાળું થતાં પ્રભુ વીરને કેવળજ્ઞાન થયું એમ કહે છે, તે પણ અસંગત ઠરે છે. ॥૮॥

**तथा सर्वेषां तीर्थगुरूणामस्मिन्नेव शिखरिशिखरे इत्यादिना यदुक्तोऽर्बुदाद्रा[1]वेव द्वादशा[2]ङ्गीप्रादुर्भावः सर्वसार्वाणाम्, सोऽपि**

१. क - ०दाद्रावव । २. क - ०शाङ्गाप्रा० ।

**सर्वागमविरुद्धः ।।९।। इत्यादि । तत्र बहु विचार्यं कियल्लिख्यते।**

**તથા 'સર્વ તીર્થગુરુઓનો આ જ પર્વતના શિખર પર' ઇત્યાદિ દ્વારા જે આબુ પર્વત પર જ સર્વ તીર્થંકરોની દ્વાદશાંગીનો પ્રાદુર્ભાવ કહ્યો છે, તે પણ આગમવિરુદ્ધ છે. ॥૯॥ ઇત્યાદિ... તેમાં ઘણું વિચારવા જેવું છે, તે કેટલું લખાય ?**

તીર્થમાં જે મહાન = ઉત્કૃષ્ટ હોય તે તીર્થગુરુ = તીર્થંકર. શ્રી મહાવીરસ્વામી ભગવાનના શાસનની દ્વાદશાંગી અપાપાપુરીમાં પ્રાદુર્ભાવ પામી હતી. એ રીતે સર્વ તીર્થંકરોની દ્વાદશાંગી પ્રથમ સમવસરણના સ્થાને રચાઇ હતી. તેથી જેઓ 'સર્વ તીર્થંકરોની દ્વાદશાંગી આબુ પર્વત પર રચાઇ એવું કહે છે,' તે કથન સર્વ શાસ્ત્રોથી વિરુદ્ધ છે. ॥૯॥

**तथाऽग्रेतनग्रन्थेषु या पर्युषणा तैश्चतुर्थ्यामेवोक्ता, सापि श्रीमदागमविरोधिनी सूचयति चाधुनिकत्वं एतस्य ग्रन्थस्य ।।१०।।**

**તથા આગળનાં ગ્રંથોમાં તેમણે કહ્યું છે કે પર્યુષણા ચોથના દિવસે જ છે, તે વાત પણ શ્રીઆગમથી વિરુદ્ધ છે, અને આ ગ્રંથ આધુનિક છે, એમ સૂચવે છે.**

પર્યુષણા-સંવત્સરી પર્વ ભાદરવા સુદ ૫ના દિવસે હોય. શ્રી કાલિકાચાર્યે અપવાદમાર્ગે ચોથની સંવત્સરી કરી. તેની પ્રવૃત્તિ ચાલે છે. ગીતાર્થ આચરણાથી આ પ્રવૃત્તિ પ્રમાણ પણ છે. પણ એનાથી એવું ન કહી શકાય કે 'ચોથની સંવત્સરી જ

હોય' એવો જ શાશ્વત સિદ્ધાન્ત છે. ॥૧૦॥

**तथा विंशतितीर्थकृतां श्रीशत्रुञ्जये चतुर्णां चाष्टापद-चम्पा-पापा-गिरनारेषु सिद्धगतिरुक्तोत्सर्पिण्यां सापि-श्रीपद्मनाभमुख्या द्वाविंशतिरिह जिनास्तु सेत्स्यन्ति । कल्याणत्रयमुभयोः स जयति गिरिनारगिरिराजः ।।१।। इत्यनेन व्यभिचारिणी ।।११।।**

**તથા ૨૦ તીર્થંકરો શત્રુંજયથી અને ૪ તીર્થંકરો અષ્ટાપદ-ચંપા-પાવાપુરી-ગિરનારથી સિદ્ધિગતિ પામશે એવું જે કહ્યું છે, તે પણ આ શાસ્ત્રવચનથી વ્યભિચારી છે - શ્રીપદ્મનાભ આદિ ૨૨ જિનો અહીં સિદ્ધ થશે. જ્યાં ૨ જિનોના ૩ કલ્યાણક થશે તે ગિરનાર ગિરિરાજ જય પામે છે. ॥૧૧॥**

ઉત્સર્પિણીમાં થનારી ચોવીશીના ૨૦ તીર્થંકરો શત્રુંજયથી સિદ્ધ થશે. આવું જે ગ્રંથવિશેષમાં કહ્યું છે તે યથાર્થ નથી કારણ કે અન્ય પ્રમાણભૂત ગ્રંથમાં ગિરનારથી ૨૨ તીર્થંકરોનો મોક્ષ થશે એમ જણાવ્યું છે. ॥૧૧॥

**तथोत्सर्पिण्यां चतुरुत्तरद्विसहस्त्रयुगप्रधानसन्ततिः प्रोक्ता, सापि पलिओवमदसभाओ पढमरस्साउ[1], तओ असंखिज्जा, इति कुलकराणामायुर्भणनात् शीघ्रमायुर्वृद्धिर्व्यभिचारिणी, यतो नोऽसंख्यातवर्षायुषां श्रामण्यग्रहणम् ।।१२।।**

**તથા ઉત્સર્પિણીમાં ૨૦૦૪ યુગપ્રધાનોની પરંપરા થશે એવું જે કહ્યું છે, તે પણ - પહેલા આરાનું આયુષ્ય પલ્યોપમનો દશમો ભાગ છે, પછી અસંખ્ય વર્ષનું આયુષ્ય છે - આ રીતે**

१. क - ०मस्सा० ।

**કુલકરોનું આયુષ્ય કહ્યું હોવાથી શીઘ્ર આયુષ્યની વૃદ્ધિ (?) વ્યભિચારી છે. કારણ કે અસંખ્ય વર્ષના આયુષ્યવાળા જીવો સાધુપણું લેતા નથી. ॥૧૨॥**

અહીં આશય એવો જણાય છે કે જો અસંખ્ય વર્ષના આયુષ્યવાળા જીવો ચારિત્ર લઇ શકતા હોત, તો ઉત્સર્પિણીમાં ૨૦૦૪ યુગપ્રધાનો થશે, આ વિધાન સંગત થાત., પણ અસંખ્ય વર્ષના આયુષ્યવાળા જીવો સંયમગ્રહણ કરતાં નથી. માટે ઉક્ત વિધાન યથાર્થ નથી. ગ્રંથકારશ્રીએ યુગપ્રધાનોના આંતરા આદિના જ્ઞાનથી ઉપરોક્ત ગણિત કર્યું હશે, તે આંતરા આદિ કોઇ ગ્રંથમાં જોવામાં આવ્યા નથી. માટે એ વિષયમાં વિશેષ વિવરણ કરતો નથી. ॥૧૨॥

**तथा चतुर्दशाहव्रतवर्णनाधिकारे वनितायोनावसङ्ख्येयानामेकेन्द्रिय-द्वीन्द्रिय-चतुरिन्द्रियाणामुत्पत्तिः प्रोक्ता, सापि विरुद्धा, तस्यां एकाक्षत्र्यक्षचतुरक्षाणामुत्पत्तेरभणनात्[1], श्रीमदागमे द्वीन्द्रिया इत्थीजोणीए' इतिगाथयोत्कर्षतोऽपि लक्षपृथक्त्वमिताः प्रोक्ताः, न पुनरसङ्ख्येयाः ॥१३॥**

**તથા ૧૪ દિવસના વ્રતના અધિકારમાં સ્ત્રીયોનિમાં અસંખ્યાત એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયની ઉત્પત્તિ કહી છે, તે પણ વિરુદ્ધ છે. કારણ કે 'સ્ત્રીયોનિમાં બેઇન્દ્રિયો' - આ ગાથાથી શ્રીઆગમમાં તેમાં ઉત્કૃષ્ટથી પણ લક્ષપૃથક્ત્વ જેટલા બેઇન્દ્રિયો કહ્યા છે, એકેન્દ્રિયો, તેઇન્દ્રિયો, ચઉરિન્દ્રિયોની ઉત્પત્તિ નથી કહી. ॥૧૩॥**

१. क - ०काक्षचतु० ।

પ્રાચીન શાસ્ત્રોમાંથી ગાથાઓ ઉદ્ધરીને સંબોધસપ્તતિ નામના ગ્રંથની રચના થઇ છે. તેમાં પ્રસ્તુતવિષયક આ ગાથા છે. **इत्थीणं जोणीसु हवंति बेइंदिया य जे जीवा । इक्को य दुण्णि तिण्णि वि लक्खपुहुत्तं तु उक्कोसं ।।८३।।** સ્ત્રીઓની યોનિઓમાં બેઇન્દ્રિય જે જીવો હોય છે, તે એક, બે, ત્રણ પણ હોય છે. ઉત્કૃષ્ટથી તો બે થી નવ લાખ હોય છે.

શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ સંબોધ પ્રકરણમાં 'અસંખ્ય બેઇન્દ્રિય જીવો' કહ્યા છે - **इत्थीण जोणिमज्झे हवंति बेइंदिया असंखा य । उप्पज्जंति चयंति य समुच्छिमा जे ते असंखा ।।५८०।।** સ્ત્રીની યોનિમાં અસંખ્ય બેઇંદ્રિય જીવો હોય છે. જે અસંખ્ય સમ્મુર્ચ્છિમ જીવો છે તે ઉત્પન્ન થાય છે અને ચ્યવન પામે છે.

અહી તત્ત્વ કેવલિગમ્ય છે. આ સિવાય સ્ત્રીયોનિમાં ઉત્કૃષ્ટથી ૯ લાખ ગર્ભજ મનુષ્ય જીવોની પણ ઉત્પત્તિ કહી છે - **इत्थीण जोणिमज्झे गब्भगया चेव हुंति नवलक्खा । इक्को व दो व तिण्णि व गब्भपुहुत्तं च उक्कोसं ।। (सम्बोधप्रकरणे ५७९) । तहिं पंचिंदिया जीवा इत्थी जोणीनिवासिणो । मणुआणं नवलक्खा सव्वे पासई केवली ।। (सम्बोधसप्ततौ ८२) ।**

આ ગાથાઓનો અર્થ ઉપરોક્ત મુજબ છે.

**तथा एतद्व्रतस्य निर्दोषत्वमपि विचार्यम्, 'थीपुरिससंजोएसु वा' इति श्रीप्रज्ञापनावचनेन स्त्रीपुरुषसंयोगेऽवश्यं सम्मूर्च्छिम-**

**मनुजोत्पत्तेः प्ररूपणात् ।।१४।। तथा अन्यजीवानुत्पत्तिहेतुरपि विचार्यः ।।१५।।**

**તથા આ વ્રતનું નિર્દોષપણું પણ વિચારણીય છે. કારણ કે 'અથવા તો સ્ત્રી-પુરુષ સંયોગોમાં' એવા પ્રજ્ઞાપના સૂત્રના વચનથી સ્ત્રી-પુરુષના સંયોગમાં અવશ્ય સમ્મૂર્ચ્છિમ મનુષ્યની ઉત્પત્તિની પ્રરૂપણા કરાઇ છે. તથા અન્ય જીવોની અનુત્પત્તિનું કારણ પણ વિચારણીય છે. ॥૧૪, ૧૫॥**

પ્રજ્ઞાપના નામના ઉપાંગસૂત્રમાં સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિના સ્થાનો જણાવતા તેમાં એક સ્થાન 'સ્ત્રી-પુરુષસંયોગોમાં' એવું પણ સ્થાન કહ્યું છે. માટે બેઇંદ્રિયો કે ગર્ભજ મનુષ્યોની સંખ્યા ભલે એકાદિ પણ સંભવે, સમ્મૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્ય હોય છે. પ્રજ્ઞાપનાસૂત્રની સાક્ષી **સંબોધસપ્તતિમાં** પણ આપી છે - **असंखया थीनरमेहुणाओ, मुच्छंति पंचिंदियमाणुसाओ । निसेसअंगाण विभत्तिचंगे भणइ जिणो पण्णवणाउवंगे ।।८७।।** આ ગાથાના વિસ્તૃત વિવરણ માટે જુઓ સટીક સંબોધસપ્તતિ અનુવાદ - સંબોધોપનિષદ્. ॥૧૪॥

સ્ત્રીયોનિમાં અન્ય (= ગર્ભજ મનુષ્ય સિવાયના ?) જીવોની ઉત્પત્તિ નથી થતી આવું જે વિધાન છે, તેમાં અનુત્પત્તિનું કારણ વિચારવું જોઇએ. પૂર્વાભિહિત સાક્ષી દ્વારા અન્ય જીવોની પણ ઉત્પત્તિ કહી હોવાથી અનુત્પત્તિનું વિધાન સંગત નથી, અથવા તો તેઓ દ્વારા અનુત્પત્તિનું જે કારણવિશેષ રજુ કરાયું છે, તે સંગત નથી, એવો આશય લાગે છે. ॥૧૫॥

२. क - ०जीवानुरप ।

**तथा सास्वादनसम्यक्त्वस्य पुनः पुनरागमनं 'उक्कोसं सासायणा उवसमिआ हुंति पंचवाराओ' इतिवचनेन व्यभिचारि ॥१६॥**

**તથા સાસ્વાદન સમ્યક્ત્વ ફરી ફરી આવે છે, એ આ વચનથી વ્યભિચારી છે કે, 'સાસ્વાદન સમ્યક્ત્વી ઉપશમિત જીવો ઉત્કૃષ્ટથી પાંચ વાર થાય છે.' ॥૧૬॥**

**બૃહત્કલ્પ સૂત્ર**માં સાસ્વાદન સમ્યક્ત્વનું સ્વરૂપ દર્શાવતા કહ્યું છે - **उवसमसम्मा पडमाणाओ मिच्छत्तसंकमणकालो । सासायण छावलितो भूमिमपत्तो व पवडंतो ॥ उ. १ - गा. १२५ ॥** જે જીવ ઉપશમ સમ્યક્ત્વથી પતિત થઇને મિથ્યાત્વાભિમુખ બને છે, તે ઉત્કૃષ્ટથી છ આવલિકાના કાળ માટે સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ છે જેમ કે કોઇ વ્યક્તિ પડતો હોય પણ હજી જમીન સુધી ન પહોંચ્યો હોય, એવી તેની સ્થિતિ છે.

અહીં જે ઉત્કૃષ્ટથી પાંચ વાર જ સાસ્વાદન સમ્યક્ત્વ મળી શકે એવું જે વચનથી સિદ્ધ કર્યું છે, તે વચન **સમ્યક્ત્વસ્તવ/સમ્યક્ત્વસ્વરૂપકુલક** ગાથા-૨૨માં ઉપલબ્ધ થાય છે.

**तथा श्रीनेमेः शौर्यपुरे जनुः प्रोक्तम्, सागरजिनस्य पुनरेतस्मिन् द्वारिकायामेवेत्येदमपि विमृश्यम् ॥१७॥**

**તથા શ્રીનેમિનાથનો જન્મ શૌરીપુરમાં કહ્યો છે. સાગરજિનનો જન્મ આ દ્વારિકામાં જ, એ પણ વિચારણીય છે. ॥૧૭॥**

સાગરજિન ઐરવતક્ષેત્રની અનાગત ચોવીશીનાં પાંચમા

તીર્થંકર છે. તેમનો જન્મ આ = અહીંની દ્વારિકામાં થાય એ શક્ય નથી. માટે એ વિધાન વિચારણીય છે. ||૧૭||

**तथा एकेन्द्रियद्वयसमाना द्वीन्द्रियहिंसा, एवं त्रयाणामेकाक्षाणां हिंसायाः सदृक्षा त्रीन्द्रियस्य सा, चतुर्णां चतुरिन्द्रियस्य, पञ्चानां पञ्चेन्द्रियस्य, दशानां मनुजस्य, विंशतेर्गुणाधिकपुरुषस्य, चतुःसहस्राणां ब्राह्मणस्येत्यादि यदुक्तं तदपि महाविरुद्धं श्रीमदागमेन ।।१८।।**

**તથા બે એકેન્દ્રિયની હિંસાની સમાન બેઇન્દ્રિય હિંસા, એમ ત્રણ એકેન્દ્રિયોની હિંસાની સમાન તેઇન્દ્રિયની તે (હિંસા), ચાર (એકેન્દ્રિયોની હિંસા) ચઉરિંદ્રિય (જીવની હિંસા સમાન છે.) પાંચ (એકેન્દ્રિયોની હિંસા) પંચેન્દ્રિય (જીવની હિંસા સમાન છે.) દશ (એકેન્દ્રિયોની હિંસા) મનુષ્યની (હિંસા સમાન છે.) વીશ (એકેન્દ્રિયોની હિંસા) ગુણાધિક (વિશિષ્ટ ગુણવાન) પુરુષની (હિંસા સમાન છે.) ચાર હજાર (એકેન્દ્રિયોની હિંસા) બ્રાહ્મણની (હિંસા સમાન છે.) એવું જે કહ્યું, તે પણ શ્રીઆગમથી મહાવિરુદ્ધ છે. ||૧૮||**

અહીં કારણ એ છે કે જેમ પંચેન્દ્રિયવધ નરકનું કારણ બને છે, તેમ પાંચ એકેન્દ્રિયની હિંસા નરકનું કારણ બનતી નથી. અન્યથા તો સચિત્ત જળ પરિભોગ આદિમાં અસંખ્ય એકેન્દ્રિયની વિરાધના હોવાથી તે પણ નરકનું કારણ બને. આગળ એ જ વાત કહે છે -

**एवं सत्येतदुक्तानुयायिनां जलगलनके निश्च्योत्यमाने शुष्यति वा एकस्मिन् उदकबिन्दुमात्रेऽसंङ्ख्येयजीवा विराध्यन्ते। रक्ष(क्ष्य)न्ते तु कियन्त एव त्रसा इति ।**

**જો એવું હોય તો આ વચનના અનુયાયીઓ પાણીનું ગરણું નિચોવે કે સુકાવે ત્યારે માત્ર એક પાણીના ટીપામાં અસંખ્ય જીવોની વિરાધના થાય છે, રક્ષા તો કેટલાક ત્રસ જીવોની જ થાય છે.**

અહીં ખાસ વાત એ પણ સમજવાની છે કે ફળ તો ચિત્તપરિણામને આધારે મળે છે. માટે ઉક્ત ગણતરી ઉચિત નથી. માટે જ સૂત્રકૃતાંગસૂત્રમાં કહ્યું છે - **जे केइ खुद्दगा पाणा, अदुवा संति महालया । सरिसं तेहिं वेरंति असरिसं ति य नो वदे ।। २-५-७१०।।** જે એકેન્દ્રિય આદિ ક્ષુદ્ર જીવો છે, અને જે હાથી આદિ મોટા જીવો છે. તેમની હિંસાથી સમાન કર્મબંધ જ થાય છે કે અસમાન કર્મબંધ જ થાય છે, એવું ન કહેવું.

જો વધ્ય જીવની અપેક્ષાએ જ કર્મબંધ થતો હોત, તો તે અપેક્ષાએ સમાન કર્મબંધ કે અસમાન કર્મબંધ થાય છે, એવું કહી શકાત. પણ કર્મબંધ માત્ર વધ્યની અપેક્ષાએ જ નથી થતો, પણ અધ્યવસાયને કારણે પણ થાય છે. માટે જેને તીવ્ર સંક્લિષ્ટ અધ્યવસાય છે, તેને ક્ષુદ્ર જીવની હિંસામાં ય ગાઢ કર્મબંધ થશે. જે અનિચ્છાએ હિંસા કરે છે, તેને મોટા પ્રાણીની હિંસાથી પણ અલ્પ કર્મબંધ થાય છે.

**तथा तिरश्चां सर्वचारित्रे श्रीमदागमे निषिद्धे सति तद्विनापि सर्वार्थसिद्धिगमनं प्रोक्तम्, तदपि श्रीमदागमविरुद्धम् ।।१९।।**

**તથા શ્રીઆગમમાં તિર્યંચોના સર્વચારિત્રનો નિષેધ કર્યો છે, તેના વિના પણ સર્વાર્થસિદ્ધિગમન કહ્યું છે, તે શ્રીઆગમથી વિરુદ્ધ છે. ॥૧૯॥**

તિર્યંચો ઉત્કૃષ્ટથી દેશવિરત જ હોય છે. મણિયારનો જીવ દેડકો થાય છે અને અંત સમયે સર્વપ્રાણાતિપાત આદિના પચ્ચક્ખાણ કરે છે. (જ્ઞાતાધર્મકથા શ્રુતસ્કંધ-૧, અધ્યયન-૧૩). આ પ્રસંગે ટીકાકારશ્રીએ સમાધાન કર્યું છે - **तिरियाणं चारित्तं निवारियं अह य तो पुणो तेसिं । सुव्वइ बहुयामं पि हु महव्वयारोहणं समए । न महव्वयसब्भावे वि चरण-परिणामसंभवो तेसिं । न बहुगुणाणं पि, जओ केवल-संभूइपरिणामो ।।** તિર્યંચોને ચારિત્ર હોતું નથી એવું સિદ્ધાન્તમાં કહ્યું છે. પણ સિદ્ધાન્તમાં એવું સંભળાય છે કે ઘણા તિર્યંચોએ મહાવ્રતગ્રહણ કર્યું હતું. પણ તિર્યંચો મહાવ્રતોનું ગ્રહણ કરે, તો ય તેમને ચારિત્રનો પરિણામ થવો સંભવતિ નથી. તથા બહુ ગુણો પ્રાપ્ત થવા પણ સંભવિત નથી. કારણ કે એ તો માત્ર સંભૂતિ પરિણામ (= વિશિષ્ટ દેશવિરતિ પરિણામ ?) છે.

માટે તિર્યંચો ઉત્કૃષ્ટથી તથાભવસ્વભાવે આઠમા દેવલોક સુધી જ જઇ શકે છે. વળી સર્વવિરતિ વિના ગ્રૈવેયક-અનુત્તર દેવલોકની પ્રાપ્તિ શક્ય જ નથી. માટે 'તિર્યંચો સર્વાર્થસિદ્ધમાં જઇ શકે' આ વચન આગમવિરુદ્ધ છે. ॥૧૯॥

तथा देशविरत्यापि तत्र मुक्तौ च या गतिः प्रोक्ता सापि 'अच्चुओ सड्ढा' इति वाक्येन सह विरोधिनी ।।२०।।

તથા દેશવિરતિથી પણ જે તેમાં (સર્વાર્થસિદ્ધમાં) અને મુક્તિમાં ગતિ કહી છે, તે પણ 'શ્રાવકો અચ્યુત દેવલોક સુધી જઇ શકે છે' એવા (બૃહત્સંગ્રહણી (૧૫૪) આદિના) વાક્ય સાથે વિરોધી છે. ॥૨૦॥

तथा युगप्रधानविचारेऽपि तस्यां भूमौ सर्वेषामपि जनानां सञ्ज्वलनकषायस्यैवोदयः, न पुनरनन्तानुबन्धिप्रभृतीनामित्यादि भूयोप्यागमविरुद्धमसम्भावनीयं च विभावनीयम् ।।२१।।

તથા યુગપ્રધાનના વિચારમાં પણ તે ભૂમિમાં બધા લોકોને સંજ્વલનકષાયનો જ ઉદય હોય છે, અનંતાનુબંધી વગેરે કષાયોનો નહીં, વગેરે ખૂબ આગમવિરુદ્ધ અને અસંભાવનીય છે, તેનો વિચાર કરવો જોઇએ. ॥૨૧॥

સાક્ષાત્ તીર્થંકર વિચરતા હોય, તે ભૂમિમાં પણ કાલસૌકરિક જેવા ઉત્કટકષાયી જીવો સંભવે છે. માટે યુગપ્રધાનનો ઉક્ત અતિશય સંભવિત પણ નથી, અને આગમસમ્મત પણ નથી.

तथा भस्मराशिग्रहविचारे दोवाससहस्सठिई भासरासीनाम महगाहे जन्मनक्खतूं संकंते इत्यत्र एकस्मिन् राशावेतावन्तं समयमवतिष्ठतीति व्याख्यायां सत्यां तामपरिज्ञाय एकस्मिन्नक्षत्रे एतावन्तं कालमवतिष्ठतीति भ्रान्त्या सपादनक्षत्रद्वयभुक्तिरूपैक-राशिकालस्य पञ्चचत्वारिंशन्मितवर्षशतप्रमाणतां स्वमत्याक-लय्य कल्पिता ये त्र्यंशासनवांशादयस्तेऽपि मीमांसनीयाः ।

**एतदर्थसाक्षी च एष एव ग्रहो चित्राद्वितीयपादवर्त्ती[1] निशि विलोकनीयः[2] ।।२२।।**

**તથા ભસ્મરાશિ ગ્રહના વિચારમાં બે હજાર વર્ષની સ્થિતિવાળો ભસ્મ રાશિ નામનો મહાગ્રહ જન્મ નક્ષત્રમાં સંક્રાન્ત થયો - આ વચનમાં 'એક રાશિમાં આટલો સમય રહે છે, એવી વ્યાખ્યા હોવા છતાં તેને જાણ્યા વિના એક નક્ષત્રમાં આટલો કાળ રહે છે, એવી ભ્રાન્તિથી સવા બે નક્ષત્રને ભોગવવારૂપ એક રાશિના કાળને સ્વમતિથી ૧૪૫ વર્ષ પ્રમાણનો સમજીને ત્રિઅંશ, નવાંશ વગેરેની કલ્પના કરી છે, તે પણ વિચારણીય છે. આ અર્થનો સાક્ષી આ જ ગ્રહ છે, જે ચિત્રાના દ્વિતીય ચરણમાં હોય છે, તેને રાતે જોવો. ।।૨૨।।**

રાશિ ને બદલે નક્ષત્રની ભ્રાન્તિથી જે ક્ષતિ થઇ તેને અહીં સ્પષ્ટ કરી છે. ।।૨૨।।

**तथा-जं नाणं आयगुणो कहमदव्वो स [3]अन्नत्थ-इति वचनादात्मगुणस्य ज्ञानस्यात्मानं विहायान्यत्रावस्थानायोगाज्ज्ञानस्य यत्केवलज्ञानिनां सर्वगतत्वं प्रोक्तं तदपि स्वसमयविरुद्धं विमृश्यम् ।।२३।।**

**તથા - જે જ્ઞાન આત્માનો ગુણ છે, તે અન્યત્ર દ્રવ્ય વિના કેમ રહે ? આ વચનથી આત્મગુણરૂપ જ્ઞાન આત્માને છોડીને અન્યત્ર ન રહે. માટે કેવળજ્ઞાનીઓનું જ્ઞાન સર્વગત હોય છે,**

---

१. क - ०दवर्त्ता । २. एतदर्थोऽग्रे पुनरपि विवृतोऽस्ति मूलकृता ।
३. क - अउत्थ ।

**આવું વચન સ્વસિદ્ધાન્ત વિરુદ્ધ છે અને વિચારણીય છે. ॥૨૩॥**

વિષયની અપેક્ષાએ કેવળજ્ઞાનનું સર્વગતત્વ ઘટે છે, પણ સર્વથા સર્વગતત્વ તો આગમવિરુદ્ધ છે. ॥૨૩॥

**तथा पौद्गलिकत्वात् शब्दस्य शब्दोऽम्बरगुण इत्यम्बरगुणत्वं शब्दस्य यदुक्तम्, तदपि स्वसिद्धान्तविरुद्धम् ॥२४॥**

**તથા શબ્દ પૌદ્ગલિક છે. માટે 'શબ્દ આકાશગુણ' એમ શબ્દનું આકાશગુણપણું જે કહ્યું છે તે પણ સ્વસિદ્ધાન્તવિરુદ્ધ છે. ॥૨૪॥**

ન્યાયદર્શન શબ્દને આકાશનો ગુણ માને છે, પણ વાસ્તવમાં શબ્દ એ ગુણ નહીં પણ પુદ્ગલદ્રવ્ય છે. માટે જ દીવાલ વગેરેમાં તે પ્રતિઘાત પામે છે અને તીવ્ર શબ્દથી કાનના પડદામાં પણ ઉપઘાત થાય છે. ॥૨૪॥

**तथा प्रतिष्ठामहे सार्वभौमाः शतनवत्यादिमिताः पेटारूपा गव्यूतद्वयादिप्रमाणाः स्वर्णरूप्यटङ्ककभृताः कनकरजतघटिताः कम्बिका ब्राह्मणेभ्यो ददतीति यदुक्तं तत्र बहुविचार्यम् ।**

**यतस्ताः केन कथं वा निष्पाद्यन्ते कथं चोत्पाद्यन्ते ? कुत्र वा स्थाप्यते ? नगराणां तूत्कर्षतोप्यायामपृथुत्वाभ्यां द्वादशनवयोजनमानत्वात् ॥२५॥**

**તથા પ્રતિષ્ઠા મહોત્સવમાં ચક્રવતીઓ ૧૦૦-૯૦ વગેરે સંખ્યાની પેટીઓરૂપ, બે ગાઉ વગેરે પ્રમાણવાળી, સોના-રૂપાના સિક્કાઓથી ભરેલી, સુવર્ણ-રજતથી ઘડેલી, કંબિકાઓ**

**બ્રાહ્મણોને આપે છે, એવું જે કહ્યું છે તે વચન ખૂબ વિચારણીય છે. કારણ કે તે કંબિકાઓને કોણ અને કેવી રીતે ઘડે છે ? કેવી રીતે તેનું ઉત્પાદન થાય છે ? અને તેને ક્યાં રાખવામાં આવે છે ? કારણ કે (ચક્રવર્તીના) નગરો તો ઉત્કૃષ્ટથી પણ લંબાઇ-પહોળાઇથી ૧૨ અને ૯ યોજન પ્રમાણ જ હોય છે. ॥૨૫॥**

ચાર ગાઉનું એક યોજન થાય. માટે બે ગાઉની ૧૦૦ પેટીઓ ૫૦ યોજન રોકી લે. માટે ઉક્ત વિધાન વિચારણીય છે. કમ્બિ = કડછી એવું કોષમાં કહ્યું છે, પણ પ્રસ્તુતમાં કમ્બિકાનો અર્થ મંજૂષા અભિપ્રેત જણાય છે. ॥૨૫॥

**ये पुनः ब्राह्मणाः श्रमणोपासका भवन्ति तैरेतावानपरिमितः परिग्रहः कथं गृह्यते ? इत्यादि बहुविमृश्यम् ॥२६॥**

**વળી જે બ્રાહ્મણો શ્રાવક હોય છે, તેઓ આટલો અપરિમિત પરિગ્રહ કેમ સ્વીકારે છે ? વગેરે ખૂબ વિચારણીય છે. ॥૨૬॥**

**तथा सर्वाण्यपि सांसारिकाणि जातमृतादिकृत्यानि पुण्यकार्याणि च ब्राह्मणेभ्यो दानं विना न भवन्तीति नियतिरपि स्वसिद्धान्तविरुद्धा विचारणीया ॥२७॥**

**તથા જન્મ, મરણ વગેરે સર્વ સાંસારિક કાર્યો અને પુણ્ય કાર્યો બ્રાહ્મણોને દાન દીધા વિના નથી થતા, એવી નિયતિ (નિયમ) પણ સ્વસિદ્ધાન્તવિરુદ્ધ છે, અને વિચારણીય છે. ॥૨૭॥**

પંચસૂત્રમાં દીક્ષાવિધિમાં કહ્યું છે - **तोसिऊण विहवोचिअं**

**किवणाई** - વૈભવને અનુરૂપ ગરીબો વગેરેને સંતુષ્ટ કરીને. તીર્થંકરો પણ દીક્ષા પૂર્વે સંવત્સરી દાન આપે છે. આભડ શેઠ વગેરેએ પણ પ્રતિષ્ઠાદિ પ્રસંગે યાચકો, ચારણો આદિને પુષ્કળ દાન આપ્યું હતું. આ રીતે જન્મ વગેરે પ્રસંગે પણ સામાન્યથી દાન સંભવે છે, પણ વિશેષથી બ્રાહ્મણને દાન આપવાની વાત શાસ્ત્રોમાં ક્યાયં જોવા મળતી નથી. ॥૨૭॥

**तथात्र दानमाश्रित्य राजसूयमहोत्सवादिषु यदुक्तं तद् बहु विचार्यं कियदत्र लिख्यते ।।२८।।**

**તથા અહીં દાનને આશ્રીને રાજસૂય મહોત્સવ આદિમાં જે કહ્યું છે, તે બહુ વિચારણીય છે. એ વિષે કેટલું લખી શકાય ? ॥૨૮॥**

**तथा श्रीमदागमो निश्चयनयमभिधत्ते एतत्शास्त्रं तु व्यवहारनयमित्युक्त्वापि या पर्युषणा क्रियते चतुर्थ्याम्, सा व्यावहारिकी । नैश्चयिकी तु एकादशघटिकातिक्रमे ध्यानेन समाराधनीया प्रतिदिनमित्यादिनिश्चयनयमवलम्ब्य ध्यानादीनि यदुक्तानि [1]तत्र तानान्य(तान्य)प्येतस्य शास्त्र(स्त्रा?)भ्यासस्य पूर्वापरविरोधित्वं सूचयन्ति ।।२९।।**

**તથા શ્રીઆગમ નિશ્ચય નયને કહે છે, આ શાસ્ત્ર તો વ્યવહારનયને કહે છે. એમ કહીને પણ જે ચોથના પર્યુષણા (સંવત્સરી) કરાય છે, તે વ્યાવહારિકી છે. નૈશ્ચયિકી (સંવત્સરી) તો ૧૧ ઘડી પસાર થતા ધ્યાનથી પ્રતિદિન સમ્યક્ આરાધવી**

१. क - तत्रातां० ।

**જોઇએ ઇત્યાદિ નિશ્ચયનયને અવલંબીને જે ધ્યાન વગેરે કહ્યા છે, તે પણ આ શાસ્ત્રાભ્યાસનું પૂર્વાપરવિરોધિપણું સૂચવે છે. ||૨૯||**

નૈશ્ચયિક પર્યુષણા આત્મરમણતારૂપ છે. તેથી તેને નિયત તિથિની અપેક્ષા નથી, તેમ ૧૧ ઘડી આદિ સમયની પણ અપેક્ષા નથી. આ રીતે નિશ્ચયપ્રરૂપણાની પ્રતિજ્ઞા કરીને સમયની પ્રતિબદ્ધતા કહી તે પૂર્વાપરવિરોધ છે. અથવા તો તે નિરૂપણ કરનાર ગ્રંથમાં અન્ય વિષયક પૂર્વાપર વિરોધ સંભવે છે, જેને ધ્યાનાદીનિ શબ્દથી સૂચિત કર્યો છે. ||૨૯||

**तथा सिद्धान्ते सितपक्षान्ते एव मासः प्रोक्तः, अत्र पुनरसुरसम्बधा(त्) कृष्णपक्षान्तः सम्प्रत्यसुरराज्ये प्रवर्तमानस्तदनुसारीणि च ध्यानादीनि। एतदप्येतस्याधुनिकत्वपिशुनम् ।।३०।।**

**તથા સિદ્ધાન્તમાં સુદ પક્ષના અંતે જ મહિનો (પૂર્ણ થાય છે એમ)કહ્યું છે. પણ અહીં અસુરના સંબંધથી વદ પક્ષના અંતે (મહિનો પૂર્ણ થાય છે. આ રીતે) હમણા અસુરરાજ્યમાં (મહિનો) પ્રવર્ત્તે છે, તેને અનુસારે ધ્યાન વગેરે (પ્રવર્ત્તે છે.) આ વચન પણ એ ગ્રંથની આધુનિકતાની ચાડી ખાય છે. ||૩૦||**

આધુનિકતા આ શબ્દનું તાત્પર્ય છે શાસ્ત્રનિરપેક્ષપણે સ્વમતિકલ્પિતતા. એનું કારણ એ છે કે ઉક્ત વિધાન શાસ્ત્રસિદ્ધ નથી.

**तथा-ईसरपभिईहिं तहिं वाघाओ खद्धलोहुदाराणं दंसणसंगो**

गरिहा । इअ परेसि न अप्पमायाओ ।।१।। एतद्गाथाविरोधिराजपिण्डाग्रहणकारणमेतस्मिन् प्रोक्तम् - यज्जातमृतसम्बन्धि[1]दानादानपरा अनगारा न भवन्ति[2] । तेन प्रथमतीर्थकृतो वारके धर्मो जातः । अन्तिमजिनतीर्थान्ते तु तस्य मृतिर्भाविनीति तयोर्वारके यद्दानं दीयते तद्धर्मकुमरस्य जननमृतिसम्बन्धादिति यदुक्तम्, तत्स्वबुद्धिविकल्पितमेव ज्ञेयम्, गाथायामनुपात्तत्वात्, युक्तिविकलत्वाच्च ।

તથા - શ્રેષ્ઠી વગેરેથી ત્યાં વ્યાઘાત, પ્રચૂરલાભથી લોભ, ઉદારને જોવાથી રાગ, નિંદા (થાય), બીજાઓને અપ્રમાદથી આ (દોષો થતા) નથી. આ ગાથાનું વિરોધી એવું રાજપિંડના અગ્રહણનું કારણ અહીં કહ્યું છે, જે જન્મેલી-મરણ પામેલી વ્યક્તિ સંબંધી દાનનું ગ્રહણ કરવામાં અણગારો તત્પર હોતા નથી. માટે પ્રથમ તીર્થંકરના સમયે ધર્મનો જન્મ થયો અને અંતિમ જિનના શાસનના અંતે ધર્મનું મૃત્યુ થશે. માટે તે બે જિનના સમયે જે દાન દેવાય છે, તે ધર્મરૂપી કુમારના જન્મમરણ સંબંધી છે, એવું જે કહ્યું છે, તે સ્વબુદ્ધિકલ્પિત જ સમજવું. કારણકે ગાથામાં એવું કહ્યું નથી અને વળી એ યુક્તિરહિત પણ છે.

**પંચાશક** પ્રકરણમાં (૧૭-૨૧) ઉક્ત ગાથા દ્વારા રાજપિંડ ગ્રહણ કરવાના દોષો કહ્યા છે.

(૧) રાજદ્વારે શ્રેષ્ઠીઓ, ઠાકોરો વગેરે અવરજવર કરતાં

---

१. क - ०न्धिदानोदा० ।

२. क - भवन्तीतिऽथव । ख - भवन्तीतिऽधव । ग - भवन्ति तेन ।

હોય, સાથે તેમનો પરિવાર પણ હોય, ત્યાંથી પસાર થતા મહાત્માને તે વ્યસ્ત અવરજવરમાં વ્યાઘાત થાય. અથડાઈ જવાનો, પડી જવાનો, ઘાયલ થવાનો ભય રહે. વળી તેવા ટ્રાફિકમાં પસાર થતા અનેકગણો સમય જતો રહે, તેનાથી સ્વાધ્યાય આદિનો વ્યાઘાત થાય.

(૨) રાજમહેલમાં ઘણું અન્ન વગેરે મળે. તેથી તેમાં લોભનો ભાવ જાગે. એષણા સમિતિની વિરાધના થવાની પણ સંભાવના રહે.

(૩) રાજમહેલમાં સુંદર હાથી, ઘોડા, સ્ત્રી, પુરુષ વગેરેના દર્શન થવાથી સંગ-આસક્તિ થાય. તેનાથી અનુપયોગદશામાં કોઇની અડફેટમાં આવી જવા આદિથી આત્મવિરાધના થાય. ઇર્યાસમિતિનો ભંગ થવાથી સંયમ વિરાધના પણ થાય.

(૪) રાજાને 'જાસૂસ' વગેરેની શંકાથી કુલ-ગણ-સંઘ વગેરેને પણ ઉપઘાત થાય.

(૫) રાજાનું દાન લેવું એ સ્મૃતિ આદિમાં નિંદિત કહ્યું છે. માટે મહાત્મા એ દાન લે તો લોકો નિંદા કરે.

ઉપરોક્ત દોષો મધ્યમ (૨૨) જિનોના મહાત્માને લાગતા નથી. કારણ કે તેઓ અપ્રમત્ત છે. તેઓ ૠજુ અને પ્રાજ્ઞ હોય છે, તેથી તેઓ એ દોષોનો પરિહાર કરવા સમર્થ હોય છે. પ્રથમ જિનના સાધુઓ ૠજુ-જડ હોવાથી અને અંતિમ જિનના સાધુઓ વક્ર-જડ હોવાથી તેઓને એ દોષો લાગે છે.

વિવક્ષિત ગ્રંથમાં ઉપરોક્ત ગાથા વિરોધિ કારણ રજુ કર્યું

છે, કે સાધુઓ જન્મ-મરણ સંબંધી દાન ગ્રહણ કરતાં નથી. તેથી પ્રથમ તીર્થંકરના સમયે ધર્મનો જન્મ થયો અને અંતિમ જિનના શાસનના અંતે ધર્મનું મૃત્યુ થશે. માટે આ બે સમય ધર્મરૂપી કુમારના જન્મ-મરણના છે. આ સમયે જે દાન અપાય તે પણ જન્મ-મરણ સંબંધી છે. એવું દાન તો સાધુઓથી ન લેવાય માટે પ્રથમ અને અંતિમ જિનના સાધુઓને રાજપિંડ લેવાનો નિષેધ છે.

આ કારણ પોતાની બુદ્ધિની કલ્પના જ છે. કારણ કે એવું કારણ પંચાશક ગ્રંથની ગાથામાં કહ્યું જ નથી. અન્ય શાસ્ત્રોમાં ય ક્યાંય આવી વાત કરી નથી. વળી એ વાત યુક્તિસંગત પણ નથી. આ જ વસ્તુ સમજાવે છે -

**तथाहि-प्रथमतीर्थकृतो वारके धर्मो जातः, परं तन्निर्वाणानन्तरं तत्तीर्थे विद्यमाने ये राजानो भवन्ति, तत्पिण्डः कस्मान्न गृह्यते यतिभिः तदा तु धर्मस्य जन्मसमयस्यातिक्रान्तत्वादिति ॥१॥**

પ્રથમ તીર્થંકરના સમયે ધર્મનો જન્મ થયો, પણ તેમના નિર્વાણ બાદ તેમના વિદ્યમાન તીર્થમાં જે રાજાઓ હોય છે, તેમનો પિંડ કેમ સાધુઓથી લેવાતો નથી ? કારણ કે ત્યારે તો ધર્મનો જન્મ સમય જતો રહ્યો છે. ॥૩૧॥

પ્રથમ તીર્થંકરનું શાસન અસંખ્ય વર્ષો સુધી ચાલ્યું છે. તે સર્વ સમયે રાજપિંડગ્રહણ નિષિદ્ધ જ છે. માટે ઉક્ત વાત સંગત નથી. અંતિમ જિનના શાસનના પ્રારંભથી રાજપિંડ ગ્રહણ નિષિદ્ધ છે. ધર્મનો અંત તો છેલ્લે થાય છે. માટે ઉક્ત

કલ્પના સ્વપરિભાષાથી ય અસંગત છે.

વળી આ દાન ધર્મના જન્મ-મૃત્યુ સંબંધી છે, એવું સંવેદન રાજાઓને કે સાધુઓને હોતુ નથી. એ સંવેદન તો માત્ર વિવક્ષિત ગ્રંથકારને જ છે. માટે અન્યને એ કારણથી દોષ ઉત્પન્ન થવાનો પ્રશ્ન જ આવતો નથી.

કાળ તો બધા માટે એક સરખો છે. માટે એક જ સમયે રાજાનું દાન જન્માદિસંબંધી થાય અને અન્યનું ન થાય એ પણ સંગત નથી. ધર્મનો જન્મ સમગ્ર ક્ષેત્રમાં થયો છે, માત્ર રાજાને ત્યાં નહીં. માટે જો આ કારણથી રાજાનું દાન નહીં લેવાય, તો બીજા કોઇનું દાન પણ નહીં લેવાય, તેથી પ્રથમ-અંતિમ જિનના સાધુઓએ દીક્ષા દિનથી અનશન શરૂ કરી દેવું પડે, એવી પણ આપત્તિ છે. માટે ઉક્ત વિધાન સંગત નથી. ॥૩૧॥

**तथा श्रावणशुद्धपञ्चमीं यावद् वसन[1]विहतिरप्यागमेन विरुद्धा ॥३२॥**

**તથા શ્રાવણ સુદ ૫ સુધી વસનવિહતિ (?) પણ આગમવિરુદ્ધ છે.**

**तथा राजादनीवृद्धबद[2]र्यादिपञ्चवृक्षाणां कुलवृक्षता ॥३३॥ भक्ष्यत्वम् ॥३४॥ पूज्यता ॥३५॥ जिनादिनिर्वाणस्थाने-षू[3]द्गमादि च विचार्याणि ॥३६॥**

**તથા ક્ષીરિણી વૃક્ષ, મોટા બોરનું વૃક્ષ વગેરે પાંચ વૃક્ષો**

१. क - ०विद्धति० । २. क - ०र्यापञ्च० । ३. क - ०नेषुहुमा० ।

**કુલવૃક્ષ છે. ॥૩૩॥ (તેમના ફળો) ભક્ષ્ય છે. ॥૩૪॥ (તે વૃક્ષો) પૂજ્ય છે. ॥૩૫॥ જિનેશ્વરો આદિના નિર્વાણસ્થાનોમાં તેમનો ઉદ્ગમ થાય છે. ॥૩૬॥ (આ વિધાનો) વિચારણીય છે.**

ઉક્ત વાતો શાસ્ત્રપ્રામાણ્યરહિત હોવાથી કલ્પિત છે, એવો અહીં આશય છે. ॥૩૩-૩૬॥

**तथा सर्वेषां शक्राणां गुरुस्थानीयास्त्रायस्त्रिंशा देवा भवन्ति। ते च पूजां कारयन्तीत्येतदपि विमृश्यम्, व्यन्तरज्योतिष्केन्द्राणां त्रायस्त्रिंशल्लोकपालवर्जा एव देवभेदा इति सङ्ग्रहि(ह)णीवृत्त्यादौ भणनात् ॥३७॥**

**તથા સર્વ ઇન્દ્રોના ગુરુના સ્થાને ત્રાયસ્ત્રિંશ દેવો હોય છે. તેઓ (ઇન્દ્ર પાસે પોતાની) પૂજા કરાવે છે, એ પણ વિચારણીય છે. કારણ કે સંગ્રહણીની વૃત્તિ વગેરેમાં કહ્યું છે કે વ્યંતર અને જ્યોતિષ ઇન્દ્રોના ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ સિવાયના જ દેવના પ્રકારો હોય છે. ॥૩૭॥**

અહીં વગેરેથી તત્ત્વાર્થસૂત્રનું ગ્રહણ કરી શકાય. તેમાં પણ કહ્યું છે - **त्रायस्त्रिंशलोकपालवर्ज्या व्यन्तरज्योतिष्काः** ॥४-६॥ માટે સર્વ ઇન્દ્રોને ત્રાયસ્ત્રિંશ દેવો હોય છે, એવું નિરૂપણ ઉચિત નથી. વળી તેઓ 'ઇન્દ્રો પાસે પોતાની પૂજા કરાવે છે' એવું વચન પણ તથાવિધ શાસ્ત્રાધારરહિત હોવાથી અસંગત છે. ॥૩૭॥

**तथा एते देवा जिनजनन्यङ्ग(ङ्गं) मन्त्रैः संस्कुर्वति ॥३८॥**

તથા આ દેવો જિનેશ્વરોની માતાના શરીરમાં મંત્રોથી સંસ્કાર કરે છે. ॥૩૮॥

**तथा एतेषां वर्णनमपि बहुतरमिथ्यात्वहेतुरप्येतद्देवविषयं बहु विमृश्यम् ।।३९।। आगमे कुत्राप्यनुक्तेः ।**

તથા તેમનું વર્ણન પણ ઘણા મિથ્યાત્વનું કારણ છે, એ પણ એ દેવો વિષેનું (વચન) ખૂબ વિચારણીય છે. ॥૩૯॥ કારણ કે આગમમાં ક્યાંય એવું કહ્યું નથી.

**तथाष्टादशजीवानां तत्तथाविधगुणविकलानां साम्प्रत-कालीनानामपि कारणावतारेति सञ्ज्ञा न यौक्तिकी प्रोक्ता, यत एषा सञ्ज्ञा तीर्थकृदादीनामेव घटते न सामान्यजीवानाम् ।।४०।।**

તથા તેવા તેવા ગુણોથી રહિત એવા આધુનિક કાળના પણ અઢાર જીવો 'કારણાવતાર' છે, એવી સંજ્ઞા યુક્તિસંગત નથી કહી. કારણ કે આ સંજ્ઞા તીર્થંકર વગેરેને જ ઘટે છે. સામાન્ય જીવોને નહીં. ॥૪૦॥

'કારણાવતાર' અર્થાત્ પુણ્યકાર્ય માટે જેમનો અવતાર થયો છે તેવા જીવો. આવી સંજ્ઞા અર્થાત્ નામ/વિશેષણ તીર્થંકર, ગણધર જેવા વિશિષ્ટ જીવોને જ આપી શકાય. માટે ઉક્ત વિધાન ઉચિત નથી. ॥૪૦॥

**तथा तेषामष्टादशजन्तूनामतीतातीतचतुर्विंशतिकात आरभ्य वर्तमानचतुर्विंशतिकां यावद् यानि चरितानि प्रोक्तानि तान्यपि**

काल्पनिकानि सम्भाव्यन्ते, यतस्तेषु मर्त्यलोकावतारः पुण्यार्थ एव प्रोक्तस्ततः परासूनां पुनः सुरेष्वेवोत्पादः, एवं ते सुरनरगतावेव चतुर्विंशतिकात्रयं पूरयन्ति, न पुनस्ते गच्छन्ति हीनयोनावित्यादि यदुक्तम्, तस्य श्रीमदागमविरोधित्वात् । यतः श्रीमदागमे 'तसेसु दो सागरसहस्से' इतिवचनेनोत्कर्षतोऽपि जन्तूनां त्रसेष्ववस्थानं सागरसहस्रद्वयप्रमाणमेवोक्तम्, अत एतत्समयस्य मध्ये चेत् कृतस्तथाविधप्रयत्नं[1](त्नः) सुकृतविषयस्तदा प्राप्नोति निर्वाणम्, नो चेत्तदा गच्छत्यवश्यमेकेन्द्रियेषु । तत्र पुनस्तिष्ठति यथोक्तसमयम् चतुर्विंशतिकात्रये तु प्रभूता भवन्त्यतरकोटाकोट्य-स्तावत् समयं पुनः सुरनरेष्वेवास्थानं तथा श्रीमदागमेन कथं न विरुद्ध्यते ? ।।४१।।

તથા તે અઢાર જીવોના અતીત અતીત ચોવીશીથી માંડીને વર્તમાન ચોવીશી સુધી જે ચરિત્રો કહ્યાં છે, તે પણ કાલ્પનિક છે, એવું સંભવે છે. કારણ કે તેમાં મનુષ્યલોકમાં અવતાર પુણ્ય માટે જ કહ્યો છે. ત્યાંથી મરીને ફરીથી દેવોમાં જ ઉત્પાદ કહ્યો છે. એમ તેઓ સુર-નરગતિમાં જ ત્રણ ચોવીશીનો સમય પસાર કરે છે. પણ તેઓ હીન યોનિમાં જતાં નથી, વગેરે જે કહ્યું છે, તે શ્રીઆગમથી વિરુદ્ધ છે. કારણ કે શ્રીઆગમમાં 'ત્રસોમાં બે હજાર સાગરોપમ' આવા વચનથી ઉત્કૃષ્ટથી પણ બે હજાર સાગરોપમ પ્રમાણ જ જીવોનું ત્રસોમાં અવસ્થાન કહ્યું છે. માટે જો આ કાળની વચ્ચે સદનુષ્ઠાન-વિષયક જો તેવો પ્રયત્ન કરે, તો તે નિર્વાણ પામે છે. નહીં

१. क - ०यत्नसु० ।

તો અવશ્ય એકેન્દ્રિયોમાં જાય છે. ત્યાં યથોક્ત સમય સુધી રહે છે. ત્રણ ચોવીશીઓમાં તો ઘણા કોટાકોટિ સાગરોપમો હોય છે. તેટલા સમય સુધી ત્રસોમાં જ અવસ્થાન કહ્યું તે પૂર્વકથિત રીતે શ્રીઆગમથી વિરુદ્ધ કેમ નથી ? (અર્થાત્ વિરુદ્ધ જ છે.) ॥૪૧॥

**तथा तेषां मध्ये एकस्य गृहिण उपचक्रीति सञ्ज्ञा प्रोक्ता या, सापि काल्पनिकी ।।४२।।**

**તથા તેમનામાં એક ગૃહસ્થની ઉપચક્રી એવી જે સંજ્ઞા કહી છે તે પણ કાલ્પનિક છે. ॥૪૨॥**

ઉપચક્રી એટલે ચક્રવર્તી પછી જેનો નંબર આવે તેવી વ્યક્તિ. આવી વ્યક્તિ વર્તમાન કાળમાં સંભવિત નથી. માટે એવી સંજ્ઞા યથાર્થ નથી. ॥૪૨॥

**तथा तस्य परमपुरुषापरमूर्तिरिति यद्दत्तं विशेषणम्, तदपि न यौक्तिकम्, यतः परमपुरुषशब्देन श्रीतीर्थनाथः प्रोच्यते, तदपरमूर्तित्वं च रागद्वेषाकुलितचेतसः सामान्यगृहिणः कथं नाम सङ्गच्छते ? ।।४३।।**

**તથા તેને પરમપુરુષનું બીજું રૂપ એવું જે વિશેષણ આપ્યું છે, તે પણ યુક્તિસંગત નથી. કારણ કે પરમપુરુષ શબ્દથી શ્રીતીર્થનાથ કેહવાય છે. જેનું મન રાગ-દ્વેષથી ભરેલું છે, તેવા સામાન્ય ગૃહસ્થને તેમનું બીજું રૂપ કહેવું, એ કઇ રીતે સંગત થાય ? ॥૪૩॥**

વર્તમાનમાં પણ કોઇને 'ભગવાન' કે 'કેવળજ્ઞાની' એવા

વિશેષણ આપવા ઉચિત નથી. જેમણે સર્વવિરતિનો સ્વીકાર કર્યો નથી, તેમને 'સંત' કે 'મહાત્મા' કહેવા પણ ઉચિત નથી. તેવા વિશેષણો આપવા એ તીર્થંકરો, કેવળજ્ઞાનીઓ અને શ્રમણ ભગવંતોની આશાતના છે. એ પણ ઉપરોક્ત નિરાકરણથી સમજવું જોઇએ. ॥૪૩॥

**तथा स इतश्च्युतो विदेहेषु तीर्थकृद्भवितेत्येतदपि न साम्प्रतम् । यतः सम्प्रति विदेहेषु विंशतिस्तीर्थनाथा विजयन्ते, स किमेकविंशतितमो भावीति ।**

**તથા તે અહીંથી ચ્યવીને મહાવિદેહમાં તીર્થંકર થશે, એ વચન પણ ઉચિત નથી. કારણ કે હમણા મહાવિદેહમાં ૨૦ તીર્થંકરો જયવંતા છે, તો શું તે ૨૧ માં તીર્થંકર થશે ?**

મહાવિદેહક્ષેત્રમાં આ વીશ તીર્થંકરોના નિર્વાણ પછી બીજા વીશ તીર્થંકરો થશે, તેમના ચ્યવન અને જન્મ કલ્યાણક થઇ ચૂક્યા છે. વર્તમાનમાં તેઓ ગૃહસ્થપણામાં છે. માનો કે મહાવિદેહની ૩૨ વિજયો છે, તો અન્ય કોઇ વિજયોમાં એ તીર્થંકર થશે, આવી દલીલ કોઇ કરે, તો એ પણ શક્ય નથી, કારણ કે એમાં પણ બાધક છે. આ જ વસ્તુ કહે છે -

**तथा 'सुरनेरइएहिं चिय हवंति हरिअरिहंतचक्किवासुबला' इत्यनेनागमेन सुरनैरयिकागतस्यैव जन्तोस्तीर्थनाथतयोत्पत्तेरुक्तत्वान्मनुजेभ्य आगतः स कथं भविता तीर्थनाथ इत्यादि बहुवक्तव्यं तत्कियदत्र लिख्यते ? ।।४४।।**

**તથા આગમવચન છે કે - હરિ, અરિહંત, ચક્રવર્તી,**

**વાસુદેવ અને બળદેવ સુર અને નારકમાંથી જ થાય છે. આનાથી કહ્યું છે કે દેવ અને નારકથી આવેલો જીવ જ તીર્થંકરરૂપે ઉત્પન્ન થાય છે. માટે તે (વિવક્ષિત વ્યક્તિ) મનુષ્ય ગતિમાંથી આવીને તીર્થંકર શી રીતે બની શકે ? ઇત્યાદિ ઘણું કહેવા જેવું છે, તે અહીં કેટલું લખાય ? ॥૪૪॥**

હરિ અને વાસુદેવ આ બંને સમાનાર્થી શબ્દો છે. માટે અહીં એ બેમાંથી એક શબ્દ ન હોવો જોઇએ. પ્રસ્તુત વચન બૃહત્સંગ્રહણીમાં આ રીતે છે - **सुरनेरइएहिं चिय हवंति हरि - अरिह-चक्कि-बलदेवा ।** (૨૬૩) આ વચન શુદ્ધ જણાય છે. ॥૪૪॥

**एवमनेकविधागमविरोधदर्शनात्तेषामष्टादशानां चरितानि काल्पनिकानि सम्भाव्यानि ।**

**આ રીતે અનેક પ્રકારના આગમોનો વિરોધ દેખાતો હોવાથી તે અઢારના ચરિત્રો કાલ્પનિક સંભવે છે.**

**तथा चतुर्विंशतिकायां चतुर्विंशतिकायां द्वादशोपसार्वभौमा भवन्ति एतदपि नागमिकं यतः श्रीमदागमे त्रिषष्टिः शलाकापुरुषाः प्रोक्ताः, नारदैस्तु सह द्विसप्ततिः । एतेऽपि चैवं तथाविधा भवन्ति चतुर्विंशतिकायां चतुर्विंशतिकायां तदा नारदैर्विना पञ्चसप्ततिस्तैः समं तु चतुरशीतिरुत्तमनराः सङ्ख्यायां प्रोच्यन्ते, क्वाप्यागमेन चैतदस्त्युक्तं कुत्र कुत्राप्यागमे प्रकरणे वा ? तस्मादियमप्युपसार्वभौमसञ्ज्ञा काल्पनिकी सम्भाव्यते ।।४५।।**

તથા - પ્રત્યેક ચોવીશીમાં બાર ઉપચક્રીઓ થાય છે - એ પણ આગમસિદ્ધ નથી. કારણ કે શ્રી આગમમાં ૬૩ શલાકા પુરુષો કહ્યા છે. નારદોની સાથે ૭૨ શલાકાપુરુષ થાય. જો વિવિક્ષિત પુરુષો પણ તેવા પ્રકારના (શલાકાપુરુષ) પ્રત્યેક ચોવીશીમાં થતા હોય, તો નારદોના વિના ૭૫ (શલાકાપુરુષ) અને તેમની સાથે ૮૪ ઉત્તમ પુરુષ ગણનામાં કહેવાય. પણ શું આગમથી ક્યાંય આવું કહેવાયું છે ? કોઇ કોઇ પણ આગમમાં કે પ્રકરણમાં ય કહેવાયું છે ? (નથી કહેવાયું,) માટે આ પણ 'ઉપચક્રી' એવી સંજ્ઞા કાલ્પનિક સંભવે છે. ॥૪૫॥

तथाष्टप्रवचनानीति प्रवचनसङ्ख्याऽनागमिकैव ज्ञेया कुत्राप्यनुक्तत्वात् ।।४६।।

તથા 'આઠ પ્રવચનો' એવી જે પ્રવચનની સંખ્યા કહી છે, તે આગમ અનુસારી નથી, એવું જ જાણવું. કારણ કે આગમમાં ક્યાંય તેવું કહ્યું નથી. ॥૪૬॥

तथा प्रवचनदेवीनां मध्ये मातङ्गी-वराही-त्रिपुरसुन्दर्यादिका देव्यो याः प्रोक्तास्ता अप्यागमे नाममालादौ वा प्रकरणे कुत्रापि जैनदेवीनां मध्येऽनुक्तत्वाद्विचारणीयाः ।।४७।।

તથા શાસનદેવીઓમાં જે માંતગી, વરાહી, ત્રિપુરસુંદરી વગેરે દેવીઓ કહી છે, તે પણ આગમમાં કે નામમાલા વગેરેમાં કે પ્રકરણમાં ક્યાંય પણ જૈનદેવીઓમાં ન કહી હોવાથી વિચારણીય છે. ॥૪૭॥

तथा प्रवचनदेवीनामतीतभवद्भाविरूपभवत्रयेऽपि विशुद्ध-ब्रह्मव्रतधारितादिबहुस्वरूपं विचार्यमागमप्रकरणानुक्तम् ।।४८।।

તથા શાસનદેવીઓ ભૂત-વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણે ભવોમાં વિશુદ્ધ બ્રહ્મવ્રતને ધારણ કરનારી હોય છે. એવું જે ઘણું સ્વરૂપ જણાવ્યું છે, તે આગમો-પ્રકરણોમાં કહ્યું નથી. માટે વિચારણીય છે. ॥૪૮॥

तथा सर्वाण्यपि प्रवचनान्येतत्शास्त्राभासाधीनान्ये-तदप्ययुक्तम्, यतश्चूर्णिवृत्त्यादिभिस्तदर्थस्य व्याख्यातत्वात् ।।४९।।

તથા સર્વ પ્રવચનો (આગમો) આ (વિવક્ષિત) શાસ્ત્રના અભ્યાસને આધીન છે, એમ કહેવું પણ ઉચિત નથી. કારણ કે ચૂર્ણિ, વૃત્તિ વગેરે દ્વારા તેમનો (આગમોનો) અર્થ જણાવાયો છે. ॥૪૯॥

तथा - दसयालिअ-जिअकप्पावस्सय-अणुओगदारनन्दिधरो-इति श्रीदुष्प्रसहसूरिश्रुतवर्णनवचनेन समं यावत्साधुसद्भाव-मेतदुक्तसङ्ख्यया सप्तापि प्रवचनानि भवन्त्येवेत्येतदपि वाक्यं विरुद्धम्, अङ्गादीनां तत्रानुक्तेः ।।५०।।

તથા - દશવૈકાલિક, જિતકલ્પ, આવશ્યક, અનુયોગદ્વાર અને નંદીસૂત્રના ધારક - એમ શ્રી દુપ્પસહસૂરિના શ્રુતના વર્ણનના વચનની સાથે (?) જ્યાં સુધી સાધુ હશે, ત્યાં સુધી આ કહેલી સંખ્યાથી સાતે પ્રવચનો (આગમો) હોય જ છે, આ વાક્ય પણ વિરુદ્ધ છે. કારણ કે (આચારાંગ આદિ) અંગો વગેરેની વાત ત્યાં કરી નથી. ॥૫૦॥

**तथा श्रीउमास्वातिवाचकश्रीहरिभद्रसूरिकृतप्रतिष्ठाकल्पोक्तातिरिक्तैतत्शास्त्राभासोक्तविध्याभासं विना कृता ।।५१।। प्रतिष्ठिता वा (।।५२।।) जिनप्रतिमितिरप्यवन्दनीयेत्येतदपि विचार्यम्, यतस्तैर्महद्भिः किं सम्पूर्णो विधिर्न ज्ञात इत्यादि ।**

**તથા શ્રીઉમાસ્વાતિવાચક અને શ્રીહરિભદ્રસૂરિકૃત પ્રતિષ્ઠા કલ્પમાં કહેલ સિવાય આ અસદ્ શાસ્ત્રમાં કહેલી અસદ્ વિધિ વિના કરેલી ।।૫૧।। કે પ્રતિષ્ઠિત (।।૫૨।।) જિનપ્રતિમા પણ અવંદનીય છે - આ વચન પણ વિચારણીય છે. કારણ કે શું તે મહાપુરુષોએ સંપૂર્ણ વિધિ જાણ્યો ન હતો ? ઇત્યાદિ.**

વાચક મુખ્ય શ્રીઉમાસ્વાતિ મહારાજ આદિ પૂર્વાચાર્યોએ કહેલ વિધિ અધૂરો છે. તે વિધિ સિવાય વિવક્ષિત શાસ્ત્રમાં કહેલ વિધિ પણ કરવો જોઇએ, અને એ ન કરે તો એ પ્રતિમા અવંદનીય બને. આવા આશયવાળું ઉપરોક્ત વચન અનુચિત છે. કારણ કે તે વિશિષ્ટ શ્રુતધર પૂર્વાચાર્યોને સંપૂર્ણ વિધિનું જ્ઞાન હતું જ. અને તેથી તેમણે કહેલ વિધિ સંપૂર્ણ જ છે.

**तथा श्रीकल्पे प्रतिमादितपोयोगं विनाप्यमावास्यायामष्टादशराज्ञां श्रीवीरनिर्वाणसमये पौषधस्योक्तत्वात्तथा योगशास्त्रे चतुष्पर्व्यामिति गाथायाममावास्यायां राकायां च स्नानादिकुव्यापारपरित्यागपूर्वं पौषधस्यैवादेयतयोक्तत्वात्तद्दिने स्नानादिविधानपूर्वं द्रव्यस्तव एव विधेयो न तु पौषधरूपभावस्तव इत्येतदपि नागमानुपाति ।।५३।।**

**તથા શ્રીકલ્પસૂત્રમાં પ્રતિમા વિગેરે તપના યોગ વિના પણ અમાસે શ્રી વીરનિર્વાણ સમયે અઢાર રાજાઓનો પૌષધ કહ્યો હોવાથી, તથા યોગશાસ્ત્રમાં 'ચાર પર્વોમાં' (૩-૮૫) આ ગાથામાં અમાસ અને પૂનમે સ્નાન વગેરે કુપ્રવૃત્તિના ત્યાગપૂર્વક પૌષધ જ આદેયરૂપે કહ્યું હોવાથી 'તે દિવસે સ્નાન વગેરેના વિધાનપૂર્વક દ્રવ્યસ્તવ જ કરવો જોઇએ, પૌષધરૂપ ભાવસ્તવ ન કરવો જોઇએ' એવું આ (વચન) પણ આગમને અનુસરતું નથી. ।।૫૩।।**

'પ્રભુ વીરના નિર્વાણદિને પૌષધરૂપ ભાવસ્તવ ન કરાય, પણ સ્નાનાદિપૂર્વક દ્રવ્યસ્ત્વ જ કરાય.' આ વચનની સામે અહીં બે બાધક રજુ કર્યા છે. એક તો કલ્પસૂત્રનું વચન અને બીજું યોગશાસ્ત્રનું વચન, જે સ્પષ્ટ છે. માત્ર 'પ્રતિમાદિ તપોયોગ વિના' એવું કહેવામાં આશય એ છે કે જો ઉપાસકપ્રતિમાનું વહન કરતા તે સંબંધી પૌષધ રાજાઓને હોત, તો તે પ્રસ્તુતમાં બાધક ન ઠરી શકત. પણ તેવા યોગ વિના પણ અઢાર રાજાઓએ પૌષધ કર્યો. જે બતાવે છે, અમાસે પૌષધ કરવો જોઇએ. ।।૫૩।।

**तथा श्रीआगमानुक्तेष्वष्टचत्वारिंशत् संस्कारेषु बहु विचार्यमस्ति ।।५४।।**

**તથા શ્રીઆગમમાં નહીં કહેલા ૪૮ સંસ્કારોમાં ઘણું વિચારવા યોગ્ય છે. ।।૫૪।।**

**तथा गुरुस्वीकारः पञ्चम्यां समहोत्सवं विधेय इत्येतदपि विचारणीयम्, यतः श्रीसम्यक्त्वावाप्तौ[1] तत्त्वत्रयस्यादेयतयाङ्गीकारः किं नाभूद् गुरोरप्यभ्युपगमः ?**

તથા ગુરુનો સ્વીકાર પાંચમે મહોત્સવ સાથે કરવો જોઇએ, એ પણ વિચારણીય છે. કારણ કે શ્રી સમ્યક્ત્વની પ્રાપ્તિમાં ત્રણ તત્ત્વ(દેવ-ગુરુ-ધર્મ)નો ઉપાદેયરૂપે સ્વીકાર કરવામાં આવે છે. તે સ્વીકાર જ શું ગુરુના સ્વીકારરૂપ નથી થયો ?

આ રીતે ગુરુસ્વીકાર કરવામાં અન્ય પણ આપત્તિ આવે છે, તે કહે છે -

**किञ्च रत्नत्रयधारिणः सर्वेऽपि गुरुतया स्वीकृता एव श्राद्धैः । एकस्य तु समहस्वीकारे स एव वन्द्यः, स्वीकृतत्वात्, अपरे तु न वन्दनीयास्तेषामनङ्गीकरणात् ।।५५।।**

**વળી રત્નત્રયના ધારક એવા બધાને શ્રાવકોએ ગુરુરૂપે સ્વીકાર્યા જ છે. એકને જ મહોત્સવપૂર્વ સ્વીકારે, તો એ જ વંદનીય થશે. કારણકે એ એકનો જ સ્વીકાર કર્યો છે. બીજાઓ વંદનીય નહીં થાય, કારણકે તેમનો સ્વીકાર નથી કર્યો. ।।૫૫।।**

**किञ्च गुरुमहस्तमस्विन्यां यद्विधीयते ।।५६।। तदा च यद् गुरवः पादप्रक्षालनं निर्मापयन्ति तदपि न यौक्तिकम् ।।५७।।**

**વળી જે ગુરુમહોત્સવ રાતે કરાય છે ।।૫૬।। તથા ત્યારે જે ગુરુઓ પાદપ્રક્ષાલન કરાવે છે, તે પણ યુક્તિસંગત નથી. ।।૫૭।।**

---

१. क - ०म्यक्त्वकाप्तौ ।

तज्जलमपि यत् श्राद्धानां शिरसि क्षेपायार्पयन्ति, तदप्ययुक्तम् ।।५८।।

તથા તે પાણી પણ શ્રાવકોના માથે નાખવા માટે જે આપે છે, તે પણ અનુચિત છે. ।।૫૮।।

કેમ અનુચિત છે, તેનું કારણ કહે છે -

तथाविधगुणविकलानामपि ब्राह्मणानां पादप्रक्षालन-जलस्य शिरसि प्रक्षेपः श्राद्धानां मिथ्यात्वोद्दीपनमेव विधत्ते, न किञ्चिद् गुणाय । अत्र बहु वितर्कणीयम् ।।५९।।

જેઓ તેવા પ્રકારના ગુણોથી રહિત છે, તેવા પણ બ્રાહ્મણોના પાદપ્રક્ષાલનમાં વાપરેલા જળને માથામાં નાખવાથી શ્રાવકોના મિથ્યાત્વનું ઉદ્દીપન જ કરે છે, તેનાથી તેમને કોઇ લાભ થતો નથી. અહીં ઘણો વિચાર કરવા યોગ્ય છે. ।૫૯।।

तथा चक्रधराः सर्वेऽपि बहिरारम्भनिरता अन्तःसुविशुद्ध-चारित्रपवित्रिताः, एतदप्यनागमिकम्, सुभूम-ब्रह्मदत्तादीनां विषयकषायादिव्याकुलितचेतोवृत्तीनां नरकेषूपपातात् । न हि चारित्रिणां नरकेषूपपादः ।।६०।।

તથા સર્વે ય ચક્રવર્તીઓ બહારથી આરંભનિરત હોય છે અને અંતરમાં સુવિશુદ્ધ ચારિત્રથી પવિત્ર થયેલા હોય છે, એ (વચન) પણ શાસ્ત્રાનુસારી નથી. કારણકે જેમની ચિત્તવૃત્તિ વિષય-કષાયથી વ્યાકુળ થઇ છે, તેવા સુભૂમ, બ્રહ્મદત્ત વગેરે ચક્રવર્તીઓ નરકમાં ઉત્પન્ન થયા છે. જેઓ ચારિત્રધારક હોય, તેઓ નરકમાં ઉત્પન્ન થતા નથી. ।।૬૦।।

જે ચક્રવર્તીઓ મોક્ષે ગયા છે, તેમને પણ યુદ્ધ આદિના સમયે તીવ્ર દ્વેષ આદિની પરિણતિ સંભવે છે. ભરત ચક્રવર્તીને ચારિત્રપરિણતિની સ્પર્શના થવા સાથે તેમણે ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન પામી મુનિવેષનો સ્વીકાર કર્યો છે. માટે ગૃહસ્થપણે સદા ચક્રવર્તીઓ ચારિત્રી હોય, એ વાત યથાર્થ નથી. ॥૬૦॥

**तथा चक्रधर-वासुदेव-प्रतिवासुदेवादीनां यदत्र चतुर्दशाहव्रतं वर्ण्यते, तदपि नागमानुरोधि, सूत्रे तेषामविरतत्वस्य प्रतिपादनात्। न हि सर्वव्रतदुष्करतरब्रह्मव्रतपालका अविरताः प्रोच्यन्ते । अविरतत्वज्ञापकानि पुनः श्रीकल्पसूत्रादीनि, यतस्तत्र श्रीयुगादिदेवाधिदेवस्य श्रेयांसप्रमुखा एव श्रमणोपासकाः प्रोक्ता न तु भरतप्रमुखाः । एवं नेमेरपि न वासुदेवप्रभृतयः । प्रतिवासुदेवानां पुनस्तद्व्रतापालनपिशुनं रावणसीताहरणम् ।।६१।। एवं चक्रवर्त्यादिविषयमप्यत्र बहु वक्तव्यम् ।।६२।।**

**તથા ચક્રધર-વાસુદેવ-પ્રતિવાસુદેવ આદિનું જે અહીં ૧૪ દિવસનું વ્રત વર્ણવાય છે, તે પણ આગમાનુસારી નથી. કારણ કે સૂત્રમાં તેઓનું અવિરતપણું કહ્યું છે. સર્વ વ્રતોમાં જે અધિક દુષ્કર છે, તેવા બ્રહ્મચર્ય વ્રતના જે પાલક છે, તેમને અવિરત નથી કહેવાતા. ચક્રવર્તી વગેરે અવિરત હતા, એના જ્ઞાપક શ્રીકલ્પસૂત્ર વગેરે શાસ્ત્રો છે. કારણકે ત્યાં શ્રીયુગાદિદેવાધિદેવના શ્રેયાંસ વગેરે જ શ્રાવકો કહ્યા છે, ભરતચક્રી વગેરે નહીં. એ જ રીતે શ્રીનેમિનાથના પણ વાસુદેવ વગેરે (શ્રાવકો કહ્યા) નથી. પ્રતિવાસુદેવો પણ તે (બ્રહ્મચર્ય) વ્રત પાળતા નથી. તેનું**

સૂચક છે, રાવણે કરેલું સીતાહરણ. ॥૬૧॥ એ રીતે ચક્રવર્તી વગેરેના વિષયમાં પણ અહીં ઘણું કહેવા જેવું છે. ॥૬૨॥

भरहो सावगो जाओ - ભરતચક્રવર્તી શ્રાવક થયા, એમ આવશ્યકનિર્યુક્તિ(૩૪૩)વૃત્તિમાં કહ્યું છે. માટે સર્વથા અવિરતપણું સંગત જણાતું નથી. ॥૬૨॥

तथा भीरुताप्रतिग्रहादानादिषड्गुणैरेव ब्राह्मणानां युदुक्तं पूज्यत्वम्, तदपि न युक्तम्, यतः श्रीसम्यक्त्वेन समं ये पञ्चाणुव्रतरूपमूलगुणधारिणो[1] गुणव्रतशिक्षाव्रतरूपोत्तर-गुणधराश्च भवन्ति ब्राह्मणास्त एव मध्यमपात्रतया मान्यतया[2]त्र सम्भवेयुः, साधर्मिकत्वात् श्राद्धानाम्, नेतरे निकृत्या मनोरञ्जनपरायणा अप्रवर्तमानाः श्रमणोपासकक्रियासु ॥६३॥

તથા ભીરુપણુ, દક્ષિણાગ્રહણ વગેરે છ ગુણોથી જ જે બ્રાહ્મણોનું પૂજ્યપણુ કહ્યું છે, તે પણ ઉચિત નથી. કારણકે શ્રીસમ્યક્ત્વ સહિત જે પાંચ અણુવ્રતોરૂપી મૂળગુણોના ધારક છે, અને ગુણવ્રત-શિક્ષાવ્રતરૂપ ઉત્તરગુણોના ધારક છે, તે જ બ્રાહ્મણો મધ્યમપાત્રરૂપે અને માનનીયરૂપે અહીં સંભવે છે. કારણ કે તેઓ શ્રાવકોના સાધર્મિકો છે.

અન્ય જેઓ માયાથી મનોરંજન કરવામાં તત્પર છે અને શ્રાવકોની ક્રિયામાં પ્રવૃત્તિ કરતા નથી, તેઓ (માનનીયરૂપે સંભવતા) નથી. ॥૬૩॥

तथा-आगमे देवादितत्त्वत्रयमुपवर्ण्यतेऽत्र तु देवस्थानि-

१. क - ०णो णुव्र० । २. ख - ०यावस० ।

गुरुस्थानि-धर्मस्थानिभिः सह तत्त्वषट्कम् । तदप्यसङ्गतम्, यतो यो यत्समानः स तत्स्थानीत्युच्यते,जिनेन समाना तु नास्ति काचिद्देवला जिनस्येव यत्पूजनवन्दनादिकं विधीयते ।

તથા આગમમાં દેવ વગેરે ત્રણ તત્ત્વો કહેવાય છે. અહીં (વિવક્ષિત શાસ્ત્રમાં) તો દેવસ્થાની, ગુરુસ્થાની અને ધર્મસ્થાની સાથે છ તત્ત્વો (કહ્યા છે.) તે પણ સંગત નથી. કારણ કે જે જેની સમાન છે, એ તેના સ્થાને કહેવાય છે, જિનની સમાન તો કોઇ દેવતા નથી, કે જિનની જેમ જેનું પૂજન-વંદન વગેરે કરાય.

ज्ञापकानि च सुअदेवयाए करेमि काउसग्गं वेआवच्चगराणमित्यादिसूत्राणि, एतेषु वंदणवत्तिआए इत्याद्यालापकाभणनात् ।

(આ વિષયમાં) 'सुअदेवयाए करेमि काउस्सग्गं', 'वेयावच्चगराणं' વગેરે સૂત્રો સૂચક છે. કારણ કે આ સૂત્રોમાં 'વંદણવત્તિયાએ' વગેરે આલાવા બોલાતા નથી.

જો અન્ય દેવતા પણ ભગવાનની જેમ પૂજ્ય હોત તો એમાં પણ વંદન માટે, પૂજન માટે, સત્કાર માટે ઇત્યાદિ અર્થના આલાવા બોલાતા હોત. પણ નથી બોલાતા તે જ દર્શાવે છે, કે દેવસ્થાની = જિનસમાન કોઇ છે જ નહીં.

तथा जिनस्य किङ्करत्वात् सर्वदेवतानां कथं तेषां जिनस्थानिता ? न हि किङ्करः कदाचित् स्वामिस्थानी भवति ।

તથા સર્વ દેવતાઓ જિનના સેવક છે, માટે તેઓ જિન સમાન શી રીતે બની શકે ? કોઇ સેવક કદી સ્વામિસમાન નથી બનતો.

तथा देवाः सर्वेप्यविरतास्तेभ्यो देशविरतादयोऽपि गुणाधिकाः, कथं तर्हि सर्वगुणोत्तमत्रैलोक्यनायकश्रीजिनाधिपस्थानिनस्ते भवन्ति ? तेन सम्यग्दृष्टिदेवादीनामपि[1] देवस्थानता न सङ्गता ।।६४।।

તથા સર્વ દેવો અવિરત છે. તેમના કરતા તો દેશવિરત જીવો વગેરે પણ અધિક ગુણવાળા છે, તો પછી સર્વ ગુણોમાં શ્રેષ્ઠ, ત્રણ લોકના નાથ એવા જિનેશ્વરની સમાન તેઓ શી રીતે બની શકે ? માટે સમ્યગ્દૃષ્ટિદેવોનું પણ દેવસ્થાનિપણું સંગત નથી. ।।૬૪।।

तथा यो विरतो भवत्यारम्भपरिग्रहात्[2] पञ्चमहाव्रतादिमूलगुणोत्तरगुणधारकश्च स एव गुरुः प्रोच्यते, तर्हि कथं देशविरता अपि ब्राह्मणास्तत्स्थानिनो भवन्ति सपरिग्रहारम्भाः पुत्रकलत्रप्रेमजम्बालनिमग्नास्तप्तोऽयोगोलककल्पाः ? देशविरति-सर्वविरत्योः श्रीमदागमे मेरुसर्षपप्रमाणस्यान्तरस्य प्ररूपितत्वात् ।।६५।।

તથા જે આરંભ અને પરિગ્રહથી વિરત હોય અને પાંચ મહાવ્રતો વગેરે મૂળગુણોનો અને ઉત્તરગુણોનો ધારક હોય, તે જ ગુરુ કહેવાય છે. તો પછી દેશવિરત એવા પણ બ્રાહ્મણો ગુરુસ્થાનીય શી રીતે થઇ શકે ? તેઓ તો પરિગ્રહ અને

१. ख - ०देव्यादी० । २. क - ०ग्रहत् प० ।

આરંભોથી સહિત છે. પુત્ર-પત્ની પ્રત્યેના પ્રેમરૂપી કાદવમાં ખૂંપેલા છે. તપેલા લોખંડના ગોળા જેવા (તેઓ જીવઘાતક) છે. માટે તેઓ ગુરુસ્થાનીય ન થઇ શકે. કારણકે આગમમાં દેશવિરતિ અને સર્વવિરતિનું સરસવ અને મેરુ જેટલું અંતર કહ્યું છે. ॥૬૫॥

तथा धर्मस्थानिता तु प्रासुकीकरणस्याऽत्रोच्यते । तच्चर्चाऽग्रे करिष्यते ।।६६।।

તથા અહીં (વિવક્ષિત શાસ્ત્રમાં) પ્રાસુકીકરણને ધર્મસ્થાની કહ્યું છે, તેની ચર્ચા આગળ કરાશે. ॥૬૬॥

तथा यद्ब्राह्मणानां महोत्सवादिषु दानं दीयते, तद्विपाकोदयो महोदये स्यादित्येतदपि यत्तत्रोच्यते, तदप्यसङ्गतम् । यतः पुण्यपापक्षये मोक्ष इतिवचनान्निश्शेष-पुण्यक्षयेणैव मोक्षः स्यात्, न च प्रक्षीणमुदयमेति ।।

તથા મહોત્સવો વગેરેમાં બ્રાહ્મણોને જે દાન અપાય છે, તેના વિપાકનો ઉદય મોક્ષમાં થાય, એવું પણ જે ત્યાં કહેવાય છે, તે પણ અસંગત છે. કારણ કે પુણ્ય અને પાપ બંનેનો ક્ષય થતા મોક્ષ થાય છે, એવા વચનથી સર્વ પુણ્યના ક્ષયથી જ મોક્ષ થાય અને જેનો સંપૂર્ણ ક્ષય થઇ ગયો છે, તેવા પુણ્યનો ઉદય થતો નથી.

तथा 'खइए भावे परिणामिए अ पुण होइ सिद्धत्तं' इतिवचनेन समं कथं न विरुध्यते तत्पुण्यविपाकवेदनम् ? यतस्तदौदयिके भावे सम्भवति ।।६७।।

તથા 'ક્ષાયિક અને પારિણામિક ભાવમાં સિદ્ધત્વ હોય છે.' (નવતત્ત્વપ્રકરણ-૪૯) - આ વચન સાથે તે પુણ્યના વિપાકનું વેદન કેમ વિરુદ્ધ ન બને ? કારણ કે તે વેદન તો ઓદયિક ભાવમાં સંભવે છે. ॥૬૭॥

तथा थूला सुहमा जीवा इत्यादिगाथोक्तसपादविंशो[1] एकप्राणिदया-व्याख्या, तेन सममेतदुक्ततद्व्याख्यानस्य महान् विरोधः, यतो गाथायां स्थूलाः सूक्ष्माश्च जीवा एव प्रोक्ताः । अस्मिन् पुनः स्थूलसूक्ष्मभेदा हिंसा प्रोक्तेति ।।६८।।

તથા-સ્થૂલ-સૂક્ષ્મ જીવો (રત્નસંચય ૨૩૭) આ ગાથામાં - સપાદવિંશો (સવા વીશ) એક પ્રાણી દયા - આ વ્યાખ્યા છે. તેની સાથે વિવક્ષિત ગ્રંથમાં કહેલ તે ગાથાની વ્યાખ્યાનો મોટો વિરોધ છે. કારણ કે ગાથામાં સ્થૂલ અને સૂક્ષ્મ જીવો જ કહ્યા છે, જ્યારે આમાં સ્થૂલ-સૂક્ષ્મ એવા ભેદવાળી હિંસા કહી છે. ॥૬૮॥

तथा एतस्मिन् शास्त्राभासे सपाद[1] विंशप्राणि-दयामाश्रित्य पूर्वापरविरोधोऽपीत्यादि बहु वाच्यम् ।।६९।।

તથા આ શાસ્ત્રાભાસમાં સવા વીશ જીવદયાને આશ્રીને પૂર્વાપર વિરોધ પણ છે. ઇત્યાદિ ઘણું કહેવા જેવું છે. ॥૬૯॥

तथाऽस्मिन् दशविधपौषधाधिकारेऽपि बहु विमृश्यम् ।।७०।।

તથા એમાં દશ પ્રકારના પૌષધના અધિકારમાં પણ ઘણું વિચારવા જેવું છે. ॥૭૦॥

१. क - ०पादावि० ।

**दशमभेदस्तु यः प्रोक्तः प्रहरद्वये पार्यत इत्यादिस्वरूपः पौषधस्य, स पुनरागमेन समं महाविरोधमावहति ।।७१।।**

**તથા પૌષધનો જે દશમો ભેદ કહ્યો, કે જે બે પ્રહરમાં પારવામાં આવે છે, વગેરે સ્વરૂપનો છે, તે તો આગમ સાથે મોટો વિરોધ ધરાવે છે. ।।૭૧।।**

કારણ કે આગમમાં તેવા પ્રકારનો પૌષધ ક્યાયં કહ્યો નથી.

**तथा श्रीशत्रुञ्जये एकस्मिन्नपि समये कोटिमिता अपि सिद्धिं यान्तीति श्रीमदागमेन विरुद्धम् । आगम उत्कर्षतोप्यष्टोत्तरशतसङ्ख्यानामेवैकस्मिन्समये सिद्धिगतिः प्रोक्ता ।।७२।।**

**તથા શ્રીશત્રુંજયે એક સમયે પણ કરોડો સિદ્ધિ પામે છે, એવું વચન શ્રીઆગમથી વિરુદ્ધ છે. કારણકે આગમમાં ઉત્કૃષ્ટથી પણ ૧૦૮ ની એક સમયે સિદ્ધિગતિ કહી છે. ।।૭૨।।**

**तथा श्रीशत्रुञ्जयदर्शनं विना ग्रन्थिभेदो न भवतीत्येतदपि विचार्यम्, यतो निरये सुरलोकादिषु च ये ग्रन्थिभेदं कुर्वन्ति, तैर्व्यभिचारात् ।**

**તથા શ્રીશત્રુંજયના દર્શન વિના ગ્રંથિભેદ નથી થતો, એ (વચન) પણ વિચારવા જેવું છે. કારણ કે જેઓ નરકમાં અને દેવલોકમાં ગ્રંથિભેદ કરે છે, તેમનાથી અનેકાન્ત દોષ આવે છે.**

એ સિવાય પણ જંબૂદ્વીપ-ભરતક્ષેત્ર સિવાય સર્વ મહાવિદેહક્ષેત્રો, ઐરવત ક્ષેત્રો અને ભરતક્ષેત્રોમાં યાવત્

અકર્મભૂમિમાં પણ જેઓ ગ્રંથિભેદ કરે છે, તથા જંબૂદ્વીપ-ભરતક્ષેત્રમાં પણ જેઓ શત્રુંજયના દર્શન વિના ગ્રંથિભેદ કરે છે, તેમનાથી પણ વ્યભિચારદોષ આવે છે.

**अथ चेत् पूर्वस्मिन्जन्मनि स दृष्टो भवति तदैव जन्मान्तरेऽपि बोधिप्राप्तिरित्येतदपि न युक्तम्, न ह्यन्यस्मिन् जन्मनि ग्रन्थिभेदोऽन्यस्मिन् पुनर्बोधिलाभ इति ।**

**अथ चेत् श्रीशत्रुञ्जय एव ग्रन्थिभेदो स्यात्तदा श्रीभुवनभानुकेवलिप्रभृतिभिर्निगोदनिःसृतिप्रभृति स्वस्वरूपं व्याख्यानयद्भिस्तद्दर्शनं विनाऽपि ग्रन्थिभेदेन बोधिप्राप्तिः कथमुक्तेत्यादि विमृश्यम् ॥७३॥**

**હવે જો એમ કહો કે "પૂર્વના જન્મમાં તે (શત્રુંજય) જોયો હોય, તો જ (દેવલોકાદિના) અન્ય ભવમાં પણ બોધિપ્રાપ્તિ થઇ શકે." તો એ પણ ઉચિત નથી કારણ કે ગ્રંથિભેદ અન્ય ભવમાં અને બોધિલાભ અન્ય ભવમાં એવું થતું નથી. અને જો શત્રુંજય પર જ ગ્રંથભેદ થતો હોય તો ભુવનભાનુ કેવળી વગેરેએ નિગોદમાંથી નીકળવું વગેરે પોતાનું સ્વરૂપ જણાવતાં (ભવભાવના પૃ. ૪૧૪ - મલયપુર નગરમાં ગ્રંથિભેદ અને બોધિલાભ.) શત્રુંજયના દર્શન વિના પણ ગ્રંથિભેદથી બોધિપ્રાપ્તિ કેમ કહી ? વગેરે વિચારણીય છે. ॥૭૩॥**

तथा श्रीजिनप्रासादानामभिधानानि विचार्याणि ॥७४॥

તથા જિનમંદિરોના જે નામો આપ્યા છે, તે વિચારણીય છે. ॥૭૪॥

तथा प्रासादेषु वास्तुशास्त्रानुसारेणोत्कर्षतोऽपि विंशत्युत्तरमण्डपशतमेव श्रूयतेऽत्र तु सहस्रसङ्ख्याऽपीत्येतदपि वितर्कणीयम् ।।७५।।

તથા જિનાલયોમાં વાસ્તુશાસ્ત્રના અનુસારે ઉત્કૃષ્ટથી પણ ૧૨૦ મંડપ જ સંભળાય છે. અહીં તો વિવક્ષિત શાસ્ત્રમાં ૧૦૦૦ સંખ્યા પણ કહી છે, તે વિચારણીય છે. ॥૭૫॥

तथा यथा पाथोदः प्रवर्षन्निम्नोन्नतादि न विलोकते, तथा 'जो जं वरइ तं तस्स दिज्जए' तथा 'वरवरिआ घोसिज्जइ किमिच्छिअं दिज्जए बहुविहीअं' इत्यादिवचनात् प्रार्थयते यो यद्वस्तु तत्तस्य ददते जिनाः । एवं सति या दानपञ्चकप्रथा तत्र कृताऽस्ति साऽपि विमर्शनीया ।।७६।।

તથા જેમ વરસતું વાદળ નીચાણ કે ઉંચાણવાળા સ્થાન વગેરે જોતો નથી. (સર્વત્ર સમાનરૂપે વર્ષે છે.) તેમ 'જે જેને વરે તે તેને દેવાય છે.' તથા 'વરવરિકાની ઘોષણા કરાય છે. ઘણા પ્રકારનું કિમિચ્છિક અપાય છે.' વગેરે વચનથી જે જે વસ્તુની પ્રાર્થના કરે તેને તે વસ્તુ જિનેશ્વર ભગવંતો આપે છે.

આ સ્થિતિમાં તેમાં (વિવક્ષિત શાસ્ત્રમાં) જે પાંચ દાનની પ્રસિદ્ધિ કરી છે, તે પણ વિચારણીય છે. ॥૭૬॥

અહીં 'કિમિચ્છક'નો અર્થ છે - **कः किमिच्छति ?** - કોણ શું ઇચ્છે છે ?, જેને જે જોઇએ તે અપાય છે - આવી

ઘોષણાને સિદ્ધાન્તની પરિભાષાથી કિમિચ્છક કહેવાય છે. 'વરદાન માંગો, વરદાન માંગો' આવી ઘોષણાને શાસ્ત્રની પરિભાષાથી વરવરિકા કહેવાય છે.

તીર્થંકરો આ રીતે પાત્રની અપેક્ષા વિના દાન આપે છે. માટે વિવક્ષિત ગ્રંથમાં કરેલ સાપેક્ષ વિભાગ ઉચિત નથી. ॥૭૬॥

**तथा श्रीजिनानां वानप्रस्थधर्मित्वमपि न सङ्गच्छते, यतस्तत्र मोहोत्तारणाय स्वजनादीनां प्ररूप्यते, जिनास्तु निर्मोहा एव, अन्यच्च चेत् सम्भवेत् जिनानां वानप्रस्थधर्मिता[1], तदा निष्क्रमणावसरे-कुण्डग्गामं नगरं मज्झेण निग्गच्छइ-इत्यादि श्रीकल्पसूत्रादिषु कथं प्रोच्यत इत्यादि चिन्त्यम् ॥७७॥**

**તથા તીર્થંકરોનું વાનપ્રસ્થધર્મીપણુ પણ સંગત થતું નથી. કારણકે ત્યાં મોહ ઉતારવા માટે સ્વજન વગેરેને પ્રરૂપણા કરાય છે. જિનો તો મોહરહિત જ છે. અને બીજી વાત, જો જિનોનું વાનપ્રસ્થધર્મીપણુ સંભવે, તો દીક્ષા સમયે-કુંડગ્રામ નગરની મધ્યથી નીકળે છે - ઇત્યાદિ કલ્પસૂત્રમાં કેમ કહેવાય છે ? વગેરે વિચારણીય છે. ॥૭૭॥**

હિંદુ શાસ્ત્રોમાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમ એમ ચાર આશ્રમો કહ્યા છે. જે વાન = વનસમૂહ પ્રતિ પ્રસ્થાન કરે તે વાનપ્રસ્થ કહેવાય. તેનો જે આશ્રમ તે વાનપ્રસ્થાશ્રમ. વિવક્ષિત ગ્રંથમાં એવું કહ્યું છે કે તીર્થંકરો

१. ग - धर्मिताकारणम् ।

દીક્ષાની પહેલા વાનપ્રસ્થ બને છે. આ વચન યથાર્થ નથી. કારણ કે જો એવું હોત, તો પ્રભુની દીક્ષાના વર્ણનમાં - ક્ષત્રિયકુંડ નગરની મધ્યમાંથી નીકળે છે - એવું ન કહ્યું હોત. ||૭૭||

**तथान्येषामपि या वानप्रस्थधर्मिता प्रोच्यते, सा स्वसमय विरुद्धा, आगमे कुत्राप्यनुक्तेः ।।७८।।**

**તથા અન્યોની (ગણધરાદિની ?) પણ જે વાનપ્રસ્થધર્મિતા કહેવાય છે, તે સ્વસિદ્ધાન્તથી વિરુદ્ધ છે. કારણકે એવું આગમમાં ક્યાંય પણ કહ્યું નથી. ||૭૮||**

तथा मण्डपानां नामानि विचिन्त्यानि ।।७९।।

તથા મંડપોના નામો પણ વિચારણીય છે. ||૭૯||

तथा श्रीजिनसमवसृतौ गच्छतां जनानां ध्वनिष्टा अष्टमहासिद्धयः पाठयन्ति स सम्मोह इति ।।८०।।

તથા શ્રી જિનના સમવસરણમાં જતાં લોકોને ધ્વનિષ્ટો (?) અષ્ટ મહાસિદ્ધિઓનો પાઠ કરાવે છે, (એવું જે કહ્યું છે,) તે સંમોહ છે. (અત્યંત અજ્ઞાનથી તેવી પ્રરૂપણા કરી છે.) ||૮૦||

तथा श्रीजिनसमवसरणद्वारे स्थितास्त्रिषष्ट्यधिक-त्रिशतमाना वादिनः क्षोभयन्ति जनमनांसीत्यादि समवसृतिविषयं प्रभूतमपि श्रीमदागमासम्बद्धम् ।।८१।।

તથા શ્રીજિનના સમવસરણના દરવાજે ઊભેલા ૩૬૩ વાદીઓ લોકોના મનને ક્ષોભાયમાન કરે છે, વગેરે જે

સમવસરણવિષયક ઘણુ કહ્યું છે, તે શ્રી આગમથી અસંબદ્ધ છે. ॥૮૧॥

तथा श्रीमद्धर्मव्यवच्छेद एवाग्रेतनजिनोत्पत्तिरित्येतदपि विरुद्धम् । अजिअजिणपिआ समुप्पन्नो इत्यन्तपदया गाथया श्रीअजितजिनजनकोत्पत्तिं यावदव्यवच्छेदेन सिद्धिगतेरपि भणनात् ।

તથા શ્રી ધર્મનો વ્યવચ્છેદ થાય પછી જ આગળના જિનની ઉત્પત્તિ થાય છે - એવું વચન પણ (શાસ્ત્રથી) વિરુદ્ધ છે. કારણ કે - અજિતજિનના પિતા ઉત્પન્ન થયા - આ અંતિમપદવાળી ગાથા વડે શ્રીઅજિતજિનના પિતાની ઉત્પત્તિ સુધી વ્યવચ્છેદ વિના સિદ્ધિગતિ પણ કહી છે.

तथा श्रीवीरतीर्थवृत्तावपि श्रीकेशीगौतमयोः सङ्गमं यावत् श्रीपार्श्वतीर्थस्य विद्यमानत्वात् ।

તથા શ્રીવીરનું શાસન ચાલું હતું, ત્યારે પણ શ્રીકેશી અને ગૌતમના મેળાપ સુધી શ્રીપાર્શ્વનાથનું શાસન વિદ્યમાન હતું.

तथा एतद्वचनमेतस्य शास्त्राभासस्य पूर्वापरविरोधसूचकं प्राग्जिनसन्तानीयेन चन्द्रगुणेन श्रीजैनधर्मस्यैकच्छत्रे साम्राज्ये विहिते सत्यग्रेतनजिनोत्पत्तेर्भणनात् ।।८२।।

તથા આ વચન આ અસત્ શાસ્ત્રના પૂર્વાપર વિરોધનું સૂચક છે. કારણ કે પૂર્વના જિનની પરંપરામાં થયેલા ચંદ્રગુણે શ્રીજૈનધર્મનું એક છત્ર સામ્રાજ્ય કરેલું હતું ત્યારે આગળના જિનની ઉત્પત્તિ કહી છે. ॥૮૨॥

तथा 'थूलगपाणाइवायं समणोवासओ पच्चक्खाइ' इत्येतस्य-स्थूलकां प्राणान्तकरणलक्षणां चरस्थिरजन्तूनां हिंसां प्रत्याख्याति-इत्येतद्व्याख्यानमपि थूलगपाणाइवायविरईओ इत्येतस्य स्थूरको बाह्यैरपि ज्ञेयत्वाद् बादरो गत्यादिव्यक्तलिङ्ग-द्वित्रिचतुष्पञ्चेन्द्रियसम्बन्धिनां प्राणानामिन्द्रियादीनामस्थ्याद्यर्थमतिपातो विनाशस्तस्याः सकाशाद् यदतिचरितम्, तस्मात्प्रतिक्रमामीतिरूपया व्याख्यया विरुद्धता ।

તથા 'શ્રાવક સ્થૂલ પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કરે છે.' એની (વિવક્ષિત ગ્રંથમાં આ) વ્યાખ્યા (કરી છે) - ત્રસ-સ્થાવર જીવોની સ્થૂળ = પ્રાણોનો અંત કરવા સ્વરૂપ હિંસાના પચ્ચક્ખાણ કરે છે.

આ વ્યાખ્યા પણ 'સ્થૂલ પ્રાણાતિપાતથી વિરત' આ સૂત્રની વ્યાખ્યાથી વિરુદ્ધ છે. સ્થૂલ = બાહ્ય (ઇન્દ્રિયોથી) પણ જાણી શકાય તેવો હોવાથી બાદર (તેવા) ગતિ વગેરેથી પ્રગટ ઓળખચિહ્ન ધરાવતા બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો સંબંધી પ્રાણોનો = ઇન્દ્રિયાદિનો હાડકા વગેરે માટે અતિપાત = વિનાશ, તેનાથી જે અતિચાર સેવ્યો, તેનાથી પાછો ફરું છું. આ વ્યાખ્યાથી વિવક્ષિત ગ્રંથની વ્યાખ્યા વિરુદ્ધ છે.

શ્રાવકને સ્થૂલ પ્રાણાતિપાતના ત્યાગ દ્વારા ત્રસ જીવોની હિંસાના પચ્ચક્ખાણ થાય છે. જ્યારે વિવક્ષિત ગ્રંથમાં સ્થૂલ પ્રાણાતિપાત વિરમણથી ત્રસ-સ્થાવર બંને પ્રકારના જીવોની હિંસાના પચ્ચક્ખાણ થાય છે, એવું જણાવ્યું છે. પણ એ રીતે

જોતા તો શ્રાવક અને સાધુનો ભેદ જ નહીં રહે, બધા સાધુ થઇ જશે. પણ તેવું તો નથી, કારણકે ગૃહવાસમાં સ્થાવરની દયા શક્ય નથી. વિવક્ષિત વ્યાખ્યાની સામે અન્ય પણ બાધક છે, એ કહે છે -

**तथा चेत् स्थिरजन्तूनामपि पारमार्थिका प्राणान्तकरी हिंसा प्रत्याख्याता भवति, तदा तस्या अपि पृथगतिचाराः कथिता विलोक्यन्ते । न चैवम्, सूत्रे वध-बन्धादीनां त्रससम्बन्धिनामेवातिचाराणां भणनात् ।।८३।।**

**તથા જો સ્થિર જીવોના પણ પ્રાણોનો અંત કરનારી હિંસાનો વાસ્તવમાં ત્યાગ કર્યો હોય, તો પછી તેના પણ અલગ અતિચારો કહેવાયેલા દેખાવા જોઇએ. પણ એવું નથી. (સ્થાવર જીવોની હિંસાના અતિચારો તો સૂત્રમાં દેખાતા નથી.) કારણ કે સૂત્રમાં તો (વહબંધછવિચ્છેએ... ઇત્યાદિ) વધ, બંધન વગેરે ત્રસસંબંધી અતિચારો જ કહ્યા છે. ।।૮૩।।**

**तथा चतुर्विधाहारप्रत्याख्यानेऽपि पूजाप्रस्तावे घनसारादनं सूत्रविरुद्धाचरणतया प्रतिभासते । सूत्रे तस्य द्विविधाहारप्रत्याख्याने विशुद्ध्यमानस्य भणनात् ।।८४।।**

**તથા ચઉવિહારના પચ્ચક્ખાણમાં પણ પૂજાના અવસરે કપૂર ખાવું એ સૂત્રવિરુદ્ધ આચરણ હોય, એવું લાગે છે. કારણ કે દુવિહારના પચ્ચક્ખાણમાં કપૂર ખાવું સૂઝે છે, એવું સૂત્રમાં કહ્યું છે. ।।૮૪।।**

**तथा 'मणमाई वि नमंता वयन्ति सट्ठाणं' इति, तथा**

'इंतं महिड्ढिअं पणिवयंति ठिअमवि वयंति पणमंता' इत्यादि श्रीमदावश्यकनिर्युक्त्याद्युक्तेः समवसरणे साक्षात् श्रीजिनदृष्टावपि यथायोगं वन्दनविनयस्य प्ररूपणा यत् प्रासादादौ श्रीजिनदृष्टौ मुनीनामवन्दनम्, तदपि सूत्रविरुद्धाचरणतया प्रतिभासते । किञ्च चेज्जिनदृष्टौ न विधीयत एव साधुवन्दनम्, तदा कथं श्रीसम्यक्त्वाद्युच्चारे श्रीमदर्हद्दृष्टावपि गुरुवन्दनरूपाणि क्षमाश्रमणानि दीयन्ते ? इति ॥८५॥

તથા - 'મનમ આદિ (?) પણ નમન કરતાં સ્વસ્થાને જાય છે' - એમ, તથા - 'આવતા મહર્દ્ધિકને પ્રણામ કરે છે, અને એ મહર્દ્ધિક સ્થિત હોય, ત્યારે પણ તેને પ્રણામ કરતા જાય છે' (આવશ્યકનિર્યુક્તિ ૫૬૨). ઇત્યાદિ આવશ્યકનિર્યુક્તિ વગેરેના વચનથી સમવસરણમાં સાક્ષાત્ જિનની દૃષ્ટિમાં પણ ઔચિત્યને અનુસારે વંદન-વિનયની પ્રરૂપણા (કરી છે, તેથી) જે જિનાલય આદિમાં શ્રીજિનની દૃષ્ટિમાં મુનિઓને વંદન ન કરવું, તે પણ સૂત્રવિરુદ્ધ આચરણારૂપે લાગે છે.

વળી જો જિનની દૃષ્ટિમાં સાધુવંદન ન જ કરાય, તો પછી શ્રી સમ્યક્ત્વ વગેરેના ઉચ્ચારમાં શ્રી અરિહંતની દૃષ્ટિમાં પણ ગુરુવંદનરૂપ ખમાસમણા કેમ દેવાય છે ? ॥૮૫॥

तथा सूत्रे वन्दनावसरे क्षमाश्रमणद्वयस्यैवोक्तेः पञ्चम्यां यत्तत्त्रयेन यतीनां वन्दनं तदपि सूत्रविरुद्धम् ॥८६॥

તથા સૂત્રમાં વંદનના અવસરે બે ખમાસમણા જ કહ્યા છે. માટે પાંચમે જે ત્રણ ખમાસમણાથી મુનિઓને વંદન કરાય છે, તે પણ સૂત્રવિરુદ્ધ છે. ॥૮૬॥

तथा गृहीतपौषधा अपि श्राद्धा यन्मुखाग्रे करयोजनेनैव जलपानं विदधति, तदपि सूत्रविरुद्धम्, तथा पाने पतद्भिः पानीयबिन्दुभिर्विराधनाभवनादीर्यापथिक्यशुद्धेः ।।८७।।

તથા પૌષધધારી શ્રાવકો પણ જે મુખ આગળ બે હાથ ભેગા કરવા દ્વારા પાણી પીવે છે, તે પણ સૂત્રવિરુદ્ધ છે કારણકે તે રીતે પાણી પીવાથી પડતા પાણીઓના ટીપાઓથી વિરાધના થાય છે. તેથી ઇરિયાવહી સૂઝતી નથી. ॥૮૭॥

तथा तए णं सा दोवई रायवरकन्ना करयल जाव कट्टु एवं वयासी - नमुत्थुणं अरिहंताणं भगवंताणं-इत्यादिना श्रीज्ञाताधर्मकथाङ्गे द्रौपद्याः शक्रस्तवकथनेन जिनवन्दन-विधेर्भणनात्, तथा पुष्पादिभिस्तमभ्यर्च्य स्तवनैरुत्तमैः स्तुयादित्येतद्व्याख्यानस्य भगवन्तमभ्यर्च्य पूजयित्वा ईर्यापथिकीप्रतिक्रमणपूर्वकं शक्रस्तवादिभिर्दण्डकैश्चैत्यवन्दनां कृत्वा स्तवनैरुत्तमैरुत्तमकविविरचितैः स्तुयादित्येवं वृत्तौ विधाना-न्नमस्कारशक्रस्तवादिभिर्गृहिभिरपि देववन्दनं विधेयमेवंविधा-मतिक्रम्य श्रीमदागमाज्ञां यदेतदुक्तनमस्कारचतुष्केणैव देववन्दनं विधीयते तदपि सूत्रविरुद्धम् ।।८८।। तथा एतेषु नमस्कारेषु कटाक्षयसि मां नाथेत्यत्र कटाक्षयसीति यदुक्तम् तज्जिनस्तुतौ न सङ्गच्छते, यत् एतत्पदं हि देवीस्तुतौ युज्यते ।।८९।।

તથા - પછી તે શ્રેષ્ઠ રાજકુમારી દ્રૌપદી કરતલ યાવત્ કરીને એમ બોલી - નમસ્કાર થાઓ અરિહંત ભગવંતોને - વગેરેથી શ્રી જ્ઞાતાધર્મકથા અંગમાં દ્રૌપદીની શક્રસ્તવ કહેવા દ્વારા જિનવંદનવિધિ કહી છે તેથી, તથા - પુષ્પ વગેરેથી

તેમને (જિનને) પૂજીને ઉત્તમ સ્તવનોથી સ્તુતિ કરવી. (યોગશાસ્ત્ર ૩-૧૨૩) - આની વ્યાખ્યા વૃત્તિમાં આ રીતે કરી છે - ભગવાનનું અર્ચન = પૂજન કરીને, ઇરિયાવહી પ્રતિક્રમણપૂર્વક શક્રસ્તવ વગેરે દંડકોથી ચૈત્યવંદન કરીને, ઉત્તમ = ઉત્તમ કવિઓએ રચેલા સ્તવનોથી સ્તુતિ કરવી.

આ રીતે વૃત્તિમાં વિધાન કર્યું હોવાથી નમસ્કાર, શક્રસ્તવ વગેરે દ્વારા ગૃહસ્થોએ પણ દેવવંદન કરવું જોઇએ એવા પ્રકારની આગમની આજ્ઞાને ઓળંગીને જે વિવક્ષિત ગ્રંથમાં કહેલ ચાર નમસ્કારથી જ દેવવંદન કરાય છે, એ પણ સૂત્રવિરુદ્ધ છે. ॥૮૮॥ તથા આ નમસ્કારોમાં - હે નાથ ! તું મને કટાક્ષથી જુએ છે - એવું જે કહ્યું છે, તે જિનસ્તુતિમાં સંગત થતું નથી. કારણ કે આ પદ દેવીની સ્તુતિમાં ઉચિત છે. ॥૮૯॥

तथा एतेषु यदाह्वानं ध्यानमित्युक्तम्, तत्राह्वानपदं न सङ्गच्छते । न ह्यन्यदेववत् केनाप्याहूताः समायान्ति जिनेन्द्रा इति ॥९०॥

તથા એ (નમસ્કારો)માં જે - આહ્વાન ધ્યાન - એવું કહ્યું છે, ત્યાં આહ્વાહન પદ ઉચિત નથી, કારણકે અન્ય દેવોની જેમ જિનેશ્વરો કોઇના આહ્વાહનથી આવતા નથી. ॥૯૦॥

तथा - न मन्त्रं नो यन्त्रं तदपि च न जाने स्तवमहो इत्यत्र तमपीत्येवं निष्पद्यते, विशेष्यस्य स्तवनशब्दस्य पुंस्त्वात् ॥९१॥

તથા - ન મંત્ર, ન યંત્ર, તે સ્તવનને પણ હું જાણતો નથી, - અહીં 'તમપિ' આ રીતે નિષ્પત્તિ થાય, કારણકે વિશેષ્યરૂપ સ્તવ (શબ્દ) પુરુષ (પુલિંગ) છે. ।।૯૧।।

तथा प्रतिक्रमणं हि सर्वजीवानां दूनानां क्षमणाय विधीयते। एवं सत्यपि यत्तदादौ-अपसर्पन्तु ते भूता-इत्यादिश्लोकेन यद्भूतत्रासनं विधीयते, तथा-निहन्मि सर्वं यदमेध्यवद् भवेद्, हताश्च सर्वे सुरदानवा मया-इत्यादिश्लोकेन यदसुरदानवादीनां हननं विधीयते, ते उभेऽपि सूत्रविरुद्धाचरणतया प्रतिभासते। न हि प्रतिक्रमणप्रारम्भे कस्यापि त्रासनं हननं वा विधीयते इति हेतोः ।।९२-९३।।

તથા પ્રતિક્રમણ જે જીવોને દૂભવ્યા હોય, તે સર્વને ખમાવવા માટે કરાય છે. એમ હોવા છતાં પણ જે તેની શરૂઆતમાં - તે ભૂતો દૂર જાઓ - ઇત્યાદિ શ્લોકથી ભૂતોને ડરાવવામાં આવે છે. તથા જે અપવિત્ર હોય તે સર્વને હણું છું, સર્વ દેવ-દાનવો મારા વડે હણાયા છે - ઇત્યાદિ શ્લોકથી જે અસુર-દાનવ વગેરેનો ઘાત કરાય છે. તે બંને સૂત્રથી વિરુદ્ધ-આચરણરૂપ લાગે છે. કારણકે પ્રતિક્રમણના પ્રારંભે કોઇને પણ ડરાવવું કે હણવું એવું સૂત્રમાં જણાવાતું નથી. ।।૯૨-૯૩।।

तथा श्रीजिनपूजाया आदौ देवीनामानि गृहीत्वा यत्कुसुमाञ्जलिमोचनं जिनपादयोर्विधीयते, तथा पूजावसरे च यन्मण्डलपुष्पपिण्डादिकल्पनं क्रियते त उभेऽपि सूत्रविरुद्धा-(द्धे), द्रौपद्यादिकृतद्रव्यस्तवविधौ तद्विधेरभणनात् ।।९४-९५।।

તથા શ્રીજિનપૂજાની આદિમાં દેવીઓના નામો લઇને જે જિનના ચરણોમાં કુસુમાંજલિ મુકવામાં આવે છે, તથા જે પૂજાના અવસરે માંડલામાં પુષ્પ, પિંડ વગેરે રાખવામાં આવે છે, તે બંને સૂત્રવિરુદ્ધ છે. કારણ કે દ્રૌપદી વગેરેએ કરેલા દ્રવ્યસ્તવની વિધિમાં તે વિધિ કહી નથી. ||૯૪, ૯૫||

तथा द्वादशाध्यायी पञ्चाध्याय्यादावेतद्विधेरभणनादेतस्य पूर्वापरविरोधोऽपि ।।९६।।

તથા બાર અધ્યાયી, પાંચ અધ્યાયી વગેરેમાં આ વિધિ ન કહ્યો હોવાથી આ (ગ્રંથ)નો પૂર્વાપર વિરોધ પણ છે. ||૯૬||

तथा-जाव अरिहंताणं भगवंताणं नमुक्कारेण न पारेमीत्याद्युच्चार्यापि कायोत्सर्गपारणनमोअरिहंताणमितिभण-नयोर्मध्ये यदन्याक्षरोच्चरणं तदपि सूत्रविरुद्धम् । एवं करणे कायोत्सर्गभङ्गसम्भवात् ।।९७।।

તથા જ્યાં સુધી અરિહંત ભગવંતોને નમસ્કાર કરવાપૂર્વક ન પારું - ઇત્યાદિ બોલીને પણ કાઉસ્સગ્ગ પારવો અને અરિહંતોને નમસ્કાર થાઓ આ વચનની વચ્ચે જે અન્ય અક્ષરોનો ઉચ્ચાર કરાય છે, તે પણ સૂત્ર વિરુદ્ધ છે. કારણ કે આમ કરવાથી કાઉસ્સગ્ગનો ભંગ થાય છે. ||૯૭||

तथा जिनमुनिवन्दनानन्तरं यत्प्रतिक्रमणस्यादौ किमपि पठ्यते, तत्प्रान्तेऽपि च यदुच्यते किञ्चित्ते उभेऽपि सूत्रोक्ता-तिरिक्तकरणात्सूत्रविरुद्धे ।।९८-९९।।

તથા જિન અને મુનિને વંદન કર્યા બાદ જે પ્રતિક્રમણના

પ્રારંભે કાંઇક બોલાય છે અને તેના અંતમાં પણ જે કાંઇ બોલાય છે, તે બંને ય સૂત્ર કથિત કરતાં વધારે કરાતું હોવાથી સૂત્રવિરુદ્ધ છે. ।।૯૮,૯૯।।

જેમ વિધિમાં કાંઇ ન્યૂન કરવું તે દોષ છે, એમ અધિક કરવું એ પણ દોષ છે. પ્રતિક્રમણમાં વચ્ચે ડાબા-જમણા પગ આદિની સૂચના કરવાથી પણ ઇરિયાવહીનો ભંગ થાય છે, એવું પણ સાંભળ્યું છે. માટે અન્ય આલાપો તો ન જ થવા જોઇએ. પ્રતિક્રમણના અંતે વિવિધ સ્તુતિ-છંદ આદિ બોલાવવા-બોલવાની જે પ્રથા છે, તે પણ ગીતાર્થોએ વિચારવા યોગ્ય છે. ।।૯૮,૯૯।।

तथा यत्पञ्चदशीदिने स्नानविधानं श्राद्धानां तदपि सूत्रविरुद्धम् ।।१००।।

તથા જે પૂનમે શ્રાવકોને સ્નાનનું વિધાન કરાય છે, તે પણ સૂત્રવિરુદ્ધ છે. ।।૧૦૦।।

तथा यन्मुखांशुकग्रहणसाधुनिमित्तशालाविधापनादयो येऽष्टप्रवचनमूलस्तम्भा एतस्मिन्नुच्यन्ते तेष्वपि बहुविचार्यम्, तथाहि-अनुयोगद्वार-निशीथभाष्यादिषु मुखवस्त्रिका-रजोहरणे प्रतिक्रमणादिकर्मणि श्राद्धानामपि ग्राह्यतया निर्दिष्टं परं श्रावकस्यौपग्रहिकत्वात्ते लिङ्गं न भवत इति बहुश्रुताः प्राहुः। अवश्यं ग्राह्यस्योपधेर्लिङ्गत्वोपदेशात् । ओहोवहीति ओघः सङ्क्षेपः स्तोको लिङ्गकारकोऽवश्यंग्राह्यः । उवग्गहोवही औपग्रहिकः कारणमपेक्ष्य संयमोपकरणमिति गृह्यत इति

निशीथचूर्णिद्वितीयोद्देशकवचनात् । रजोहरण-मुखांशुके तु नौघोपधिः, श्रावकाणां कारणमपेक्ष्येत्वरकालग्रहणेनौपग्रहिकत्वात् ।

તથા મુહપત્તિનું ગ્રહણ, સાધુ માટે નિવાસ બનાવડાવવો વગેરે જે આઠ પ્રવચનના મૂળ સ્તંભો આ (વિવક્ષિત ગ્રંથ)માં કહેવાય છે, તેમાં પણ ઘણો વિચાર કરવા યોગ્ય છે. તે આ રીતે -

અનુયોગદ્વાર, નિશીથ ભાષ્ય વગેરેમાં મુહપત્તિ, રજોહરણ પ્રતિક્રમણ વગેરે કૃત્યમાં શ્રાવકોએ લેવા જોઇએ, એમ કહ્યું છે, પણ તે શ્રાવકના ઔપગ્રહિક (ઉપકરણ) હોવાથી 'લિંગ' બનતા નથી, એમ બહુશ્રુતોએ કહ્યું છે. કારણ કે એવો ઉપદેશ છે, કે જે ઉપધિનું અવશ્ય ગ્રહણ કરવાનું હોય, તે ઉપધિ લિંગ કહેવાય. ઓઘ ઉપધિ (ઔઘિક ઉપકરણ) એટલે ઓઘ = સંક્ષેપ = અલ્પ લિંગકારક (લિંગરૂપ બને તેવો) અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય (ઉપધિ).

ઉપગ્રહોપધિ = ઔપગ્રહિક (ઉપકરણ) - જે કારણની અપેક્ષાએ સંયમનું ઉપકરણ બને છે, માટે તેનું ગ્રહણ કરાય છે. આ રીતે નિશીથસૂત્રની ચૂર્ણિમાં બીજા ઉદ્દેશામાં કહ્યું છે.

રજોહરણ અને મુહપત્તિ એ (શ્રાવકોની અપેક્ષાએ) ઓઘ ઉપધિ નથી. કારણ કે શ્રાવકો કારણની અપેક્ષાએ તેનું અમુક સમય માટે ગ્રહણ કરે છે. માટે તે ઔપગ્રહિક (ઉપધિ) છે.

इति यन्मुखांशुकस्य नित्यं पार्श्वेऽवस्थापनम्, तदपि सूत्रविरुद्धम्, तज्ज्ञापकाश्च श्रीजीतकल्पादयो ग्रन्थाः । तेषु च जीतकल्पे 'पुत्तीहारवणे' इत्यादिना मुखांशुकनाशे कृतपौषधव्रतस्यैव प्रायश्चित्तं भणितम् ।

માટે જે હંમેશા મુહપત્તિને પાસે રખાય છે, તે પણ સૂત્રવિરુદ્ધ છે અને તેના જ્ઞાપક શ્રીજીતકલ્પ વગેરે ગ્રંથો છે. અને તેમાં જીતકલ્પમાં 'પુત્તીહારવણ' ઇત્યાદિથી મુહપત્તિ ખોવાતા તેને જ પ્રાયશ્ચિત્ત કહ્યું છે, કે જેણે પૌષધ કર્યો છે.

अथ चेन्मुखांशुक(कं) नित्यं पार्श्वे स्थाप्यमेवेति नियतमनुष्ठेयं स्यादुपासकानाम्, तदा पौषधव्रतप्रायश्चित्ताधिकारविधौ मुखांशुकपातनप्रायश्चित्तं कथितमभविष्यत्, न पुनरुक्तम्, तस्मादवगम्यते यत् स्थाप्यत एव वदनपटीति नियतिर्न सङ्गता ।

જો મુહપત્તિ હંમેશા પાસે રાખવી જ જોઇએ એવું ઉપાસકએ અવશ્ય કરવા યોગ્ય હોય, તો પૌષધવ્રતના પ્રાયશ્ચિત્ત-અધિકારવિધિમાં મુહપત્તિને પાડવાનું પ્રાયશ્ચિત્ત કહ્યું હોત. પણ કહ્યું તો નથી, તેનાથી જણાય છે કે મુહપત્તિ રખાય જ છે, એવો અવશ્યભાવ ઉચિત નથી.

आदिशब्दात् श्रीउत्तराध्ययन-पिण्डविशुद्ध्यादयोऽपि ग्रन्था एतत्सूचकाः । तथाहि षट्त्रिंशत्तमे श्रीउत्तराध्ययने

चत्तारि अ गिहिलिङ्गे अन्नलिङ्गे दसे व य ।
सलिङ्गेण य अट्ठ सयं समएणेगेण सिज्झई ।।१।।

अनया गाथयोत्कर्षतः स्वलिङ्गेन साधुलिङ्गेन सिध्यन्त्यष्टोत्तरशतप्रमिता इत्युक्तम् ।

આદિ શબ્દથી શ્રીઉત્તરાધ્યયન-પિંડવિશુદ્ધિ વગેરે ગ્રંથો પણ આ અર્થના સૂચક છે. તે આ પ્રમાણે - શ્રી ઉત્તરાધ્યયનના ૩૬ મા અધ્યયનમાં - ચાર ગૃહિલિંગમાં દશ અન્યલિંગમાં અને એકસો આઠ સ્વલિંગમાં એક સમયમાં સિદ્ધ થાય છે. (૧૪૦૭), આ ગાથાથી ઉત્કૃષ્ટથી સ્વલિંગ = સાધુલિંગથી એકસો આઠ સિદ્ધ થાય છે, એમ કહ્યું છે.

यदि च नित्यं दधति श्राद्धा मुखपोतिकामुत्तमाङ्गे, तदा तेऽपि स्वलिङ्गसिद्धमध्ये गण्यन्ते, न पुनरुक्ताः, तेषां गृहिलिङ्गसिद्धानां मध्ये गणनात् ।

જો શ્રાવકો હંમેશા મુખ પાસે મુહપત્તિ ધારણ કરતાં હોત, તો તેઓ પણ સ્વલિંગસિદ્ધમાં ગણાત, પણ તેમને કહ્યા નથી. કારણ કે તેમને ગૃહિલિગંસિદ્ધોમાં ગણ્યા છે.

पिण्डविशुद्धौ तु-साहम्मिअस्स पवयणलिङ्गेहिं कए कयं हवइ कम्मं-इत्येतस्यां गाथायां प्रवचनलिङ्गाभ्यां ये साधर्मिकाः स्युस्तदर्थं कृतमशनाद्याधाकर्मिकमित्युक्तम् ।

પિંડવિશુદ્ધિમાં તો પ્રવચન-લિંગથી સાધર્મિક માટે કરેલ કર્મ થાય છે (૧૨) - આ ગાથામાં જેઓ પ્રવચન અને લિંગથી સાધર્મિકો હોય, તેમના માટે કરેલું (રાંધેલું) અશન વગેરે આધાકર્મી છે, એમ કહ્યું છે.

तत्र श्राद्धाः प्रवचनेनैव साधर्मिका न लिङ्गेनेति तदर्थकृतं कल्पते यतीनाम् । अथ चेदुपासकैः स्थाप्यते वदनपटीलिङ्ग-

तयोत्तमाङ्गे, तदा देशतस्ते लिङ्गेनापि साधर्मिका भवेयुस्ततश्च तदर्थकृतमकल्प्यं स्यात्तथा च सति साधुभिः श्राद्धगृहे विहृतिर्न विधीयत इत्यलं प्रसङ्गेन ।

તેમાં શ્રાવકો પ્રવચનથી જ સાધર્મિક છે, લિંગથી નહીં. માટે તેમના માટે કરેલું યતિઓને કલ્પે છે. હવે જો શ્રાવકો લિંગરૂપે મુહપત્તિને મુખ પાસે રાખતા હોય, તો આંશિકપણે તેઓ લિંગથી પણ સાધર્મિક થાય, માટે તેમના માટે રાંધેલુ અકલ્પ્ય થાય, અને તેમ થતા સાધુઓએ શ્રાવકોના ઘરે વહોરવા ન જવાય, માટે પ્રાસંગિક વાતથી સર્યું.

तथा-पावारगं पमुत्तूणं घित्तूणं मुहणंतगं वत्थकायविसुद्धीए सीहो गिण्हइ पोसहं-इत्यनया गाथया घित्तूणमितिपदेन मुखांशुकं गृहीत्वेत्युक्तम्, चेन्मुखांशुकं पार्श्वे स्थाप्यत एवेति नियतिः स्यादुपासकानाम्, तदा घित्तूणमिति नोच्यते । पिष्टपेषणन्याये-नासङ्गतत्वात् ।

તથા પ્રાવરક (ઓઢવાનું વસ્ત્ર) છોડીને મુહપત્તિ લઇને વસ્ત્ર અને શરીરની વિશુદ્ધિપૂર્વક સિંહ પૌષધ લે છે - આ ગાથા દ્વારા 'લઇને' આ પદથી મુહપત્તિનું ગ્રહણ કરીને એમ કહ્યું છે. જો મુહપત્તિ હંમેશા પાસે જ રાખવાની હોય એવો શ્રાવકોને નિયમ હોત, તો 'લઇને' એવું ન કહેવાત. કારણ કે (એવું કેહેવું, એ) પિષ્ટપેષણન્યાયથી અસંગત છે.

अन्यच्च लिङ्गं विना सम्यक्त्वं देशविरतिर्वा न भवेदिति चेत्कथयिष्यते, तदा कथं वदनवसनरूपं लिङ्गं विना

सुरनैरयिकाणां सम्यग्दर्शनसत्ता ? तिरश्चां पुनस्तद्विना देशविरतेरपि ?

અને બીજી વાત, જો લિંગ વિના સમ્યક્ત્વ કે દેશવિરતિ ન હોય, એવું જો કહો, તો પછી મુહપત્તિરૂપ લિંગ વિના દેવો અને નારકોને સમ્યગ્દર્શન શી રીતે હોય ? અને તિર્યંચોને તેના (લિંગ) વિના દેશવિરતિ પણ શી રીતે હોય ?

अथ चेदुत्तरीकरिष्यते मनुष्याणामेवायं नियमस्तदा किं न श्राद्धैरिव श्राद्धीभिस्तन्नित्यं सन्निधाने स्थाप्यते ? लिङ्गत्वेन सम्यग्दर्शनस्य देशविरतेश्च भवद्भिः स्वीकरणा-न्मुखांशुकस्य, न हि लिङ्गं लिङ्गिनं विहाय कदाचिदवतिष्ठते, धूम इव धूमकेतुं विना ।

હવે જો એવો જવાબ આપશો, કે મનુષ્યોને જ આ નિયમ હોય છે, તો પછી શ્રાવકોની જેમ શ્રાવિકાઓ પણ તેને હંમેશા પોતાની પાસે કેમ રાખતા નથી ? કારણકે તમે તો મુહપત્તિને સમ્યગ્દર્શન અને દેશવિરતિના લિંગરૂપે સ્વીકાર્યું છે. લિંગ કદી લિંગીને છોડીને ન રહે. જેમ કે ધૂમ એ અગ્નિને છોડીને નથી રહેતો.

अथ चेत्प्रतिवचनीकरिष्यतेऽपावित्र्यात् स्त्रीणां लिङ्गस्य पार्श्वस्थापने नाधिकारः । तर्हि भवन्मते साध्वीभिरपि रजोहरणवदनवस्त्रादिलिङ्गं समीपे न स्थाप्यमेव, पूर्वोक्तादेव हेतोः ।

હવે જો એવું કહો કે સ્ત્રીઓ અપવિત્ર હોવાથી (મુહપત્તિરૂપ)

લિંગને પાસે રાખવામાં તેમનો અધિકાર નથી. તો પછી તમારા મતે સાધ્વીઓએ પણ રજોહરણ-મુહપત્તિ વગેરે લિંગ પાસે ન જ રાખવું જોઇએ, કારણકે તેઓ પણ અપવિત્ર છે.

अन्यच्च श्राद्धाः स्वावश्यकविधावेव[1] साननवाससो भवेयुरित्यनेन बहूवो(बहु)वचनेन समं विरोधात् पूर्वापरविरोधोऽपि ।

અને બીજી વાત, શ્રાવકો પોતાની આવશ્યકની વિધિમાં જ મુહપત્તિસહિત હોય, એવા ઘણા (?) વચન સાથે વિરોધ હોવાથી પૂર્વાપર વિરોધ પણ છે.

अत्र मुखपोतिकामाश्रित्य बहु वाच्यं मुखांशुकस्य पार्श्वस्थापनाधिकारे श्रीकुमारपालक्ष्मापालस्य तत्प्रतिलेखकधार्मिकायुक्ततादि ।

મુહપત્તિને પાસે રાખવાના અધિકારમાં મુહપત્તિનું પડિલેહણ કરનાર ધાર્મિકને શ્રીકુમારપાળ રાજાએ આયુક્ત કર્યો હતો, વગેરે અહીં મુહપત્તિને આશ્રીને ઘણું કહેવા જેવું છે.

પાટણના એક ઉપાશ્રયમાં શ્રાવકોના ઉપયોગ માટે મુહપત્તિ, કટાસણા વગેરે રાખેલા હતા. એક ગરીબ શ્રાવક તેનું નિયમિત પડિલેહણ કરતો હતો. કુમારપાળે આ જાણીને તેની સુંદર અનુમોદના કરી હતી.

જો શ્રાવકોએ મુહપત્તિને હંમેશા ~~પાસે જ રાખવાની હોત~~ તો આ પ્રસંગની સંગતિ ન થાત.

१. क - धावेव साभनवा० ।

तथा-गिहीजिणलिङ्गं दूअ[1]ण धा[2]रयंति-श्रीमन्महानिशीथाक्षराणि प्रमाणीकुर्वद्भिः श्राद्धराजैः कथं सन्निधाने स्थाप्यत एव वदनपोतिका इति ।।१०१।।

તથા - ગૃહી-જિનલિંગને દૂતકથી (?) ધારણ કરે છે - એવા શ્રીમહાનિશીથના અક્ષરોને જેઓ પ્રમાણ કરે છે, તેવા શ્રેષ્ઠ શ્રાવકો મુહપત્તિને શી રીતે પાસે જ રાખે ? ||૧૦૧||

तथा साधुनिमित्तमेव शालाविधापनम्, तत्र च साधूनामवस्थानमित्याद्यपि न सङ्गच्छते । यतः श्रमणश्रेष्ठैर्निर्दोषायामेव शालायां स्थेयम् ।

તથા સાધુના નિમિત્તે જ મકાન બનાવડાવવું, તેમાં સાધુઓનું રહેવું, વગેરે પણ સંગત થતું નથી. કારણકે શ્રમણશ્રેષ્ઠોએ નિર્દોષ મકાનમાં જ રહેવું જોઇએ.

तत्र पुनस्तस्याः सामान्येनामी दोषास्त्याज्यास्तथाहि - कालाइक्कंतु (१) वट्ठाणा (२) अभिकंत (३) अणभिकंता य (४) । वज्जा य (५) महावज्जा य (६) सावज्ज (७) मह (८) प्पकिरिया य (९) ।।

તેમાં પણ તેના (વસતિના) સામાન્યથી આ દોષોનો ત્યાગ કરવો જોઇએ - તે આ પ્રમાણે - (૧) કાલાતિક્રાન્તા (૨) ઉપસ્થાના (૩) અભિક્રાન્તા (૪) અનભિક્રાન્તા (૫) વર્જ્યા (૬) મહાવર્જ્યા (૭) સાવદ્યા (૮) મહાસાવદ્યા (૯) અલ્પક્રિયા. (પંચવસ્તુક ૭૧૨)

१. ग - पूअएण । २. ग - धारयति ।

व्याख्या-ऋतुबद्धे मासाधिकं वर्षासु चतुर्मासाधिकं तिष्ठतां कालातिक्रान्ता (१) ऋतुबद्धे मासावस्थानानन्तरं द्विमासीं वर्षासु चतुर्मासाववस्थानानन्तरं चाष्टौ मासान् परिहृत्य यदि तत्रागच्छन्ति तदोपस्थापना (२) उक्तं च - च(उ)उवासा समईआ कालाईआ उ सा भवे सिज्जा । सच्चेव उव्वट्ठाणा दुगुणा दुगुणं च वज्जित्ता ।। (२)

વ્યાખ્યા-(૧) શેષકાળમાં એક મહિનાથી વધારે અને ચોમાસામાં ચાર મહિનાથી વધારે રહે તેમને માટે તે વસતિ કાલાતિક્રાન્તા બને (૨) શેષકાળમાં એક મહિનો રહ્યા પછી બે મહિના છોડીને અને ચોમાસામાં ચાર મહિના રહ્યા પછી આઠ મહિના (ને) છોડીને જો ત્યાં આવે તો તે વસતિ ઉપક્રાન્તા બને. કહ્યું પણ છે - જે વસતિમાં શેષકાળે અને ચોમાસામાં પોતાના યોગ્ય કાળને ઓળંગીને રહેવાય, તે વસતિ કાલાતીતા કહેવાય. (જેટલો સમય રહ્યા હોય - શેષકાળે ૧ મહિનો, વર્ષાકાળે ૪ મહિના તેના કરતાં) બમણો બમણો કાળ છોડ્યા વિના (ત્યાં રહેવા આવે) તે ઉપસ્થાના (વસતિ) કહેવાય. (પંચવસ્તુક ૭૧૩)

यावदर्थिकार्थं कृता सा यद्यन्यैश्चरकादिभिर्गृहिभिर्वा निषेविता स्यात्तदनन्तरं मुनयः प्रविशन्ति तदाभिक्रान्तोच्यते। (३)

(૩) જે પણ વસતિના ઇચ્છુક હોય તે બધા માટે કરેલી હોય, તે જો જાસૂસો વગેરેથી કે ગૃહસ્થો વગેરેથી સેવાયેલી હોય, તેમાં મુનિઓ પ્રવેશે, તો (એ) અભિક્રાન્તા કહેવાય.

सैवान्यैरपरि भुक्ता सती मुनिभिः सेव्यमानानभिक्रान्ता । (४)

(૪) તે જ (વસતિ) અન્યોએ ન વાપરી હોય, (અને) મુનિઓથી સેવાતી હોય, (તે) અનભિક્રાન્તા (કહેવાય.)

स्वार्थं कृतां साधुभ्यो दत्त्वान्यां स्वार्थं कुर्वतो वर्ज्या । (५)

(૫) (જે વસતિને ગૃહસ્થે) પોતાના માટે બનાવી છે, (પણ તે) સાધુને આપીને પોતના માટે બીજી બનાવે, (તો પેલી વસતિ) વર્જ્યા (કહેવાય.)

श्रमणपाषण्डिब्राह्मणाद्यर्थं कृता महावर्ज्या । (६)

(૬) શ્રમણ, પાખંડી, બ્રાહ્મણ વગેરે માટે કરેલી મહાવર્જ્યા (કહેવાય.)

श्रमणपञ्चकार्थं कृता सावद्या । (७)

(૭) પાંચ પ્રકારના શ્રમણ માટે કરેલી સાવદ્યા (કહેવાય.)

**પ્રવચનસારોદ્ધાર** આદિ ગ્રંથોમાં પાંચ પ્રકારના શ્રમણ કહ્યા છે - **निग्गंथ सक्क तावस गेरुय आजीव पंचहा समणा।** (પ્રવચનસારોદ્ધાર - ૩૮). (૧) નિર્ગ્રંથ = જૈન મુનિઓ (૨) શાક્ય = બૌદ્ધ ભિક્ષુઓ (૩) તાપસ = જટાધારી વનવાસી પાખંડીઓ (૪) ગેરુક = ભગવા વસ્ત્ર -ત્રિદંડધારી પરિવ્રાજક (૫) આજીવક = ગોશાળાને મતને અનુસરનાર.

जैनसाध्वर्थं कृता महासावद्या । (८)

(૮) જૈન સાધુ માટે કરેલી (વસતિ) મહાસાવદ્યા છે.

अल्पक्रिया तु-जा खलु जहुत्तदोसेहिं वज्जिआ कारिआ सयट्ठाए । परिकम्मविप्पमुक्का सा वसही अप्पकिरिआ उ ।।१।। इत्येतद्गाथोक्तरूपा एव ।

જે ઉપરોક્ત દોષોથી રહિત હોય, (અને ગૃહસ્થે) પોતાના માટે બનાવેલી હોય, (ઉત્તરગુણો સંબંધી) પરિકર્મથી રહિત હોય, તે વસતિ અલ્પક્રિયા છે. (પંચવસ્તુક-૭૧૭). આ ગાથામાં કહેલા સ્વરૂપવાળી જ અલ્પક્રિયા નામની વસતિ હોય છે.

नवविधवसतिमध्ये या जिनमुनिनिमित्तमेव कारिता, सा समये महासावद्येति प्रोच्यते । तर्हि सर्वसावद्यवर्जकैः साधुपुङ्गवैः सा कथमिव परिभुज्यते निर्दोषेयमिति ज्ञात्वा ? यदि पुनर्न परिभुज्यते यतिश्रेष्ठैस्तर्हि कथं काराप्यते श्राद्धशिरोमणीभिः केवलसाधुनिमित्तमेव ?

(આ) નવ પ્રકારની વસતિમાં જે જૈન સાધુ માટે જ કરાવાઇ છે, તે સિદ્ધાન્તમાં મહાસાવદ્યા કહેવાય છે. તો પછી સર્વસાવદ્યના વર્જક શ્રેષ્ઠ સાધુઓ આ નિર્દોષ છે, એમ સમજીને તેને કેમ વાપરે છે ? જો શ્રેષ્ઠ મુનિઓ તેને નથી વાપરતા, તો ઉત્તમ શ્રાવકો માત્ર સાધુ માટે જ તેને કેમ કરાવે છે ?

यदि च तन्निमित्तमेव कारापणाधिकारः सदुपासकानां शालायास्तर्हि कथं सा गृहीता प्रवचनमूलस्तम्भतया । एवमन्येऽपि प्रवचनमूलस्तम्भतया कलितेषु वाक्येषु बहुविचार्यम्। तत्कियदत्र लिख्यते ।।१०२।।

અને જો સાધુ માટે જ મકાન કરાવવાનો સુશ્રાવકનો અધિકાર હોય, તો પછી તે મકાનને પ્રવચનમૂળસ્તંભરૂપે કેમ સમજી શકાય ? (ન સમજી શકાય, કારણ કે એવું મકાન તો ચારિત્રનું માલિન્ય કરનાર હોવાથી પ્રવચનપોષક નથી.)

એમ અન્ય પણ પ્રવચનના મૂળસ્તંભપણાથી યુક્ત એવા વાક્યોમાં ઘણું વિચારણીય છે. તે અહીં કેટલું લખાય ? ॥૧૦૨॥

चेदेवमेतदुक्तकार्याणां सूत्रेण सह विरोधस्तर्हि तेषां कार्याणां प्रवचनमूलस्तम्भेति सञ्ज्ञापि विमर्शनीया ।।१०३।।

જો આ રીતે એમાં કહેલા કાર્યોનો સૂત્ર સાથે વિરોધ હોય, તો તેમના કાર્યોની 'પ્રવચનમૂલસ્તંભ' એવી સંજ્ઞા પણ વિચારણીય છે. ॥૧૦૩॥

तथा मन्त्राक्षरैः शरीराभिमन्त्रणादेः कार्यस्य सबीजयोग इति या सञ्ज्ञा दत्ता, सापि सूत्रेण समं विरोधिनी, यत एतस्मिन् शास्त्राभासे सबीजयोगं विना साधुः श्राद्धोऽपि च मिथ्यादर्शनीति प्रोच्यते । तच्चेत्तथैव स्यात्तदा कस्मिन् समये प्रकरणे वा प्ररूपितमभविष्यत् ।

તથા મંત્રાક્ષરોથી શરીરની અભિમંત્રણા વગેરે કાર્યને 'સબીજયોગ' એવી જે સંજ્ઞા આપી છે, તે પણ સૂત્રની સાથે વિરોધ ધરાવે છે. કારણ કે સબીજયોગ વિના સાધુ અને શ્રાવક પણ મિથ્યાદર્શની છે, એમ આ (વિવક્ષિત) શાસ્ત્રાભાસમાં કહેવાય છે. તે જો તેવું જ હોય, તો કયાં આગમમાં કે પ્રકરણમાં એ કહ્યું હશે ?

अथ चेत्कथयिष्यते एतद्विचारः पूर्वेषु विद्यते, तानि तु व्यवच्छिन्नानीति । तदपि वाङ्मात्रमेव, यतो व्यवच्छिन्नेषु पूर्वेषु निष्पन्ने श्रीदशवैकालिक-श्रीमदावश्यकनिर्युक्ती ।

હવે જો એમ કહો કે આ વિચાર (૧૪) પૂર્વોમાં છે. અને તેમનો તો વિચ્છેદ થઇ ગયો છે. તો તે પણ વચનમાત્ર જ છે. (સાચું નથી.) કારણ કે પૂર્વોનો વિચ્છેદ થયો હોવા છતાં પણ દશવૈકાલિક-આવશ્યકનિર્યુક્તિ તેમાંથી બનેલા છે.

तत्र श्रीदशवैकालिके वयच्छक्कंकायछक्क-मित्यादि-गाथाभिः-दस अट्ठ य ठाणाइं-इति गाथया प्रोक्तान्यष्टा-दशस्थानि सप्रपञ्चानि, यदाराधनपरः साधुः साधुर्भवति, यद्भ्रष्टः पुनर्भ्रष्ट इति निगद्यते ।

તેમાં શ્રી દશવૈકાલિકમાં છ વ્રત છ કાય ઇત્યાદિ ગાથાથી - દશ અને આઠ સ્થાન - એ ગાથાથી કહેલા વિસ્તૃત ૧૮ સ્થાનો છે, જેની આરાધના કરતો સાધુ (વાસ્તવિક) સાધુ થાય છે, અને જેનાથી ભ્રષ્ટ થયેલા ભ્રષ્ટ કહેવાય છે.

*દશવૈકાલિક સૂત્રમાં (૬ઠ્ઠાં અધ્યયનની ૭મી ગાથા) કહ્યું* છે કે જે મુનિ ૧૮ સ્થાનોમાં અપરાધ કરે છે, તે સાધુપણાથી ભ્રષ્ટ થાય છે. તે સ્થાનો આ પ્રમાણે છે - (૬ઠ્ઠાં અધ્યયનની ૮મી ગાથા) - પ્રાણાતિપાતનિવૃત્તિ આદિ છ વ્રતો, પૃથ્વીકાય વગેરે છ કાયના જીવો, જેણે પિંડનિર્યુક્તિ વગેરેનો અભ્યાસ નથી કર્યો તેમના લાવેલા આહારાદિ ન કલ્પે, ઇત્યાદિ અકલ્પ, ગૃહસ્થનું વાસણ, પલંગ, ઘરમાં બેસવું, સ્નાન અને વિભૂષા ત્યાગ.

तत्र चेत्सबीजयोगं विना सर्वं वृथैव स्यात्तर्हि तत्सहितानि किं न प्रोक्तान्येकोनविंशतिस्थानानि पूर्वगतयतिवराचारसार-कोशभूते श्रीदशवैकालिके ?

તેમાં જો સબીજયોગ વિના બધુ ફોગટ જ થાય, તો પછી પૂર્વોમાં કહેલા મુનિવરના આચારોના કોષરૂપ શ્રીદશવૈકાલિક-સૂત્રમાં તેની સહિત ૧૯ સ્થાનો જ કેમ ન કહ્યા ?

तथान्तिमः श्रुतकेवली निर्युक्तीर्विदधाति । तासु पुनः पूर्वगतं प्रक्षिपति श्रीमज्जैनशासनरहस्यम् । तासु पुनः श्रीमदा-वश्यकनिर्युक्तौ साधुश्राद्धानुष्ठेयाचारः श्रीसम्यग्दर्शना-दारभ्य प्रतिमायोगान्तः समस्तोऽपि निगदितः, न पुनः सबीजयोग-नामापि । तेन तं विना न भवेत्सम्यग्दर्शनादीति कल्पनामात्रमेव प्रतिभाति, सम्यग्दर्शनदेशसर्वसंयमानां जीवपरिणामविशेष-निर्वर्त्यत्वात् ।

તથા ચરમ શ્રુતકેવલી નિર્યુક્તિઓની રચના કરે છે. તેમાં શ્રી જૈનશાસનના રહસ્યરૂપ પૂર્વગત શ્રુતનો પ્રક્ષેપ કરે છે. તેમાં શ્રી આવશ્યકનિર્યુક્તિમાં સાધુ અને શ્રાવકે કરવા યોગ્ય શ્રીસમ્યગ્દર્શનથી માંડીને પ્રતિમાયોગ સુધીનો બધો ય આચાર કહ્યો છે. પણ સબીજયોગનું તો નામ પણ કહ્યું નથી. માટે તેના વિના સમ્યગ્દર્શન વગેરે ન થાય એ કલ્પનામાત્ર જ લાગે છે. કારણ કે સમ્યગ્દર્શન, દેશવિરતિ અને સર્વવિરતિ (નિશ્ચયથી તો) જીવના પરિણામ વિશેષથી થાય છે.

अत्र बहु वक्तव्यम् । अन्येषामप्येतत्शास्त्रा-भासोक्ताचाराणां श्रीमदावश्यकनिर्युक्तावभणनात्कार्या विचारणा ॥१०४॥

અહીં ઘણું કહેવા જેવું છે, આ શાસ્ત્રાભાસમાં કહેલ અન્ય પણ આચારો આવશ્યકનિર્યુક્તિમાં નથી કહ્યા, માટે તેમના પર વિચાર કરવા જેવો છે.

तथा श्रीसम्यक्त्वालापके-अन्नउत्थिअपरिग्गहिआइं वा चेइआई-इतिपदेनान्यतीर्थिकपरिगृहीतानि अर्हच्चैत्यान्यपि वन्द्यतया नमस्यतया च निषिद्धानि, तर्हि चेद्व्याख्यान्तरेण गायत्रीजापादर्हदादीनां नमस्कृतिः स्यात्तथापि परमतिभिरस्मदीयोऽयं मन्त्र इतिभणनात्तत्परिगृहीतत्त्वेन कथं स्मरणीयः स्यात्साधुराजानामयं मन्त्रः ।।१०५।।

તથા શ્રી સમ્યક્ત્વના આલાવામાં - અથવા તો અન્ય તીર્થિક વડે પરિગૃહીત ચૈત્યો - આ પદથી અન્ય તીર્થિક પરિગૃહીત અરિહંત-પ્રતિમાઓ પણ વંદનીય નથી, એમ કહ્યું છે. તેથી જો અન્ય વ્યાખ્યાથી ગાયત્રીના જાપથી અરિહંત આદિને નમસ્કાર થતો હોય, તો પણ પરમતિઓએ આ મંત્ર અમારો છે, એવું કહ્યું હોવાથી, તેમના દ્વારા પરિગૃહીત હોવાથી, (તે મંત્ર) મુનિરાજોને સ્મરણ કરવા યોગ્ય શી રીતે થાય ? ।।૧૦૫।।

ધર્મરત્ન પ્રકરણમાં સમ્યક્ત્વની જયણા જણાવતા કહ્યું છે -

नो अन्नतित्थिए अन्नतित्थिदेवे य तह सदेवाइं।
गहिए कुतित्थिएहिं वंदामि न वा नमंसामि ।।१-१२।।

**અન્યતીર્થિકોને, અન્યતીર્થિકદેવોને અને કુતીર્થિકોએ ગ્રહણ કરેલ સ્વદેવોને = જિનબિંબોને વંદન કે નમસ્કાર ન કરું.**

અહીં કુતીર્થિક પરિગૃહીત જિનબિંબોને નમસ્કાર ન કરવાનું કહ્યું છે. તેનું કારણ એ છે, કે જો સમ્યગ્દૃષ્ટિ તેમને વંદનાદિ કરે, તો કુતીર્થિકોના ભક્તોને મિથ્યાત્વવૃદ્ધિ થાય. તેઓ વિચારે કે - કેવો અમારા દેવનો પ્રભાવ ! કે જૈનો પણ એમને વંદન કરે છે. એમ વિચારીને તેઓ મિથ્યાત્વમાં વધારે દૃઢ થાય.

એ જ રીતે કુતીર્થિકોના ગાયત્રી મંત્રની એવી વ્યાખ્યા કરવામાં આવે કે જેનાથી એ મંત્ર અરિહંત, સિદ્ધ વગેરેના નમસ્કારરૂપ બની જાય. તો પણ સમ્યગ્દૃષ્ટિને તેનો પાઠ કરવો ન કલ્પે. કારણ કે તેનાથી પણ પૂર્વોક્ત રીતે મિથ્યાત્વવૃદ્ધિ થઇ શકે છે. ॥૧૦૫॥

**तथा शाश्वतचैत्यनमस्कारेषु जय जय जाम्बूनद-कुमारेत्यत्रानाकलितसम्यग्जिनमतस्वरूपेणैतत्कर्त्रा स्वमत्या सुवर्णशब्दस्य जाम्बूनदेति स्वर्णवाचकं पदं क्षिप्तमस्ति, किन्तु सुपर्णकुमारेति तार्क्ष्यकुमारवाचकं पदं विलोक्यते । एतत्सूचयत्येतत्कर्तुः सम्यगागमानभिज्ञताम् ।।१०६।।**

**તથા શાશ્વત ચૈત્યના નમસ્કારોમાં - 'જય જય જાંબૂનદકુમાર' - અહીં જિનમતનું સ્વરૂપ બરાબર નહીં જાણનાર એના કર્તાએ પોતાની મતિથી 'સુવર્ણ' શબ્દનું 'જાંબૂનદ' એમ સ્વર્ણવાચક પદ મૂકી દીધું છે. પણ તેના સ્થાને સુપર્ણકુમાર એમ ગરૂડકુમારનું વાચક પદ હોવું જોઇએ. આ એના કર્તાનું સમ્યગ્ આગમથી અજાણપણું બતાવે છે. ॥૧૦૬॥**

तथा स्वाध्यायः श्राद्धानां साधूनां च प्राकृतभाषानिबद्धः शुद्ध्यतीत्याचरणायां सत्यां यदेतदुक्तो गीर्वाणभाषानिबद्धः श्राद्धैः क्रियते स्वाध्यायस्तदपि विमर्शनीयम् ।।१०७।।

તથા સાધુઓને અને શ્રાવકોને પ્રાકૃત ભાષામાં બનાવેલી સજ્ઝાય સૂઝે છે, એવી આચરણા હોવા છતાં જે એમના દ્વારા કહેવાયેલી સંસ્કૃત ભાષામાં બનાવેલી સજ્ઝાય શ્રાવકો કરે છે, તે પણ વિચારણીય છે. ।।૧૦૭।।

तथा तस्मिन् स्वाध्याये वासुदेवादीनां नमस्कृतिं कुर्वतः श्राद्धस्य लौकिकदेवगतमिथ्यात्वस्यापि सम्भवः ।।१०८।।

તથા તે સ્વાધ્યાયમાં વાસુદેવ વગેરેને નમસ્કાર કરતા શ્રાવકને લૌકિક દેવવિષયક મિથ્યાત્વનો પણ સંભવ છે. ।।૧૦૮।।

तथा पतञ्जलिकात्यायनादीनां हैमनाममालादौ परदर्शनित्वेन प्रसिद्धानामेतस्मिन्स्वाध्याये नमस्कारं विदधता श्रमणोपासकस्य लौकिकगुरुगतमिथ्यात्वस्यापि सम्भवः ।।१०९।।

તથા જેઓ હેમનામમાલા વગેરેમાં પરદર્શનીરૂપે પ્રસિદ્ધ છે, એવા પતંજલિ, કાત્યાયન વગેરેને આ સજ્ઝાયમાં નમસ્કાર કરતા શ્રાવકને લૌકિક ગુરુગત મિથ્યાત્વનો પણ સંભવ છે. ।।૧૦૯।।

કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યકૃત **અભિધાન ચિંતામણિ નામમાલા**માં - **गोनर्दीये पतञ्जलिः ।। कात्यायनो वररुचिः**

(૮૫૧-૮૫૨) - આ પાઠથી વાલ્મિકી, વેદવ્યાસ વગેરે લૌકિક ગુરુઓની સાથે પતંજલિ અને કાત્યાયનનો ઉલ્લેખ કર્યો છે. આ ગુરુઓ લૌકિક છે, એ પ્રસિદ્ધ છે, માટે તેમને ગુરુબુદ્ધિથી નમસ્કાર કરવાથી મિથ્યાત્વ લાગે છે. ॥૧૦૯॥

**तथा यद्ध्यानमध्ये श्राद्धैः पतञ्जलि-कात्यायनादीनां नमस्कृतिः क्रियते, तयापि पूर्वोक्तहेतोर्लौकिकगुरुगत-मिथ्यात्वसम्भवः ।।११०।।**

**તથા જે ધ્યાનમાં શ્રાવકો પતંજલિ-કાત્યાયન વગેરેને નમસ્કાર કરે છે, તે નમસ્કારથી પણ પૂર્વે કહેલ કારણથી લૌકિક-ગુરુગતમિથ્યાત્વનો સંભવ છે. ॥૧૧૦॥**

**तथा जीवे अजीवसन्ना इतिश्रीमदागमेयवाक्येन यदा जीवेऽजीवसञ्ज्ञा भवति, तदा मिथ्यादर्शनस्योद्गमः ।**

**તથા - જીવમાં અજીવસંજ્ઞા-(ઠાણાંગ ૧૦-૩/૭૩૪) એવા શ્રી આગમના વાક્યથી જ્યારે જીવ વિષે અજીવ એવી બુદ્ધિ થાય, (જીવ એ અજીવ છે, એવું લાગે,) ત્યારે મિથ્યાદર્શનનો જન્મ થાય છે.**

**सम्प्रति तु यदेतदुक्तचूर्णप्रक्षेपेण पृथिव्यादिप्रासुकीकरणं क्रियते, तस्मिन्जीवेऽजीवसञ्ज्ञाभावान्मिथ्यात्वं समुत्पद्यते ।**

**હમણા તો જે આ ચૂર્ણ નાખવા દ્વારા પૃથ્વીકાય વગેરેને પ્રાસુક કરાય છે, તેમાં જીવમાં અજીવની બુદ્ધિ થવાથી મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે.**

तथाहि-वृक्षलतादिमुख्यजीवं विनान्येषां वनस्पति-जीवानां पृथिव्यादिकानां चतुर्णां च यत्र मनुष्यप्रचारस्तत्र घटिकाद्वय-प्रमाणमेवायुस्तत्र कथ्यते, तदतिक्रमे च पुनः पुनर्नवीनो जन्तुरुत्पद्यमानः, यथोक्ते चूर्णप्रक्षेपे च यथोक्तसमयं यावन्नव्य-जन्तुर्नोत्पद्यते एवमुत्पन्नश्च घटिकाद्वयव्यतिक्रमे स्वायुःक्षयेण स्वभावेनैव म्रियते ।

તે આ રીતે - વૃક્ષ, વેલ વગેરે મુખ્ય જીવ વિના અન્ય વનસ્પતિ જીવોનું અને પૃથ્વી વગેરે ચારનું જ્યાં મનુષ્યોની અવરજવર હોય ત્યાં બે ઘડી જેટલું જ આયુષ્ય કહેવા છે, અને બે ઘડી પસાર થતા ફરી ફરી નવો જીવ ઉત્પન્ન થતો (જાય છે.) અને (હમણા) જેમ કહ્યું, તેમ ચૂર્ણનો પ્રક્ષેપ કરવાથી જેટલો કહ્યો, તેટલા સમય સુધી નવો જીવ ઉત્પન્ન થતો નથી. અને (પૂર્વે) ઉત્પન્ન થયેલો જીવ બે ઘડીમાં પોતાનું આયુષ્ય પૂર્ણ થતા સ્વભાવથી જ મરણ પામે છે.

अत्रान्तरे प्रासुकीभूतमिति ज्ञात्वा दलनपीषणरन्ध-नाद्यारम्भः क्रियते । एवं विधीयमाने न भवत्येकेन्द्रियाणां हिंसेति तस्मिन् प्रतिपाद्यते ।

આ ગાળામાં આ પ્રાસુક થયું છે, એમ સમજીને દળવું, પીસવું, રાંધવું વગેરે આરંભ કરાય છે. એવું કરવાથી એકેન્દ્રિયોની હિંસા થતી નથી, એમ તેમાં (વિવક્ષિત શાસ્ત્રમાં) કહેવાય છે.

परमेतत्समयविरुद्धम्, यतो घटिकाद्वयमितमा-युर्व्यभिचरति मनुष्यक्षेत्रेऽप्येकेन्द्रियाणाम् ।

પણ એ સિદ્ધાન્તથી વિરુદ્ધ છે. કારણ કે મનુષ્યક્ષેત્રમાં પણ એકેન્દ્રિયોનું બે ઘડી જેટલું આયુષ્ય અનૈકાન્તિક છે. (તેથી વધુ પણ આયુષ્ય સંભવે છે.)

तथाहि श्रीकल्पवृत्तौ द्रव्यक्षेत्रकालभावरूपचतुर्विधाचित्तता-प्ररूपणायां क्षेत्राचित्ताधिकारे-जोअणसयं तु गंता अणहारेण तु भंडसंकंती । वायागणिधूमेण विद्धत्थं होइ लोणाइं ।।१११।।

તે આ મુજબ - શ્રીકલ્પવૃત્તિમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ ચાર પ્રકારની અચિત્તપણાની પ્રરૂપણામાં ક્ષેત્રથી અચિત્તપણાના અધિકારમાં - સો યોજન (દૂર) જઇને અનાહારથી, માલસામાનની હેરફેરથી, પવન-અગ્નિ-ધૂમથી લવણ વગેરે વિધ્વસ્ત થાય છે. ।।૧૧૧।। (પ્રવચનસારોદ્ધાર ૧૦૦૧, વિચારસાર-૩૩૮, રત્નસંચય-૨૬૫, ગાથાસાહસ્રી-૧૨૯)

इत्येतद्गाथाव्याख्यायां लवणादिकं स्वस्थानाद्गच्छत्प्रति-दिवसं बहुबहुतरादिक्रमेण विध्वंस्यमानं योजशतात्परतो गत्वा सर्वथैव विध्वस्तमचित्तं भवति ।

આ ગાથાની વ્યાખ્યામાં મીઠું વગેરે પોતાના સ્થાનથી બીજે જાય, ત્યારે પ્રત્યેક દિવસે વધુ, હજી વધુ વગેરે ક્રમથી વિધ્વંસ પામે છે, અને સો યોજન થી આગળ જઇને સર્વથા વિધ્વંસ પામે છે = અચિત્ત થાય છે.

आह-शस्त्राभावे योजनशतगमनमात्रेणैव कथमचित्तीभवतीत्याह-अनाहारेण, यस्य यदुत्पत्तिदेशादिकं साधारणं तच्च ततो व्यवच्छिन्नमध्यस्तोपष्टम्भकाहारविच्छेदाद् विध्वस्यते ।

અહીં પ્રશ્ન કરે છે કે શસ્ત્રપ્રયોગ વિના સો યોજન જવા માત્રથી જ શી રીતે અચિત્ત બને ? તેનો ઉત્તર આપે છે - અનાહારથી. જેને જે ઉત્પત્તિનું ક્ષેત્ર વગેરે સાધારણ હોય, તે તેનાથી વ્યવચ્છિન્ન થયું છે. (તે પોતાના ઉત્પત્તિક્ષેત્રથી અત્યંત પૃથક્ થઇ ગયું છે.) તેથી પોતે જેના પર નભતું હતું, તેવા પોષક આહારનો વિચ્છેદ થવાથી વિધ્વંસ પામે છે.

तच्च लवणादिकं भाण्डसङ्क्रान्त्या-पूर्वस्मात् पूर्वस्मात् भाजनादपरभाजनेषु यद्वा पूर्वस्या भाण्डशालाया अपरस्यां भाण्डशालायां सङ्क्रमणेन विध्वस्यते ।

અને તે લવણ વગેરે ભાંડસંક્રાન્તિથી = પહેલા પહેલાના વાસણથી બીજા વાસણમાં અથવા તો એક કોઠારમાંથી બીજા કોઠારમાં ફેરવવાથી વિધ્વસં પામે છે.

तथा वातेनाग्निना वा महानसादौ धूमेन लवणादिकं विध्वस्तं भवति ।

તથા પવનથી કે અગ્નિથી, રસોડા વગેરેમાં ધુમાડાથી મીઠુ વગેરે વિધ્વંસ પામે છે. (અચિત્ત થાય છે.)

आदिशब्दात् हरिआल-मणोसिल-पि[1]प्पलीआ-खज्जूर-मुद्दिआ-[2]अभयाए एतान्यपि लवणवत् पूर्वोक्तहेतुभिर्योजन-

१. ख - ०प्पला खेज्जू० । २. क - अनया ।

शतात्परतो नीयमानान्यचित्तानि भवन्ति । इत्येवं योजनशतात्परतो नीयमानस्य लवणादेः स्वोत्पत्तिप्रदेशस्थिताहारस्य व्यवच्छेदेऽपि योजनशतं यावज्जीवमानत्वमुक्तम्, एतच्च मुहूर्तमात्र एवायुःप्रमाणे न सङ्गच्छते ।

આદિ શબ્દથી હડતાળ, મણશિલ, પિપ્પિલિકા, ખજૂર, મુદ્રિકા, અભયા - એ પણ મીઠાની જેમ પૂર્વે કહેલ કારણોથી સો યોજનથી દૂર લઇ જવાતા હોય, ત્યારે અચિત્ત થાય છે. આ રીતે સો યોજનથી દૂર લઇ જવાતા મીઠા વગેરેને પોતાના ઉત્પત્તિના પ્રદેશમાં રહેલા આહારનો વ્યવચ્છેદ થવા છતાં પણ સો યોજન સુધી તે જીવે છે, (સચિત્ત રહે છે,) એવું કહ્યું છે. જો તેનું આયુષ્ય એક મુહૂર્ત જ હોય, તો એ વાત સંગત ન થાય.

न हि मुहूर्त्तमात्रेण तद् योजनशतं यावदानीयते, किन्तु कियद्भिरपि दिवसैरेव । तावन्तं च समयं चेदाहारव्ययवच्छेदेऽपि तेषां जीवानां जीवमानत्वमुक्तम्, तर्हि कथं मुहूर्तमात्रमेवायुरित्येतत्समयानुसारि ?

તે કાંઇ એક મુહૂર્તમાં જ સો યોજન દૂર સુધી નથી લવાતું, પણ કેટલાય દિવસો બાદ જ લાવી શકાય છે. અને જો તેટલા સમય સુધી આહારનો વ્યવચ્છેદ થવા છતાં પણ તે જીવો જીવે છે, એમ કહ્યું છે, તો પણ તેમનું આયુષ્ય એક મુહૂર્ત્ત જ હોય છે, એ વાત શાસ્ત્રાનુસારી શી રીતે થઇ શકે ?

न च वाच्यं मुहूर्ते मुहूर्ते व्यतिक्रान्ते सति योनेरखण्डतया

**नवीननवीनाः समुत्पद्यन्ते जन्तवः । योजनशतगमने तु योनिभङ्गान्नोत्पद्यन्ते इति ।**

**એવું પણ ન કહેવું, કે 'એક એક મુહૂર્ત્ત પસાર થતા યોનિ અખંડ (અવિધ્વસ્ત) હોવાથી નવા નવા જીવો ઉત્પન્ન થાય છે. સો યોજન દૂર જતાં તો યોનિનો વિધ્વંસ થવાથી નવા જીવોની ઉત્પત્તિ નથી થતી.'**

પૂર્વપક્ષનો આશય એ છે, કે તે જીવોનું આયુષ્ય અંતર્મુહૂર્ત્ત જ હોય છે. પણ તે જીવોની યોનિ અવિધ્વસ્ત હોવાથી તેમાં નવા નવા જીવો ઉત્પન્ન થતાં રહે છે. પણ જ્યારે તે લવણ વગેરે સો યોજન દૂર જાય, ત્યારે યોનિનો વિચ્છેદ થવાને કારણે નવા જીવો ઉત્પન્ન થતા નથી. માટે ત્યારે તે અચિત્ત થાય છે. આ રીતે શાસ્ત્રવચનની સંગતિ થઇ જાય છે.

પણ આવો તર્ક ઉચિત નથી. ઉત્તરપક્ષ એનું કારણ કહે છે.

**एवं सति यस्य यदुत्पत्तिदेशादिकमित्यादिना यः स्वोपष्टम्भकाहारव्यवच्छेदः प्रोक्तः, स न सङ्गच्छते, मुहूर्ते मुहूर्ते समुत्पद्यमानानां जीवानामुत्पत्तिदेशस्याऽनियतत्वात् ।**

**એવું હોય, તો જેનો જે ઉત્પત્તિ દેશ વગેરે - ઇત્યાદિથી જે પોતાના પોષક આહારનો વ્યવચ્છેદ કહ્યો, તે સંગત ન થાય. કારણ કે પ્રત્યેક મુહૂર્ત્તે ઉત્પન્ન થતા જીવોનું ઉત્પત્તિસ્થાન નિયત નથી.**

ઉત્તરપક્ષનો આશય એ છે કે મુહૂર્ત્તે મુહૂર્ત્તે જે જીવો

ઉત્પન્ન થાય છે, તેમાં કોઇ જીવ ૧૦ યોજન જઇને ઉત્પન્ન થયો, કોઇ ૧૫... ૨૫.... ૩૦.... ૪૦.... ૫૦.... ૬૦.... ૭૦.... યોજન જઇને. તો ૧૦૦ યોજન જઇને એ બધાની યોનિનો વિધ્વંસ થાય, એ સંગત ન થઇ શકે, કારણ કે તે અલગ અલગ જીવોની ઉત્પત્તિનું ક્ષેત્ર ચોક્કસ નથી.

**यथा श्रीकल्पवृत्तौ तथा श्रीआचाराङ्गवृत्तावपि, तथाहि- सर्वोऽपि पृथ्वीकायः सर्वस्मादपि क्षेत्राद् योजनशतादुद्ध्र्वमानीतो भिन्नाहारत्वेन शीतादिसम्पर्कतश्चाचित्तीभवति । इत्थं क्षेत्रादि- क्रमेणाचित्तीभवनमप्कायादीनामपि ज्ञेयं यावद्वनस्पतिकायः ।**

**જેમ શ્રીકલ્પવૃત્તિમાં કહ્યું છે, તેમ શ્રીઆચારાંગવૃત્તિમાં પણ કહ્યું છે. તે આ પ્રમાણે - સર્વ પૃથ્વીકાય સર્વ ક્ષેત્રથી સો યોજન દૂર લાવવામાં આવે, તો એ ભિન્ન આહારથી અને ઠંડી વગેરેના સંપર્કથી અવશ્ય અચિત્ત થાય છે. આ રીતે ક્ષેત્ર વગેરેના ક્રમથી અચિત્ત થવું એ અપ્કાયથી માંડીને વનસ્પતિકાયની બાબતમાં પણ સમજવું.**

**एवं पञ्चानामप्येकेन्द्रियाणां योजनशतगमने भिन्नाहारतया यदचित्तीभवनमुक्तं तन्मुहूर्ते मुहूर्ते समुत्पद्यमानानां नवनवजीवानां न सङ्गच्छते । पूर्वोक्तादेव हेतोः ।**

**આ રીતે પાંચે ય એકેન્દ્રિયો સો યોજન સુધી જાય, ત્યારે ભિન્ન આહારને કારણે તે અચિત્ત થાય છે, એમ જે કહ્યું છે, તે પ્રત્યેક મુહૂર્તમાં ઉત્પન્ન થતાં નવા નવા જીવોની બાબતમાં પૂર્વોક્ત કારણથી જ સંગત થતું નથી.**

एवं श्रीकल्पवृत्तिश्रीआचाराङ्गवृत्त्यनुसारेण पञ्चानामप्येकाक्षाणां मुहूर्तप्रमाणमेवायुरित्येतद्व्यभिचरति, तथा श्रीसङ्ग्रहिण्याम् सण्हा य सुद्धवालुअ मणोसिला सक्करा य खरपुढवी । इग बारस चउदस सोलऽट्ठार बावीससमसहसा ।।१।। इत्येतद्गाथाव्याख्यायां श्लक्ष्णा महस्थल्यादिगता पृथ्वी, तस्या उत्कर्षत एकशरत्सहस्रमायुरित्युक्तम् । तथा मनःशिला आकरे समुत्पद्यते। तस्याश्च षोडशवर्षसहस्राणि इति । ते च अरिहन्तसमयबायरविज्जूथणिआ बलाहया अगणी आगर निहि नइ उवराग निग्गमे वुट्ठिवयणं च ।।१।। अनया गाथया मनुष्यक्षेत्राद्बहिर्निषिद्धाः ।

આ રીતે શ્રીકલ્પવૃત્તિ, શ્રી આચારાંગવૃત્તિને અનુસારે પાંચે ય એકેન્દ્રિયોને મુહૂર્ત્તપ્રમાણ જ આયુષ્ય હોય છે, એ અનેકાન્તિક ઠરે છે. (એટલું જ આયુષ્ય હોય એવો નિયમ નથી.) તથા શ્રીસંગ્રહણીમાં કહ્યું છે - શ્લક્ષ્ણા, શુદ્ધ, વાલુકા, મણશિલા, શર્કરા, ખર પૃથ્વી એક, બાર, ચૌદ, સોળ, અઢાર, બાવીસ, હજાર વર્ષ. (૨૮૪મી ગાથા.) આ ગાથાની વ્યાખ્યામાં શ્લક્ષ્ણા = મહસ્થલી (મોટું રણ ?) વગેરેમાં રહેલી પૃથ્વી, તેનું આયુષ્ય ઉત્કૃષ્ટથી ૧૦૦૦ વર્ષ છે એમ કહ્યું છે. તથા મણશિલ ખાણમાં ઉત્પન્ન થાય છે. તેનું આયુષ્ય સોળ હજાર વર્ષ છે. ખાણો મનુષ્યક્ષેત્રની બહાર હોતી નથી. કારણકે અરિહંત સમય બાદર વીજળી ગડગડાટ વાદળા અગ્નિ ખાણ નિધાન નદી ગ્રહણ નિર્ગમ વૃષ્ટિ વચન - (રત્નસંચય ૩૯૦) આ ગાથાથી તેમનો નિષેધ કર્યો છે.

જ્યાં સુધી માનુષોત્તર પર્વત છે, એટલો મનુષ્યલોક કહેવાય છે. જ્યાં સુધી અરિહંતો, ચક્રવર્તીઓ વગેરે છે, એટલો મનુષ્યલોક કહેવાય છે. જ્યાં સુધી સમયક્ષેત્ર છે, એટલો મનુષ્યલોક કહેવાય છે. જ્યાં સુધી બાદર વીજળી, બાદર ગડગડાટ, વાદળા, બાદર અગ્નિ, ખાણો, નિધિઓ, નદીઓ, સૂર્યગ્રહણો, ચન્દ્રગ્રહણો છે, તેટલો આ લોક કહેવાય છે. જ્યાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાઓના અતિગમન = ઉત્તરાયણ અને નિર્ગમન = દક્ષિણાયન થાય છે, તેટલો લોક કહેવાય છે.

(ભગવતીસૂત્ર શતક-૨, ઉદ્દેશ ૯)

**तर्हि आकरोद्भवत्वान्मनःशिलायास्तदुत्कृष्टायु-र्मनुष्यक्षेत्र एवानुमीयते । तथा अग्नेरप्यनया गाथया मनुष्यक्षेत्राद्-बहिर्निषेधात्तस्यापि दिनत्रयप्रमाणमुत्कृष्टायुस्तत्रैव, तथा वनस्पतिकायस्यापि मुहूर्तप्रमाणमायुः प्रज्ञापनाद्यपदगततद्विचारेण विसंवदति ।**

**તો મણશિલ ખાણમાં ઉત્પન્ન થતું હોવાથી તેનું ઉત્કૃષ્ટ આયુષ્ય મનુષ્યક્ષેત્રમાં જ હોય છે, એવું અનુમાન થાય છે. તથા આ ગાથાથી મનુષ્યક્ષેત્રની બહાર અગ્નિનો પણ નિષેધ કર્યો હોવાથી તેનું પણ ત્રણ દિવસ પ્રમાણ ઉત્કૃષ્ટ આયુષ્ય મનુષ્યક્ષેત્રમાં જ હોય છે. તથા વનસ્પતિકાયનું આયુષ્ય પણ એક મુહૂર્ત પ્રમાણ હોય છે, એ વાત પ્રજ્ઞાપનાના પ્રથમ પદમાં કહેલા તેના વિચાર સાથે વિસંવાદ ધરાવે છે.**

**तथाहि-सोगन्धि[1] अ सुभगाणं नलिणाणं पउम-उप्पलाणं**

१. पउमुप्पलनलिणाणं सुभगसोगंधियाणं य - इत्युपलभ्यमानः पाठः ।

च । अरविन्दकोंकणाणं सयवत्तसहस्सवत्ताणं ।।१।। बिंटं बाहिरपत्ता य कन्निआ चेव एगजीवस्स - इति ।

સૌગન્ધિક, સુભગ, નલિન, પદ્મ, ઉત્પલ, અરવિંદ, કોકનદ, શતપત્ર, સહસ્રપત્ર આ (બધી કમળની જાતો)ના ડીંટડા, બહારના પાંદડા અને કર્ણિકા એક જીવના હોય છે. (પ્રજ્ઞાપના ૧/૧૨૬-૧૨૭)

तथा-इक्कडि इच्छु नलाईण वंसभेआण चेव सव्वाणं । एस विसेसो भणिओ सुअम्मि जं भो निसामेह ।।१।। अच्छिं पव्वं पलिमोडओ अ एआइं एगजीवस्स - इति ।

તથા - ઇક્કડ (એક જાતનું તૃણ), ઇક્ષુ, નડ (તૃણ વિશેષ) વગેરેનો અને સર્વ વાંસના પ્રકારોનો આ વિશેષ શ્રુતમાં કહ્યો છે, તે સાંભળો - અક્ષિ (આંક તરીકે ઓળખાતો ભાગ), સાંધા, સાંધા પર ચક્રાકાર પરિવેષ્ટન આ એક જીવસંબંધી હોય છે. (પ્રજ્ઞાપના ૧/૧૨૮-૧૨૯)

तथा-पुप्फफलं कालिंगं तुंबं तउसेल वालुंकं ।
घोसालयं पडोलं तिडूसं एवमाईणं ।।१।।
बिंटं गिरं कडाहं एआइं हवंति एगजीवस्स ।
पत्तेअं मिंजाउ केसरसहिआ वइअरा वा ।।२।।

તથા - પુષ્પ, ફળ, કલિંગર, તુંબડુ, કાકડી, ચીભડું, ઘોષાતકી (લતા વિશેષ), પટોલ (લતા વિશેષ), તિંદૂસ (વૃક્ષ વિશેષ), આ વનસ્પતિઓનું ડીંટડુ, બીજકોષ અને માંસ આ એક જીવના હોય છે. (તેમના પાંદડા પ્રત્યેક જીવથી અધિષ્ઠિત

હોય છે.) કેસર સહિત કે રહિત એવા તેમના બીજ પ્રત્યેક - એક એક જીવથી અધિષ્ઠિત હોય છે. ॥૨॥ (પ્રજ્ઞાપના ૧/ ૧૩૦-૧૩૧)

इत्येतद्व्याख्या-सौगन्धिकादीनां बिंटं वृन्तं प्रसवबन्धनं यानि च बाह्यपत्राणि प्रायो हरितरूपाणि, या[1] कर्णिका पत्राधारभूता, एतानि त्रीण्यप्येकजीवात्मकानि स्युः । तथा पुष्फफलं कालिंगतुंबं त्रपुषं एलवालुत्ति चिर्भटविशेषरूपं वालुकं चिर्भटकं तथा घोषातिकं पटोलं तिडूसकं च यत् फलं एतेषु प्रत्येकं वृन्तं गिरकटाहौ एतानि त्रीण्येकजीवस्य । तथा एतेषामेव पुष्पफलादीनां केसरसहिता अकेसरा वा मिञ्जाबीजानि प्रत्येकमेकैकजीवाधिष्ठितानि । इत्येवं प्रज्ञापनाविचारे सौगन्धिकादीनां वृन्तबाह्यपत्राणि कर्णिकाश्च एकजीवात्मकानि प्रोक्तानि तथा इक्कडि - इक्षुप्रभृतीनां यदक्षि यच्च पर्व यच्च पलिमोडउत्ति पर्वपरिवेष्टनम् । एतानि त्रीण्यप्येकजीवस्य - एकजीवात्मकानि निगदितानि तथा पुष्पफलादीनां वृन्तगिर-कटाहश्चैकजीवात्मकाः प्रोक्ताः ।

આની વ્યાખ્યા - સૌગંધિક વગેરેનું વૃંત-ડીંટડું અને જે બહારના પાંદડા જે પ્રાયઃ લીલા વર્ણના હોય છે, અને જે પાંદડાઓના આધારભૂત કર્ણિકા, આ ત્રણ એક જીવાત્મક હોય છે.

(આગળની વ્યાખ્યા સૂત્રાનુવાદમાં સ્પષ્ટ કરી છે.)

१. ख - ०णि याव क० ।

एतच्चान्तमुहूर्तप्रमाण एतेषामायुषि स्वीक्रियमाणे कथं सङ्गतिमङ्गति ? न ह्येतानि वृन्तबाह्यपत्रादीनि सौगन्धिकादीनां इक्कडिप्रमुखाणां चाक्षिप्रभृतीनि, पुष्पफलादीनां च वृन्तप्रभृतीन्येकजीवनिर्वर्त्यानि मुहूर्तमात्रेण निष्पद्यन्ते, किन्तु कियद्भिरपि दिवसैरेव । तत्कथं पद्मशतपत्रादीनां फलादीनां च मनुष्यक्षेत्रेप्यन्तर्मुहूर्तप्रमाणतैवायुषः ।

**જો એમનું આયુષ્ય અંતર્મુહૂર્ત્ત પ્રમાણ જ માનો, તો આ શી રીતે સંગત થાય ? કારણ કે સૌગંધિક વગેરેના ડીંટડા, બાહ્ય પાંદડા વગેરે  ઇક્કડી વગેરેની આંખ વગેરે અને પુષ્પ-ફળ વગેરેના ડીંટડા વગેરે જે એક જ જીવથી બને છે, તે કાંઈ એક મુહૂર્ત્તમાં જ બની જતા નથી. પણ કેટલાક દિવસોમાં જ બને છે, તો પછી પદ્મ, શતપત્ર વગેરેનું અને ફળ વગેરેનું મનુષ્યક્ષેત્રમાં પણ અંતર્મુહૂર્ત પ્રમાણ જ આયુષ્ય શી રીતે ઘટે?**

અહીં આશય એ છે કે જો ડીંટડા વગેરે ભિન્ન-ભિન્ન જીવથી બનતા હોત તો પ્રત્યેક અંતર્મુહૂર્તે નવો નવો જીવ આવે અને કેટલાક દિવસોમાં તેની નિષ્પત્તિ થાય, આ રીતે ઘટી શકત. પણ પ્રજ્ઞાપનાસૂત્ર સ્પષ્ટ કહે છે કે તે તે અવયવ એક જીવથી જ બને છે. વળી તે તે અવયવ કેટલાક દિવસો બાદ જ નિષ્પત્તિ પામે છે, એ તો પ્રત્યક્ષસિદ્ધ છે. માટે તે જીવનું એટલા દિવસનું આયુષ્ય તો માનવું જ પડે માટે અંતર્મુહૂર્તપ્રમાણ જ તેમનું આયુષ્ય છે, એવું માનવું ઉચિત નથી.

तथा-नाणाविहसंठाणा रुक्खाणं एगजीविआ पत्ता ।

नालेरितालसरलाण एगजीवो भवे खंधो ।।१।। व्याख्या-नानाविधसंस्थानानि वृक्षादीनां पत्राण्येकजीवकानि, स्कन्धोऽपि नालिकेरीतालसरलानामेकजीवः, एवं तत्रैव पत्राणां नालिकेर्यादि-स्कन्धानां चैकजीवनिर्वर्त्यता प्रोक्ता, तर्हि न तानि पत्राणि स्कन्धाश्च मुहुर्तमात्रेण निष्पद्यन्ते, किन्तु कियद्भिरपि वासरैरेव। तर्हि कथं मुहूर्तप्रमाणता तेषामायुषो मनुष्यक्षेत्रेऽपि।

તથા - વૃક્ષોના અનેક પ્રકારના સંસ્થાનવાળા પાંદડાઓ એક જીવવાળા હોય છે. નાળિયેરી, તાડ, સરલ (વૃક્ષવિશેષ)નું થડ એક જીવનું હોય છે. ॥૧॥

(વ્યાખ્યા સૂત્રાનુવાદ દ્વારા સુગમ છે.)

આ રીતે તેમાં જ પાંદડાઓ અને નાળિયેરી વગેરેના થડો એક જીવ દ્વારા બને છે, એવું કહ્યું. તો તે પાંદડાઓ અને થડો અંતર્મુહૂર્તમાત્રમાં બની નથી જતા, પણ કેટલાક દિવસોમાં જ બને છે. તો પછી તેમનું આયુષ્ય મનુષ્યક્ષેત્રમાં પણ અંતર્મુહૂર્તપ્રમાણ જ છે, એ વિધાન શી રીતે સંગત થાય ?

અર્થાત્ શાસ્ત્ર અને યુક્તિથી પર્યાલોચન કરતા એ વિધાન અસંગત ઠરે છે.

तथा यथा मनुष्याणां शैशवयौवनवार्द्धकस्वरूप-मवस्थात्रिकं निरीक्ष्यन्ते, तथा पर्णानामपि तत्त्रिकं प्रत्यक्षमेवेक्ष्यते । तथाहि-प्रथमं पल्लवावस्था शोणरूपा शैशवसंसूचका, तदनु शाड्वल-रूपता तारुण्यावेदिनी, तदनु पुनरीषत्पाण्डुरता वृद्धतानिवेदिका।

તથા જેમ મનુષ્યોની બાળપણ-તારુણ્ય-ઘડપણરૂપ ત્રણ અવસ્થા દેખાય છે. તેમ પાંદડાઓની પણ તે ત્રણ અવસ્થા પ્રત્યક્ષ જ દેખાય છે. તે આ રીતે - પાંદડાની પહેલી અવસ્થા લાલ કિસલયરૂપ હોય છે, જે શૈશવ સૂચવે છે, તેના પછી લીલાછમરૂપપણું હોય છે, જે યૌવનને જણાવે છે, ત્યાર બાદ થોડી ફિકાશ આવે છે, જે ઘડપણને સૂચવે છે.

एवं तृतीयावस्थापन्नानि पत्राणि मनुष्यानीव(इव) पूर्णप्राये स्वायुषि पतन्ति निजस्थानात् । न चैतत्स्वमति[1]कल्पितम्, यदुक्तं द्रुमपत्रकाध्ययने-दुमपत्तए पंडुए जहा निवडइ राइगणाण अच्चए । एवं मणुआण जीविअं समयं गोअम ! मा पमायए ।।१।। एतस्यां गाथायां द्रुमपत्रस्य पाण्डुरीभूतस्य रात्रिगणनामुपलक्षणाद्दिनगणानामत्यये स्वायुःक्षीणतया पतनं प्रोक्तम् । अत्र चेद्दिनगणानामत्यये पतनं प्रोक्तम्, तर्हि कथं मुहूर्तप्रमाणता पत्रायुषां युज्यते मनुष्यक्षेत्रेऽपि ?

આ રીતે મનુષ્યોની જેમ તૃતીય અવસ્થાને પામેલા પાંદડાઓ પોતાનું આયુષ્ય સમાપ્તપ્રાયઃ થાય ત્યારે પોતાના સ્થાનથી પડે છે.

આ કાંઇ પોતાની મતિથી કલ્પિત નથી, કારણ કે દ્રુમપત્રક અધ્યયનમાં કહ્યું છે - ફિક્કું પડેલું ઝાડનું પાન જેમ રાત્રિગણો પસાર થતાં પડી જાય છે, તેવું મનુષ્યોનું જીવિત છે. માટે હે ગૌતમ ! તું સમયનો પણ પ્રમાદ કરીશ નહીં.

(ઉત્તરાધ્યયનસૂત્ર ૧૦-૧)

१. ख - ०मतिशल्पिकल्पि० ।

આ ગાથામાં રાત્રિસમૂહોના ઉપલક્ષણથી દિવસસમૂહોના અંતે પોતાનું આયુષ્ય ક્ષીણ થવાથી ફિક્કા પડેલા વૃક્ષના પાંદડાનું પતન કહ્યું છે. અહીં જો દિવસસમૂહોના અંતે પતન કહ્યું છે, તો પછી મનુષ્યક્ષેત્રમાં પણ પાંદડાઓનું આયુષ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે, એ વાત ક્યાંથી સંગત થાય ?

अथ चेद् बाल-यौवनस्थविरतालक्षणास्तिस्रोप्यवस्था भवन्मतेन मुहूर्तप्रमाणायुस्त्वात् पत्राणां भिन्नभिन्नजीवविषयाभ्युपगम्यन्ते, तर्हि सौगतमतमेव स्वीकृतं स्यात् । तेषां हि सर्वभावेषु क्षणक्षयितास्वीकारेणैकस्मिन्वस्तुन्येतदवस्थात्रिकं न साङ्गत्यमेति इति ।

હવે જો તમારા મતે પાંદડાઓનું આયુષ્ય અંતર્મુહૂર્તપ્રમાણ જ હોવાથી તેમની બાળ-યૌવન-વૃદ્ધત્વરૂપ ત્રણે ય અવસ્થા અલગ અલગ જીવને આશ્રીને છે, એમ માનો, તો પછી બૌદ્ધ મત જ સ્વીકાર્યો ગણાશે. કારણ કે સર્વ પદાર્થો ક્ષણે ક્ષણે ક્ષય પામે છે, એવું તેમણે સ્વીકાર્યું હોવાથી એક વસ્તુમાં ત્રણ અવસ્થા તેમના મતે સંગત થતી નથી.

આશય એ છે કે પૂર્વોક્ત પ્રજ્ઞાપના સૂત્રને અનુસારે તે જીવ એક જ હોવા છતાં પણ અંતર્મુહૂર્તપ્રમાણ આયુષ્ય સિદ્ધ કરવા માટે જો તેમાં જીવ ભેદ માનશો તો તમને બૌદ્ધસિદ્ધાન્તના સ્વીકારને કારણે અપસિદ્ધાન્તનો દોષ લાગશે.

यथा पत्राणां तथा पुष्प-फल-बीजान्नौषधादीनामपि यथायोगमेतदवस्थात्रिकं मुहूर्तमाने तदायुषि स्वीक्रियमाणे कथञ्चनापि न सङ्गच्छत इति भावनीयम् ।

પાંદડાઓની જેમ પુષ્પ, ફળ, બીજ, ધાન્ય વગેરેનું પણ મુહૂર્ત જેટલું જ આયુષ્ય માનો તો યથાયોગ આ ત્રણ અવસ્થા કોઇ રીતે સંગત ન થાય, એ વિચારવું જોઇએ.

तथा नागवल्लीदलानां निजस्थानाद् वियोजितानामपि यावत् स्वोत्पत्तिनिदानभूता वल्ली न विनश्यते तावत्प्रभूत समयं यावदप्यविनष्टत्वं दृश्यते । तस्यां तु विनष्टायां बहुयोजनान्तरितान्यपि सम्यक्परिरक्ष्यमाणान्यपि तत्पत्राणि विनश्यन्ते ।

તથા નાગરવેલના પાંદડાઓ પોતાના સ્થાનથી અલગ કર્યા હોય, તો પણ જ્યાં સુધી પોતાની ઉત્પત્તિના કારણભૂત વેલ વિનષ્ટ ન થાય, તેટલા લાંબા સમય સુધી તે પાંદડાઓ વિનષ્ટ થતા નથી, એવું દેખાય છે. તે વેલનો વિનાશ થાય તો તેનાથી ઘણા યોજન દૂર હોવા છતાં પણ, સારી રીતે સાચવણી કરાતી હોવા છતાં પણ તે પાંદડાઓ વિનાશ પામે છે.

न चैतत्तेषु पर्णेषु मुहूर्ते नवनवोत्पद्यमानानां जीवानां सङ्गतिमङ्गति । तया सह तेषां सम्बन्धाभावात् ।

જો તે પાંદડાઓમાં પ્રત્યેક અંતર્મુહૂર્તે નવા નવા જીવો ઉત્પન્ન થતા હોય, તો આ વસ્તુ સંગત ન થાય. કારણ કે નવા ઉત્પન્ન થતા જીવોનો તે વેલ સાથે સંબંધ નથી.

तथा-दुन्निजिआ सिंघाडगफलम्मि जे केइ नालिआबद्धा।
पुप्फा संखिज्जजिआ थोहरिमाई अणंतजिआ ।।१।।

શિંગોડાના ફળમાં બે જીવ હોય છે. જે કોઇ નાલિકાબદ્ધ પુષ્પો હોય, તે સંખ્યાત જીવવાળા છે. થોર અનંત જીવવાળા છે. ॥૧॥

सेसा जलया थलया पुप्फा जे केइ बिंटबंधहुआ।
ते हुंतऽसंखजीवा एगो जीवो पउमनाले ॥२॥

બાકીના જલ અને સ્થલમાં ઉત્પન્ન થનારા ડીંટડામાંથી છૂટ્ટા પડેલા જે ફૂલો હોય, તે અસંખ્ય જીવવાળા છે. કમળની નાળમાં એક જીવ હોય છે. ॥૨॥

व्याख्या - शृङ्गाटकस्य फले प्रत्येकमेकैकस्मिन्द्वौ द्वौ जीवौ । त्वक्शाखादीन्यनेकजीवात्मकानि । पत्राणि प्रत्येकजीवानि । यानि कानिचिन्नालिकाबद्धानि पुष्पाणि जात्यादिगतानि सर्वाण्यपि सङ्ख्यातजीवकानि । थोहर्यादीनां पुष्पाण्यनन्तजीवानि ॥१॥

વ્યાખ્યા - શિંગોડાના પ્રત્યેક ફળમાં બે-બે જીવ હોય છે. છાલ, ડાળ વગેરે અનેક જીવસ્વરૂપ હોય છે. પાંદડાઓ એક એક જીવરૂપ હોય છે. જાઇ વગેરેમાં જે કોઇ નાલિકાબદ્ધ પુષ્પો હોય છે, તે સર્વે સંખ્યાત જીવવાળા હોય છે. થોર વગેરેના પુષ્પો અનંત જીવવાળા હોય છે. ॥૧॥

शेषानि जलजानि सहस्रपत्रादीनि स्थलजानि कोरण्टकादि-पुष्पाणि यानि कानिचिद् वृन्तबन्धच्युतानि एतेषां मध्ये कानिचित्पत्रादिगतजीवापेक्षया सङ्ख्येयजीवानि कानिचिद-सङ्ख्येयजीवानि यथागमं बोद्धव्यानि ॥२॥

બાકીના જળમાં ઉત્પન્ન થનારા સહસ્રપત્ર વગેરે, સ્થળમાં ઉત્પન્ન થનારા કોરંટક વગેરે પુષ્પો જે કોઇ ડીંટડાથી છૂટ્ટા પડેલા હોય તેમનામાં કેટલાક પાંદડા વગેરેમાં રહેલા જીવની અપેક્ષાએ સંખ્યાત જીવવાળા હોય છે, અને કેટલાક અસંખ્યાત જીવવાળા હોય છે, તે આગમને અનુસારે જાણવા. ॥૨॥

एवं श्रीप्रज्ञापनाद्यविचारे शृङ्गाटकफलं जीवद्वय-निर्वर्त्यं प्रोक्तम् । पुष्पाणि च कानिचित्प्रतिपत्रमेकैक-जीवभावात्सङ्ख्येय-जीवान्युक्तानि । न च तत्फलं तान्यपि पुष्पसम्बन्धानि पत्राणि च मुहूर्तमात्रेणैव सम्पूर्णानि निष्पद्यन्ते, किन्तु कियद्भिरपि दिनैरेव । तत्कथं तस्य फलस्य पत्रापेक्षया पुष्पाणामपि मुहूर्तमात्रमानमायुर्घटाकोटिसण्टङ्कमाटीकते ?

આ રીતે પ્રજ્ઞાપનાના પ્રથમ વિચારમાં (પદમાં ?) શિંગોડાનું ફળ બે જીવથી બને છે એમ કહ્યું. અને કેટલાક ફૂલોમાં પ્રત્યેક પાંખડીમાં એક એક જીવ હોવાથી સંખ્યાત જીવવાળા કહ્યા. તે ફળ અને પુષ્પસંબંધી તે પાંખડીઓ એક મુહૂર્તમાં જ સંપૂર્ણપણે બની જતાં નથી, પણ કેટલાક દિવસોમાં જ બને છે. તો પછી તે ફળનું અને પાંખડીઓની અપેક્ષાએ ફૂલનું અંતર્મુહૂર્તપ્રમાણ જ આયુષ્ય શી રીતે ઘટી શકે ?

एवं मृणालानामपि वाच्यम् ।

આ રીતે કમળની નાળ વગેરેની બાબતમાં પણ સમજવું.

तथा श्रीकल्पवृत्तिप्रथमखण्डे कालतः सचित्ताचित्त-प्ररूपणाधिकार एवं प्रोक्तमस्ति-उप्पलपउमाई पुण उन्हे दिन्नाइं

जाम न धरंति । मोग्गरमगदंतिआओ उन्हे छूढा चिरं हुंति ।।१।।

તથા શ્રીકલ્પવૃત્તિના પ્રથમ ખંડમાં કાળથી સચિત્ત-અચિત્ત પ્રરૂપણાના અધિકારમાં આ રીતે કહેલું છે - ઉત્પલ, પદ્મ વગેરેને તડકામાં રાખ્યા હોય તો તેઓ પ્રહર સુધી ટકતા નથી. મોગરા અને માલતી તડકામાં રાખેલા હોય તો ચિરકાળ સુધી (સચિત્ત) રહે છે. ।।૧।।

मगदंतियपुप्फाइं उदए छूढाइ जाम न धरंति ।
उप्पलपउमाई पुण उदए छूढा चिरं हुंति ।।२।।

માલતીના ફૂલોને પાણીમાં રાખવામાં આવે તો તેઓ એક પ્રહર સુધી ટકતા નથી. ઉત્પલ, પદ્મ વગેરેને પાણીમાં રાખવામાં આવે તો તેઓ લાંબો સમય સચિત્ત રહે છે. ।।૨।।

व्याख्या - उत्पलानि पद्मानि च उदकयोनिकत्वादष्णे आतपे दत्तानि यामं प्रहरमात्रकालं न ध्रियन्ते-नावतिष्ठन्ते, किन्तु प्रहरादर्वागेवाचित्तीभवन्ति । मुद्गरकानि च मगदंन्तिका-पुष्पाणि वोष्णयोनिकत्वादुष्णे क्षिप्तानि चिरमपि कालं भवन्ति सचित्तान्येव तिष्ठन्तीति भावः ।।१।। मगदन्तिकापुष्पाणि उदके क्षिप्तानि यामं-प्रहरमात्रमपि न ध्रियन्ते । उत्पलानि च उदके क्षिप्तानि चिरमपि भवन्ति ।।२।। अत्र उत्पलानां पद्मानां चोष्णे क्षिप्तानामुदकयोनिकत्वाद्यामममध्येप्यचित्तता प्रोक्ता। तेषामेव चोदके क्षिप्तानां तद्योनिकत्वात्प्रभूतमपि समयं यावत्सचित्तता निगदिता । तथा मुद्गरकमगदन्तिकाकुसुमानामुदके

क्षिप्तानामुष्णयोनिकत्वाद्याममध्येऽचित्तता प्रोक्ता । तेषामेवोष्णे क्षिप्तानां तद्योनिकत्वात्प्रभूतसमयमपि सचित्तता प्ररूपिता ।

વ્યાખ્યા - ઉત્પલ અને પદ્મો જળયોનિવાળા છે. માટે જો તેમને (જળની બહાર) તડકામાં રાખવામાં આવે, તો તેઓ એક પ્રહર જેટલો કાળ ટકતા નથી, પણ એક પ્રહર પૂરો થાય, તેની પહેલા જ અચિત્ત બની જાય છે. અને મોગરા કે માલતીના પુષ્પો ઉષ્ણયોનિવાળા હોવાથી તડકામાં નાખવામાં આવે, તો ચિરકાળ સુધી પણ ટકે છે - સચિત્ત જ રહે છે, એવો આશય છે. ॥૧॥

માલતીના ફૂલોને પાણીમાં નાખવામાં આવે તો તેઓ એક પ્રહર જેટલો કાળ પણ ટકતા નથી. ઉત્પલોને જળમાં રાખવામાં આવે તો તેઓ લાંબા સમય સુધી પણ સચિત્ત રહે છે. ॥૨॥

(શેષ ઉપરોક્ત અનુસારે સુગમ છે.)

एतच्च मुहूर्ते मुहूर्ते नवनवोत्पद्यमानानां जन्तूनां न युक्तिमत्प्रतिभाति । यथासामग्रीयोगं मुहूर्ते मुहूर्ते नवनवोत्पद्यमानानां जीवानां शीतोष्णयोनिकत्वनियमाभावतो येन देहिना पुनस्तन्दुलादिवपुर्निर्वर्तितम्, स एव जन्तुश्चेत्तावन्तं कालं तिष्ठन्नतिष्ठन्वाभ्युपगम्यते, तदा तस्य शीतादियोनिकत्वं नियमाद्युज्यते । सचित्तता चोत्पलादीनां यथोक्तरूपा ।

આ વાત પ્રત્યેક મુહૂર્તે નવા નવા ઉત્પન્ન થતા જીવોની અપેક્ષાએ યુક્તિસંગત જણાતી નથી. સામગ્રીના સંયોગને અનુસારે પ્રત્યેક અંતર્મુહૂર્તે ઉત્પન્ન થતા નવા નવા જીવો શીત/ઉષ્ણ

યોનિવાળા હોય એવો નિયમ નથી. માટે જે જીવે ડાંગર વગેરેનું શરીર બનાવ્યું હોય, તે જ જીવ જો તેટલો સમય રહે છે કે નથી રહેતો એવું મનાય, તો તે શીત વગેરે યોનિવાળો છે. એવું અવશ્ય ઘટે છે. અને જે રીતે કહ્યું તે રીતે ઉત્પલ વગેરેની સચિત્તતા છે.

अन्यच्च तत्रैव भावतः सचित्ताचित्तस्य प्ररूपणा-धिकारे इत्थमुपदिष्टमस्ति-पत्ताणं पुप्फाण सरदुफलाणं तहेव हरिआणं। बिंटम्मि मिलाणम्मी नायव्वं जीवविप्पजढं ॥१॥

વળી ત્યાં જ ભાવથી (નિશ્ચયથી ?) સચિત્ત-અચિત્તની પ્રરૂપણાના અધિકારમાં આ રીતે ઉપદેશ આપ્યો છે - પાંદડા, ફૂલો, કોમળફળો અને હરિતોનું ડીંટડું મ્લાન થઇ જાય ત્યારે તે જીવ દ્વારા ત્યક્ત છે, તેમ જાણવું. ॥૧॥ (પિંડનિર્યુક્તિ ૬૦)

व्याख्या - पत्राणां पुष्पाणां सरदुफलानाम् - अबद्धास्थिकफलानां तथैव हरितानाम्-स्रुलादीनां सामान्यतस्तरुणवनस्पतीनां वा वृन्ते मूले म्लाने सति ज्ञातव्यं यथा जीवविप्रमुक्तमेतत्पत्रादिकम् ॥१॥

વ્યાખ્યા - પાંદડાઓ, પુષ્પો, સરદુફળો = જેમાં અંદર ઠળિયો/ગોટલી ન આવી હોય એવા - કોમળ ફળો તથા હરિતો = સલ્લકી વગેરે કે સામાન્યથી તરુણ વનસ્પતિઓ, આ બધાનું ડીંટડુ - મૂળ મ્લાન થઇ જાય, તો જાણવું કે આ પાંદડુ વગેરે જીવરહિત છે. ॥૧॥

एवं पत्रादीनां वृन्त-म्लानतयाचित्तता ज्ञेयेत्यचित्त-तापरिज्ञाने

वृन्तम्लानिलक्षणमभिज्ञानं निगदितं श्रीमदागमे, तच्चैतदुक्तचूर्णप्रक्षेपेऽपि पत्रादिषु न निरीक्ष्यते । तत्कथमेतत्परीक्षाविरहितमपि पत्रादिकमचित्ततया व्यवह्रियते युष्माभिः ।

આ રીતે પાંદડા વગેરેના ડીંટડાના મ્લાનપણાથી તે અચિત્ત છે, એમ જાણવું. આ રીતે અચિત્તતાને ઓળખવા માટે ડીંટડાની મ્લાનિરૂપ ઓળખચિહ્ન શ્રીઆગમમાં કહ્યું છે. અને તે ચિહ્ન આણે કહેલ ચૂર્ણ નાખવા છતાં પણ પાંદડાઓ વગેરેમાં દેખાતું નથી. તો પછી આગમમાં કહેલ પરીક્ષાથી ઉત્તીર્ણ ન થયું હોવા છતાં પણ એ પાંદડુ વગેરે અચિત્ત છે, એવો વ્યવહાર તમે કેમ કરો છો ?

अथ चेत्प्रतिवचनीकरिष्यते भवद्भिरियं परीक्षा श्रीमदागमे योनिभङ्गे समादिष्टास्माभिस्तु तं विना चूर्णक्षेपेऽचित्तता निगद्यते, तदपि न युक्तिमत् । यतः पत्रपुष्पादीनां स्वस्थानादवियोजितानां या मुहूर्ते मुहूर्ते नवनवजीवोत्पत्तिहेतुभूता योनिः प्रोच्यते भवद्भिः, सैव न सहते युक्तिक्षोदम्, यतः सयोनिकत्वाद्यथा धान्यादिबीजानामुप्तानां प्ररोहोद्गमो निरीक्ष्यते, तथा किं न पत्रपुष्पादीन्यपि उप्तानि प्ररोहन्ति चेदेतेषां सयोनिकत्वं स्यात् ।

હવે જો તમે એવો જવાબ આપો કે – આ પરીક્ષા શ્રીઆગમમાં યોનિભંગના વિષયમાં કહી છે. અમે તો ચૂર્ણ નાખવાથી યોનિભંગ વિના અચિત્તતા કહીએ છીએ – આ પણ યુક્તિસંગત નથી. કારણકે પાંદડા, પુષ્પ વગેરેને પોતાના સ્થાનેથી છુટ્ટા ન કરાયા હોય, ત્યારે પ્રત્યેક મુહૂર્તે તેમાં નવા નવા જીવોની ઉત્પત્તિનું જે કારણ છે, તેને તમે યોનિ કહો છો. પણ તે જ

યુક્તિથી વિચાર કરતા સંગત ઠરતી નથી. કારણ કે જેમ ધાન્ય વગેરેના બીજ યોનિ સહિત હોવાથી તેમને વાવવાથી અંકુરા ફૂટે છે, એવું દેખાય છે, તેમ જો પાંદડા, પુષ્પ વગેરે પણ યોનિસહિત હોય, તો પછી તેમને વાવવાથી કેમ અંકુરા ફૂટતા નથી ?

अथाघटमानापि चेत्कदाग्रहग्रहग्रस्तैर्भवद्भिस्तेषां पत्रादीनां योनिरभ्युपगम्यते, जलावनिसंयोगं विनापि तेषु पत्रादिषु मुहूर्ते मुहूर्ते नवनवजीवोद्भवश्च । तदा यथा मुहूर्ते गते सति प्राक्तनजीवापगमेऽन्यो जन्तुस्तेषु पत्रादिषु समुत्पद्यते, तथा किं न तस्मिन् स्थितेऽपि प्रतिसमयमन्यान्यः ? भवदभिमताया योनेस्तदाप्यखण्डत्वादन्यसामग्र्यपेक्षाऽभावाच्च ।

આ રીતે અસંગત હોવા છતા પણ કદાગ્રહથી તમે તે પાંદડા વગેરેની યોનિ માનો છો, અને જળ-પૃથ્વીના સંયોગ વિના પણ તે પાંદડા વગેરેમાં પ્રત્યેક મુહૂર્તે નવા નવા જીવોની ઉત્પત્તિ માનો છો, તો જેમ મુહૂર્ત પસાર થતા પૂર્વનો જીવ ચ્યવી જતા અન્ય જીવ તે પાંદડા વગેરેમાં ઉત્પન્ન થાય છે, તેમ તે જીવ હજી ત્યાં જ હોય ત્યારે પણ પ્રતિસમય અન્ય અન્ય જીવ કેમ ઉત્પન્ન થતો નથી ? કારણ કે તમે માનેલી યોનિ તો ત્યારે પણ અખંડ છે, અને અન્ય સામગ્રીની અપેક્ષા તો છે નહીં.

अथ च प्राक्तनजीवे स्थितेऽपि योनेरखण्डतया प्रतिसमयं नवनवजीवोत्पत्तिः स्वीक्रियते, तदा श्रीमदागमोक्ता पत्रादीनां प्रत्येकता विरुध्यते । तदनुक्ता च साधारणशरीरता बलादभ्युपैति

पत्रपुष्पादीनाम(न)भिमतापि, पूर्वोक्तयुक्त्या प्रतिसमयमुत्पद्यमानानां नवनवजीवानां सम्भवात् ।

હવે જો પૂર્વનો જીવ હોય, ત્યારે પણ યોનિ અખંડ હોવાથી પ્રતિસમય નવા નવા જીવની ઉત્પત્તિ સ્વીકારો, તો શ્રી આગમમાં કહેલી પાંદડા વગેરેની પ્રત્યેકતાનો વિરોધ આવે. અને આગમમાં જેમનું સાધારણ શરીર નથી કહ્યું, તે પાંદડા, પુષ્પ વગેરેનું ય સાધારણ શરીર માનવાની આપત્તિ આવે. કારણ કે (તમે) કહેલી યુક્તિથી પ્રતિસમય ઉત્પન્ન થતા નવા નવા જીવોનો સંભવ છે.

तस्माद् वृन्तम्लानतालक्षणपरीक्षां विनापि यच्चूर्णप्रक्षेपमात्रेण पत्राणां पुष्पानामबद्धास्थिकफलानां हरितानां च याऽचित्तता प्रोच्यते, सा न युक्तियुक्ता प्रतिभाति ।

માટે ડીંટડાનું મ્લાનપણું - આ પરીક્ષા વિના પણ જે ચૂર્ણ નાખવા માત્રથી પાંદડા, ફૂલો, કોમળ ફળો અને હરિતોનું જે અચિત્તપણું કહેવાય છે તે યુક્તિયુક્ત નથી જણાતું.

तथा-बीए जोणिब्भूए जीवो वक्कमइ सो व अन्नो वा ।
जो वि अ मूले जीवो सोवि अ पत्ते पढमाए ।।१।।

તથા - યોનિભૂત બીજમાં તે કે અન્ય જીવ ઉત્પન્ન થાય છે. જે જીવ મૂળમાં હોય છે, તે જ પ્રથમ પાંદડામાં હોય છે. ।।૧।।

एतद् गाथाव्याख्याया मेवमुक्तमस्ति-यदा बीजनिर्वर्तकेन[1] जीवेन स्वायुषः क्षयाद् बीजपरित्यागः कृतस्तस्य च बीजस्य

१. ख - ०निवर्तिके० ।

यदा पुनरम्बुकालावनिसंयोगरूपसामग्रीसम्भवस्तदा कदाचित्स एव बीजजीवो मूलादिनामगोत्रे उपनिबध्य तत्रागत्य परिणमति, कदाचिदन्यः पृथ्व्यादिजीवः । य एव मूलतया परिणमति जीवः, स एव प्रथमपत्रतयापि परिणमत इत्येकजीवकर्तृके मूलप्रथमपत्रे ।

આ ગાથાની ટીકામાં આ રીતે કહ્યું છે - જ્યારે બીજ બનાવનાર જીવ પોતાના આયુષ્યનો ક્ષય થતા બીજનો ત્યાગ કરે છે, અને તે બીજને જ્યારે ફરીથી વર્ષાકાળ, પૃથ્વીસંયોગ, વગેરે રૂપ સામગ્રી સંભવે છે, ત્યારે ક્યારેક તે જ બીજનો જીવ મૂલ વગેરે સંબંધી નામ-ગોત્ર બાંધીને ત્યાં આવીને પરિણમે છે, અને ક્યારેક અન્ય પૃથ્વી વગેરેનો જીવ (મૂળ વગેરે રૂપે પરિણમે છે.) જે જીવ મૂળરૂપે પરિણમે છે, તે જ પ્રથમ પાંદડારૂપે પણ પરિણમે છે. આ રીતે મૂળ અને પ્રથમ પાંદડાના કર્તા એક જીવ હોય છે.

अत्र च योनिभूतस्यापि बीजस्य यदा पुनरम्बुकालावनिसंयोगरूपसामग्रीसम्भवस्तदा पुनरन्यजीवसमागमः प्रोक्तस्तर्हि कथं तां सामग्रीं विनापि मुहूर्ते मुहूर्ते नवनवजीवसमागमः प्रोच्यते ?

અહીં તો યોનિભૂત બીજને પણ જ્યારે વર્ષાકાળ, પૃથ્વીસંયોગ રૂપસામગ્રી સંભવે, ત્યારે ફરીથી અન્ય જીવ તેમાં આવે, એમ કહ્યું છે, તો પછી તે સામગ્રી વિના પણ પ્રત્યેક મુહૂર્તે નવા નવા જીવનું આગમન કેમ કહેવાય છે ?

अन्यच्च बीजनिवर्तकेन जीवेन स्वायुषः क्षयाद् बीजपरित्यागः कृत इत्यनेनापि वचनेन वनस्पतिकायिकानां मनुष्यक्षेत्रेप्यन्तर्मुहूर्तमानमायुर्व्यभिचरति । यतोऽत्र बीजनिवर्तनं सम्पूर्णमपि एकेन जीवेन कृतं प्रोक्तम् । तन्न मुहूर्तमध्ये निष्पद्यते, किन्तु कियद्भिरपि दिनैरेव ।

બીજું એ, કે બીજ બનાવનાર જીવે પોતાના આયુષ્યના ક્ષયથી બીજનો ત્યાગ કર્યો, આ વચનથી પણ વનસ્પતિકાયિક જીવોનું આયુષ્ય મનુષ્યક્ષેત્રમાં અંતર્મુહૂર્ત પ્રમાણ જ છે, એવું વચન અનેકાન્તિક ઠરે છે. કારણ કે અહીં બીજની સંપૂર્ણ રચના એક જીવ કરે છે, એમ કહ્યું છે. બીજ કાંઇ એક મુહૂર્તમાં જ બની જતું નથી. પણ કેટલાક દિવસોમાં જ બને છે.

तदन्वपि च तस्य जीवस्य तस्मिन्बीजे प्रभूतसमयं यावदप्यवस्थितिः प्रोक्ता यावन्न स्वायुषःक्षयस्तर्हि कथं मुहूर्तमानता वनस्पतिकायायुषाम् ?

ત્યાર બાદ પણ તે જીવની તે બીજમાં, જ્યાં સુધી પોતાના આયુષ્યનો ક્ષય ન થાય ત્યાં સુધી ઘણા સમય સુધી પણ અવસ્થિતિ કહી છે, તો પછી વનસ્પતિકાયનું આયુષ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ શી રીતે હોઇ શકે ?

एवमेकजीवकर्तृके मूलप्रथमपत्र इत्यनेनापि वचनेन वनस्पतीनां मुहूर्तमानायुषो व्यभिचारो भावनीयः ।

એ રીતે મૂળ અને પહેલું પાન એક જીવ દ્વારા કરાયેલા

હોય છે, આ વચનથી પણ વનસ્પતિનું આયુષ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ જ હોય છે તેવું નથી, એનું પરિભાવન કરવું જોઇએ.

एवं पञ्चानामप्येकेन्द्रियाणां मनुष्यक्षेत्रेऽपि मुहूर्तायुषो व्यभिचारेण तदधिकतरायुषोऽपि सम्भवाद्यैश्चूर्णक्षेपेण मुहूर्तं प्रतीक्ष्य निर्जीवानि जातान्येतानि पृथ्वीकायिकादिशरीराणीति मत्वा तेषामारम्भः क्रियते सजीवानामपि, तेषां जीवेष्वपि पृथ्व्यादिशरीरेषु अजीवसञ्ज्ञाभावाज्जीवेऽजीवसञ्ज्ञेति मिथ्यादर्शनं समुत्पद्यते ।

આ રીતે પાંચે એકેન્દ્રિયોના મનુષ્યક્ષેત્રમાં પણ અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્યનો અનેકાન્ત આવતો હોવાથી, અંતર્મુહૂર્ત કરતા વધારે આયુષ્ય પણ સંભવિત હોવાથી, જેઓ ચૂર્ણ નાખીને બે ઘડી સુધી રાહ જોઇને - 'હવે આ પૃથ્વીકાયિક વગેરના શરીરો નિર્જીવ થઇ ગયા' - એમ માનીને સજીવ એવા પણ તેમનો આરંભ કરે છે, તેમને જીવરૂપ એવા પણ પૃથ્વી વગેરેના શરીરમાં અજીવ એવી સંજ્ઞા થતી હોવાથી 'જીવમાં અજીવસંજ્ઞા' આ મિથ્યાદર્શન ઉત્પન્ન થાય છે.

अन्यच्च यदेवमुच्यते-एतदुक्तचूर्णक्षेपे कृते सति योनिबन्धान्नवीनो जीवो नोत्पद्यते पृथ्व्यादिषु, प्रागुत्पन्नश्च स्वायुःक्षयादपैति मुहूर्तेन, तत्र योनिबन्ध एव व्यभिचरति ।

વળી જે આ રીતે કહેવાય છે કે આણે કહેલા ચૂર્ણને નાખવાથી યોનિ બંધાઇ જતી હોવાથી (યોનિનો પ્રતિબંધ થવાથી) નવો જીવ પૃથ્વી વગેરેમાં ઉત્પન્ન થતો નથી, અને પૂર્વે ઉત્પન્ન થયો હોય તે અંતર્મુહૂર્તમાં પોતાના આયુષ્યનો ક્ષય થતા ચ્યવી જાય છે. આ બાબતમાં યોનિબંધ જ અનેકાન્તિક ઠરે છે.

तथाहि-अग्निमध्ये यत्तदुक्तं कर्पूरागरुचूर्णं क्षिप्यते, तत्तु शीघ्रमेव ज्वलनेन तत्प्रज्वाल्यते । तत्र युष्माभिरित्थं निगद्यते तद्गन्धस्तिष्ठन्नस्ति । स च गन्धः सार्द्धं यामद्वयं यावत्प्रतिक्षण-मतीव वर्द्धते । सार्द्धं यामद्वयं च तथैव हीयते । एवं पञ्चप्रहरावधि तद्गन्धावस्थानाद्योनिबन्धेन नवीनो जन्तुर्नोत्पद्यते तावन्तं समयं वह्निमध्ये ।

તે આ રીતે - અગ્નિમાં તેમણે કહલું જે કર્પૂર-અગરુ વગેરેનું ચૂર્ણ નંખાય છે, તે જલ્દીથી અગ્નિ દ્વારા બાળવામાં આવે છે. ત્યાં તમે એમ કહો છો કે તેની સુરભિ ટકી રહે છે. તે સુરભિ અઢી પ્રહર સુધી અત્યંત વધે છે. અઢી પ્રહર સુધી તે જ પ્રમાણે હાનિ પામે છે. આ રીતે પાંચ પ્રહર સુધી તેની સુરભિ રહેતી હોવાથી યોનિબંધને કારણે તેટલો સમય અગ્નિમાં નવો જીવ ઉત્પન્ન થતો નથી.

एवं यदुच्यते तदपि वार्तामात्रम्, यतः सार्द्धयामद्वैतं यावत्प्रतिक्षणं तद्गन्धवर्द्धनं प्रोक्तम्, तदपि न सङ्गतम्, एवं प्रतिक्षणं चेत्तद्गन्धः प्रवर्द्धमानः स्यात्तदा प्रहरद्वैतेन सार्द्धेन तन्निकेतनमहानसादिसबाह्याभ्यन्तरं समस्तमपि तद्गन्धेन भावितं भवेत्तथा च चेत्स्यात्तदा किं न प्रतीयते तद्गन्धेन मघमघायमानता तस्य महानसादेः ? । एवं यामार्द्धयामद्वयं गन्धप्रवृद्धिः प्रोक्ता साप्यघटमाना ।

આવું જે કહેવાય છે, તે પણ વચનમાત્ર છે. કારણ કે અઢી પ્રહર સુધી  પ્રતિક્ષણ તે સુરભિ વધે છે, એમ જે કહ્યું છે, તે પણ સંગત નથી. કારણ કે જો પ્રતિક્ષણ તેની સુરભિ વધતી

જાય, તો અઢી પ્રહરમાં તો તે ઘર, રસોડું વગેરે બહાર-અંદર બધું જ તેની સુરભિથી વ્યાપ્ત થઇ જાય. અને જો તેવું થતું હોય, તો તે ગંધથી રસોડું વગેરે મઘમઘાયમાન થઇ જાય છે, એવી પ્રતીતિ કેમ નથી થતી ?

આ રીતે અઢી પ્રહર સુધી તે સુરભિ વધે છે, એવું જે કહ્યું, તે પણ ઘટતું નથી.

अथ च तेन गन्धेन यो योनिबन्धो निगद्यते कृशानौ, स चेत्तथा जायमानः स्यात्तदा कथमिव ज्वालामाला-समाकुलतया प्रवर्द्धते वह्निः सञ्जाते योनिबन्धे ?

હવે તે ગંધથી અગ્નિમાં જે યોનિબંધ કહેવાય છે, તે જો તે રીતે થતો હોય, તો પછી યોનિબંધ થયો હોવા છતાં પણ અગ્નિ જ્વાળાઓની શ્રેણિઓથી ભરાઇને કેમ વૃદ્ધિ પામે છે ?

तथा एतदुक्तधूपे कृते सर्वतो दशक्रमावधि पवनप्रासुकता या निगद्यते, सापि किं योनिबन्धेन निगद्यते, उत वातजीवानां विघातेन ? विघातेन चेदुच्यते, तदा किंनिदानेयं निरर्थिका तज्जीवहिंसा स्वधर्मबाधाविधायिनी । अथ चेद्योनिबन्धेन कथ्यते, तदपि न साङ्गत्यमेति, यतः पृथ्व्यादिवन्न निश्चलोऽनिलः, किन्तु चलतया नैकस्थानस्थायी । तेन धूपे कृतेऽपि किं स्याद्यतस्तस्मिन्कृतेऽप्येको वातो गच्छति, पुनरन्यः समुपैति। सोऽप्यन्यतो याति, पुनरितरः समभ्येति । एवमपरापरपवन-गमनागमनेन कथं योनिबन्धः स्याद्वायु-कायिकानाम् ?

તથા તેમાં કહેલો ધૂપ કરવાથી સર્વ બાજુ દશ પગલા સુધીનો વાયુ પ્રાસુક થઇ જાય છે, એવું જે કહ્યું છે, તે પણ શું યોનિબંધથી કહેવાય છે ? કે પછી વાયુના જીવોના વિઘાતથી કહેવાય છે ? જો વિઘાતથી કહેતા હોય તો પછી સ્વધર્મની વિરાધના કરનારી આ નિરર્થક જીવહિંસા શા માટે કરાય છે? અને જો યોનિબંધથી કહેતા હો, તો તે પણ સંગત થતી નથી. કારણ કે પવન પૃથ્વી વગેરેની જેમ નિશ્ચલ નથી, પણ ચંચળ હોવાથી અનેક સ્થાને રહેનારો છે. માટે ધૂપ કરવાથી પણ શું થાય ? કારણ કે ધૂપ કરવા છતાં પણ એક પવન જાય છે બીજો આવે છે, તે પણ બીજી બાજુ જાય છે, વળી અન્ય આવે છે. આ રીતે અન્ય અન્ય પવનની આવ-જા થી વાયુકાયિકોનો યોનિબંધ શી રીતે થઇ શકે ?

तथा सौवीरमध्ये त्रिकटुकपोट्टलिकाक्षेपः क्रियते । तेन पुनरेवमुच्यते - यत्पुष्पिकारूपानन्तकायिकोद्गमो न स्यात्, तद्योनिबन्धात् । तदपि प्रत्यक्षविरुद्धम् ।

તથા કાંજીકમાં સૂંઠ, મરી અને પીપરની પોટલી નાખવામાં આવે છે, તેનાથી એમ કહેવાય છે કે પુષ્પિકારૂપ અનંતકાયનો ઉદ્ગમ ન થાય, કારણ કે એની યોનિનો પ્રતિબંધ થઇ જાય છે. તે પણ પ્રત્યક્ષવિરુદ્ધ છે.

यतस्तत्क्षेपे कृतेऽपि सौवीरभाण्डे द्वितीयदिने पुष्पिका-पिण्डोद्गमो निरीक्ष्यत एव, तर्हि कथं तद्योनिबन्धः साङ्गत्यमभ्युपैति ?

કારણ કે તે પોટલી નાખવા છતાં પણ અંજનના વાસણમાં બીજા દિવસે પુષ્પિકાનો પિંડ થયેલો દેખાય જ છે. તો પછી તેનો યોનિબંધ શી રીતે સંગત થાય ?

तथा टङ्कप्रमाणहरिद्रापटीरचूर्णक्षेपे[1] कृते सति द्रोणमित-धान्यादिबीजे पञ्चयामावधि योनिबन्धो निगद्यते, सोऽपि प्रत्यक्षविरुद्धः ।

તથા ચાર માસા જેટલું હળદર અને પટીર (પટી = પાડળ વનસ્પતિ / દ્રોણપુષ્પી / ગુગળ, પટીર = ચંદન) નું ચૂર્ણ નાખવાથી બત્રીશ શેર પ્રમાણ ધાન્ય વગેરેના બીજમાં પાંચ પ્રહર સુધી યોનિબંધ થાય છે, એવું જે કહેવાય છે, તે પણ પ્રત્યક્ષવિરુદ્ધ છે.

यतस्तावन्मित एव धान्यादिपुञ्जः कस्मिंश्चित्शुद्ध-जलसमापूर्णे महाभाजने निक्षिप्यते, तन्मध्ये च टङ्कमितं तदधिकं वा तच्चूर्णं प्रक्षिप्यते । पुनः पञ्चमेऽपि यामे तत्क्षिप्यते। एवं कृतेप्यवश्यमष्टमयामे धान्यादिषु स्यादेवाङ्कुरोद्गमः ।

કારણ કે તેટલા જ પ્રમાણનો ધાન્યરાશિ કોઇ શુદ્ધ જળથી ભરેલા મોટા ભાજનમાં નંખાય અને તેમાં ચાર માસા જેટલું કે તેનાથી વધુ તે ચૂર્ણ નાખવામાં આવે, અને ફરી પાંચમા પ્રહરે પણ તે નાખવામાં આવે. આવું કરવા છતાં પણ આઠમાં પ્રહરે તે ધાન્ય વગેરેમાં અંકુરા ફૂટશે જ.

अथ च चेत्तेषु धान्यादिबीजेषु योनिबन्धो जायमानो भवेत्,

१. क - पटीचू० ।

तदा कथं प्ररोह-प्रादुर्भावः स्यात् ? अथ चेत् कथयिष्यते जलयोगेन चूर्णस्य निर्वीर्यता स्यात्तदपि न युक्तिमत् ।

હવે જો તે ધાન્ય વગેરેના બીજોમાં યોનિબંધ થતો હોય, તો પછી અંકુરાઓ શી રીતે ફૂટે ? હવે જો એમ કહો, કે 'પાણીના સંયોગથી તે ચૂર્ણ અશક્ત થઇ ગયું,' તો તે પણ યુક્તિસંગત નથી.

यतस्तच्चूर्णमिश्रितसलिलेन धौतानां धान्यादीनां योनिबन्धेन भवद्भिरेव प्रासुकता प्ररूप्यते, तत्कथं जलयोगेनापि चूर्णस्य निर्वीर्यता स्यात् ? एवं यो योनिबन्धो निगद्यते भवद्भिः, सोऽपि विचार्यमाणस्तीर्णजीर्णकुटीरद्विशरारुभावमेति ।

કારણકે તે ચૂર્ણથી મિશ્રિત પાણીથી ધોવાયેલા ધાન્ય વગેરેમાં યોનિબંધ થવાથી તે પ્રાસુક થઇ જાય છે, એમ તમે જ કહો છો, તો પછી પાણીના સંયોગથી તે ચૂર્ણ અશક્ત શી રીતે થઇ જાય? આ રીતે તમે જે જે બહાનુ રજુ કરો છો તેના પર વિચાર કરતા તીર્ણ (આવરદાને ઓળંગી ગયેલ) જીર્ણ ઝૂંપડીની જેમ ભંગુરપણું પામે છે.

अन्यच्चैवं चेदेकेन्द्रिययोनिबन्धकानि भेषजान्येतस्मिन्नरूप्यन्ते, तर्हि तत्किमपि भेषजं किं न प्रोक्तम् ? येन धान्यादिषु त्रसजीवा नोत्पद्यन्ते तद्योनिबन्धात् ।

બીજું, જો આ રીતે એકેન્દ્રિયના યોનિબંધ કરવાના ઉપાયો આમાં પ્રરૂપાય છે, તો પછી એવો કોઇ ઉપાય કેમ ન કહ્યો ? કે જેનાથી તેની (ત્રસની) યોનિ બંધાઇ જવાથી ધાન્ય વગેરેમાં ત્રસ જીવોની ઉત્પત્તિ ન થાય.

यतः श्राद्धानां प्रथमं त्रसजन्तुयतना विलोक्यत एवावश्यं कृता । तथा तदपि किं नौषधं निगदितम् ? येन वर्षादौ घृततैलभाजनादिषु पुष्पिकोद्गो न भवेत्तद्योनिबन्धात् । यतः प्रत्येकजीवविराधनातोऽपि साधारणशरीरिणां विराधनाऽतिगुर्वी।

કારણ કે શ્રાવકોએ પહેલા તો ત્રસ જીવોની જયણા અવશ્ય કરવી જોઇએ. તથા તેવું પણ ઔષધ કેમ ન કહ્યુ? કે જેનાથી વરસાદ વગેરેમાં ઘી-તેલના ભાજનો વગેરેમાં તેની યોનિ બંધાવાથી પુષ્પિકાનો ઉદ્‌ગમ ન થાય. કારણ કે પ્રત્યેક જીવની વિરાધના કરતા પણ સાધારણ શરીરની વિરાધના ઘણી મોટી છે.

किञ्च यदुच्यते पञ्चमयामान्ते धान्यादिपुञ्जोपरि स्थितमपि चूर्णं निर्वीर्यं स्यात्तेन तदन्ते पुनरपि तच्चूर्णप्रक्षेपो विधीयते तदुपरीत्येतदपि विचार्यम्, यतश्चेद् धान्यादि-पूञ्जोपरिस्थितं पञ्चमयामान्ते निर्वीर्यं स्याद् भेषजम्, तदा किं न भाजनक्षिप्तमपि तदन्ते ? एवं च चेद्भवति, तदा पञ्चप्रहरपर्यन्ते तन्नवीनमेव कृतं विलोक्यते युष्माकं तथा च न क्रियते भवद्भिः।

વળી જે કહેવાય છે કે પાંચમા પ્રહરના અંતે ધાન્યાદિના પૂંજની ઉપર રહેલું ઔષધ અશક્ત થાય છે, માટે તેના અંતે ફરીથી તે ચૂર્ણ તેના પર નખાય છે, એ પણ વિચારણીય છે. કારણ કે જો ધાન્યાદિના પૂંજની ઉપર રહેલું ઔષધ પાંચમા પ્રહરના અંતે અશક્ત થતું હોય, તો પછી ભાજનમાં રહેલું

ઔષધ પણ પાંચમા પ્રહરના અંતે અશક્ત કેમ નથી થઇ જતુ? અને જો એવું થતું હોય, તો પાંચ પ્રહરને અંતે તે તમારે નવું જ કરવું પડે, અને એવું તો તમે કરતા નથી.

अन्यच्चैवं योनिबन्धस्य युक्तिभिर्विचार्यमाणस्य विशीर्यमाणत्वात्प्रागुक्तयुक्त्या मुहूर्त्तायुषोऽपि व्यभिचाराद्या पञ्चानामप्येकेन्द्रियाणां हिंसा समुत्पद्यते सा तथैव, प्रत्युत भाजनस्थितेषु हरिद्रापटीरादिचूर्णेषु ये वर्षादौ कुन्थुप्रभृतयः प्रभूतास्त्रसा जीवाः समुत्पद्यन्ते, तेषामपि विराधना विधत्ते श्रीमदार्हतदयामूलधर्मबाधा ।

અને આ રીતે યુક્તિઓથી વિચારતા યોનિબંધ અસંગત પુરવાર થાય છે અને પૂર્વોક્ત યુક્તિથી મુહૂર્ત્ત પ્રમાણ આયુષ્ય પણ અનેકાન્તિક હોવાથી જે પાંચે ય એકેન્દ્રિયોની હિંસા થાય છે, તે તદવસ્થ જ છે. ઉલ્ટુ ભાજનમાં રહેલા હળદર-ચંદન વગેરેના ચૂર્ણોમાં ચોમાસા વગેરેમાં જે કુંથુ વગેરે ઘણા ત્રસ જીવો ઉત્પન્ન થાય છે, તેમની પણ વિરાધના દયામૂલક જૈન ધર્મની બાધા કરે છે.

किञ्च ये एतदुक्तचूर्णक्षेपेण पृथिव्युदकादीनामारम्भं विदधति, ते निशङ्कतया प्रभूततरम्, ये पुनश्चूर्णक्षेपं विना कुर्वन्ति, तदारम्भन्ते नु साशङ्काः ।

વળી જે આણે કહેલું ચૂર્ણ નાખીને પૃથ્વી, જળ વગેરેનો આરંભ કરે છે, તેઓ નિઃશંકપણે ઘણો વધારે આરંભ કરે છે. પણ જેઓ ચૂર્ણ નાખ્યા વિના આરંભ કરે છે, તેઓ સભયપણે, ક્ષોભ સાથે આરંભ કરે છે.

तथा अहह इमो गिहवासो परिहरणिज्जो विवेगवंताणं।
बहुजीवविणासयरा आरम्भा जत्थ कीरंति ।।१।। इत्यादि निन्दन्पश्चात्तापपरायणाः स्वल्पतरमेव विदधति विदिततत्त्वाः।

તથા - અરે.... આ ગૃહવાસ વિવેકી પુરુષોએ છોડવા યોગ્ય છે. જ્યાં ઘણા જીવોનો વિનાશ કરતા એવા આરંભો કરાય છે. ॥૧॥ ઇત્યાદિ નિંદા-પશ્ચાત્તાપમાં પરાયણ, તત્વવેત્તા એવા તેઓ સાવ થોડો જ આરંભ કરે છે.

तथा श्रीआचाराङ्गवृत्ति-प्रथमाध्ययन-तृतीयोद्देशके त्रिदण्डोत्कलितस्याप्येवं परीक्षा प्रोक्ता । तथाहि-अग्निपुद्गलत्वादीषत्पिङ्गलजलं भवत्युष्णं गन्धतो धूमगन्धि रसतो विरसं स्पर्शत उष्णम् । तत्रोद्वृत्तदण्डमेवंविधावस्थं यदि, ततः कल्पते नान्यथा ।

તથા શ્રીઆચારાંગ ટીકા - પ્રથમ અધ્યયન - ત્રીજા ઉદ્દેશામાં ત્રણ ઉકાળાવાળા પાણીની પણ આ રીતે પરીક્ષા કહી છે - તે આ રીતે - અગ્નિપુદ્ગલપણાથી થોડું પીળાશવાળું, ગંધથી ધુમાડાની ગંધવાળું, રસથી બેસ્વાદ, સ્પર્શથી ઉષ્ણ આવું ઉકાળેલું પાણી હોય છે. તેમાં જો ઉદ્વૃત્તદંડ આવી અવસ્થાવાળું હોય, તો કલ્પે, નહીં તો ન કલ્પે.

एवमुत्कालितजलेऽपि वर्णान्तरादिप्राप्तिरूपपरीक्षां विनाऽग्राह्यत्वमुक्तम्, तर्हि द्रोणमितेऽपि पानीये चतुर्जातकादिटङ्कमितचूर्णे क्षिप्तेऽपि वर्णान्तरादिप्राप्तिरूपपरीक्षां विना कथं ग्राह्यत्वं स्यात् साधूनां श्राद्धानामपि च प्रासुकमेव तदिति ज्ञात्वा ?

આ રીતે જો ઉકાળેલું પાણી પણ અન્ય વર્ણ વગેરે પામવારૂપ પરીક્ષા વિના અકલ્પ્ય છે, એમ કહ્યું હોય, તો બત્રીશ શેર પ્રમાણ પાણીમાં ચતુર્જાતક (તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર) વગેરેનું ચાર માસા જેટલું ચૂર્ણ નાખવા છતાં પણ વર્ણમાં પરિવર્તન થવું વગેરે રૂપ પરીક્ષા વિના સાધુઓ અને શ્રાવકોને તે કલ્પ્ય જ છે, એમ સમજીને તે ગ્રહણ કરવા યોગ્ય શી રીતે થાય ?

तथा-पढमबितिचाउलोदगम्मि अहुणाधोअम्मि मीसयंति ।
लहूलहूगसचित्ते तुरिए तइएवि परे चिरकए वि ।।१।।

તથા પ્રથમ, દ્વિતીય, તૃતીય ચોખાના ધાવણમાં, હમણા ધોયું હોય, તેમાં મિશ્ર હોય છે. લઘુ લઘુક (જલ્દીથી કર્યું હોય ? ) સચિત્ત ચોથામાં ત્રીજામાં (?) કેટલાકના મતે ચિરકૃતમાં પણ ।।૧।।

अनया श्रीमदागमेयगाथया केवलस्य तुरीयस्य तन्दुलादिधावनस्य चिरकालकृतस्यापि सचित्ततैव प्रोक्ता, तथा केषाञ्चिदाचार्याणां मतेन तु केवलस्य तृतीयस्यापि तद्धावनस्य । तर्हि कथमीषत्तुषिकाचूर्णयोगेन वर्णान्तराद्यप्राप्तमादीयते पानीयं प्रासुकमिति ज्ञात्वा श्रीमद्दयामूलधर्मानुरागिभिः साधुभिः श्राद्धैश्च ?

માત્ર ચોથું ચોખાનું ધોવણ ઘણા સમયથી થયેલું હોય, તો તે પણ સચિત્ત છે, એમ આ આગમની ગાથા વડે કહેવાયું છે. તથા કેટલાક આચાર્યોના મતે તો કેવળ ત્રીજું પણ ચોખાનું

ધોવણ સચિત્ત છે. તો પછી થોડા ફોતરાચૂર્ણના સંયોગથી રંગ વગેરેનું પરિવર્તન નહીં પામેલું એવું પાણી પ્રાસુક છે, એમ સમજીને દયામૂલક ધર્મના પ્રેમી સાધુઓ અને શ્રાવકો કેમ તેનું ગ્રહણ કરે છે ?

यतः साधुभिः प्रथममहाव्रतोच्चारे त्रिविध-त्रिविधेनापि हिंसा प्रत्याख्याता षण्णामपि जीवानाम् । श्रीमदागमोक्तवर्णान्तरादि-प्राप्तिलक्षणपरीक्षां विना गृह्यमाणस्य तु जलस्य सचित्ततायाः सम्भवेन कथं तत्प्रत्याख्यानमाराधितं भवति लेशतोऽपि ?

કારણ કે સાધુઓએ પ્રથમ મહાવ્રતના ઉચ્ચારમાં ત્રિવિધ ત્રિવિધથી છ કાય જીવોની હિંસાનો ત્યાગ કર્યો છે. શ્રી આગમમાં કહેલ રંગ પરિવર્તન વગેરેની પ્રાપ્તિરૂપ પરીક્ષા વિના જે પાણીનું ગ્રહણ કરાય છે, તે સચિત્ત હોઇ શકે છે, માટે તે જળ લેનારને ઉપરોક્ત પચ્ચક્ખાણની આંશિક પણ આરાધના શી રીતે હોઇ શકે ?

यतः-जत्थ जलं तत्थ वणं जत्थ वणं तत्थ निच्छिओ तेऊ। तेऊवाऊसहाया तसा य पच्चक्खया चेव ।।१।। इति-वचनादपकायविराधने वनस्पतिकायादीनामपि विराधना-सम्भवात् ।

કારણ કે - જ્યાં જળ છે, ત્યાં વનસ્પતિ છે, જ્યાં વનસ્પતિ છે, ત્યાં અવશ્ય અગ્નિ છે, અને અગ્નિ અને વાયુની સાથે ત્રસ જીવો પણ પ્રત્યક્ષ જ છે. ।।૧।। (રત્નસંચય ૧૨૯, ગાથાસાહસ્રી

१३७). આ વચનથી અપકાયની વિરાધનામાં વનસ્પતિકાય વગેરેની વિરાધના પણ સંભવિત છે.

एवं कृतसचित्तप्रत्याख्यानानां श्राद्धानामपि भावनीयम् । तथोत्तरगुणा अपि निर्विकृतिकाचाम्लादिप्रत्याख्यानरूपा विराध्यन्ते तज्जलपानपरैः साधुभिः श्राद्धैश्च ।

આ રીતે જેમણે સચિત્તના પચ્ચક્ખાણ કર્યા છે. એ શ્રાવકોની બાબતમાં પણ ભાવવું જોઇએ. તથા નીવિ, આયંબિલ વગેરેના પચ્ચક્ખાણરૂપ ઉત્તરગુણોની પણ વિરાધના તે પાણી પીનારા સાધુઓ અને શ્રાવકો દ્વારા થાય છે.

तथा जलोपरि तुषिकाचूर्णप्रक्षेपे तज्जीवानां विनाशस्स्यात्तेन प्रथमं भाजने तन्निक्षेपं विधाय तदुपरि वारिगलनं विधीयते, इत्थमपि यत्तत्रोचे तदपि विचार्यम्, यत उभयथापि जीवविराधने निर्विशेषात् ।

તથા પાણીની ઉપર ફોતરા-ચૂર્ણ નાખવાથી તે જીવોનો વિનાશ થાય, માટે પહેલા વાસણમાં ચૂર્ણ નાખીને તેના ઉપર પાણી ગાળવામાં આવે છે, આવું પણ જે ત્યાં કહેવાયું છે, તે પણ વિચારણીય છે. કારણ કે બંને રીતે જીવવિરાધના તો સરખી જ છે.

यथा तप्तायःकुशी मुखे क्षिप्ता भवति प्राणान्तकारिणी तथा तदुपरि निवेशनं यस्य विधीयते तस्याप्यवश्यं प्राणान्तो भवति । तथा यथा काचिन्महती शीला कस्यचिन्मस्तकोपरि

पतति, तस्य जीवितान्तः स्यात्, एवं चेत्कश्चिन्नरः कस्मिंश्चिदुच्चदेशे स्थितेन केनचिन्नरेण नीचैः स्थिताया महत्याः शिलाया उपरि पात्यते, तस्यापि प्राणान्तः स्यादेव हस्तपादादि-भङ्गात्, एवं चेदुपरि क्षिप्ते तुषिकाचूर्णे जलजीवविराधनं स्यात्तदा किं न तदुपरि क्षिप्तानां तेषां विराधनम् ?

જેમ તપેલા લોઢાની નળી મોઢામાં મુકવાથી પ્રાણોનો અંત કરે છે. તેમ જેને તેના પર બેસાડવામાં આવે તેનું પણ અવશ્ય મૃત્યુ થાય છે. તથા જેમ કોઇ મોટી શિલા કોઇના માથા પર પડે, તો તેનું મૃત્યુ થાય, તેમ જો કોઇ માણસને ઉંચી જગ્યા પર રહેલો કોઇ મનુષ્ય નીચે રહેલી મોટી શિલા પર પાડે, તો હાથ-પગ વગેરે ભાંગવાથી તેનું પણ મૃત્યુ થાય જ.

એ રીતે જો ઉપર ફોતરા-ચૂર્ણ નાખવાથી પાણીના જીવોની વિરાધના થાય, તો શું ચૂર્ણ પર નાખેલા પાણીના જીવોની વિરાધના ન થાય ?

एवं प्रासुकीकरणेऽन्तर्मुहूर्तायुर्व्यभिचारः ।।१११।। योनिबन्धासिद्धता ।।११२।। जलावनिसंयोगाभावप्रतिमुहूर्तधा-न्यादिकणनव्यनव्यजीवगमागमः[1] ।।११३।। स्थानवियोजित-पत्रपुष्पादिविषयप्रतिमुहूर्तभिन्नभिन्नजन्तुसमागमहेतुयोनिसद्भावः ।।११४।।

આ રીતે પ્રાસુક કરવામાં અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્યનો અનેકાંત ।।૧૧૧।। યોનિબંધની અસિદ્ધિ ।।૧૧૨।। જળ,

१. ग - ०जीवसमागमः ।

પૃથ્વીસંયોગ વિના પણ પ્રત્યેક મુહૂર્ત્તે ધાન્ય વગેરેના કણમાં નવા નવા જીવોની આવ-જા ॥૧૧૩॥ પોતાના સ્થાનથી છૂટ્ટા પાડેલા પાંદડા, ફૂલ વગેરેના વિષયમાં પ્રત્યેક મુહૂર્ત્તે અલગ અલગ જીવોના આગમનની કારણભૂત યોનિની વિદ્યમાનતા ॥૧૧૪॥

२२१ वृन्तम्लानताविरहितपत्रपुष्पाद्यचित्तता ।।११५।। श्रीमदागमोक्तस्वकायपरकायोभयरूपशस्त्रत्रयविरहितपृथिव्याद्यचित्तता ।।११६।। वर्णान्तराद्यप्राप्तपयःप्रासुकता ।।११७।।

જેમનું ડીંટડું કરમાયું નથી તેવા પાંદડા, ફૂલો વગેરેની અચિત્તતા ॥૧૧૫॥ શ્રી આગમમાં કહેલ સ્વકાય-પરકાય-ઉભયરૂપ ત્રણે શસ્ત્રથી રહિત એવી પણ પૃથ્વી વગેરેની અચિત્તતા ॥૧૧૬॥ અન્ય વર્ણ નહીં પામેલ એવા પાણીની પ્રાસુકતા ॥૧૧૭॥

एधःसंयोगप्रतिक्षणप्रवर्द्धमानहुताशननिर्जीवता ।।११८।। प्रतिक्षणपरावर्तमानाऽप्रतिहतगतिपवनधूपयोग[1]प्रासुकीभवनम् ।।११९।। कृतत्रिकटुकप्रक्षेपकाञ्जिकभाजन-पुष्पिकास[2]मूह-सद्भावनिर्दोषतादि ।।१२०।। बहु विचार्यम्।

ઇંધણના સંયોગમાં પ્રતિક્ષણ વધતા એવા અગ્નિની નિર્જીવતા ॥૧૧૮॥ પ્રત્યેક ક્ષણે પરાવર્તમાન અને અસ્ખલિત ગતિવાળા પવનનું ધૂપના સંયોગથી અચિત્ત થવું ॥૧૧૯॥ જેમાં સૂંઠ, મરી અને પીપર નાંખ્યા હોય તેવા કાંજીકના વાસણમાં પુષ્પિકા

१. क.ग - योगे । २. क.ख - समुद्गम ।

(ફૂગ ?) ના સમૂહની વિદ્યમાનતા-નિર્દોષતા (ફૂગ થવાનો દોષ ન લાગવો તે) ॥૧૨૦॥ વગેરે ઘણું વિચારણીય છે.

तथा वीसंघिसितक्केत्याद्यक्षरैर्दिनद्वयं यावद्दध्न इव तक्रस्यापि पूर्वसूरिभिर्निर्दोषत्वेन गृह्यमाणत्वे सति यदष्टमे यामे तक्रेऽनन्तजीवोद्गमः प्रोच्यते । एतस्मिन् तन्निवारणार्थं च मुस्ताचूर्णक्षेपश्च यो विधीयते, एतदुक्तावुभावपि विचारणीयौ।

તથા 'વીસંઘિસિ તક્કે' ઇત્યાદિ અક્ષરોથી બે દિવસ સુધી દહીંની જેમ છાશ પણ નિર્દોષ હોવાથી પૂર્વાચાર્યો ગ્રહણ કરે છે. છતાં જે 'આઠમા પ્રહરમાં છાશમાં અનંત જીવો ઉત્પન્ન થાય છે' એવું જે કહેવાય છે, તથા તેના નિવારણ માટે જે છાશમાં મોથનું ચૂર્ણ નાંખવામાં આવે છે, આણે કહેલી આ બંને વસ્તુ વિચારણીય છે.

यतो दिनद्वयं यावत्तक्रे जीवोद्गमासम्भवादष्टमयामे यत्तत्र जीवोत्पत्तिपरिज्ञानम्, तेन अजीवे जीवसन्ना इति श्रीमदागमोदित-मजीवे जीवज्ञानलक्षणं मिथ्यादर्शनं समुत्पद्यते ।।१२२।।

કારણ કે બે દિવસ સુધી છાશમાં જીવોની ઉત્પત્તિ સંભવિત નથી, માટે જે આઠમે પ્રહરે તેમાં જીવો ઉત્પન્ન થાય છે, એવું માનવું, તેનાથી અજીવમાં જીવસંજ્ઞા એવું આગમમાં કહેલું 'અજીવમાં જીવ માનવારૂપ' મિથ્યાદર્શન ઉત્પન્ન થાય છે.

तथैकवारं तक्रे मुस्ताचूर्णे क्षिप्ते दिनद्वयमानता प्रोच्यते, पुनर्द्वितीयवारं दिनद्वयान्ते तक्रे तत्क्षेपे कृते सति पुनर्दिनद्वैतं शुद्ध्यमानता च तत्रोच्यते ।

તથા એક વાર છાશમાં મોથનું ચૂર્ણ નાખવાથી પછી તે બે દિવસ સુધી ખપે છે, એવું જે કહ્યું છે, ફરીથી બીજી વાર બે દિવસ પછી છાશમાં તે ચૂર્ણ નાંખવાથી ફરીથી બે દિવસ સુધી તે સૂઝે છે, એવું ત્યાં કહ્યું છે.

एवमेतदुक्तचूर्णं निक्षिप्य चतुर्दिनानि यावत्तक्रं निर्दोषमिति ज्ञात्वा यैर्व्यापार्यते, तेषां पुष्पिकादिजन्तू-द्‌गमनसहितेऽपि तक्रे निर्दोषतापरिज्ञानेन च चतुर्दिनानि यावत्तद[1](द्) व्यापारणाज्जीवे अजीवसञ्ज्ञा इति श्रीमदागमोदितं जीवेऽजीवसञ्ज्ञालक्षणं मिथ्यादर्शनं प्रादुर्जायते ।।१२३।।

આ રીતે એમાં કહેલું ચૂર્ણ નાખીને ચાર દિવસ સુધી તે છાશ વાપરવામાં દોષ નથી, એવું માનીને જેઓ વાપરે છે, તેમને પુષ્પિકા વગેરે જીવોની ઉત્પત્તિથી સહિત એવી પણ છાશમાં નિર્દોષતાના જ્ઞાનથી અને ચાર દિવસ સુધી તે વાપરવાથી 'જીવમાં અજીવસંજ્ઞા' એમ શ્રી આગમમાં કહેલું 'જીવને અજીવ માનવારૂપ' મિથ્યાદર્શન ઉત્પન્ન થાય છે. ।।૧૨૩।।

एवमारनालभाण्डे वारद्वयं त्रिकटुकक्षेपे कृते चतुर्दिवसान्यावत्काञ्जिकस्य शुद्धतया व्यवहारिणां प्रसङ्गो वाच्यः ।।१२४।।

તે રીતે ઓસામણના વાસણમાં બે વાર સૂંઠ, મરી, પીપર નાંખવાથી ચાર દિવસ સધી તે વાપરવું સૂઝે છે, એવો વ્યવહાર કરનારાઓને પણ (ઉપરોક્ત મિથ્યાદર્શનનો) પ્રસંગ કહેવો (સમજવો). ।।૧૨૪।।

---

१. ग - त्तद्रव्या । क.ख - त्तदव्या ।

तथा येन देशविरतिः प्रतिपन्ना भवति श्राद्धेन, स यावत्तत्परिणामं न जहाति, तावत्सर्वकालमपि देशतः प्राणातिपातादिविरतत्वेन देशविरत इत्युच्यते श्रीमदागमे । एवं सत्यपि प्रतिक्रमणार्हत्पूजनसमययोरेव देशविरतः प्रोच्यते श्राद्धः, अन्यदा त्वविरत इति यत्तत्रोच्यते, तदपि विरुद्धम्, यतः-अहन्नं भंते ! तुम्हाणं समीवे थूलगं पाणाइवायं संकप्पओ निरवराहं पच्चक्खामि जावज्जीवाए-इत्यादिव्रतालापकेषु 'जावज्जीवाए' इतिभणनेन सर्वकालमपि तत्परिणामापरित्यागेन देशविरतत्वात् ।।१२५।।

તથા જે શ્રાવકે દેશવિરતિનો સ્વીકાર કર્યો હોય, તે જ્યાં સુધી તેના પરિણામનો (અધ્યવસાયનો) ત્યાગ ન કરે, ત્યાં સુધી હંમેશ માટે દેશથી હિંસા વગેરેથી વિરત હોવાથી શ્રીઆગમમાં તે 'દેશવિરત' કહેવાય છે. એમ હોવા છતાં પણ પ્રતિક્રમણ-જિનપૂજાના સમયમાં જ શ્રાવક દેશવિરત કહેવાય છે, તે સિવાયના કાળે તો અવિરત છે, એવું જે ત્યાં કહેવાય છે, એ પણ વિરુદ્ધ છે. કારણ કે હે ભગવંત !હું આપની પાસે સ્થૂલ પ્રાણાતિપાત સંકલ્પથી નિરપરાધ પચ્ચક્ખાણ કરું છું યાવજ્જીવ-ઇત્યાદિ વ્રતના આલાવાઓમાં 'આજીવન' એમ કહ્યું હોવાથી હંમેશ માટે વ્રતના અધ્યવસાયનો ત્યાગ ન કર્યો હોવાથી, (હંમેશ માટે) દેશવિરત છે. ॥૧૨૫॥

तथा यदप्युच्यते-तत्प्रासुकीकरणं चेन्न मन्यते, तर्हि कथं त्रिविधेन कृतप्रत्याख्यानाः साधवो द्रव्यस्तवं प्ररूपयन्ति ? यतस्तत्रैकेन्द्रियाणां हिंसा समुत्पद्यते-तदपि न क्षमते क्षोदम्,

यतः-आमंतणि आणवणी जायणि तह पुच्छणी य पन्नवणी-इत्यादिगाथायां धर्माधर्मफलोपदेशनरूपप्रज्ञापनीभाषाया[1] असत्यामृषाभाषात्वेन कथनात् ।

તથા જે એમ કહેવાય છે, કે - જો આ પ્રાસુક કરવાની ક્રિયા ન મનાય, તો પછી ત્રિવિધથી સાવદ્યના પચ્ચક્ખાણ કરનારા સાધુઓ દ્રવ્યસ્તવની પ્રરૂપણા કેમ કરે છે ? કારણ કે તેમાં તો એકેન્દ્રિયોની હિંસા થાય છે. આ વાત પણ યુક્તિસંગત નથી. કારણ કે - આમંત્રણી, આજ્ઞાપની, યાચની, પૃચ્છની અને પ્રજ્ઞાપની - (ભગવતીસૂત્ર શતક-૧૩, ઉદ્દેશ-૭) ઇત્યાદિ ગાથામાં ધર્મ-અધર્મના ફળના ઉપદેશરૂપ પ્રજ્ઞાપની ભાષાને અસત્યામૃષા ભાષારૂપે કહી છે.

(૧) આમંત્રણી ભાષા - હે દેવદત્ત !

(૨) આજ્ઞાપની ભાષા - તું આ કર.

(૩) યાચની ભાષા - આપો (એમ કોઇ વસ્તુ માંગવી).

(૪) પૃચ્છની ભાષા - અજ્ઞાત/શંકિત વસ્તુની પૃચ્છા.

(૫) પ્રજ્ઞાપની ભાષા - હિંસાથી નિવૃત્ત જીવો ભવાંતરમાં દીર્ઘાયુષી થાય છે - ઇત્યાદિ વિનીત શિષ્યને કહેવું તે.

(૬) પ્રત્યાખ્યાની ભાષા - કોઇ કાંઇ માંગતું હોય તેને નિષેધ કરવો તે..

(૭) ઇચ્છાનુલોમા ભાષા - કાર્યની શરૂઆત કરતા કોઇ અન્યને કહે - તમે આ કરો, મને પણ આ અભિપ્રેત છે.

---

१. क - देशज्ञान । ख - देशेजान ।

(૮) અનભિગ્રહા ભાષા - જેમાં કોઇ નિશ્ચિત અર્થનું અવધારણ ન હોય. જેમ કે ઘણા કાર્યો બાકી હોય, ત્યારે કોઇ પૂછે કે 'હવે શું કરું ?' ત્યારે તેને જવાબ અપાય કે 'તને જે ઠીક લાગે, તે કર.

(૯) અભિગૃહીતા ભાષા - જેમાં ચોક્કસ અર્થનું અવધારણ હોય, જેમ કે 'હમણા આ કર, આ નહીં કર.'

(૧૦) સંશયકરણી ભાષા - જે અનેક અર્થોને કહેતી હોવાથી બીજાને શંકા ઉત્પન્ન કરે. જેમકે 'સૈન્ધવ લાવ, અહીં સૈન્ધવના લવણ, ઘોડો, પુરુષ, વસ્ત્ર એવા અનેક અર્થો થતા હોવાથી સાંભળનારને શંકા થાય છે.

(૧૧) વ્યાકૃતા ભાષા - જે પ્રગટ અર્થવાળી હોય.

(૧૨) અવ્યાકૃતા ભાષા - જે અત્યંત ગંભીર શબ્દાર્થવાળી હોય, અવ્યક્ત અક્ષરના પ્રયોગવાળી હોય, જેનો અર્થ સમજાઇ ન શકે તવી ભાષા.

આ બાર પ્રકારની ભાષાને અસત્યામૃષા કહેવાય છે. મૂળ સૂત્ર આ મુજબ છે -

**असच्चामोसा णं भंते ! भासा अपज्जत्तिया कइविहा पण्णत्ता ? गोयमा ! दुवालसविहा पण्णत्ता । तं जहा - आमंतणि आणणी जायणि तह पुच्छणी य पण्णवणी पच्चक्खाणी भासा इच्छाणुलोमा य ।। अणभिग्गहिया भासा भासा य अभिग्गहम्मि बोद्धव्वा । संसयकरणी भासा वोगड अव्वोगडा चेव ।।**

(ભગવતીસૂત્ર શતક ૧૩, ઉદ્દેશ ૭)

**तस्याश्च-असच्चमोसं सच्चं च-इतिपदेन वाच्यतया भिधानात् श्रीजिनभवनविधापनश्रीजिनपूजानिर्मितिप्रभृति-द्रव्यस्तव-फलोपदेशरूपा प्रज्ञापनीभाषा साधूनां न विरुध्यते ।**

**અસત્યામૃષા અને સત્ય (દશવૈકાલિક ૭-૩) આ પદથી તે ભાષા કહેવા યોગ્યરૂપે જણાવી છે, માટે શ્રી જિનાલય નિર્માપણ, શ્રીજિનપૂજાનિર્માણ વગેરે દ્રવ્યસ્તવના ફળના ઉપદેશરૂપ પ્રજ્ઞાપની ભાષા બોલવી એ સાધુઓને વિરુદ્ધ નથી.**

ઉપરોક્ત ગાથાનો સંપૂર્ણ પાઠ આ મુજબ છે.

**असच्चमोसं सच्चं च, अणवज्जमकक्कसं ।**
**समुप्पेहमसंदिद्धं, गिरं भासिज्ज पन्नवं ।।**

બુદ્ધિમાન સાધુએ અનવદ્ય, કોમળ, શંકારહિત એવી અસત્યામૃષા અને સત્ય ભાષાને વિચારીને બોલવી જોઇએ. (દશવૈકાલિક ૭-૩)

**न चैतत्स्वमतिश(शि)ल्पिकल्पितम्, यदुक्तं चैत्यवन्दनाभाष्ये - जह सप्पभया माया सुअस्स गत्ताउ कड्ढणोवायं । लहु अन्नं अलहंती घिंसंती वि हु न दोसिल्ला ।।१।। तह दोसवं न साहू गिहिणो दव्वत्थयं उवइसंतो । बहुपावइंदियत्थाइदोसनियरा निवारिंतो ।।२।। इति ।**

**આ કાંઇ નિજમતિરૂપી શિલ્પી દ્વારા કલ્પિત નથી, કારણ કે ચૈત્યવંદન ભાષ્યમાં કહ્યું છે - જેમ માતા સાપના ભયથી પુત્રને ખાડામાંથી ખેંચી કાઢવાનો અન્ય શીઘ્ર ઉપાય ન મેળવી**

શકે, તો એ તેને ઘસડીને બહાર કાઢે તો ય દોષિત નથી. ॥૧॥ તે રીતે ગૃહસ્થને દ્રવ્યસ્તવનો ઉપદેશ આપતા, તેમને ઘણા પાપકારક એવા ઇન્દ્રિયાર્થાદિ સંબંધી (વૈષયિક) દોષોથી નિવારતા સાધુ પણ દોષિત નથી. ॥૨॥

अथ कथयिष्यते श्रीमदर्हदर्च्चा धर्मार्थं क्रियते, यत्र च हिंसा कथं धर्म इति ।

હવે જો એમ કહો કે શ્રી અરિહંતની પૂજા ધર્મ માટે કરાય છે, તો જ્યાં હિંસા છે, તેમાં ધર્મ શી રીતે હોઇ શકે ?

तदपि स्ववचसैव निरस्तं नवतत्त्वनिदानादिष्वेकेन्द्रियहिंसासाध्य एव श्रीमत्श्राद्धधर्म इति पुनः पुनर्भणनात्।

તે વાત પણ તમારા પોતાના જ વચનથી નિરાકૃત થઇ જાય છે. કારણ કે નવતત્ત્વ નિદાન વગેરેમાં તમે ફરી ફરી એમ કહ્યું છે કે શ્રાવકધર્મ એ એકેન્દ્રિયહિંસાથી જ આરાધી શકાય છે.

संघट्टादिजनितैव हिंसा तत्र गृह्यते, न पुनः प्राणान्तविधायिनीति चेत् ?

તેમાં સંઘટ્ટા વગેરેથી થયેલી હિંસા જ સમજવાની છે, પ્રાણોનો અંત કરી દે એવી હિંસા નહીં - એવું જો કહેતા હો....

तर्हि सापि हिंसाशब्देन निगद्यते, तया साध्यश्च श्राद्धधर्मो नवतत्त्वनिदानादिषु निगदितस्तत्कथमुच्यते यत्र हिंसा तत्र कथं धर्मः ? इति ।

તો તેને પણ હિંસા તો કહો જ છો, અને નવતત્ત્વનિદાન વગેરેમાં તમે કહ્યું છે કે શ્રાવકધર્મ હિંસાથી સાધ્ય છે. તો પછી તમે એમ શી રીતે કહી શકો કે - જ્યાં હિંસા છે, ત્યાં ધર્મ શી રીતે હોઇ શકે ?

अथ चेदुत्तरीकरिष्यते नैकस्याप्येकेन्द्रियस्य प्राणान्तकारिणी हिंसा धर्मार्थविधेया श्राद्धशिरोमणीभिरिति, नैतदपि प्रकटयति श्रीमदागमाभिज्ञताम्, आयव्ययविलोकनेनैवार्हतानां सर्वत्र प्रवृत्तेः।

હવે જો એમ કહો કે શ્રેષ્ઠ શ્રાવકોએ એક પણ એકેન્દ્રિયના પ્રાણોનો અંત કરનારી હિંસા ધર્મ માટે ન કરવી જોઇએ, તો આ વાત પણ તમારા આગમના જ્ઞાનને છતું કરતી નથી. (અજ્ઞાનને છતું કરે છે.) કારણ કે લાભ-નુકશાનને જોઇને જ સર્વત્ર જૈનો પ્રવૃત્તિ કરે છે.

यतो द्रव्यस्तव एकेन्द्रियाणां हिंसा समुत्पद्यते, तया च या हानिः सम्भवेत्ततोऽपि लाभो महीयान् ।

કારણ કે દ્રવ્યસ્તવમાં એકેન્દ્રિયોની હિંસા થાય છે, અને તેનાથી જે હાનિ થાય, તેના કરતા પણ લાભ વધારે મોટો છે.

यतो द्रव्यस्तवं कुर्वतां श्राद्धानां शुभभावप्रवृद्धेर्यदेकेन्द्रियहिंसया समभदुरितम्, तदपगमेन प्रभूता भवति कर्मनिर्जरा ।

કારણ કે દ્રવ્યસ્તવ કરતા શ્રાવકોને શુભ ભાવોની અત્યંત વૃદ્ધિ થવાથી એકેન્દ્રિયની હિંસાથી જે પાપ થયું હતું, તે જતું રહે છે અને ઘણી કર્મનિર્જરા થાય છે.

चेदेवं न स्यात्तदा कथं नागकेतुप्रभृतीनां द्रव्यस्तवपरायणानां शुभभावप्रवृद्ध्या घातिकर्मक्षयेन केवलचिदुत्पत्तिः ।

જો એવું ન હોય, તો દ્રવ્યસ્તવમાં પરાયણ એવા નાગકેતુ વગેરેને શુભ ભાવોની અત્યંત વૃદ્ધિથી ઘાતિકર્મોનો ક્ષય થવાથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ કેવી રીતે થાય ?

यापि च द्रव्यस्तवे हिंसा समुत्पद्यते, साऽपि द्रव्यत एव न पुनर्भावतः । यत एतान्पृथिव्यादिजीवान्हन्मीति मनोयोगाभावात्। किन्तु प्रासादप्रतिमादिकं कारयामि श्रीजिनार्चां करोमीत्यादिकस्य धर्मध्यानस्यैव सम्भवात् । यादृशं च ध्यानं तादृश एवाशुभः शुभोऽथवा कर्मणो बन्धः ।

જે પણ દ્રવ્યસ્તવમાં હિંસા થાય છે, તે પણ દ્રવ્યથી જ થાય છે, ભાવથી નહીં. કારણ કે 'આ પૃથ્વી વગેરે જીવોને હું હણું' એવો મનનો અધ્યવસાય ત્યાં હોતો નથી, પણ જિનાલય - જિનબિંબ વગેરે કરાવું, શ્રી જિનપૂજા કરું - વગેરે ધર્મધ્યાન જ સંભવે છે. અને જેવું ધ્યાન હોય, તેવો જ શુભ કે અશુભ કર્મબંધ થાય છે.

तस्माद् द्रव्यस्तवे द्रव्यतः सम्भवत्येकेन्द्रियाणां हिंसा, तथापि शुभभावहेतुत्वाद्विधेय एव द्रव्यस्तवः सदुपासकैः । न चैतत्स्वमतिविजृम्भितम्, यदाह भगवान्पञ्चलिङ्गीकारः

पुढवाइआण जइविहु होइ विणासो जिणालयाहिंतो ।
तव्विसया वि सुदिट्ठिस्स निअमओ अत्थि अणुकंपा ।।१।।

માટે દ્રવ્યસ્તવમાં દ્રવ્યથી એકેન્દ્રિયોની હિંસા સંભવે છે,

તો પણ દ્રવ્યસ્તવ શુભ ભાવોનું કારણ હોવાથી સાચા શ્રાવકોએ તે કરવો જ જોઇએ. આ કાંઇ પોતાની બુદ્ધિથી નથી કહ્યું, કારણ કે ભગવાન પંચલિંગીકારે પણ કહ્યું છે - જો કે જિનાલયથી પૃથ્વી વગેરેનો વિનાશ થાય છે, પણ સમ્યગ્દષ્ટિને તે જીવો પર પણ અવશ્ય દયાભાવ હોય છે. ॥૧॥ (પંચલિંગી ૫૮)

एआहिंतो बुद्धा विरया रक्खंति जेण पुढवाई ।
तत्तो निव्वाणगया अबाहया आभवमणंतं ॥२॥

જેઓ જિનાલય આદિથી બોધ પામીને વિરત થાય છે, તેઓ પૃથ્વીકાય આદિની રક્ષા કરે છે. અને પછી તેઓ મોક્ષે જાય છે અને જ્યાં સુધી આ સંસાર છે ત્યાં સુધી - અનંત કાળ સુધી તે જીવોને પીડા કારક બનતા નથી. ॥૨॥ (પંચલિંગી ૫૯)

रोगिसिरावेहो इव सुविज्जकिरिया व सुप्पउत्ता वा ।
परिणामसुंदर च्चिअ चिट्ठा से बाहजोगेवि ॥३॥

જેમ રોગીની શિરાનો વેધ હોય, જેમ સારો વૈદ સમ્યક્ પ્રયોગ દ્વારા ચિકિત્સા કરે, તેમ બાધા થતી હોવા છતાં પણ દ્રવ્યસ્તવકારકની ચેષ્ટા પરિણામે તો સુંદર જ છે. ॥૩॥ (પંચલિંગી ૫૦)

तथा श्रीआवश्यकेषूक्तम्-

अकसिणपवत्तगाणं विरयाविरयाण एस खलु जुत्तो ।
संसारपयणुकरणो दव्वथए कूवदिट्ठंतो ॥१॥ इति।

તથા શ્રી આવશ્યકસૂત્રમાં પણ કહ્યું છે - જેઓ સંપૂર્ણ

સંયમમાં પ્રવૃત્ત નથી એવા શ્રાવકો માટે સંસારને પરિમિત કરનારો એવો દ્રવ્યસ્તવ ઉચિત છે. દ્રવ્યસ્તવના વિષયમાં કૂવાનું દૃષ્ટાંત છે. ॥૧॥ (આવશ્યકભાષ્ય ૧૯૪)

२४५ तथान्यत्राप्युक्तम् -

पूआए मणसंती मणसंतीए य होइ सुहभावो ।
सुहभावाओ मुक्खो मुक्खे सुक्खं अणाबाहं ।।१।। इति ।

તથા અન્યત્ર પણ કહ્યું છે - પૂજાથી મનની શાંતિ મળે છે. મનની શાંતિથી શુભભાવ જાગે છે. શુભભાવથી મોક્ષ મળે છે. મોક્ષમાં અવ્યાબાધ સુખ છે.

સંબોધ પ્રકરણમાં આ ગાથા આ મુજબ છે -

पूयाए मणसंती मणसंतीएहिं उत्तमं झाणं ।
सुहझाणेण य मोक्खो मुक्खे सुक्खं अणाबाहं ।।१९९।।

किञ्च आयव्ययविलोकने नैकेन्द्रियाणां द्रव्यतो हिंसापि धर्मसाधनतया न स्वीक्रियते भवद्भिस्तत्कथं जलगलनमपि करिष्यते ? यतस्तस्मिन् क्रियमाण एकस्मिन्नुदकबिन्दावसङ्ख्येयानां जीवानां सम्भवाद् गलनके लग्नानामसङ्ख्येयतमानां जीवानां जलसम्बधिनां विराधना स्यात्तस्मिन्शुष्यति निश्च्योत्यमाने वा । त्रसास्तु चेत्सम्भवन्ति तदापि कियन्त एव । न च जलगलनमधर्मार्थं विधीयते भवदुपसकैरपि ।

વળી લાભ-નુકશાન જોવાપૂર્વક જો એકેન્દ્રિયોની દ્રવ્યહિંસાને પણ ધર્મના સાધનરૂપે તમે ન સ્વીકારો, તો પછી પાણીનું ગળણું પણ શી રીતે કરાશે ? કારણ કે પાણી ગાળતા

**એક જળબિંદુમાં અસંખ્ય જીવો સંભવે છે, તો જ્યારે ગળણું સુકાશે કે નિચોવાશે, ત્યારે તેમાં લાગેલા અસંખ્ય અપ્કાયના જીવોની વિરાધના થશે. જો કે તેમાં ત્રસ જીવો પણ સંભવે છે, પણ તે થોડાં જ હોય છે.**

**વળી આપના ઉપાસકો કાંઇ અધર્મ માટે તો પાણી ગાળવાની વિધિ કરતા નથી.**

આશય એ જ છે કે, ઉપરોક્ત વિરાધના હોવા છતાં પણ લાભાલાભનો વિચાર કરીને જેમ ગળણું કરાય છે, તેમ દ્રવ્યસ્તવની બાબતમાં પણ સમજવું જોઇએ.

**तथा जिनपतिवन्दनाद्यर्थे जिनभवन-पौषधशाला-गमनाद्यपि न कार्यं स्याद्युष्मदुपासकानाम्, वर्षासु प्रायो वर्षति मन्दं मन्दं जलदे मार्गे वारिविराधना झञ्झानिलविराधना पनकहरितकाय-विराधना कुन्थुप्रभृतिसूक्ष्मत्रसजन्तुविराधना वावश्यं सम्भवति। न च तत्रापि किञ्चिद्भवतां प्रासुकीकरणम्।**

**તથા જિનેશ્વરને વંદના કરવા વગેરે માટે જિનાલય-પૌષધશાળાએ જવું વગેરે પણ તમારા ઉપાસકોનું અકર્તવ્ય થઇ જશે, કારણ કે ચોમાસામાં પ્રાયઃ વાદળું ધીમે ધીમે વરસતું હોય ત્યારે રસ્તામાં અપ્કાયની વિરાધના, પ્રચંડ પવન (વાયુકાય)ની વિરાધના, શેવાળ, લીલોતરીની વિરાધના કે કંથવા વગેરે સૂક્ષ્મ ત્રસ જીવોની વિરાધના અવશ્ય સંભવે છે. અને તેમાં તમારું કાંઇ પ્રાસુકીકરણ તો છે નહીં.**

જે ચૂર્ણપ્રક્ષેપ દ્વારા પૃથ્વીકાય વગેરેને અચિત્ત કરવાની

પ્રક્રિયા તમે માની છે, તેમ પ્રસ્તુતમાં અપ્કાયાદિની વિરાધના ન થાય, તે માટે કોઇ ચૂર્ણાદિના પ્રયોગથી તે જળ વગેરે અચિત્ત થઇ જાય એવું તમે માન્યું નથી. માટે ઉક્ત વિરાધના તો તમારા મતે પણ અવસ્થિત જ છે.

**तथा सर्वदापि प्रभातसमये घटिकाद्वयं यावत् पततः सूक्ष्माप्कायस्य विराधनासम्भवात्तावन्तं कालं न युज्यत एव युष्मदुपासकानां जिनभवनादिगमनम् ।**

**તથા સર્વદા પ્રભાતસમયે બે ઘડી સુધી પડતા સક્ષ્મ અપ્કાયની વિરાધના સંભવિત હોવાથી તેટલા સમય સુધી તમારા ઉપાસકો માટે જિનાલય આદિએ જવું એ ઉચિત જ નથી.**

**तथा तीर्थयात्राकरणमपि युष्मदुपासकानां न सङ्गच्छते। अरण्यादौ पृथ्वीकायिकानां तथा मार्गे नद्यादिजलस्य तथा हरित्कायादिवनस्पतीनां कुन्थु-पिपीलिकाप्रभृतित्रसतनूमतां च विराधना स्यादेव द्रव्यतो यतनापराणामपि ।**

**તથા તમારા ઉપાસકોને તીર્થયાત્રા કરવી પણ સંગત નથી. કારણ કે જંગલ વગેરેમાં પૃથ્વીકાયના જીવોની અને રસ્તામાં નદી વગેરેના પાણીની તથા લીલોતરી વગેરે વનસ્પતિની અને કંથવા, કીડી વગેરે ત્રસ જીવોની દ્રવ્યવિરાધના તો જયણામાં તત્પર એવા પણ શ્રાવકો દ્વારા થવાની જ છે.**

**एतानि च जलगलन-जिनभवनादिगमन-यात्रा-करणादीनि च द्रव्यतो हिंसायाः सम्भवेऽपि विधीयन्त एव भवदुपासकैः । न च तान्यधर्मार्थं युष्मदुपदेशं विना तैर्विधीयन्ते, किन्तु आयव्ययविलोकनेन धर्मार्थं युष्मदुपदेशेनैव ।**

આ રીતે દ્રવ્યથી હિંસા સંભવિત હોવા છતાં પણ પાણી ગાળવું, જિનાલય આદિએ જવું અને યાત્રા કરવી વગેરે તમારા અનુયાયી શ્રાવકો કરે જ છે. એ કાંઇ તમારા ઉપદેશ વિના, અધર્મના પ્રયોજનથી તેઓ નથી કરતા, પણ લાભાલાભ જોઇને, ધર્મ માટે, તમારા ઉપદેશથી જ કરે છે.

तस्मादायव्ययविलोकनेन प्रज्ञापन्याऽसत्यामृषाभाषया द्रव्यस्तवफलं प्ररूपयतां साधूनां को नाम दोषःसम्भवेल्लेशतोऽपि? प्रत्युत तेषां संसाराकूपारात्परेषां निस्तारणाद् गुणः स्यात्, यतो द्रव्यस्तवादेव भावस्तवः श्राद्धानाम्, भावस्तवादेव पुनर्मोक्ष इति ।

માટે લાભાલાભને જોવાપૂર્વક જેઓ પ્રજ્ઞાપની - અસત્યામૃષા ભાષાથી દ્રવ્યસ્તવનું ફળ પ્રરૂપે છે, તે સાધુઓને આંશિક પણ કયો દોષ સંભવે ? ઉલ્ટુ સંસારસાગરથી બીજાઓનો નિસ્તાર કરવાથી ગુણ (લાભ) થાય છે, કારણ કે દ્રવ્યસ્તવથી જ શ્રાદ્ધોને ભાવસ્તવ થાય છે, અને ભાવસ્તવથી જ મોક્ષ મળે છે.

तथा-पुढवितसे, तसरहिए निरन्तरतसे अ पुढविए गमणं-इत्यादिभिस्तथा-एरावई कुणालाए जत्थ एगं पायं जले किच्चा एगं पायं थले किच्चा-इत्यादिभिः श्रीमदागमेयवचनैरायव्ययविलोकनेन पार्थिवोदकादिजीवानां विराधना साधुभिरपि द्रव्यतो विधीयते, न पुनरधर्मार्थम् ।

તથા - પૃથ્વીકાય -ત્રસકાય બેમાં ત્રસરહિતમાં અને નિરંતર

**ત્રસમાં પૃથ્વીથી ગમન - ઇત્યાદિ, તથા કુણાલા પાસે ઐરાવતી નદી, જ્યાં એક પગ જળમાં કરીને, એક પગ આકાશમાં કરીને - ઇત્યાદિ શ્રી આગમના વચનોથી લાભાલાભ જોવાપૂર્વક સાધુઓ પણ પૃથ્વી, પાણી વગેરેના જીવોની દ્રવ્યથી વિરાધના કરે છે, પણ (તે વિરાધના) અધર્મ માટે નથી કરતાં.**

ઉપરોક્ત પુઢવિ૦ ગાથા ઓઘનિર્યુક્તિમાં આ મુજબ કહી છે.

**पुढवितसे तसहिए निरंतरतसेसु पुढवीए चेव ।**
**आउवणस्सइकाए वणेण नियमा वणं उदए ॥८२॥**

માર્ગમાં જતાં બે રસ્તા આવે. એક રસ્તે પૃથ્વીકાયની વિરાધના સંભવતી હોય અને બીજા રસ્તે ત્રસકાયની વિરાધના સંભવિત હોય, તો ત્રસરહિત માર્ગથી જવું જોઇએ. અર્થાત્ જો ત્રસ જીવો છૂટ્ટા છૂટ્ટા હોય તો તેમનો સંઘટ્ટો ન થાય તેમ જયણાપૂર્વક વચ્ચે વચ્ચેથી જવું જોઇએ. જેથી પૃથ્વીકાય અને ત્રસકાય બંનેની રક્ષા થાય. પણ જો ત્રસ જીવો નિરંતર હોય, તેથી તેમની વચ્ચેથી જવું શક્ય ન હોય, તો પૃથ્વીકાયવાળા માર્ગેથી જવું જોઇએ.

જો એક રસ્તે અપ્કાય હોય, અને બીજે રસ્તે વનસ્પતિકાય હોય, તો વનસ્પતિકાયવાળા માર્ગે જવું જોઇએ. કારણ કે જ્યાં અપ્કાય છે, ત્યાં અવશ્ય વનસ્પતિકાય પણ છે જ. માટે એ રસ્તે તો બમણી વિરાધના થાય.

નદી ઉત્તારનું સૂત્ર બૃહત્કલ્પ સૂત્રમાં આ મુજબ છે.

अह पुण **एवं जाणिज्जा एरवइ कुणालाए जत्थ चक्किया एगं पायं जले किच्चा एगं पायं थले किच्चा एवण्हं कप्पइ अंतो मासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा, एवं नो चक्किया एवण्हं नो कप्पइ अंतो मासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा** (ઉદ્દેશ-૪, સૂત્ર-૧૩૮)

હવે જો મુનિ એમ જાણે, કે કુણાલા નગરીની પાસે એરાવતી નામની નદી જંઘાના અર્ધભાગે આવે તેટલી ઊંડાઇથી વહે છે. તો તેમાં કે તેવી અન્ય નદીમાં જ્યાં એક પગ જળમાં રાખીને અને એક પગ આકાશમાં રાખીને નદી ઉતરી શકે, ત્યાં એક મહિનામાં બે વાર કે ત્રણ વાર એવી નદી ઓળંગવી કલ્પે છે. પણ જ્યાં આ રીતે ન ઓળંગી શકે, ત્યાં એક મહિનામાં બે વાર કે ત્રણ વાર નદી ઓળંગવી ન કલ્પે.

આગમમાં આવી વિધિઓ અધર્મ માટે નહીં પણ લાભાલાભની દૃષ્ટિએ ધર્મારાધના માટે જ બતાવી છે.

**तस्मात्किञ्चित्किञ्चिद्विराधनासम्भवेऽपि भावस्तवावाप्तिरूपं लाभं विलोक्य कथं न विधेयः स्याद् द्रव्यस्तवः श्राद्धानाम् ?**

**માટે કંઇક કંઇક વિરાધના સંભવતી હોવા છતાં પણ ભાવસ્તવની પ્રાપ્તિરૂપ લાભને જોઇને દ્રવ્યસ્તવ એ શ્રાવકોનું કર્તવ્ય કેમ ન બને ?**

**अन्यच्च द्रव्यस्तवं विदधतां श्राद्धानां या द्रव्यतः समुत्पद्यते हिंसा सा हिंसैव नोच्यते । यदुक्तं श्रीमदावश्यके चूर्णौ-सा**

हिंसा न भण्णइ अहिंस च्चिय सा, पडिपुन्नचरणं व, तस्स मुक्खफलहेउत्तणओ इति ।

અને બીજું, દ્રવ્યસ્તવ કરતા શ્રાવકોને જે દ્રવ્યથી હિંસા થાય છે, તે (વાસ્તવમાં) હિંસા જ નથી. કારણ કે શ્રી આવશ્યકમાં ચૂર્ણિમાં કહ્યું છે - તે હિંસા ન કહેવાય, તે અહિંસા જ છે, પરિપૂર્ણ ચારિત્રની જેમ, કારણ કે તે મોક્ષરૂપી ફળનું કારણ બને છે.

अत्र या द्रव्यस्तवे काचिद्विराधना समुत्पद्यते, सा हिंसेति नोच्यते, किन्त्वहिंसैवेत्युक्ता । तस्माद् यतनापराणां श्राद्धानां द्रव्यतः किञ्चिद्विराधनासम्भवेऽपि द्रव्यस्तवाराधनविषयनिहित-मनोव्यापारतया सर्वजीवदयापरत्वेन च भावतस्तद्विराधनानिवृत्तौ तद्दोषाशङ्का न कापि विमर्शनीया, यथा यतनापराणां साधूनां मार्गविराधनासम्भवेऽपि न तद्दोषः ।

અહીં દ્રવ્યસ્તવમાં જે કોઇ પણ વિરાધના થાય છે, તે હિંસા નથી કહેવાતી, પણ અહિંસા જ કહેવાઇ છે. માટે જયણામાં તત્પર શ્રાવકોને દ્રવ્યથી કાંઇક વિરાધના સંભવિત હોવા છતાં પણ, તેમનું મન દ્રવ્યસ્તવની આરાધનામાં પરોવાયેલું હોય છે અને સર્વ જીવોની દયામાં પરાયણ હોવાથી, ભાવથી તે વિરાધનાની નિવૃત્તિ થતા તે દોષની કોઇ આશંકા વિચારણીય નથી. (ભાવથી વિરાધનાનો દોષ લાગ્યો જ નથી, માટે તેનો ભય રાખવો ઉચિત નથી.) જેમ કે જયણામાં તત્પર મુનિઓ દ્વારા માર્ગમાં કોઇ વિરાધના થાય તો પણ તેનાથી દોષ લાગતો નથી.

यदुक्तम्-उच्चालिअम्मि पाए इरिआसमिअस्स चंकमट्ठाए। वावज्जिजज्ज कुलिंगी मरिज्ज तं जोगमासज्ज ।।१।। न य तस्स तन्निमित्तो बंधो सुहुमोवि देसिओ समए-इत्यादि ।

જે કહ્યું પણ છે - ઇર્યાસમિતિથી યુક્ત જીવ ચાલવા માટે પગ ઉપાડે અને કોઇ વિકલેન્દ્રિય જીવ તે પ્રવૃત્તિથી (સહસા) મરી જાય ॥૧॥ તો તેને તે નિમિત્તથી સિદ્ધાન્તમાં સૂક્ષ્મ પણ કર્મબંધ કહ્યો નથી - ઇત્યાદિ. (ઓઘનિર્યુક્તિ ૭૪૯-૭૫૦)

तस्मात्त्रिविधेन कृतप्राणातिपातप्रत्याख्यानानां साधूनां द्रव्यस्तवं विधिवत् प्ररूपयतां को नाम दोषावकाशः ? श्राद्धानामपि च विधिवत्तं विदधतां न दोषारेका कापि चिन्तनीया।

માટે જેમણે ત્રિવિધથી હિંસાના પચ્ચક્ખાણ કર્યા છે, તેવા સાધુઓ વિધિપૂર્વક દ્રવ્યસ્તવની પ્રરૂપણા કરે, તો તેમાં શો દોષનો અવકાશ છે ? શ્રાવકો પણ વિધિપૂર્વક દ્રવ્યસ્તવ કરે, તેમાં દોષની કોઇ શંકા વિચારવા યોગ્ય નથી.

अन्यच्च प्रातः प्रासुकीकरणं विना न विधेय एव द्रव्यस्तवः श्राद्धैस्तदा कथं शीतादवदन्तीप्रभृतिश्राद्धी-भिर्महारण्यस्थिताभिः कथं विहितो द्रव्यस्तवः ? तत्र तदौषधायोगात् ।

અને બીજી વાત, જો સવારે પ્રાસુકીકરણ વિના શ્રાવકોએ દ્રવ્યસ્તવ ન જ કરાય, તો સીતા, દમયંતી વગેરે શ્રાવિકાઓએ મોટા જંગલમાં રહીને દ્રવ્યસ્તવ શી રીતે કર્યો ? કારણ કે ત્યાં તો પ્રાસુકીકરણ માટેનું ઔષધ (ચૂર્ણ) હતું નહીં.

यदप्युच्यते प्रासुकीकरणं विना विहितो द्रव्यस्तवो न

किञ्चित्फलं दत्ते, तदपि वचनमात्रमेव, यतः पर्युषणादिननवकुसुमपूजाविधायिमालिकस्योत्तरप्रवर्द्धमानविभवसुखनवभव-पर्यन्त एव संसारः समभूत् ।

વળી જે એમ કહેવાય છે કે પ્રાસુકીકરણ વિના કરેલ દ્રવ્યસ્તવ કાંઇ ફળ આપતો નથી, તે પણ વચનમાત્ર જ છે. (યથાર્થ નથી.) કારણ કે સંવત્સરીના દિવસે નવ ફૂલથી પૂજા કરનારા માળીને શ્રેષ્ઠ વધતા વૈભવ-સુખવાળો નવ ભવ સુધીનો જ સંસાર થયો હતો.

પુષ્પપૂજાના પ્રભાવે માળીએ નવ ભવ સુધી ઉત્તરોત્તર ચઢિયાતું સુખ મળે અને નવમાં ભવે મોક્ષ મળે, તેવું ફળ મેળવ્યું, એવો અહીં આશય છે.

प्रासुकीकरणविरहितद्रव्यस्तवप्रभावादेव एव प्राग्भवकृताष्टादशकपर्दककुसुमार्हणस्य कुमारपालभूपालस्य तथा-पुप्फेसु कीरजुअलं-इतिवचनात्पुष्पैः श्रीमदर्हत्प्रतिमा-पूजाविधायिनः कीरयुग्मस्य प्रेत्य शुभगतिरूपफलावाप्तिरपि[1] प्रासुकीकरणविरहितद्रव्यस्तवादेव । एवमनेकान्यपि निदर्शनानि प्रासुकीकरणवियुक्तद्रव्यस्तवादपि फलावाप्तौ भवतामपि प्रसिद्धतया सिद्धानि ।

પ્રાસુકીકરણથી રહિત એવા દ્રવ્યસ્તવના પ્રભાવથી જ પૂર્વભવમાં અઢાર (પાંચ) કોડીના ફૂલથી પૂજા કરનાર કુમારપાળને અને પુષ્પોમાં પોપટયુગલ (સંબોધપ્રકરણ ૭૬,

१. क - ०लावाप्तेर० ।

પુષ્પમાલા ૪૯૯) આ વચનથી શ્રી અરિહંત પ્રતિમાની પૂજા કરનાર પોપટયુગલને પરલોકમાં શુભગતિરૂપ ફળની પ્રાપ્તિ પણ પ્રાસુકીકરણ રહિત દ્રવ્યસ્તવથી જ થઇ છે. આ રીતે પ્રાસુકીકરણ વિનાના દ્રવ્યસ્તવથી પણ ફલની પ્રાપ્તિના વિષયમાં અનેક દૃષ્ટાન્તો તમારા મતે પણ પ્રસિદ્ધ હોવાથી સિદ્ધ છે.

अन्यच्च प्रासुकीकृतिं विना द्रव्यस्तवाधिकारश्चेन्न स्यादेव, तदा कथं श्रीसगरचक्रितनूरुहैः श्रीअष्टापदतीर्थरक्षार्थं दण्डरत्नेन परिखा व्यधायि तस्याश्च गाङ्गवारिणा समापूरणम् ? यतो दण्डरत्नमधः सहस्रयोजनानि यावद्[2] भूभेदं विदधाति । तत्र च मध्यमायुषामुत्कृष्टायुषां च पृथ्वीकायिकानां सम्भवात्कथं स्यात्तत्प्रासुकीकरणम् ? तथा यानि पानीयानि समानीतानि तान्यपि मनुष्यप्रचाररहितस्थानस्थितया मध्यमोत्कृष्टायुस्तया सम्भाव्यमानानि कथं प्रासुकीभवन्ति ?

અને બીજી વાત, જો પ્રાસુકીકરણ વિના દ્રવ્યસ્તવ કરવાનો અધિકાર ન જ હોય, તો પછી સગરચક્રીના દીકરાઓએ શ્રી અષ્ટાપદ તીર્થની રક્ષા માટે દંડરત્નથી ખાઇ કેમ બનાવી ? અને તેને ગંગાના પાણીથી કેમ ભરી દીધી ? કારણ કે દંડરત્ન નીચે હજાર યોજન સુધીની જમીન ખોદે છે, અને ત્યાં મધ્યમ આયુષ્યવાળા અને ઉત્કૃષ્ટ આયુષ્યવાળા પૃથ્વીકાયના જીવો સંભવે છે, માટે ત્યાં પ્રાસુકીકરણ શી રીતે થઇ શકે ?

તથા જે પાણી લાવ્યા, તે પાણી પણ મનુષ્યના પ્રચારથી રહિત સ્થાનમાં રહ્યું હોવાથી મધ્યમ અને ઉત્કૃષ્ટ આયુષ્યવાળું

२. क - यावच्चभू० ।

સંભવે છે, તેથી તે પ્રાસુક (અચિત્ત) શી રીતે થઇ શકે?

एवं श्रीशत्रुञ्जयमहातीर्थोभयपार्श्वसमानीतपरिखारूपकृत-सागरमाश्रित्यापि वाच्यम् । एवमन्येऽपि बहवो दृष्टान्ता युष्माकमपि प्रतीताः ।

એ રીતે શ્રીશત્રુંજય મહાતીર્થની બંને બાજુએ લાવેલ ખાઇરૂપ કરેલ દરિયાને આશ્રીને પણ સમજવું જોઇએ. આમ અન્ય પણ ઘણા દૃષ્ટાંતો તમને પણ પ્રતીત છે.

अपरं चेत्प्रासुकीकरणाधिकारः स्यादर्हदर्चाविधौ श्राद्धानाम्, तदा श्रीउपाङ्गेषु विजयसूर्याभादिदेवविहितपूजाविधौ किं न प्रोक्तः ? तथा मनुष्येषु श्रीज्ञाताधर्मकथाङ्गादि-समादिष्ट-द्रौपद्यादिकृतार्हत्पूजने किं नोक्तः ?

બીજું, જો પ્રભુપૂજાની વિધિમાં શ્રાવકોએ પ્રાસુકીકરણ કરવાનો અધિકાર હોત, તો શ્રીઉપાંગોમાં (જીવાભિગમ, રાજપ્રશ્નીય વગેરેમાં) વિજય, સૂર્યાભ વગેરે દેવોએ કરેલી પૂજાની વિધિમાં તે કેમ ન કહ્યો ? તથા મનુષ્યોમાં શ્રીજ્ઞાતાધર્મકથા અંગસૂત્ર વગેરેમાં કહેલ દ્રૌપદી વગેરેએ કરેલા અરિહંતના પૂજનમાં કેમ ન કહ્યો ?

तथा श्रीउमास्वातिवाचकश्रीहरिभद्रसूरिश्रीहेमचन्द्रसूरि-प्रभृतिचिरन्तनसूरिविरचितपूजाप्रकरणश्रीयोगशास्त्रादिप्रकरणेषु किं न निगदितः ?

તથા શ્રીઉમાસ્વાતિ વાચક, શ્રી હરિભદ્રસૂરિ, શ્રીહેમચન્દ્રસૂરિ વગેરે પૂર્વાચાર્યો દ્વારા રચિત પૂજાપ્રકરણ, યોગશાસ્ત્ર વગેરે

પ્રકરણોમાં (પ્રાસુકીકરણનો અધિકાર) કેમ કહ્યો નથી ?

यतो धर्मस्य मूलं दया, सा चेदेतदुक्तप्रासुकीकरणेन सम्भवेत्, तदा श्रीआगमे प्रकरणेषु च यथाक्रमं गणभृद्देवैः पूर्वसूरिभिश्च कथं नोच्यते ? इत्यादि बहु वक्तव्यम् ।

જેથી દયા એ ધર્મનું મૂળ છે, જો એ દયા આણે કહેલ પ્રાસુકીકરણથી સંભવિત હોય, તો શ્રીઆગમમાં અને પ્રકરણોમાં યથાક્રમ ગણધર ભગવંતો અને પૂર્વાચાર્યો કેમ કહેતા નથી ? ઇત્યાદિ ઘણું કહેવા જેવું છે.

अन्यच्च प्रासुकीकरणविवर्जितद्रव्यस्तवकारिणां श्राद्ध-वराणामेकेन्द्रियविराधनया नित्यसूतकित्वं यन्निगद्यते, तदपि भवतामवर्णवादवावदूकत्वमेव पिशुनयति ।

વળી જેઓ પ્રાસુકીકરણ વિના દ્રવ્યસ્તવ કરે છે, તેવા ઉત્તમ શ્રાવકોને એકેન્દ્રિયોની વિરાધનાથી હંમેશા સૂતક લાગે છે, એવું જે કહેવાય છે, તે પણ તમારી 'નિંદા કરવામાં વાચાળતા'ને જ સૂચવે છે.

स्वगोत्रे यदा कस्यचिन्नरस्य व्ययः स्यात्, तदा सूतक-व्यवहारो जने प्रवर्तते । एकेन्द्रियविराधनेऽपि चेत्सूतकव्यवहारः स्यात्तदैतदुक्तानुयायिनामपि श्रीजिनप्रतिमा-प्रक्षालनादिनिमित्तं कूपभाजनादिभ्यो जलाद्याददतां बिन्दुमात्रनिपातेप्यऽसङ्ख्येयतमानामौदकादिजीवानां हिंसनान्नित्यसूतकित्वं प्रसज्यमानं कथं निवारयिष्यते युष्माभिः ? तस्माद् यदेकेन्द्रिय विराधने नित्यसूतकित्वं यदुच्यते तदप्यलीकाभ्याख्यानदानमेव

वचः प्रकटयति ।

જ્યારે પોતાના ગોત્રમાં કોઇ મનુષ્યનું મરણ થાય, ત્યારે લોકમાં સૂતક-વ્યવહાર પ્રવર્તે છે. જો એકેન્દ્રિયોની વિરાધનામાં પણ સૂતકનો વ્યવહાર થતો હોય, તો આ વચનને અનુસરનારાઓ પણ શ્રી જિનપ્રતિમાના પ્રક્ષાલન વગેરે માટે કૂવા, વાસણ વગેરેમાંથી પાણી લેતા હોય, ત્યારે એક પીટું પડવાથી પણ અસંખ્ય પાણી વગેરેના જીવોની હિંસા થતી હોવાથી તેમને ય નિત્ય સૂતક લાગશે, તેનું નિવારણ તમે શી રીતે કરશો ? માટે એકેન્દ્રિયની વિરાધનાથી નિત્ય સૂતક લાગે એવું જે કહેવાય છે, તે વચન પણ ખોટા આળને જ છતું કરે છે.

एवमेतदुक्तप्रासुकीकरणविवर्जितद्रव्यस्तवे साधुप्ररूपणानधिकारः ।।१२६।। श्रमणोपासककर्तव्यतानधिकार ।।१२७।। फलाभाव ।।१२८।। एकाक्षविराधनानित्यसूतकित्वा ।।१२९।। दीनि बहून्यपि श्रीमदागमासम्बद्धानि कुवचनानि निर्लोठनीयानि श्रीमदागमानुसारेण तत्प्रवीणैः ।

આ રીતે આણે કહેલ પ્રાસુકીકરણથી રહિત દ્રવ્યસ્તવના વિષયમાં સાધુને પ્રરૂપણા કરવાનો અનધિકાર ॥૧૨૬॥ શ્રાવકની કર્તવ્યતાનો અનધિકાર ॥૧૨૭॥ ફળનો અભાવ ॥૧૨૮॥ એકેન્દ્રિયોની વિરાધનાથી હંમેશા સૂતકવાળાપણું ॥૧૨૯॥

વગેરે આગમથી અસંબદ્ધ ઘણા ય કુવચનોનું આગમવેત્તાઓએ શ્રીઆગમને અનુસારે નિરાકરણ કરવું જોઇએ.

यतः-जिणपूआविग्घकरो हिंसाइपरायणो जयइ विग्घं-इति श्रीमत्कर्मविपाके हिंसादिपरायणा जिनपूजाविघ्नकारिणश्च विघ्नबन्धकाः प्रोक्ताः । तस्माद् हिंसानृतस्तेयाब्रह्मपरिग्रह-प्रसक्तेरिव[1] सावद्येयं श्रीमदर्हदर्च्चा कथं क्रियत इत्यादिकुत्सितोपदेशदेशनया श्रीजिनपूजाविघ्नकारिभिरपि निबध्यते दानलाभ-भोगोपभोग-वीर्यान्तरायपञ्चकम् । यद्विपाकः कटुकतरस्तैरनुभूयतेऽनन्त-संसारकान्तारपथिकभूतैर्वितरणशक्तिलाभ-भोगोपभोग-वीर्यातिशयानप्राप्नुवद्भिः । अत्र बहुवाच्यम्, तथा उत्सर्गापवाद-वचनैकान्तग्रन्थ उत्सर्गापवादाद्याश्रित्य श्रीमदागमासम्बद्धं बहु विमर्शनीयम् ।।१३०।।

કારણ કે - જિનપૂજામાં વિઘ્ન કરનાર અને હિંસા વગેરેમાં પરાયણ જીવ અંતરાય કર્મ બાંધે છે - (પ્રથમ કર્મગ્રંથ ૬૦)

એમ કર્મવિપાકમાં હિંસા વગેરેમાં તત્પર અને જિનપૂજામાં વિઘ્ન કરનારાઓ અતંરાય કર્મ બાંધે છે, એમ કહ્યું છે.

માટે હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહના પ્રસંગની જેમ શ્રીજિનપૂજા સાવદ્ય છે, તો એ કેમ કરાય છે ? ઇત્યાદિ ખરાબ ઉપદેશ આપવા દ્વારા જેઓ શ્રીજિનપૂજામાં વિઘ્ન કરે છે, તેઓ પણ દાન-લાભ-ભોગોપભોગ-વીર્ય આ પાંચ વિષયનું અંતરાય કર્મ બાંધે છે. જેનો ઘણો કડવો વિપાક તેઓ અનુભવે છે. અનંત સંસાર અટવીમાં તેઓ ભટકે છે. આ યાત્રામાં તેઓ દાનની શક્તિ, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યની વિશિષ્ટતાને પ્રાપ્ત કરી શકતા નથી.

१. क - ०सक्तेः सावद्ये० ।

અહીં ઘણું કહેવા જેવું છે, તથા ઉત્સર્ગ-અપવાદ વચનના એકાન્તસંબંધી ગ્રંથમાં ઉત્સર્ગ, અપવાદ વગેરેને આશ્રીને શ્રી આગમને અસંબદ્ધ એવું ઘણું વિચારણીય છે. ॥૧૩૦॥

तथा-इष्टकमनीयसिद्धौ सरागतयापि प्रत्यहा-ब्रह्मसेविनां तत्पातकशुद्धिः प्रतिदिनैकाशनतपोविधानेन निगदिता सापि महाविरुद्धा ।

તથા ઇષ્ટ કમનીય સિદ્ધિમાં (આ નામના ગ્રંથમાં કે ઇષ્ટ કમનીયસિદ્ધિ નામનું વિધાન થયે છતે ?) સરાગપણે પ્રતિદિન અબ્રહ્મસેવીઓને પણ તેના પાપની શુદ્ધિ પ્રતિદિન એકાસણાના તપથી થાય છે, એવું જે કહ્યું છે, તે પણ મહાવિરુદ્ધ છે.

तथा एतद्वचनमेतस्यैव पूर्वापरविरोधमुद्भावयति, यतः पूर्वमेवं प्रतिपादितं यदेकस्याप्येकेन्द्रियस्यापि प्राणभाजः प्राणापहारी न शुध्यति केनापि तपोविशेषेणेति । अत्र च नवलक्षमितद्वीन्द्रियासङ्ख्येयसम्मूर्च्छिमपञ्चेन्द्रियनवलक्षप्रमितगर्भजपञ्चाक्षजन्तूपघातसम्भवेऽपि व्यवायधर्मे तज्जनितपातकशुद्धिरेकाशनमात्रतपसा निर्दिष्टेऽतिसुप्रतीता पूर्वापरविरोधबाधा ॥१३१॥

તથા આ વચન એનો જ પૂર્વાપર વિરોધ ઊભો કરે છે, કારણ કે પહેલા એવું પ્રતિપાદન કર્યું છે, કે એક પણ એકેન્દ્રિય જીવના પ્રાણો હરી લેનાર કોઇ પણ તપવિશેષથી શુદ્ધ થઇ શકતો નથી.

અને અહીં નવ લાખ બેઇન્દ્રિય, અસંખ્ય સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય અને નવ લાખ જેટલા ગર્ભજ પંચેન્દ્રિય જીવોની હિંસા સંભવિત

હોવા છતાં પણ મૈથુનમાં તેનાથી થયેલ પાપની શુદ્ધિ માત્ર એકાસણાના તપથી કહી છે, માટે એ વચનમાં પૂર્વાપર વિરોધરૂપ બાધા (દોષ) ઘણી સારી રીતે સમજાય એવો છે. ॥૧૩૧॥

तथा यत्रैकस्यैकाक्षस्यापि तनूमतः प्राणहरणं सम्भवेत्त्रानन्तानुबन्धिकषायोद्गमः प्रतिपाद्यते तदपि विरुद्धम्, यत एवं चेत्कषायानामनन्तानुबन्धिनामुद्गमः स्यात्तदा धर्मप्रतिपत्त्यनन्तरं साधुभिः श्राद्धैश्च यावज्जीवं चतुर्विधाहारपरिहारं विधाय त्रिगुप्ततया कायोत्सर्गेणैवास्थेयमन्यथा वर्षादौ साधूनां विहरणादिहेतोः बहिर्गच्छतां पनकोदकादिजीवविराधनासम्भवेऽनन्तानुबन्धिकषायोद्गमात्सम्यक्त्वस्याप्यपगमेन कौतुस्कुती सम्भवेत्सर्वविरतिकिंवदन्त्यपि ?

તથા જ્યાં એક પણ એકેન્દ્રિયની વિરાધના સંભવે ત્યાં અનંતાનુબંધી કષાયનો ઉદય કહેવાય છે, તે પણ વિરુદ્ધ છે. કારણકે જો આ રીતે અનંતાનુબંધી કષાયોનો ઉદય થતો હોય, તો સાધુઓ અને શ્રાવકોએ ધર્મના સ્વીકાર બાદ આજીવન ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને મન-વચન-કાયાથી ગુપ્ત થઇને કાયોત્સર્ગમાં જ રહેવું પડશે. અન્યથા વરસાદ વગેરેમાં સાધુઓ શરીરચિંતા આદિને કારણે બહાર જાય તો શેવાળ, પાણી વગેરે જીવોની વિરાધના સંભવિત હોવાથી અનંતાનુબંધી કષાયનો ઉદય થવાથી સમ્યક્ત્વ પણ જતું રહે, તો પછી સર્વવિરતિની તો વાત પણ ક્યાંથી રહે ?

श्राद्धानां चापरे कृषिवाणिज्यरन्धनादिमहारम्भा-स्तावदासताम्, सर्वदापि पानादिनिमित्तं तटाकादिभ्यः पानीयादानेऽपि

ये जलबिन्दवो हस्ते गलनके च लग्नाः क्षितितले निपतन्तश्च शुष्यन्ति । तेष्वसङ्ख्येयतनूमतां प्राणप्रयाणतोऽनन्तानुबन्धि-कषायोद्गमेन सम्यग्दर्शनापगमात्कुतः सम्भवति वार्तापि देशविरतेः ।।१३२।।

અને શ્રાવકોના અન્ય ખેતી, વેપાર, રાંધવું વગેરે મોટા આરંભોની વાત તો જવા દો, સદા ય પીવા વગેરે માટે તળાવ વગેરેથી પાણી લાવવામાં પણ જે પાણીના ટીપાઓ હાથમાં અને ગળણામાં લાગે છે અને જમીન પર પડે છે, તે ટીપાઓ સુકાઇ જાય છે, તેમાં અસંખ્ય જીવોની હિંસા થવાથી અનંતાનુબંધી કષાયોનો ઉદય થવાથી સમ્યગ્દર્શન જતું રહે, તો પછી દેશવિરતિની વાત પણ ક્યાંથી સંભવે ? ।।૧૩૨।।

માટે ઉક્ત અનંતાનુબંધી કષાયના ઉદયની વાત યથાર્થ નથી. ।।૧૩૨।।

तथा सूक्ष्मैकेन्द्रियाणामाकाराभावाद्यदेकेन्द्रियत्वमुच्यते, बादरैकेन्द्रियाणां त्वाकारेन्द्रिया(य)भावाद्वीन्द्रियत्वमुच्यते । त उभ अपि विरुद्धे ।

તથા સૂક્ષ્મ એકેન્દ્રિયોને આકાર ન હોવાથી જે એકેન્દ્રિયપણુ કહેવાય છે, અને બાદર એકેન્દ્રિયોને તો આકાર, ઇન્દ્રિય હોવાથી બેઇન્દ્રિયપણુ કહેવાય છે. આ બંને ય વિરુદ્ધ છે.

यतः सूक्ष्मैकेन्द्रियाणामप्याकाराभावो यो निगद्यते, स एव विरुध्यते, सशरीरत्वात् । शरीरस्य च परमाणुनिर्वर्त्यत्वेन साकारत्वाव्यभिचारात् ।

કારણ કે સૂક્ષ્મ એકેન્દ્રિયોને આકાર નથી, એવું જે કહેવાય છે, તે જ વિરુદ્ધ છે. કારણ કે તે જીવો શરીરસહિત છે. અને શરીર પરમાણુથી બનતું હોવાથી તેમાં સાકારપણું અવશ્યપણે હોય છે.

परमाणूनां च-परिमण्डला य वट्टा तंसाचउरं-समायया-इत्यादिभिः श्रीमत्सिद्धान्तवचोभिः परिमण्डलाद्यन्यतरसंस्थान-संस्थितत्वेन साकारत्वस्य नियतत्वात् ।

પરિમંડલો, વર્તુળો, ત્રિકોણો, ચોરસો, લંબચોરસો - (અર્થથી ઉત્તરાધ્યયનનિર્યુક્તિ ૩૮) - વગેરે સિદ્ધાન્તના વચનોથી પરમાણુઓ પરિમંડલ વગેરેમાંથી એક સંસ્થાનમાં રહેલા હોવાથી તેઓ અવશ્ય આકારસહિત હોય છે.

एवं सूक्ष्मैकेन्द्रियाणां बादरैकेन्द्रियाणां च नियतत्वात्साकारत्वस्य, सूक्ष्मैकेन्द्रियाणां य आकाराभावो निगद्यते, सूक्ष्माणां बादराणां चैकेन्द्रियाणां साकारत्वे प्रतिनियते सति, बादरैकेन्द्रियाणां साकारत्वात् द्वीन्द्रियत्वं यत् प्ररूप्यते, ते उभेऽपि सूत्रविरुद्धे ।।१३३।।१३४।।

આ રીતે સૂક્ષ્મ એકેન્દ્રિયો અને બાદર એકેન્દ્રિયો બંનેમાં સાકારપણુ અવશ્ય છે. તેથી સૂક્ષ્મ એકેન્દ્રિયોમાં આકાર નથી, એવું જે કહેવાય છે, અને બાદરેકેન્દ્રિયો સાકાર હોવાથી તેઓ બેઇન્દ્રિય છે, એવી જે પ્રરૂપણા કરવામાં આવે છે, તે બંને ય સૂત્રવિરુદ્ધ છે. ।।૧૩૩, ૧૩૪।।

तथा बादरैकेन्द्रियाणां वल्ल्यादेर्मार्गत्यागपुरस्सरप्रसरणादिना य(त्)[2] त्रसत्वमुच्यते, तदपि विरुद्धं सूत्रेण । यत्तु मार्गत्यागेन प्रसरणं लतादेस्तत्तु भयसञ्ज्ञायोगात् ॥१३५॥

તથા વેલડી વગેરે બાદર એકેન્દ્રિયો માર્ગનો ત્યાગ કરવાપૂર્વક પ્રસરે છે, વગેરેથી તેને જે ત્રસ કહેવાય છે, તે પણ સૂત્રથી વિરુદ્ધ છે. જે વેલડી વગેરે (લોકો વગેરેની અવર-જવરવાળા) માર્ગનો ત્યાગ કરીને પ્રસરે છે, તે ભયસંજ્ઞાને કારણે છે. ॥૧૩૫॥

એવી સંજ્ઞાજનિત ગતિ એકેન્દ્રિયોમાં પણ ઉપલબ્ધ થાય છે. પણ એટલાથી એને ત્રસ ન કહી શકાય, માત્ર એવો અહીં આશય છે. ॥૧૩૫॥

तथा ब्राह्मणाः श्रमणोपसका अपि देवदेवस्थानिनो विहाय[3] नान्यं कञ्चन नमन्तीति यदुच्यते, तदपि विरुद्धम्, यतो ये ब्राह्मणाः श्राद्धाः भवन्ति, तैः सम्यग्दर्शनमाराध्यते, तच्छुद्धिः सुदेवगुरुभक्त्यैव । तत्र देवभक्तिर्भवति[4], द्रव्यस्तवभावस्तवाभ्याम्। गुरुभक्तिस्तु चेद् गुरोर्वन्दनमात्रमपि न विधीयते तदा केन प्रकारेण स्यात् ? तथा गुणाधिकतया वन्दनम्, साधवस्तु श्राद्धेभ्यो गुणाधिकाः, द्रव्यभावस्तव-योर्मेरुसर्षपप्रमाणस्यान्तरस्य सूत्रे प्ररूपितत्वात् । तथा ये ब्राह्मणाः श्राद्धाः स्युः, तेषां षडावश्यकान्यवश्यंकृतानि विलोक्यन्ते । तन्मध्ये गुरुवन्दनमपि जघन्यमध्यमोत्कृष्टभेदं तृतीयावश्यकरूपं यथाप्रस्तावमवश्यंकृतं विलोक्यत इति ॥१३६॥

१. ग - र्गत्यापु । २. क.ख - या असत्त्व । ३. क.ख - विज्ञाय । ४. ग - देवगुरुभक्ति ।

તથા બ્રાહ્મણો શ્રમણોપાસક હોય, તો પણ તેઓ દેવાધિદેવ સિવાય કોઇને પણ ન નમે, એવું જે કહેવાય છે, તે પણ વિરુદ્ધ છે. કારણ કે બ્રાહ્મણો શ્રાવક હોય, તેઓ સમ્યગ્દર્શનની આરાધના કરે છે, સમ્યગ્દર્શનની શુદ્ધિ તો સુદેવ-સુગુરુની ભક્તિથી જ થઇ શકે. તેમાં દેવની ભક્તિ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવથી થાય છે. ગુરુને જો વંદનમાત્ર પણ ન કરવામાં આવે, તો તેમની ભક્તિ કઇ રીતે થઇ શકે ? તથા જે પોતાનાથી અધિક ગુણવાળા હોય, તેમને વંદન કરવું જોઇએ. સાધુઓ તો શ્રાવકોથી અધિક ગુણવાળા છે. કારણ કે દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ વચ્ચે સરસવ અને મેરુ જેટલું અંતર છે એવું સૂત્રમાં કહ્યું છે. (ઉત્તરાધ્યયન ગાથા ૧૪૮, બૃહદ્વૃત્તિ). તથા જે બ્રાહ્મણો શ્રાવકો હોય, તેઓને છ આવશ્યકો અવશ્ય હોવા જોઇએ. તેમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પ્રકારોવાળું ત્રીજા આવશ્યકરૂપ ગુરુવંદન પણ અવસરને અનુસારે અવશ્ય કરવું જોઇએ. ॥૧૩૬॥

तथा श्रेणिकस्य काकमांसनियमोऽपि नाभूदिति योऽर्था(र्थो) व्याक्रियते, स विरुद्धः । यत(:) किमन्येषां केषाञ्चित् प्राणिनां चेन्नियमः स्याद् मोक्षसुखभोगे तदा श्रेणिकस्य व्यवच्छेदो विधीयते, स तु नास्ति कस्यचिदपि तनूमत इति ।

તથા શ્રેણિકને કાગડાના માંસનો પણ નિયમ ન હતો, એવો જે અર્થ કહેવાય છે, તે વિરુદ્ધ છે. કારણ કે જો અન્ય કોઇ પ્રાણીઓને કાગડાના માંસનો નિયમ હોય, તો શ્રેણિકનો વ્યવચ્છેદ કરી શકાય પણ એ તો કોઇ જીવને નથી.

अन्यच्च चेत् श्रेणिकस्य मांसनियमः स्यात्तदा सामन्तादिसकलसभ्यैर्मांससमर्घ्यताकथने प्रकारान्तरेण तन्निवारणार्थमभयकुमारेण नृपजठरार्त्तिनिवारणमिषेण कालेयमांसं कियदपि प्रार्थितास्ते प्रतिगृहगमनेन ।

અને બીજી વાત, જો શ્રેણિકને માંસનો નિયમ હોય, તો સામંત વગેરે સર્વ સભાજનોએ માંસ સસ્તુ છે, એવું કહ્યું ત્યારે અન્ય પ્રકારથી તેવા કથનનું નિવારણ કરવા માટે અભયકુમારે રાજાના જઠરની વેદના દૂર કરવાના બહાને પ્રત્યેક ઘરે જઇને તેમની પાસે કેટલુંક કાળજાનું માંસ માંગ્યું.

तैस्तु तत्स्थाने धनं प्रभूतमर्पितम्, न तु तन्मांसम् । प्रभाते श्रीश्रेणिकनृप आस्थानसदसि समागते तद्धनराशिढौकनेन नृपपृष्टेनाभयकुमारेणोक्तं स्वामिन्नेतत्प्रार्थितकालकमांसैः सामन्तैस्तत्स्थाने दत्तम् । पश्चान्नृपेणोक्तम् - भो सामन्ताः ! समर्घं चेन्मांसम्, तदा किं नार्पितं स्वल्पमपि स्वकीयं कालेयामिषम् ? इत्युक्ते लज्जितास्ते सर्वेऽपि । एतच्च कालेयमांसप्रार्थनं श्रेणिकस्य मांसनिश्चये कथं घटत इति ।

તેમણે તેના બદલે ઘણું ધન આપ્યું, પણ માંસ ન આપ્યું. સવારે જ્યારે શ્રેણિક રાજા સભામાં આવ્યા, ત્યારે અભયકુમારે એ ધનનો ઢગલો ધરી દીધો. તેના વિષે રાજાએ પ્રશ્ન પૂછ્યો, તો અભયકુમારે કહ્યું કે, મેં સામંતો પાસે કાળજાનું માંસ માંગ્યું, તો તેમણે તેના સ્થાને આ ધન આપ્યું, પછી રાજાએ કહ્યું, 'ઓ સામંતો ! જો માંસ સસ્તું છે, તો પોતાના કાળજાનું

થોડું પણ માંસ કેમ ન આપ્યું ?' આમ કહ્યું, એટલે તેઓ બધા ય લજ્જિત થઇ ગયા. આ કાળજાના માંસની યાચના શ્રેણિકના માંસ (ભોજનના ?) નિશ્ચયના વિષયમાં શી રીતે ઘટાડી શકાય ? શી રીતે ઘટે ?

तथा काकमांसशब्देन यन्मोक्षसुखभोगः कथ्यते, तत्र का व्युत्पत्तिः ? अथ चेत्कापि कल्पिता व्युत्पत्तिः कथयिष्यते, तदापि ध्वाङ्क्षामिषेत्यादिपर्यायान्तरं यत्र भविष्यति, तत्र का व्युत्पत्तिरित्यादि बहु वाच्यम् ।।१३७।।

તથા 'કાગડાનું માંસ' આ શબ્દથી જે મોક્ષસુખભોગ કહેવાય છે, તેમાં વ્યુત્પત્તિ શું છે ? હવે જો કોઈ કલ્પિત વ્યુત્પત્તિ કહેશો, તો પણ ધ્વાંક્ષામિષ (કાગડાનું માંસ) વગેરે જ્યાં અન્ય પર્યાય થશે, ત્યાં શું વ્યુત્પત્તિ થશે ? ઇત્યાદિ ઘણું કહેવા જેવું છે. ॥૧૩૭॥

तथा सत्यकिसम्बन्धः श्रीउपदेशमालादिप्रकरणेषु यथा विद्यते, ततो वैपरीत्येन प्रथितोऽस्ति । तद्वैपरीत्यस्वरूपं कियदत्र प्रतन्यते ? ।।१३८।।

તથા ઉપદેશમાળા વગેરે પ્રકરણોમાં જે રીતે સત્યકીનો પ્રબંધ છે, તેના કરતા વિપરીત રીતે પ્રસિદ્ધ કર્યો છે. તેના વિપરીતપણાના સ્વરૂપને અહીં કેટલું લખી શકાય ? ॥૧૩૮॥

तथा तस्य प्रेत्य श्रीआगमे निरयगतिः प्रोक्ता । अत्र तु पैशाचयोनिकत्त्वम् ।।१३९।।

તથા પરલોકમાં સત્યકીની નરકગતિ થઇ છે, એવું આગમમાં કહ્યું છે. અહીં તો તે પિશાચની યોનિમાં ગયો છે, (એવું કહ્યું છે.) ॥૧૩૯॥

तथा द्वारिकादाहे सुरानिमित्ते श्रीनेमिनाथेन समादिष्टे श्रीकृष्णेन सुरा सर्वापि बहिः पर्वतनितम्बे दूरं त्याजिता । अस्मिंश्च समयेऽन्यदा कदाचित्कृष्णकुमारैस्तत्र क्रीडागतैः प्रभूतकालप्राप्तत्वेन मनोहत्य सा पीता ।

તથા જ્યારે શ્રીનેમિનાથે કહ્યું કે, 'દારુને કારણે દ્વારિકા બળશે.' ત્યારે શ્રીકૃષ્ણે બધો દારૂ નગરની બહાર પર્વતના મધ્યભાગમાં ફેંકાવી દીધો. આ ગાળામાં અન્યકાળે કૃષ્ણના પુત્રો ક્યારેક ક્રીડા કરતાં ત્યાં ગયા અને ઘણા સમયે દારુ મળ્યો હોવાથી મન ભરીને તે પીધો.

तथा विकल्पितैस्तैः पश्चादागच्छद्भिरत्यन्तोपसर्गितेन कुपितेन कृतनिदानेन श्रीकृष्णद्वीपायनेन देवभूयं गतेन दग्धा द्वारिकापुरीति त्रिषष्टीयादिचरित्रेषु प्रतिपादितेऽपि यदुकुमारः कोऽपि सुरापायी नाभूदिति यत्प्रतिपाद्यते तद् भूतनिह्नवनाख्यमलीकं ज्ञेयम् ।।१४०।।

તેનાથી તેઓ ભાન ભૂલ્યા. પાછા વળતા શ્રીકૃષ્ણદ્વીપાયન ઋષિ પર તેમણે ગાઢ ઉપસર્ગ કર્યો. તેણે ક્રોધે ભરાઇને નિદાન કર્યું. મરીને દેવ થયો અને દ્વારિકા નગરી બાળી નાખી - એમ ત્રિષષ્ટિ શલાકા પુરૂષ વગેરે ચરિત્રોમાં કહ્યું હોવા છતાં પણ 'કોઇ પણ યદુવંશનો કુમાર દારુ પીનાર ન હતો,'

એવું જે કહેવાય છે, તે 'જેવું હતું તેને સંતાડવારૂપ' જુઠાણું સમજવું. ॥૧૪૦॥

तथा मदिरा [1]वृक्षक्षीरे ।।१४१।। परदारसंवेशस्त्वाकालिकसुरते ।।१४२।। मांसमप्रासुकितान्ने ।।१४३।। इत्येवं या विधीयतेऽवान्तरकल्पना, सा विरुद्धा । वृत्तिकार-भाष्यकार-चूर्णिकारादिभिस्तथाऽव्याख्यातत्वात् ।

તથા વૃક્ષક્ષીરમાં દારુ ॥૧૪૧॥ કાયમી મૈથુનમાં પરસ્ત્રી સંવેશ ॥૧૪૨॥ પ્રાસુક નહીં કરાયેલ ભોજનમાં માંસ ॥૧૪૩॥ (?) આવી જે અવાંતરકલ્પના કરાય છે, તે વિરુદ્ધ છે, કારણકે ટીકાકાર, ભાષ્યકાર, ચૂર્ણિકાર વગેરેએ તેવી વ્યાખ્યા કરી નથી.

तथा सप्तव्यसनान्यतरव्यसनासेविनां नियमेन सम्यग्दर्शनं न स्यादित्यपि यदुच्यते, तदपि विरुद्धम् । यतः सम्यग्दर्शनस्यैतावदेव कार्यं यद्देवगुरुधर्मविषयं सम्यग्श्रद्धानम् । तच्चान्यतरव्यसनासेवनेऽपि नियमात् कथं गच्छति ?

તથા સાત વ્યસનમાંથી એક પણ વ્યસન સેવનારને અવશ્ય સમ્યગ્દર્શન ન હોય, એવું જે કહેવાય છે, તે પણ વિરુદ્ધ છે. કારણ કે સમ્યગ્દર્શનનું ફળ એટલું જ છે, કે જે દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે સમ્યક્ શ્રદ્ધા થાય, તે એકાદ વ્યસન સેવવાથી શી રીતે અવશ્ય જતું રહે ?

एवं च चेत्सम्यक्त्वमपैति, तदा द्यूतव्यसनासेविनां नलनृपति-

---

१. ग - वृक्षक्षारे ।

पाण्डवादीनां तथाऽनियमितमांसानां श्रीश्रेणिकादीनां तथा श्रूयमाणसुरापानानां यदुकुमाराणां पणाङ्गनाङ्गसङ्गिनां श्रीस्थूलभद्रनन्दिषेणादीनां परदारलम्पटानां सत्यकिप्रभृतीनां कथं स्यात्सम्यग्दर्शनित्वम् ।।१४४।।

**જો આ રીતે સમ્યક્ત્વ જતું રહે, તો જુગાર વ્યસન સેવનારા નળ રાજા, પાંડવો વગેરે, તથા માંસનો નિયમ નહીં કરનારા શ્રી શ્રેણિક વગેરે, તથા (શાસ્ત્રોમાં) જેમનું મદિરાપાન શ્રવણ કરાય છે તેવા યદુકુમારો, વેશ્યાના અંગનો સંગ કરનાર (ગૃહસ્થ અવસ્થામાં) સ્થૂલિભદ્ર, નંદિષેણ વગેરે, પરસ્ત્રીલંપટ સત્યકી વગેરે સમ્યગ્દર્શની શી રીતે હોઇ શકે ? ॥૧૪૪॥**

ઉપરોક્ત જીવો સમ્યગ્દર્શની તરીકે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. માટે વ્યસન સેવનારનું સમ્યક્ત્વ અવશ્ય જતું રહે એવો નિયમ નથી. એવા નિયમનું પ્રતિપાદન કરવું એ ઉત્સૂત્રવચન છે. માટે અહીં તેનું ખંડન કર્યું છે. બાકી, વ્યસનની તરફેણ કરવાનો અહીં આશય નથી. તે તે વ્યસનથી શ્રેણિક વગેરેને યથાયોગ નરકગતિ વગેરે વિપાકો ભોગવવા પડ્યા છે, એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ.

तथा 'शास्त्रेषु नृपतयो ये मृगयां कुर्वाणाः श्रूयन्ते, ते न मृगयां कुर्वन्ति, किन्तु दुष्टनिग्रहार्थं वने चरन्ति' इति यदुच्यते तदपि विरुद्धम्, त्रिषष्टीयादिचरित्रेषु शान्तनादिनृपतीनां मृगयाव्यसनिनां कथं (मृगवधश्रुतेः ?) ।।१४५।।

**તથા - શાસ્ત્રોમાં એવું સંભળાય છે કે રાજાઓ શિકાર કરે**

**છે, તેઓ વાસ્તવમાં શિકાર નથી કરતા, પણ દુષ્ટોનો નિગ્રહ કરવા માટે જંગલમાં ફરે છે - આવું જે કહેવાય છે, તે પણ વિરુદ્ધ છે. ત્રિષષ્ટિ વગેરે ચરિત્રોમાં શાંતન(નું?) વગેરે શિકારના વ્યસની રાજાઓ હરણોને મારતા હતાં, એવું કહ્યું છે. ॥૧૪૫॥**

સંશોધનમાં ઉપયુક્ત ત્રણે હસ્તાદર્શોમાં 'કથમ્' સુધીનો જ પાઠ ઉપલબ્ધ થાય છે. વાક્ય અધૂરું છે, એમ સ્પષ્ટ જણાય છે. 'કથમ્' ના સ્થાને 'મૃગવધશ્રુતેઃ' આ શબ્દ લઇએ તો ત્રિષષ્ટીય વગેરે ચરિત્રોમાં શાંતન(નું) વગેરે રાજાઓએ મૃગવધ કર્યો હતો, એવું શ્રવણ થાય છે, માટે ઉપરોક્ત વિધાન યથાર્થ નથી - આ રીતે સંગતિ કરી શકાય છે.

**तथा वने गता अष्टापदादिदुष्टजीवान् गर्तादौ क्षिपन्ति लोकरक्षार्थमित्यपि यदुच्यते, तदपि न सङ्गतम्, यतः सिंहमपि विनाशयति बलिष्टत्वादष्टापदः, स कथं क्षेप्तुं शक्यते गर्त्तादौ? तथा नगरासन्नवनेषु तस्य सम्भावनापि कौतुस्कुती ? यतः स हि महाटव्यां सम्भवेत् ।**

**તથા વનમાં ગયેલા (રાજાઓ) લોકોની રક્ષા માટે અષ્ટાપદ વગેરે દુષ્ટ જીવોને ખાડા વગેરેમાં નાખી દે છે, આવું જે કહેવાય છે, તે પણ સંગત નથી, કારણ કે અષ્ટાપદ અત્યંત બળવાન હોવાથી સિંહનો પણ વિનાશ કરી દે છે, તો પછી તેને ખાડા વગેરેમાં શી રીતે નાખી શકાય ? તથા નગરની નજીકના જંગલોમાં તેની સંભાવના પણ શી રીતે ? કારણ કે એ મોટા જંગલમાં સંભવે છે.**

तथा कस्यापि प्राणान्तो न विधीयत इति हेतोर्भवद्भिर्गर्तादौ क्षेपो ह्यष्टापदादीनां प्ररूप्यते । स तु तस्मिन्कृतेऽप्यवश्यं क्षुत्तुड्वेदनातः सञ्जायते तेषाम् । शस्त्रादिहतस्य तु वेदना कियद्घटिकायामाद्यन्तैव । क्षुत्तृड्वेदना तु प्रभूतदिन-पक्षादिभाविनी ।

તથા કોઇનો પણ વધ ન થાય, એ માટે અષ્ટાપદ વગેરેને ખાડામાં નાખે છે, એવું તમે કહો છો. પણ વધ તો ભૂખ-તરસની પીડાથી તેમનો અવશ્ય થાય છે. જે શસ્ત્ર વગેરેથી હણાય, તેની વેદનાનો કેટલીક ઘડી કે પ્રહરમાં અંત આવે જ છે. ભૂખ-તરસની વેદના તો ઘણા દિવસો - પખવાડિયા સુધી રહે છે.

तथा शस्त्रादिवेदनातोऽपि छुहासमा वेअणा नत्थि-इतिवचनात्क्षुत्तृड्वेदना तु दुस्सहतमैव सम्भवेत् । तस्माद्गर्तादौ तेषामष्टापदादिदेहिनां क्षेपः कथं क्रियते प्राणात्ययभीरुभिः? ||१४६||

તથા શસ્ત્ર વગેરેની વેદના કરતા પણ ભૂખ-તરસની વેદના તો અત્યંત દુઃષહ જ સંભવે છે. કારણ કે એવું વચન છે, કે 'ભૂખ સમાન વેદના નથી.' માટે જેઓ હિંસાભીરુ છે, તેઓ અષ્ટાપદ વગેરે જીવોને ખાડા વગેરેમાં કેમ નાખી દે ? ||૧૪૬||

तथा पिशाचभूतादयः शूकरमृगादिरूपेण जनान्भापयन्ति वने स्थिताः । तैः सह युद्धार्थं नृपतयो वने गच्छन्ति, न मृगयार्थमित्यपि यन्निगद्यते, तदप्यसारम् । यतः शूकरकुरङ्गादि-

रूपैर्जनमुपसर्गयतः पिशाचादयो न श्रूयन्ते, तैः सह युद्धमपि केषाञ्चिन्नृपाणाम्, तस्मात्काल्पनिकमेतत् ।।१४७।।

તથા પિશાચ, ભૂત વગેરે સૂવર, મૃગ વગેરે રૂપે જંગલમાં રહીને લોકોને ડરાવે છે. તેમની સાથે યુદ્ધ કરવા માટે રાજાઓ વનમાં જાય છે, શિકાર માટે નહીં - એવું પણ જે કહેવાય છે, તે પણ અસાર છે. કારણ કે (શાસ્ત્રમાં) સુવર, મૃગ વગેરે રૂપે લોકોને ઉપસર્ગ કરતા પિશાચ વગેરે સંભળાતા નથી, અને તેમની સાથે કોઇ રાજાઓનું યુદ્ધ થયુ હોય, એવું પણ સંભળાતું નથી. (શાસ્ત્રોમાં કહ્યું નથી) માટે એ કાલ્પનિક છે. ।।૧૪૭।।

तथा जनोपद्रवकरवनस्थितमृगादिरूपधरभूत-प्रेतादिभिस्तथा सङ्ग्रामं विदधति मृगयाछलेन नृपतयः, यथा तेषां भूतादीनां प्राणान्तो न भवेत् । अथ चेद् बलाधिक्येन बाणादिहतानां[1] तेषां प्राणात्यये सति निजांसबलातिशयस्मयः[2] क्रियते तैर्महीपतिभिस्तदा ते भवन्ति निरययायिनः ।

તથા લોકોને ઉપદ્રવ કરનારા જંગલમાં રહેલા મૃગ વગેરેનું રૂપ ધારણ કરનારા ભૂતપ્રેત વગેરે સાથે શિકારના બહાને રાજાઓ એવી રીતે યુદ્ધ કરે છે, કે જેથી તે ભૂત વગેરેનો વધ ન થઇ જાય. અને જો વધારે બળથી બાણ વગેરેથી હણાયેલા તેમનો વધ થઇ જાય, અને ત્યારે તે રાજાઓ પોતાના વિશિષ્ટ બાહુબળનો ગર્વ કરે, તો તેઓ નરકગામી થાય છે.

इत्येवं यदुच्यते, तदपि न क्षमते क्षोदम्, यतो भूतादयो

१. ग - शरादि० । २. क - निजांसकला । ख - निजसकला ।

हि देवजातयस्तेषां मनुष्यशस्त्रहतानां कथं विनाशः स्यान्निरुपक्रमायुष्कत्वात् । एवं मृगयामप्याश्रित्य प्रभूतं वाच्यं तत्कियदुच्यते ? ।।१४८।।

આવું જે કહેવાય છે, તે પણ યુક્તિથી વિચાર કરતા ટકી શકે તેમ નથી, કારણ કે ભૂત વગેરે તો દેવજાતિના છે. તેઓ નિરુપક્રમ આયુષ્ય ધરાવે છે, માટે મનુષ્યોના શસ્ત્રોથી હણાયેલા (એવા પણ) તેમનો વિનાશ શી રીતે થાય ? આ રીતે શિકારને આશ્રીને પણ ઘણું કહેવા જેવું છે, તે કેટલું કહેવાય ? ॥૧૪૮॥

અહીં યુક્તિરહિત-ઉત્સૂત્ર-કલ્પિત વચનો અઢળક હોવાથી, એક-એકનું નિરાકરણ કરવા બેસીએ તો પાર જ ન આવે, એવું કહેવાનો આશય છે.

तथा वर्णाश्रमवर्त्ती क्षत्रजातिर्न कश्चनापि मांसाशी स्यादित्यपि यत् प्रतिपाद्यते, तदपि प्रत्यक्षविरुद्धम् । यतः सम्प्रति नृपतिप्रभृतयः क्षत्रियाः क्षत्रियवर्णमध्य एव विद्यन्ते[1] । प्रायः सर्वेऽपि ते मांसभक्षणमपि कुर्वते ।।१४९।।

તથા વર્ણાશ્રમમાં રહેનાર કોઈપણ ક્ષત્રિય જાતિ માંસ ન ખાય, એવું પણ જે કહેવાય છે, તે પણ પ્રત્યક્ષ વિરુદ્ધ છે. કારણકે વર્તમાનમાં રાજા વગેરે ક્ષત્રિયો ક્ષત્રિય વર્ણમાં જ છે. પ્રાયઃ તે બધા માંસભક્ષણ પણ કરે છે. ॥૧૪૯॥

तथा ये तत्र चतुर्दशव्यवहाराः प्रोच्यन्ते तेष्वपि बहु विचार्यम् ।।१५०।।

१. ग - वेद्यन्ते ।

તથા જે તેમાં ચૌદ વ્યવહારો કહેવાય છે, તેમાં પણ ઘણું વિચારવા જેવું છે. ॥૧૫૦॥

तथा काञ्जिकं विना पीतं वारि स्मरोद्दीपकं स्यात्तस्मात्तत्क्षेपो वारिणि विधीयत इत्यपि यदुच्यते तदपि विचार्यम् ।।१५१।।

તથા રાબ વિના પીધેલું પાણી કામોદ્દીપક થાય, માટે પાણીમાં રાબ નાખવામાં આવે છે, એવું પણ જે કહેવાય છે, તે પણ વિચારણીય છે. ॥૧૫૧॥

तथा दीपज्योतिःस्पर्शो यत्र स्यात्तत्र साधुभिर्न स्थेयं तज्जन्तुविराधनासम्भवादेव श्रीआगमे प्रतिपादितेऽपि मदनोत्पत्तिभिया दीपज्योतिःस्पर्शो न विधेयो यतिभिरिति यन्निगद्यते तदपि विरुद्धम् ।।१५२।।

તથા જ્યાં દીવાની પ્રભાનો સ્પર્શ થતો હોય, ત્યાં સાધુએ ન રહેવું, કારણ કે ત્યાં રહેવાથી તે જીવોની વિરાધના થવી સંભવિત છે. એવું જ શ્રી આગમમાં કહ્યું હોવા છતાં પણ કામવાસના જાગે તેના ભયથી દીવાની પ્રભાનો સ્પર્શ સાધુઓએ ન કરવો, એવું જે કહેવાય છે, તે પણ વિરુદ્ધ છે. ॥૧૫૨॥

तथा दिनार्द्धं यद् यामिनीमध्ये गण्यते, यामिन्यर्द्धं च दिनमध्ये यद् गण्यत एवं यदुच्यते, तत् शशिसूर्यप्रज्ञप्तिग्रन्थमध्ये प्रोक्तमस्तीत्येतानि त्रीण्यपि विचार्याणि ।।१५३-५४-५५।।

તથા અડધો દિવસ રાતમાં ગણાય, અડધી રાત દિવસમાં ગણાય એવું જે કહેવાય છે અને તે ચંદ્રપ્રજ્ઞપ્તિ-સૂર્યપ્રજ્ઞપ્તિ

ગ્રંથમાં કહેવાયું છે, આ ત્રણે વિધાનો વિચારણીય છે. ।।૧૫૩-૧૫૪-૧૫૫।।

तथा श्रीउत्तराध्ययने रथनेमीये-अह सो तत्थ निज्जंतो, दिस्सपाणे भयद्दुए । वाडेहिं पञ्जरेहिं च सन्निरुद्धे सुदुक्खिए ।।१।। जीविअंतं तु सम्पत्ते, मंसट्टा भक्खिअव्वए । पासित्ता से महापन्ने सारहिं इणमब्बवी ।।२।। कस्स अट्ठा इमे पाणा, एए सव्वे सुहेसिणो । वाडेहिं पंजरेहिं च, सन्निरुद्धे य अ च्छहिं ।।३।। अह सारही तओ भणइ, एए भद्दा हु पाणिणो । तुज्झं विवाहकज्जंमि, भोआवेउं बहुं जणं ।।४।। सोऊण तस्स सो वयणं, बहुपाणिविणासणं । चिंतेइ से महापन्ने साणुक्कोसे जिएहिओ ।।५।। जइ मज्झ कारणा एए हम्मंति सबहूजिआ । न मे एयं तु निस्सेयं[1] परलोए भविस्सइ ।।१६।। एवं पशुवाटस्वरूपे प्रतिपादितेऽपि धर्मेऽनासक्ता अज्ञानिनो जीवाः पशवस्तेषां वाटं संसारे विविधविश्रंसनात्मकमालोक्य भगवानरिष्टनेमिः प्राव्राजीदित्येवं पशुवाटस्वरूपोद्भावनं यद्विधीयते, तदपि भूतनिह्नवाभूतोद्भावनरूपालीकतया विज्ञेयम् ।।१५६।।

તથા શ્રી ઉત્તરાધ્યયનમાં રથનેમીય અધ્યયનમાં (ગાથા ૮૧૦-૮૧૪) - હવે તે ત્યાંથી પસાર થતાં....

(ઉક્ત વૃત્તાંત પ્રસિદ્ધ હોવાથી નથી લખ્યો.)

આ રીતે પશુના વાડાનું સ્વરૂપ જણાવ્યું હોવા છતાં પણ

१. क,ख - निस्सेसं ।

- ધર્મમાં રુચિ નહીં ધરાવતા અજ્ઞાની જીવો = પશુઓ, સંસારમાં વિવિધ હિંસાત્મક એવો તેમનો વાડો જોઇને ભગવાન શ્રી અરિષ્ટનેમિએ પ્રવ્રજ્યા લીધી, એવું જે પશુઓના વાડાનું સ્વરૂપ ઉપજાવાય છે, તે પણ 'જે વસ્તુ હતી તે છુપાડવી અને ન હતી તે ઉપજાવવી' એવા સ્વરૂપના જુઠાણારૂપ સમજવું ।।૧૫૬।।

तथा आपदि पौषधव्रतिनोऽपि निशि जलपानं विदधतीति यदुच्यते, तदपि विचार्यम् ।।१५७।।

તથા આપત્તિમાં પૌષધવ્રતીઓ પણ રાત્રે જળપાન કરે છે, એવું જે કહવાય છે, તે પણ વિચારણીય છે. ।।૧૫૭।।

तथा श्रीशिवकरजिनस्य पञ्चदशपूर्वलक्षमितकौमार्यावस्थातिक्रमे यो विवाहः प्रोक्तः स न सङ्गच्छते । यतः कौमार्यावस्थाऽकृतपाणिग्रहस्येति कौमार्यस्यार्थो नास्ति, किन्तु यावद् राज्याभिषेको न स्यात्तावत्कुमार इति कथ्यते ।

તથા શિવકરજિન પંદર લાખ પૂર્વ પ્રમાણની કુમાર-અવસ્થા બાદ વિવાહ કરે છે, એવું જે કહ્યું છે, તે સંગત નથી. કારણ કે જેણે લગ્ન નથી કર્યા એની કુમારપણાની અવસ્થા એવો અર્થ નથી. પણ જ્યાં સુધી રાજ્યાભિષેક ન થાય, ત્યાં સુધી કુમાર એમ કહેવાય છે.

ज्ञापकं च-छप्पुव्वसयसहस्सा पुव्विं जायस्स जिण-वरिंदस्स। तो भरहबंभिसुंदरि-बाहुबली चेव जायाइं ।।१।। इति वचनात्षट्पूर्वलक्षातिक्रमे सञ्जातापत्यस्य श्रीऋषभदेवस्य-वीसं

पुव्वसयसहस्साइं कुमारवासमज्झे वसइ इति श्रीकल्पसूत्रे विंशतिपूर्वलक्षाणि यावत् कौमार्यावस्थाकथनम् । एवमेतस्याः प्राक्तनेषु ग्रन्थेषु जिनानां कौमार्यावस्थामाश्रित्य भावनीयम् ।।१५८।।

અને (ઉપરોક્ત અર્થને) જણાવનાર (શાસ્ત્રવચન પણ છે) - જિનવરેન્દ્ર (ઋષભકુમાર)ના જન્મથી છ લાખ પૂર્વ પસાર થયા પછી ભરત, બ્રાહ્મી, સુંદરી અને બાહુબલી જન્મ પામ્યા. ।।૧।। (આવશ્યક નિર્યુક્તિ ૧૯૭). આ વચનથી છ લાખ પૂર્વ પસાર થતા શ્રી ઋષભદેવને સંતાનો જન્મ્યા.

અને વીશ લાખ પૂર્વ સુધી કુમારવાસમાં વસે છે - એમ શ્રી કલ્પસૂત્રમાં વીશ લાખ પૂર્વ સુધી કુમારાવસ્થા કહી છે. આ રીતે એના પૂર્વના ગ્રંથોમાં જિનોની કુમારાવસ્થાને આશ્રીને વિચારવું જોઇએ. ।।૧૫૮।।

तथा सूरयो इत्यस्य स्थाने सूरिणो इति ।।१५९।।

તથા 'સૂરયો' (આચાર્યો) એમ (શુદ્ધ રૂપના) સ્થાને 'સૂરિણો' એમ (અશુદ્ધ રૂપ લખ્યું છે.)

જે સંસ્કૃત ભાષાના સમ્યક્ જ્ઞાનના અભાવને પ્રગટ કરે છે.

तथा विशुद्धधर्मतः परिभ्रष्टा इत्यस्य स्थाने विशुद्धधर्मतो परिभ्रष्टा इत्यादीन्यवद्यान्यपि बहूनि ।।१६०।। एवमादीन्यन्यान्यपि भूयांसि विरुद्धानीष्टकमनीयसिद्धौ ।

તથા 'विशुद्धधर्मतः परिभ्रष्टाः' (વિશુદ્ધધર્મથી અત્યંત ભ્રષ્ટ થયેલા,) એના સ્થાને 'विशुद्धधर्मतो परिभ्रष्टाः' વગેરે ઘણા

(વ્યાકરણસંબંધી) દોષો છે. ॥૧૬૦॥ વગેરે અન્ય પણ ઘણા વિરુદ્ધ વચનો ઇષ્ટકમનીયસિદ્ધિમાં છે.

३१० तथा-एतस्याः प्राक्तनेषु ग्रन्थेषु ये बलिविहरणरिपुकोटिविध्वंसीकरणादयो ये महाः प्रोच्यन्ते ते विचार्याः । सूत्रे-इंदाइमहा पायं पयनियया ऊसवा हुंति-इति वचनादिन्द्रादिमहा एव महतया प्रोक्ताः, न तु एते ।।१६१।।

તથા એના પૂર્વના ગ્રંથોમાં જે બલિવિહરણ, કરોડ શત્રુઓનો વિનાશ કરવો, વગેરે જે ઉત્સવો કહેવાય છે, તે વિચારણીય છે. સૂત્રમાં - ઇન્દ્રાદિ મહો પ્રાયઃ પ્રતિનિયત ઉત્સવો હોય છે - એવા વચનથી ઇન્દ્રાદિ ઉત્સવો જ ઉત્સવરૂપે કહ્યા છે. આ (બલિવિહરણાદિ) નહીં. ॥૧૬૧॥

तथा एतेषां विधिः ।।१६२।। तथा एतेषु नियतं दानादिकं विचार्यम् ।।१६३।।

તથા આ (ઉત્સવોનો) વિધિ ॥૧૬૨॥ તથા તેમાં અવશ્ય કરવા યોગ્ય દાનાદિ વિચારણીય છે. ॥૧૬૩॥

तथा-पाहूडए विज्जाणं देसिअमिगवीसनामं जं-इति वचनाद् दृष्टिवादे श्रीशत्रुञ्जयस्यैकविंशतिरभिधाना निगद्यन्ते । अत्र तु सहस्रमित्येतद् विमृश्यम् ।।१६४।।

તથા વિદ્યાપ્રાભૃતમાં જે એકવીશ નામ કહ્યા છે - એ વચનથી દષ્ટિવાદમાં શ્રી શત્રુંજયના એકવીશ નામો કહેવાય છે. જ્યારે અહીં એક હજાર કહ્યા છે, તે વિચારણીય છે. ॥૧૬૪॥

तथा तेषु निर्बीजयोगिनिर्द्धोटक[1] इत्येवमादी-न्यभिधानानि निरीक्ष्यन्ते, तस्मात्तानि काल्पनिकानि सम्भाव्यन्ते । तथान्येषामपि श्रीसम्मेतशैलादीनां यानि सहस्राभिधानानि प्रोच्यन्ते तान्यपि विमर्शनीयानि ॥१६५॥

તથા તેમાં નિર્બીજયોગિનિર્દ્ધોટક વગેરે નામો દેખાય છે, માટે તે કાલ્પનિક હોય એવું સંભવે છે. તથા અન્ય પણ શ્રી સંમેતશિખર વગેરેના હજાર નામો કહેવાય છે, તે પણ વિચારણીય છે.

तथा मन्त्रबलेन मण्डपादिषु सकलतीर्थशक्त्याकर्षणं यदुच्यते तदपि विचार्यम् ॥१६६॥

તથા મંત્રબળથી મંડપ વગેરેમાં જે સર્વ તીર્થોની શક્તિ આકર્ષવામાં આવે છે, એવું જે કહેવાય છે, તે પણ વિચારણીય છે. ॥૧૬૬॥

तथा-सुसाणे सुन्नगारे वा रुक्खमूले व एगगो-एवं श्रीउत्तराध्ययने, तथा सुसाणसुन्नगाररुक्खमूलेत्यादिना श्रीप्रश्नव्याकरणाङ्गे, तथा-अहे रुक्खमूलंसि वा-इत्यादिभिः श्रीकल्पसूत्रादिषु श्मशानवृक्षमूलादिस्थानेषु साधूनामवस्थाने श्रीगणभृदादिभिरनुज्ञाते सत्यपि तत्रावस्थानं यदुत्थाप्यते केनचिद्युक्त्याभासेन तदपि विचार्यम् ॥१६७॥

તથા - શ્મશાન, શૂન્યઘર, કે વૃક્ષતળે એકાકી - એમ શ્રી ઉત્તરાધ્યયનમાં (ગાથા ૬૮) તથા - સ્મશાન, શૂન્યઘર, વૃક્ષતળ

१. क - निर्द्धालक ।

- વગેરેથી શ્રી પ્રશનવ્યાકરણ અંગમાં, તથા - અથવા તો વૃક્ષના તળે - ઇત્યાદિથી શ્રીકલ્પસૂત્ર વગેરેમાં સ્મશાન, વૃક્ષતળ વગેરે સ્થાનોમાં સાધુઓ રહી શકે, એવી શ્રી ગણધર વગેરેએ રજા આપી હોવા છતાં પણ, કોઇ કુયુક્તિથી ત્યાં રહેવાનો નિષેધ કરાય છે, તે પણ વિચારણીય છે. ॥૧૬૭॥

तथा श्रीआगमे श्रव(म)णश्रमणीश्रमणोपासक-श्रमणोपासिकारूपश्चतुर्विधः सङ्घः प्ररूप्यते । अत्र तु ब्राह्मण-ब्राह्मणीभिः स षड्विध इत्येतदपि न युक्तम्, यतो ब्राह्मण-ब्राह्मण्यश्च श्रीसम्यक्त्वमूलद्वादशव्रतधराः सम्भवेयुस्तदा ते श्राद्धास्ताश्च श्राद्ध्य इति निगद्यन्ते, तर्हि तत्पृथगादानं नौचितीमञ्चति ।

તથા શ્રી આગમમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચાર પ્રકારનો સંઘ કહેવાય છે. અહીં તો બ્રાહ્મણ-બ્રાહ્મણી સહિત છ પ્રકારનો કહેવાય છે, એ ઉચિત નથી. કારણ કે બ્રાહ્મણ-બ્રાહ્મણી શ્રી સમ્યક્ત્વમૂલક બાર વ્રતોના ધારક હોય, તો તે શ્રાવક-શ્રાવિકા કહેવાય છે, તો પછી તેમને અલગથી લેવા એ ઉચિત નથી.

अथ चेत्श्रीमज्जिनाज्ञाविमुखाः श्रीमद्देवाधिदेवेतर-देवदेवीप्रतिमासमभ्यर्हणस्तवनैकादशीविधानादिमिथ्या-दर्शनक्रियानिरताः सम्भवेयुर्ब्राह्मणा ब्राह्मण्यश्च, तदा तद्गणनं सङ्घमध्ये कथं स्याद्यौक्तिकम् ?

१. ख - सभ्यर्हण ।

હવે જો તે બ્રાહ્મણ-બ્રાહ્મણી શ્રીજિનાજ્ઞાથી વિમુખ હોય, શ્રી દેવાધિદેવ સિવાયના દેવ-દેવઓની પ્રતિમાની પૂજા, સ્તવન, અગિયારસનું વિધાન વગેરે મિથ્યાદર્શનસંબંધી ક્રિયાઓમાં પરાયણ હોય, તો પછી તેમને સંઘની અંતર્ગત ગણવા, એ યુક્તિસંગત શી રીતે થાય ?

यतः-अस्संघं संघं जो भणइ रागेण अहव दोसेणं मूलं वा छेअं वा पच्छित्तं जायए तस्स ॥१॥ इति-वचनात्सङ्घमध्ये तद्गणने मूलं पर्यायच्छेदरूपं वा प्रायश्चित्तं स्यादिति ॥१६८॥

કારણ કે - જે રાગ કે દ્વેષથી અસંઘને સંઘ કહે છે, તેને મૂળ કે છેદ પ્રાયશ્ચિત્ત આવે છે. ॥૧॥ (સંબોધપ્રકરણ ૪૫૮, સંઘસ્વરૂપકુલક ૪). આ વચનથી તેમને સંઘમાં ગણતા મૂલ કે પર્યાયછેદરૂપી પ્રાયશ્ચિત્ત થાય. ॥૧૬૮॥

तथा यत्र मनुष्याणां भूयान्प्रचारस्तत्र पञ्चानाम-प्येकेन्द्रियाणां जघन्यमायुर्मुहूर्तप्रमाणम् । यत्र पुनर्न मनुजानां प्रचारः, किन्तु द्वीन्द्रियादीनां सम्भवेत्, तत्रैकाक्षाणां मध्यमायुषोऽर्द्धम्[1] । यत्र पुनर्न द्वीन्द्रियादीनामपि प्रचारस्तत्र तेषामुत्कृष्टायुरिति त्रैविध्यमायुषो यत्तत्र प्ररुप्यते, तदपि न युज्यते ।

તથા જ્યાં માણસોની ઘણી અવરજવર હોય, ત્યાં પાંચે ય એકેન્દ્રિયોનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્તપ્રમાણ હોય. જ્યાં મનુષ્યોનો પ્રચાર ન હોય, પણ બેઇન્દ્રિય વગેરેનો હોય, ત્યાં એકેન્દ્રિયોને ઉત્કૃષ્ટ આયુષ્યનું અડધું મધ્યમ (આયુષ્ય હોય

---

१. ख - षोऽर्द्धं ।

છે.) પણ જ્યાં બેઇન્દ્રિયો વગેરેનો પણ પ્રચાર ન હોય, ત્યાં તેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય છે. એમ ત્યાં જે ત્રણ પ્રકારના આયુષ્ય કહેવાય છે, તે પણ ઉચિત નથી.

यतो मुहूर्तशब्देन घटिकाद्वयं प्रोच्यते । तस्मिन्सर्वजघन्यायुर्योग्यान्तर्मुहूर्तादारभ्य समयाधिकतयाऽसङ्ख्येयान्यन्त-र्मुहूर्तानि स्युः, तेषां मध्ये यत्सर्वजघन्यायुःप्रमाणयोग्यमन्तर्मुहूर्तम्, तदेव जघन्यमायुःप्रमाणम् । तदग्रेतनानि तु समयाधिकान्यन्त-र्मुहूर्तानि यान्यसङ्ख्येयानि भवेयुर्मुहूर्तानि सर्वाण्यपि मध्यमायुः-प्रमणतयैव विज्ञेयानि । तत्कथं जघन्यमायुर्मुहूर्तमानम् ? ।।१६९।।

કારણ કે મુહૂર્ત-શબ્દથી બે ઘડી કહેવાય છે. તેમાં જે સર્વથી જઘન્ય આયુષ્યના પ્રમાણને યોગ્ય અંતર્મુહૂર્તથી માંડીને (એક-એક) સમય અધિકપણાથી અસંખ્ય અંતર્મુહૂર્ત હોય, તેમાં જે સર્વથી જઘન્ય આયુષ્યના પ્રમાણને યોગ્ય અંતર્મુહૂર્ત હોય, તે જ જઘન્ય આયુષ્યનું પ્રમાણ છે. તેનાથી આગળના તો સમયાધિક સમયાધિક અંતર્મુહૂર્તો એવા અસંખ્ય મુહૂર્તો હોય, તે સર્વે મધ્યમ આયુષ્ય પ્રમાણરૂપે જ જાણવા જોઇએ. તો પછી (તેનું) અંતર્મુહૂર્તપ્રમાણ જઘન્ય આયુષ્ય શી રીતે (કહી શકાય ?) ।।૧૬૯।।

तथाऽऽयुषोऽर्द्धं मध्यमायुर्यदुच्यते, तदपि न युक्तम्, यतः पृथिव्यादीनामुत्कृष्टायुर्द्वाविंशतिसहस्त्रादिमितमुच्यते सिद्धान्ते, तदा(द)र्द्धेष्वेकादशसहस्त्रादिकं भवति । तावन्मितमेवं पुनः

कथं स्यान्मध्यमम् ? यतः सर्वजघन्यादायुःप्रमाणादारभ्य समयाधिकतया तावन्मध्यमत्वमायुषः पृथ्व्यादीनां यावत्तेषामुत्कृष्टायुर्द्वाविंशतिसहस्रादिमानसमयहीनम् । तत्कथं सङ्गच्छत आयुषोऽर्द्धस्यैव मध्यमत्वम् ।।१७०।।

તથા આયુષ્યનું અડધું = મધ્યમ આયુષ્ય, એવું જે કહેવાય છે, તે પણ ઉચિત નથી, કારણ કે પૃથ્વી વગેરેનું ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીશ હજાર (વર્ષ) વગેરે સિદ્ધાંતમાં કહેવાય છે, તો તેનું અડધું અગિયાર હજાર વગેરે થાય. તો એટલા પ્રમાણનું મધ્યમ આયુષ્ય શી રીતે થાય ? કારણ કે સર્વથી જઘન્ય એવા આયુષ્યના પ્રમાણથી માંડીને સમયાધિકરૂપે ત્યાં સુધી પૃથ્વી વગેરેનું મધ્યમ આયુષ્ય છે, જ્યાં સુધી તેમના ઉત્કૃષ્ટ આયુષ્ય બાવીશ હજાર (વર્ષ) વગેરેના પ્રમાણથી એક સમય હીન આયુષ્ય હોય. માટે આયુષ્યનો અડધો ભાગ જ મધ્યમ છે, એવું શી રીતે સંગત થઇ શકે ? ।।૧૭૦।।

तथा (यत्र) मनुजानां प्रचारस्तत्रैकेन्द्रियाणां जघन्यमेवायुरित्येतद् यथा न युज्यते तथा प्राग्भावितम् । यत्र द्वीन्द्रियादीनां प्रचारस्तत्र यदेकाक्षाणामायुषोऽर्द्धमित्येतत्तु यन्निगद्यते, तदपि न सङ्गच्छते । यतस्तत्र जघन्यायुरन्तर्मुहूर्तमानम्, तदाग्रेतनानि समयाभ्यधिकान्यपि मध्यमायूंषि भवन्त्येव । उत्कृष्टायुरपि चेत्तत्र भवेदेकेन्द्रियाणां तदापि किं बाधकमिति ।।१७१।।

તથા જ્યાં માણસોની અવરજવર હોય, ત્યાં એકેન્દ્રિયોને જઘન્ય આયુષ્ય જ હોય, એવું જે રીતે ઘટતું નથી, તે રીતે પૂર્વે

સમજાવ્યું છે. જ્યાં બેઇન્દ્રિયો વગેરેનો પ્રચાર હોય, ત્યાં એકેન્દ્રિયોને અડધું આયુષ્ય હોય, એવું જે કહેવાય છે, તે પણ સંગત થતું નથી. કારણ કે ત્યાં જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત પ્રમાણ છે, તેનાથી આગળના સમયાધિક સમયાધિક પણ મધ્યમ આયુષ્યો થાય જ છે. અને જો ત્યાં (બેઇન્દ્રિયાદિના પ્રચારના સ્થાને) એકેન્દ્રિયોને ઉત્કૃષ્ટ આયુષ્ય પણ હોય, તો પણ શું બાધક છે ?

तथा यत्र न द्वीन्द्रियादीनामपि प्रचारस्तत्रैवैकेन्द्रियाणामुत्कृष्टायुः क्व भविष्यतीति ? अत्र बहु वाच्यम् ।।१७२।।

તથા જ્યાં બેઇન્દ્રિયો વગેરેનો પણ પ્રચાર નથી, ત્યાં જ એકેન્દ્રિયોનું ઉત્કૃષ્ટ આયુષ્ય હોય, તો એ કયાં સ્થાને હશે ? એ વિષયમાં ઘણું કહેવા જેવું છે. ॥૧૭૨॥

तथैतत्शास्त्राभासापमानकानामाभिनिवेशिकत्वं यत्प्रतिपाद्यते, तत्श्राद्धानां पुनः सांशयिकत्वम्, त उभ अपि विरुद्धे। यतः सम्यक् श्रीमदागमानुसारेण स्वधर्मकर्मनिरताः साधवः श्राद्धाश्च कथं सम्भवेयुराभिनिवेशिकाः सांशयिका वा ? यतो निरभिनिवेशतया सम्यक् शुद्धमार्गं प्ररूपयतां साधूनां तदुपदेशेन निःसंशयं सम्यग्धर्मकर्मणि निरतानां श्राद्धानां वा यैराभिनिवेशिक-सांशयिकत्वे निगद्येते, त एव तादृग्विधा इति ।।१७३-१७४।।

તથા આ શાસ્ત્રાભાસનું અપમાન કરનારા (સાધુઓ) આભિનિવેશિક-મિથ્યાત્વી છે, અને તેમના અનુયાયી શ્રાવકો

સાંશયિક-મિથ્યાત્વી છે, એવું જે કહેવાય છે, તે બંને સૂત્રથી વિરુદ્ધ છે. કારણ કે સમ્યક્ શ્રી આગમને અનુસારે સ્વધર્માનુષ્ઠાનમાં તત્પર સાધુઓ અને શ્રાવકો આભિનિવેશિક કે સાંશયિક શી રીતે સંભવે ? કારણ કે કદાગ્રહ વિના સમ્યક્ રીતે શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરનારા સાધુઓ અને તેમના ઉપદેશથી નિઃશંકપણે સમ્યક્ ધર્માનુષ્ઠાનમાં નિરત એવા શ્રાવકોને જેઓ આભિનિવેશિક-સાંશયિક કહે છે, તેઓ પોતે જ તેવા છે. ॥૧૭૩-૧૭૪॥

एवं सम्यक् श्रीमदागमानुयायिनामर्द्धहिंसादीनि यानि कुवचनान्युच्यन्ते, तानि तेषां केवलमवर्णवादवादित्वमेव सूचयन्ति।

આ રીતે શ્રી આગમને સમ્યક્ રીતે અનુસરનારાઓને 'અર્ધહિંસા' વગેરે જે ખરાબ વચનો કહેવાય છે, તે કેવળ તેમના અવર્ણવાદીપણાને જ સૂચવે છે.

तेन पुनरवर्णवादेन तेन(ते) मूकतादिदोषदूषिताः संसरन्त्यनन्तसंसारकान्तारम्, येनैषां प्रभूताः कुयोनिवर्गाः, यदुक्तम्-संजमजुआण गुणवंतयाण साहूण सीलकलिआणं । मूओ अवन्नवाई-इति ।।१७५।।

તે અવર્ણવાદના દોષથી તેઓ મૂંગાપણુ વગેરે દોષથી દૂષિત થઇને અનંત ભવાટવીમાં ભ્રમણ કરે છે. કારણ કે એવાઓ (સુસાધુનિંદકો) ઘણી દુર્ગતિઓમાં ભટકે છે. જે કહ્યું પણ છે - સંયમથી યુક્ત, ગુણવાન, શીલસહિત એવા સાધુઓની નિંદા કરનાર મૂંગો (થાય છે.) ॥૧૭૫॥

तथा ये पश्यन्तोप्येतस्य शास्त्राभास्य श्रीमदागमेन समं विरोधमेतद्विषयगाढानुरागिणो यदनेनैवोच्यते तदेव प्रमाणयन्ति। तेषामेतद्विषयगाढाभिगृहीतानामाभिग्रहिकं नाम प्रथमं मिथ्या-दर्शनम् ।।१७६।।

તથા શ્રીઆગમ સાથે આ શાસ્ત્રાભાસનો વિરોધ આવે છે, એવું જોવા છતાં પણ જેઓ એના દૃઢ અનુરાગી છે, એ જે કહે છે, તેને જ પ્રમાણ કરે છે, આનો દૃઢ કદાગ્રહ રાખનારા તેમને આભિગૃહિક નામનું પહેલું મિથ્યાદર્શન છે. ।।૧૭૬।।

तथा यदागमेनोच्यते, तदपि प्रमाणम् । यदेतेन शास्त्राभासेन निगद्यते, तदपि प्रमाणम् । यच्चान्यैरपि शास्त्रान्तरैः प्ररूप्यते, तदपि प्रमाणम् । यतो न हि शास्त्राण्यसत्यानि भवन्तीत्यनभि-गृहीताः स्युर्ये कस्मिन्नपि शास्त्रे, तेषां सकलशास्त्रोदिताचारं प्रमाणयतां कुत्राप्यभिग्रहाभावादनाभि-ग्रहिकम् ।।१७७।।

તથા - જે આગમ કહે છે, તે પણ પ્રમાણ છે. જે આ શાસ્ત્રાભાસ કહે છે, તે પણ પ્રમાણ છે. જે અન્ય શાસ્ત્રો કહે છે, તે પણ પ્રમાણ છે. કારણ કે શાસ્ત્રો અસત્ય ન હોય. આ રીતે જેઓ કોઇ પણ એકાદ શાસ્ત્રના આગ્રહવાળા નથી, તેઓ સર્વ શાસ્ત્રોએ કહેલા આચારને પ્રમાણિત કરે છે, તેમને ક્યાંય પણ આગ્રહ ન હોવાથી અનાભિગ્રહિક મિથ્યાદર્શન છે. ।।૧૭૭।।

तथा ये पश्यन्तोऽपि श्रीमदागमेन समं महाविरोधमेतस्य शास्त्राभासस्य स्वमतस्थापनायाभिनिवेशेन श्रीमदागमविरुद्ध-

मेतदुक्तं स्थापयन्ति प्ररूपयन्ति च, तेषामभिनिवेशभावादाभिनिवेशिकम् ।।१७८।।

તથા જેઓ શ્રી આગમ સાથે આ શાસ્ત્રાભાસનો મહાવિરોધ જોવા છતાં પણ પોતાના મતને સ્થાપવા માટે કદાગ્રહથી શ્રી આગમ વિરુદ્ધ એવું એણે કહેલું સ્થાપે છે અને પ્રરૂપે છે. તેઓને કદાગ્રહ હોવાથી આભિનિવેશિક (મિથ્યાત્વ છે.) ॥૧૭૮॥

तथा ये निरीक्ष्य विरुद्धानि श्रीमदागमेन सार्द्धमेतस्मिन्शास्त्राभासे संशयापन्ना अपि एतदुक्ताचारे प्रवर्तन्ते, तेषां संशयभावात्सांशयिकम् ।।१७९।।

તથા જેઓ આ શાસ્ત્રાભાસમાં શ્રી આગમ સાથેના વિરોધોને જોઇને સંશય પામ્યા હોવા છતાં પણ એણે કહેલા આચારમાં પ્રવૃત્ત થાય છે, તેમને શંકા હોવાથી સાંશયિક (મિથ્યાત્વ છે.) ॥૧૭૯॥

तथा यैस्तथाविधशास्त्राकर्णनाभ्यासाद्यभावात्सम्यक् श्रीमदागमानभिज्ञैरेतदुक्ताचारः श्रीमज्जिनसमयविरुद्धोऽपि विरुद्धोऽयमित्यविज्ञायानुष्ठीयते गतानुगतिकतया धर्मार्थितया वा तेषामनाभोगेन विरुद्धाचरणादनाभोगिकम् ।।१८०।।

તથા - જેમને તેવા પ્રકારના શાસ્ત્રોના શ્રવણનો અભ્યાસ નથી, તેથી જેઓ આગમને બરાબર જાણતા નથી. તેથી જિનાગમથી વિરુદ્ધ એવા પણ એણે કહેલા આચારને 'આ વિરુદ્ધ છે' એમ જાણ્યા વિના જેઓ ગતાનુગતિકપણે કે

ધર્માર્થીપણે આચરે છે. તેમને અનાભોગથી વિરુદ્ધ આચરણ કરવાને કારણે અનાભોગિક (મિથ્યાત્વ છે.) ॥૧૮૦॥

एवं पञ्चानामपि मिथ्यादर्शनविशेषाणां प्रादुर्भावो भावितः। अथ सामान्येनापि मिथ्यात्वोद्गमो विभाव्यते । तथाहि-निर्बीजयोगिसमभ्यर्चितामर्हत्प्रतिमितिमपि नाभिनमेत् एवंविधैर्वचनैरेतदुक्तमन्त्राक्षरानधिवासिततनुमता पूजिता जिनप्रतिमितिरप्यवन्द्यतयोक्ता ।

આ રીતે પાંચે ય મિથ્યાદર્શન-વિશેષના આવિર્ભાવનો વિચાર કર્યો. હવે સામાન્યથી પણ મિથ્યાત્વના ઉદયનો વિચાર કરાય છે. તે આ રીતે નિર્બીજયોગી વડે પૂજિત અરિહંત પ્રતિમાને પણ ન નમવું - આવા વચનોથી એણે કહેલ મંત્રાક્ષરોથી અનધિવાસિત જીવે પૂજેલી જિનપ્રતિમા પણ અવંદનીય છે, એવું કહ્યું છે.

एवं सति विधिवत्प्रतिष्ठिताया अपि जिनप्रतिमाया अन्यपूजिताया अवन्दने तत्रानादराद्देवविषयश्रद्धानमपि मलिनितं स्यात्, नामस्थापनादिभेदैश्चातुर्विध्याज्जिनानाम् ।

આ રીતે વિધિપૂર્વક પ્રતિષ્ઠિત કરેલી જિનપ્રતિમા પણ અન્યથી પૂજાઇ, માટે તેને વંદન ન કરે, તો તેને તેના પ્રત્યે અનાદર થવાથી દેવવિષયક શ્રદ્ધા પણ કલુષિત થઇ જાય. કારણકે જિનેશ્વરો નામ-સ્થાપના વગેરે ભેદથી ચાર પ્રકારે છે.

एवं श्रीउमास्वातिवाचकश्रीहरिभद्रसूरिप्रभृतिप्राचीना-

नूचानविरचितप्रतिष्ठाकल्पानुसारकृतप्रतिष्ठानां श्रीजिनप्रतिमानामे तदुक्ताचारं विना प्रतिष्ठितत्वे यदुच्यते तदवन्द्यत्वं तदाश्रित्यापि वाच्यम् ।

શ્રી ઉમાસ્વાતી વાચક, શ્રી હરિભદ્રસૂરિ વગેરે પૂર્વાચાર્યોએ રચેલ પ્રતિષ્ઠાકલ્પને અનુસારે જેમની પ્રતિષ્ઠા કરી છે, તેવી પ્રતિમાઓ પણ આણે કહેલ આચાર વિના પ્રતિષ્ઠિત કરી હોવાથી જે અવંદનીય કહેવાય છે, તેની બાબતમાં પણ ઉપરોક્ત રીતે (દેવવિષયક શ્રદ્ધા કાલુષ્ય) સમજવું જોઇએ.

तथा सबीजयोगं विना प्रतिमान्ततपोयोगवानपि मुनिर्नाभिवन्द्य इत्येवंविधवाक्यैश्चारित्राराधकमुनेरप्यवन्दने गुरुविषयश्रद्धानमपि विशीर्यते ।

તથા સબીજયોગ વિના પ્રતિમા સુધીના તપોયોગોદ્વહન કરનાર મુનિ પણ વંદનીય નથી, એવા વાક્યોથી ચારિત્રા આરાધક મુનિને પણ વંદન ન કરવાથી ગુરુવિષયક શ્રદ્ધાનો પણ વિનાશ થઇ જાય છે.

यतः - परगच्छेवि सगच्छे जे संविग्ग बहुस्सुआ साहू । तेसि अणुरागबन्धं मा मुञ्चसु मच्छरेण हओ ॥१॥ इति-वचनात्परगच्छस्वगच्छसम्बन्धिषु संविग्नेषु बहुश्रुतेषु साधुषु प्रशस्तत्वेन रागस्य कार्यत्वेनाप्युक्ते सति यत्तदुपरि मत्सरेण तेषामवन्दनम्, तेन हारितबोधिबीजोऽपि पर्यटत्यनन्ते संसार-कान्तारे शरीरी ।

કારણ કે - સ્વગચ્છ કે પરગચ્છમાં પણ જે સંવિજ્ઞ બહુશ્રુત

સાધુઓ હોય, મત્સરથી હણાઇને તેમના પ્રત્યેના ગુણાનુરાગને છોડ નહીં - આ વચનથી સ્વગચ્છ-પરગચ્છ સંબંધી સંવિજ્ઞ બહુશ્રુત સાધુઓ પ્રત્યે રાગ રાખવો, એ પ્રશસ્ત હોવાથી કર્તવ્યરૂપે કહ્યો હોવા છતાં પણ જે તેમના પર મત્સર રાખવાથી તેમને વંદન ન કરે, તેનાથી બોધિબીજને પણ હારીને જીવ અનંત ભવાટવીમાં ભમે છે.

तथा केवलश्रीमज्जिनागमोक्तधर्मविषयश्रद्धापि समेति विशरारुताम् । एवमेतदुक्ताचारानुरागिणां श्रीदेवगुरुधर्म-विषयस्य श्रद्धानस्यापि विशीर्यमाणत्वात्कथं नोत्पद्यते मिथ्यादर्शनमिति ।।१८१।।

તથા કેવળ શ્રી જિનાગમે કહેલા ધર્મ પરથી શ્રદ્ધા પણ વિનાશ પામે છે. આ રીતે એણે કહેલા આચારના અનુરાગીઓની શ્રી દેવ-ગુરુ-ધર્મ પરની શ્રદ્ધા વિનષ્ટ થતી હોવાથી મિથ્યાત્વનો ઉદય કેમ ન થાય ? ।।૧૮૧।।

सूचकोक्तस्नात्रविधावपि बहुविचार्यम् ।।१८२।। तथा-आर्द्रेन्धनादौ वह्निः स्वभावेनैव प्रासुक इत्येवं यत्प्रतिपाद्यते, तदपि पूर्वोक्तयुक्त्या विरुद्धत्वाद्विमर्शार्हम् ।।१८३।।

સૂચકે કહેલી સ્નાત્રવિધિના વિષયમાં પણ ઘણું વિચારણીય છે. ।।૧૮૨।। તથા ભીના બળતણ વગેરેમાં અગ્નિ સ્વભાવથી જ પ્રાસુક છે, એવું જે પ્રતિપાદન કરાય છે, તે પણ પૂર્વોક્તયુક્તિથી વિરુદ્ધ હોવાથી વિચારણીય છે. ।।૧૮૩।।

तथा भित्तौ भूमिभागे नीव्रादिषु स्पर्शं कुर्वन्सकलोऽपि

समीरणः स्वभावेनैव प्रासुकः स्यादित्येवं यत्प्रतिपाद्यते, तदपि न युक्तम् । एवं चेद्वातस्य प्रासुकता स्यान्नैसर्गिकी, तदा-न चरेज्ज वासे वासंते महिआए व पडंतिए । महावाए व वायंते तिरिच्छसंपाइमेसु वा ।।१।। इत्यादिभिः श्रीमदागमेय-गाथाभिर्महावाते विसर्प्पति साधूनां गतिनिषेधः किं निमित्तः प्रोच्यते ? यतः सोऽपि प्रसरद् वृक्षलतादीनामवनेश्च स्पर्शं विधत्त इत्यादि नैसर्गिकवातप्रासुकतामाश्रित्य बहु विरुद्धम् ।।१८४।।

તથા દીવાલમાં, જમીન પર, છાપરા વગેરે પર સ્પર્શ કરતો સર્વ પવન સ્વભાવથી જ પ્રાસુક હોય છે, એવું જે કહેવાય છે, તે પણ ઉચિત નથી. જો આ રીતે પવન સ્વાભાવિક રીતે અચિત્ત થઇ જતો હોય, તો - વરસાદ પડે ત્યારે કે મહિકા પડતી હોય ત્યારે, તીવ્ર પવન વાતો હોય ત્યારે કે પતંગિયા વગેરે હોય ત્યારે ન ફરવું - (દશવૈકાલિક ०५-२/८) ।।૧।। ઇત્યાદિ શ્રી આગમની ગાથાઓ વડે મહાવાયુ વાતો હોય ત્યારે સાધુઓએ ન ફરવું, એવું શા માટે કહેવાય છે ? કારણ કે તે પણ પ્રસરતો હોય ત્યારે વૃક્ષ-લતા વગેરેને અને ધરતીને સ્પર્શ કરે છે. ઇત્યાદિ સ્વાભાવિક રીતે વાયુના અચિત્તપણાને આશ્રીને ઘણું વિરુદ્ધ છે. ।।૧૮૪।।

तथा चमसशब्दस्याविष्टलिङ्गत्वान्नपुंस्त्वे सत्यपि चमसश्चमसा इत्येवं बहुव्रीहिसमासं विनापि पुंस्त्रीलिङ्गयोः प्रयोगश्चमसशब्दस्य विरुद्धः ।।१८५।। एवमन्यान्यपि लिङ्गकूट ।।१८६।। व्युत्त(त्प)त्तिकूटानि बहून्यपि ।

**તથા ચમસ શબ્દ આવિષ્ટલિંગ હોવાથી નપુંસક લિંગમાં હોવા છતાં પણ ચમસ-ચમસા એમ બહુવ્રીહિ સમાસ વિના પણ જે પુંલિગ-સ્ત્રીલિંગમાં ચમસશબ્દનો પ્રયોગ કર્યો છે, તે વિરુદ્ધ છે. ॥૧૮૫॥ એમ અન્ય પણ લિંગકૂટ-વ્યુત્પત્તિકૂટ ઘણા છે. ॥૧૮૬॥**

ચમસનો અર્થ છે પલાશ વગેરેના લાકડાનું બનાવેલું સોમરસ પીવાનું યજ્ઞીય પાત્ર. 'ચમસ' શબ્દ આવિષ્ટલિંગ છે. અર્થાત્ બહુવ્રીહિ સમાસ સિવાય એ પોતાનું લિંગ છોડતો નથી. છતાં વિવક્ષિત ગ્રંથમાં તેનો બહુવ્રીહિ સમાસ વિના પણ અન્ય લિંગમાં પ્રયોગ કર્યો છે. માટે એ અપશબ્દ છે, એમ કહેવાનો અહીં આશય છે.

**पलाशाद् वा वटाद् वाऽन्यद्वृक्षाद्वा चमसाः स्मृताः** - અહીં ચમસ-શબ્દનો પુંલિંગમાં પણ પ્રયોગ થયો છે. માટે આ શબ્દ પુંલિંગમાં તો સાધુ હોવો જોઇએ.

**तथा यदप्युच्यते सम्यक् श्रीजिनधर्मः समग्रोऽपि ब्राह्मणायत्त एव, यत एतत्शास्त्रं ब्राह्मणाधीनम् । एतत्शास्त्रं विना तु न ज्ञायते श्रीमदार्हतमतस्वरूपं सम्यगिति, तदपि विरुद्धम्, यतः श्रीआगमे दशवैकालिकाचाराङ्गादिके श्रीमान्साधुधर्मः समग्रोऽपि प्ररूपितः । श्रीउपासकदशाङ्गके श्राद्धधर्मः । तथा श्रीआवश्यकनिर्युक्त्यादिषु तन्निर्युक्तिषु तच्चूर्ण्यादिषु च श्रीउपदेशमालायोगशास्त्रादिप्रकरणेषु च प्ररूपितौ साधुश्राद्ध-धर्मावुभावपि सम्यगेव श्रीसम्यग्दर्शनादारभ्य समग्रावपि । तत्कथमेतत्शास्त्राभासमूलः श्रीजिनधर्मः ? चेदेतन्मूलः**

श्रीमदार्हतधर्मः, ततः कथं ब्राह्मणायत्तं श्रीजिनशासनस्वरूपमिति ।।१८७।।

તથા જે એમ કહેવાય છે કે બધો ય સમ્યક્ શ્રી જિનધર્મ બ્રાહ્મણને જ આધીન છે, કારણ કે આ શાસ્ત્ર બ્રાહ્મણને આધીન છે. આ શાસ્ત્ર વિના શ્રીજિનધર્મનું સ્વરૂપ સમ્યક્ જણાતું નથી. તે પણ વિરુદ્ધ છે. કારણ કે દશવૈકાલિક, આચારાંગ વગેરે આગમમાં સમગ્ર શ્રીસાધુધર્મની પ્રરૂપણા કરી છે. શ્રી ઉપાસકદશા અંગમાં શ્રાવક ધર્મ કહ્યો છે. તથા શ્રી આવશ્યકનિર્યુક્તિ વગેરે તે નિર્યુક્તિઓમાં અને તે ચૂર્ણિઓમાં અને શ્રી ઉપદેશમાલા, યોગશાસ્ત્ર વગેરે પ્રકરણોમાં શ્રીસમ્યગ્દર્શનથી માંડીને સમગ્ર સાધુધર્મ અને શ્રાવકધર્મ બંને સમ્યક્ રીતે પ્રરૂપ્યા છે. તો પછી જિનધર્મ આ શાસ્ત્રાભાસમૂલક શી રીતે હોય ? જો દશવૈકાલિકાદિ શાસ્ત્રોને આધારે શ્રીજિનધર્મ હોય, તો પછી જિનશાસનનું સ્વરૂપ બ્રાહ્મણને આધીન શી રીતે હોય ? ॥૧૮૭॥

तथा तत्तादृशगुणविकलानां मिथ्यादर्शनक्रिया-निरतानामपि ब्राह्मणानां श्रमणात्मनामिव पात्रत्वं यदुच्यते, तेषां पुनः स्थाने स्थाने दानं यदुच्यते, तदखिलमपि युक्तिविकलमेव प्रतिभाति। यतश्चेदेवं ब्राह्मणेभ्यः श्राद्धानां साम्प्रतकालेऽपि दानं दत्तं विलोक्यत एवावश्यम्, तदानन्देन श्रमणोपासकेन धर्मप्रतिपत्त्यनन्तरं परतीर्थिकानां न देयं श्रमणानां च देयमित्यभिग्रहः कस्माद् गृहीतः ? ।।१८८-१८९।।

તથા તેવા ગુણોથી રહિત મિથ્યાદર્શનક્રિયામાં નિરત એવા

પણ બ્રાહ્મણો શ્રમણોની જેમ પાત્ર છે, એવું જે કહેવાય છે, વળી સ્થાને સ્થાને તેમને દાન આપવાનું જે કહેવાય છે, તે સર્વ યુક્તિરહિત જ લાગે છે. કારણ કે જો આ રીતે વર્તમાનકાળે પણ શ્રાવકોએ બ્રાહ્મણોને અવશ્ય દાન આપવું જ જોઇએ, તો પછી આનંદ શ્રાવકે ધર્મ સ્વીકાર્યા પછી પરતીર્થિકોને ન દેવું, શ્રમણોને દેવું, એવો અભિગ્રહ કેમ લીધો ? ॥૧૮૮-૧૮૯॥

तथा च श्रीउपासकदशाङ्गसूत्रम् तए णं आणंदे गाहावई समणस्स भगवओ महावीरस्स अंतिए पंचाणुव्वइअं सत्तसिक्खावइअं दुवालसविहं सावयधम्मं पडिवज्जइ पडिवज्जित्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी नो खलु मे भंते ! कप्पइ अज्जपभिइं अणउत्थिए वा अण्णउत्थिअदेवयाणि वा अण्णउत्थि-अपरिग्गहिआइं वा अरिहंतचेइआइं वंदित्तए वा नमंसित्तए वा संलवित्तए वा तेसिं असणं वा पाणं वा खाइमं वा साइमं वा दाउं वा अणुप्पदाउं वा नण्णत्थरायाभिओगेण बलाभिओगेणं देवयाभिओगेण गुरुनिग्गहेणं वित्तीकन्तारेण कपपइ मे समणे निग्गंथे फासुएसणिज्जेण असणपाणखाइमेणं वत्थपडिग्गह-कम्बलपायपुंछणेणं पीढफलगसिज्जासंथारेणं उसहभेसज्जेण य पडिलाभेमाणस्स विहरित्तए त्ति कट्टु इमं एयारूवं अभिग्गहं अभिगिण्हइ - इति । एवं श्रीउपासकदशाङ्ग आनन्दस्यावश्यं श्रमणदानविषयोऽभिग्रहः प्रोक्तः, न तु ब्राह्मणदानविषयः, प्रत्युत अण्णउत्थिए वा इतिपदेन ब्राह्मणानामपि सङ्गृहीतत्वात्तेषां पात्रधिया दानं न देयमितिरूप एवेति ।।१९०।।

આ રીતે શ્રી ઉપાસકદશા અંગમાં આનંદ શ્રાવકનો અવશ્ય શ્રમણોને દાન આપવા વિષયક અભિગ્રહ કહ્યો છે, પણ બ્રાહ્મણને દાન આપવા વિષયક અભિગ્રહ નથી કહ્યો. ઉલ્ટુ અથવા અન્ય તીર્થિક પદથી બ્રાહ્મણોનો પણ સંગ્રહ થઇ ગયો હોવાથી તેમને પાત્રબુદ્ધિથી દાન ન આપવું, એવો જ અભિગ્રહ લીધો છે. ॥૧૯૦॥

तथा राजादनीबदर्यादिकाष्ठैरेव धूपोत्क्षेपविधेरग्नि-होत्रतया यदनुष्ठेयत्वमुच्यते, तदपि विचार्यम्, श्रीआगमे प्रकरणेषु च तद्विधेः कुत्राप्यदृश्यमानत्वादिति ।।१९१।। तथैतस्मिन्शास्त्राभासे मदिरा वृक्षक्षीरे ।।१९२।। मांसमप्रासुकितान्ने ।।१९३।। परदार-सन्निवेशस्त्वाकालिकसुरते ।।१९४।। इत्यादिका निर्युक्तिभाष्य-चूर्णिवृत्तिप्रकरणादिषु कुत्रचिददृश्यमाना नव्यार्थकल्पनापि भूयसी प्रतिभाति ।।१९५।।

તથા રાજાદની, બદરી વગેરે લાકડાઓથી જ ધૂપ ઉવેખવાની વિધિ અગ્નિહોત્રરૂપે કરવી જોઇએ, એવું જે કહેવાય છે, તે પણ વિચારણીય છે, કારણ કે આગમમાં અને પ્રકરણોમાં તે વિધિ ક્યાંય દેખાતી નથી. ॥૧૯૧॥

તથા આ શાસ્ત્રાભાસમાં વૃક્ષના ક્ષીરમાં મદિરા ॥૧૯૨॥ અપ્રાસુક અન્નમાં માંસ ॥૧૯૩॥ નિત્ય મૈથુનમાં પરસ્ત્રી સંનિવેશ ॥૧૯૪॥ વગેરે ઘણી નવી કલ્પનાઓ જણાય છે, કે જે નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ, પ્રકરણ વગેરેમાં ક્યાંય દેખાતી નથી. ॥૧૯૫॥

तथा महनीयविरोधः स्यादित्यग्रमहनीयशब्दस्य पूज्यार्थे वर्तमानत्वाद्विरोधविशेषणता न सङ्गच्छते । एवं महनीय[1] किराताधिनामेत्यादिषु प्रभूतेष्वपि स्थानेषु महनीयादिशब्दानाम-युज्यमाना(ना)मपि प्रयोगो दृश्यते ।।१९६।।

તથા 'મહનીય વિરોધ થાય' - અહીં આગળનો 'મહનીય' શબ્દ પૂજ્યના અર્થમાં હોવાથી એ વિરોધના વિશેષણ તરીકે સંગત થતો નથી. એ રીતે મહનીય કિરાતાધિનામ વગેરે ઘણા સ્થાનોમાં મહનીય વગેરે શબ્દો અસંગત હોવા છતાં પણ તેમનો પ્રયોગ દેખાય છે. ||૧૯૬||

तथा शाश्वतचैत्यनमस्कारेषु क्वचित्त्रिवारं क्वचिच्चतुर्वारं स्वर्लोकनमस्काराधिकारे चैकस्मिन्नपि गद्ये परमशब्दस्य षट्वारं यावदपि प्रयोगो निरीक्ष्यते । एवं पुनरुक्तदूषणमपि स्थाने स्थाने ।।१९७।।

તથા શાશ્વત ચૈત્યોના નમસ્કારોમાં ક્યાંક ત્રણ વાર, ક્યાંક ચાર વાર, દેવલોક-નમસ્કારના અધિકારમાં એક ગદ્યમાં પણ પરમ શબ્દનો છ વાર સુધી પણ પ્રયોગ દેખાય છે. આ રીતે સ્થાને સ્થાને પુનરુક્તિ દોષ પણ છે. ||૧૯૭||

तथा पूर्वापरविरोधोऽपि भूयान्विद्यते । यथा तथा बह्ववि[1](?) आवश्यकविधावेव मुखांशुकग्रहणम्, अग्रे च यावज्जीवमपि तत(त्) पार्श्वे स्थाप्यमित्युक्तम् ।।१९८।।

તથા પૂર્વાપર વિરોધ પણ ઘણો છે. જેમકે પહેલા

१. ख - मोहनीय । १. क - बह्वति, ख - बह्ववि ।

આવશ્યકવિધિમાં જ મુહપત્તિનું ગ્રહણ કરવાનું કહ્યું અને આગળ યાવજ્જીવ મુહપત્તિ પાસે રાખવી એવું કહ્યું છે.

तथा नवतत्त्वनिदानादिष्वेकेन्द्रियहिंसासाध्यः श्राद्धधर्म इत्युक्तम्, अग्रे च यत्रैकस्याप्येकेन्द्रियस्य हिंसा स्यात्तत्र न धर्म इति ।।१९९।।

તથા નવતત્ત્વનિદાન વગેરેમાં 'શ્રાવક ધર્મ એકેન્દ્રિયોની હિંસાથી સાધ્ય છે,' એમ કહ્યું, અને આગળ 'જ્યાં એક પણ એકેન્દ્રિયની હિંસા, હોય, ત્યાં ધર્મ નથી,' એવું કહ્યું છે. ||૧૯૯||

तथा पञ्चाध्यायीप्रभृतिषु श्रीआगमानुयायी पूजाविधिः प्रोक्तः। अग्रे तु देवीनामग्रहणपुरस्सरं कुसुमाञ्जलिमोचनमण्डल-कुसुमादिकल्पनयेति ।।२००।।

તથા પંચાધ્યાયી વગેરેમાં શ્રી આગમને અનુસરતી પૂજાની વિધિ કહી. આગળ તો દેવીના નામ લેવાપૂર્વક કુસુમાંજલિ મૂકવી, માંડલું, પુષ્પ વગેરેની કલ્પનાથી પૂજાની વિધિ કહી છે. ||૨૦૦||

तथैकस्यापि जीवस्य प्राणान्ते प्रायश्चित्तं किमपि नास्तीत्येकत्र प्रोक्तम् । अग्रे तु सरागतया पर्ववर्जं नित्यव्यवाय-धर्मजनिताया अपि हिंसायाः शुद्धिर्नित्यैकाशनतपोमात्रेणेति ।।२०१।।

તથા એક પણ જીવનો વધ થાય, તો (તેની શુદ્ધિ કરી શકે તેવું) કોઇ પ્રાયશ્ચિત્ત નથી, એવું એક સ્થાને કહ્યું. આગળ તો

પર્વદિન સિવાય હંમેશા સરાગપણે મૈથુનથી થયેલ હિંસાની પણ નિત્ય માત્ર એકાસણાનું તપ કરવાથી શુદ્ધિ થાય છે, એવું કહ્યું છે. ॥૨૦૧॥

तथा श्राद्धेन नैकस्यापि जन्तोः प्राणान्तः कार्य इत्येकत्र प्रतिपाद्यते । सपादविशोपकप्राणिदयाविचारे तु पञ्चानामेकेन्द्रियाणां द्वि-त्रि-चतुरिन्द्रियाणां द्व्यसञ्ज्ञि-सञ्ज्ञि-पञ्चेन्द्रियाणामेवं दशानामपि जीवानां निरपराधानामपि सापेक्षा प्राणान्तकारिण्यपि हिंसा मुत्कलीक्रियते श्राद्धानाम् ॥२०२॥

તથા એક સ્થાને એમ કહેવાય છે, કે શ્રાવકે એક પણ જીવનો વધ ન કરવો. પણ સપાદવિશોપક જીવદયાના વિચારમાં તો પાંચ એકેન્દ્રિયોની બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિયની બે અસંજ્ઞી-સંજ્ઞી પંચેન્દ્રિયની એમ દશે ય નિરપરાધ જીવોની સાપેક્ષ પ્રાણાંત કરનારી હિંસાની પણ શ્રાવકોને છૂટ રખાય છે. ॥૨૦૨॥

तथा प्राणिनां प्राणान्तकरी हिंसा क्रियते । अथवोच्यते सा सापेक्ष्यं (?) कार्येति पूर्वापरविरुद्धं प्रतिभाति, यतः प्राणिप्राणत्राणं क्रियते, तदैव सापेक्षत्वं स्यादिति ॥२०३॥

તથા પ્રાણીઓના પ્રાણોનો અંત કરનારી હિંસા કરાય છે. અથવા તો કહેવાય છે કે સાપેક્ષ ભાવથી (?) હિંસા કરવી જોઇએ, આ પૂર્વાપર વિરુદ્ધ લાગે છે. કારણ કે જીવોના પ્રાણોની રક્ષા કરાય, તો જ સાપેક્ષપણું થાય. ॥૨૦૩॥

एवमन्यान्यपि बहूनि पूर्वापरविरुद्धाणि तानि कियन्त्यत्र

प्रतन्यन्ते । तथा श्रीजैनधर्ममाहात्म्यान्मोक्षसुखमेव प्राप्यते, न तु किञ्चित्सांसारिकं सुखमित्येतदपि यत्तत्रोच्यते, तदपितावस

जा जोइसिआ चरगपरिव्वाय बम्भलोगो जा । जा सहसारो
पंचिदितिरिअ जा अच्चुओ सढ्ढा ।।१।।

એમ અન્ય પણ ઘણા પૂર્વાપર વિરુદ્ધ વચનો છે, તે અહીં તો કેટલા કહી શકાય ? તથા શ્રી જૈનધર્મના માહાત્મ્યથી મોક્ષસુખ જ પ્રાપ્ત થાય છે, કોઇ સાંસારિક સુખ પ્રાપ્ત થતું નથી, એવું પણ જે તેમાં કહેવાય છે, તે પણ અસત્ય છે. કારણ કે તાપસો જ્યોતિષ દેવલોક સુધી જાય છે, ચરક-પરિવ્રાજક બ્રહ્મલોક સુધી જાય છે. પંચેન્દ્રિય તિર્યંચો સહસ્રાર સુધી જાય છે. અને શ્રાવકો અચ્યુત સુધી જાય છે. ।।૧।। (બૃહત્ સંગ્રહણી ૧૫૪)

इत्यादिकाभिः श्रीमदागमेयगाथाभिरुत्कर्षतोऽपि परमति-धर्माराधनेन पञ्चमस्वर्लोकं यावद् गतिः प्रोक्ता, तत ऊर्द्ध (उर्ध्वं) तु द्वादशमसुरलोकं यावद्देशविरत्या गतिरुदीरिता । सर्वविरत्या तु पञ्चानुत्तरविमानानि यावत् । एवं पञ्चमदेव-लोकादूर्द्ध (दुर्ध्वं) स्वर्लोकसुखावाप्तिः श्रीजिनधर्ममाहात्म्येनैव निरुक्तम्, तत्कथं श्रीजिनधर्ममाहात्म्येन सांसारिकं किमपि सुखं न स्यादित्येतद्युक्तियुक्तम् ।

ઇત્યાદિ શ્રી આગમસંબંધી ગાથાઓથી ઉત્કૃષ્ટથી પણ પરદર્શનના ધર્મને આરાધવાથી પાંચમા દેવલોક સુધી ગતિ કહી છે. તેની ઉપર તો દેશવિરતિથી બારમા દેવલોક સુધી ગતિ કહી છે. સર્વવિરતિથી તો પાંચ અનુત્તર વિમાનો સુધી

ગતિ કહી છે. આ રીતે પાંચમા દેવલોકથી ઉપર દેવલોકના સુખની પ્રાપ્તિ શ્રીજિનધર્મના માહાત્મ્યથી જ કહી છે, તો પછી 'શ્રીજિનધર્મના માહાત્મ્યથી કોઇ સાંસારિક સુખ ન થાય' એવું આ વચન યુક્તિસંગત શી રીતે થાય ?

*अन्यच्च जिनधर्मात्सुखं किमपि सांसारिकं न स्यादित्येव*मेकत्र प्रतिपाद्यत एतस्मिन्नित्यत्र तु चारित्राराधनेन सर्वार्थसिद्धिं यावद्गतिः प्रतिपाद्यत इति प्रकट एव पूर्वापरविरोधः ।।२०४।।

બીજું એક સ્થાને આમાં એમ કહેવાય છે કે જિનધર્મથી કોઇ સાંસારિક સુખ ન થાય, અને અહીં તો ચારિત્રની આરાધનાથી સર્વાર્થસિદ્ધિ સુધી ગતિ કહેવાય છે, માટે પૂર્વાપર વિરોધ પ્રગટ જ છે. ।।૨૦૪।।

तथा ब्रह्मकमनीयसिद्धिग्रन्थे यत् प्रतिपाद्यते वृत्तिकारादिभिः सूत्रस्य पर्यायमात्रं व्याख्यायते, न तु भावार्थः । स पुनरनेनैव शास्त्राभासेन प्ररूप्यत इति तदपि विरुद्धम् । यतः पर्यायमात्रं तु प्रायो व्याख्यां विनापि प्रतीयते । व्याख्या तु व्याख्यातो विशेषप्रतिपत्तिरितिवचनाद्विशेषप्रतिपत्त्यर्थं क्रियते। सा चेन्न भवति वृत्त्यादितस्तदा तद्विधानं निरर्थकमेव स्यादिति।

તથા બ્રહ્મકમનીયસિદ્ધિ ગ્રંથમાં જે કહેવાય છે, કે વૃત્તિકારો વગેરે સૂત્રનો માત્ર પર્યાય કહે છે, ભાવાર્થ નહીં. ભાવાર્થ તો આ જ શાસ્ત્રાભાસથી કહેવાય છે. તે પણ વિરુદ્ધ છે. કારણ કે માત્ર પર્યાય તો પ્રાયઃ વ્યાખ્યા વિના પણ જણાય છે.

'વ્યાખ્યાથી વિશેષ જણાય છે' એ વચનથી વિશેષજ્ઞાન માટે વ્યાખ્યા કરાય છે. જો વૃત્તિ વગેરેથી વિશેષજ્ઞાન ન થતું હોય, તો તેની રચના કરવી એ નિરર્થક જ થાય.

तथा टीकादिभिश्चेद्विशेषावबोधो न स्यात्तदा 'इति भाव, इति तात्पर्यार्थ' इत्यादीनि पदानि तत्र कथं सङ्गच्छत इति। तस्मादेतद् भूतनिह्नवाख्यं महदलीकं विज्ञेयम्, यट्टीकाकारैः पर्यायमात्रमेव व्याख्यातम्, न तु भावार्थ इति ।।२०५।।

તથા જો ટીકા વગેરેથી વિશેષજ્ઞાન ન થતું હોય, તો 'એવો ભાવ છે, એવો તાત્પર્યાર્થ છે,' વગેરે ટીકામાં જોવા મળતાં શબ્દો શી રીતે સંગત થાય ? માટે આ જે છે, તેને છુપાડવા રૂપ મોટું જુઠાણું સમજવું કે - જે ટીકાકારોએ માત્ર પર્યાયની જ વ્યાખ્યા કરી છે, ભાવાર્થની નહીં. ॥૨૦૫॥

तथा-यथा विना वारि सरो निरर्थकम्, विना प्रेम वनिताकिञ्चित्करीत्यादिनिदर्शनैः सङ्गीतं विना नैरर्थक्यं धर्मस्य यत्प्रतिपाद्यते तदपि विरुद्धम्, यतो गजसुकुमाल-दृढप्रहारि-मेतार्यप्रभृतयस्तपोधना व्युत्सृष्टदेहाः सङ्गीताभ्यासं विनैव परमपदं प्राप्ताः सम्प्राप्य पञ्चमावबोधम् ।

તથા - જેમ પાણી વિના સરોવર ફોગટ છે, પ્રેમ વિના સ્ત્રી વ્યર્થ છે, એવા દૃષ્ટાન્તોથી સંગીત વિના ધર્મ ફોગટ છે, એવું જે કહેવાય છે, તે પણ વિરુદ્ધ છે. કારણ કે ગજસુકુમાલ, દૃઢપ્રહારી, મેતારજ વગેરે મુનિઓ શરીરને વોસિરાવીને સંગીતના અભ્યાસ વિના જ કેવળજ્ઞાન પામીને પરમપદ પામ્યા છે.

अन्यच्च यः साधुः सङ्गीतासक्तिं विधत्ते, तस्य-उग्गाइ गाइ हसई-इत्याद्याभिः श्रीमदागमेयगाथाभिः पार्श्वस्थता-प्रभृतिका दूषणप्रसक्तिरप्यवन्द्यतानिदानं प्रतिपादिता । तदेवं साधूनां सङ्गीताभ्यासविधानं न युक्तं प्रतिभाति श्रीमदागमाक्षरैः।

વળી જે સાધુ સંગીતની આસક્તિ રાખે, તેને પાર્શ્વસ્થપણું વગેરે દોષ લાગે છે અને તે અવંદનીય બને છે. એવું – મોટેથી ગાય, ગાય, હસે – (ઉપદેશમાલા ૩૭૩) ઇત્યાદિ આગમિક ગાથાઓથી જણાવાયું છે. આ રીતે સાધુઓ સંગીતનો અભ્યાસ કરે, એ આગમના અક્ષરોથી ઉચિત લાગતું નથી.

तथा श्रीवीरान्तेवासिनस्त्यक्तगृहारम्भाः पौषधनिष्प्रतिमा-प्रतिमायोगनिरताः सङ्गीतं विनैवानन्दप्रभृतयो दशापि श्रमणोपासकाः श्राद्धधर्मेण तृतीयभवसिद्धिगतिप्राप्तियोग्याः समभूवन् । एवं सङ्गीतं विनापि श्रमणश्रमणोपासकानुष्ठेयरूपधर्मद्वैत(ते) स्वर्गापवर्गादिस्वरूपमहाफलं विश्राणयत्यपि यत्सङ्गीतं विना सुकृतस्य निरर्थकता प्रतिपाद्यते, सा युक्तिरिक्तैव विज्ञेया ।।२०६।।

તથા શ્રીવીરના શિષ્યો આનંદ વગેરે દશે ય શ્રાવકો ઘરના આરંભો છોડીને, પૌષધ, નિષ્પ્રતિમા (બેજોડ ?) પ્રતિમા યોગમાં તત્પર થઇને સંગીત વિના જ શ્રાવકધર્મથી ત્રીજા ભવે મોક્ષે જવાની યોગ્યતાવાળા થયા. આ રીતે સંગીત વિના પણ સાધુ-શ્રાવક દ્વારા આચરવા યોગ્ય બંને ધર્મ સ્વર્ગ-મોક્ષ સ્વરૂપ મહાન ફળ આપતા હોવા છતાં પણ જે 'સંગીત વિના સુકૃત

નિરર્થક છે' એવું કહેવાય છે, તે યુક્તિરહિત છે, એમ સમજવું જોઇએ. ||૨૦૬||

तथा श्रीपर्युषणास्वरूपं यथा श्रीमदागमे प्रतिपाद्यते तद्विरुद्धमत्र प्ररूप्यते ||२०७|| तथा कल्किविचारः श्रीमदागमे प्रकरणेषु च यथा विद्यते, ततोऽन्यथा प्रोक्तोऽस्ति, सोऽपि कल्पित इव प्रतिभाति ||२०८||

તથા શ્રી પર્યુષણાનું જેવું સ્વરૂપ શ્રી આગમમાં કહેવાય છે, તેનાથી વિરુદ્ધ સ્વરૂપ અહીં કહેવાય છે. ||૨૦૭|| તથા શ્રી આગમમાં અને પ્રકરણોમાં જે રીતે કલ્કીનો વિચાર છે, તેનાથી અન્ય રીતે કહ્યો છે. તે પણ કલ્પિત હોય, એવું લાગે છે. ||૨૦૮||

तथा महतामपि पूर्वाचार्याणां यन्मिथ्यादर्शनित्वमुच्यते, तदपि महाविरुद्धम् ||२०९||

તથા મહાન પૂર્વાચાર્યોને પણ જે મિથ્યાદૃષ્ટિ કહે છે, તે પણ મહાવિરુદ્ધ છે. ||૨૦૯||

तथा निरयावलिकाश्रुतस्कन्धे कालादिकुमाराणां दशानामपि चेटकमहानृपतिमुक्तबाणकृतप्राणप्रयाणानां निरयगतिः प्रतिपाद्यते । अन्येऽपि च वासवदत्तरथमुशलसङ्ग्रामहताः प्रभूतलक्षमिता अपि मनुष्यास्तत्र प्रोक्ता जीवद्वयवर्जास्तिर्यग्निरयगतिगामिनः ।

તથા નિરયાવલિકા શ્રુતસ્કંધમાં દશે ય કાલ વગેરે કુમારો ચેટક મહારાજાના બાણથી મરીને નરકે ગયા એમ કહ્યું છે.

અને અન્ય પણ ઇન્દ્ર દ્વારા અપાયેલ રથમુશલ સંગ્રામમાં લાખો મનુષ્યો મરીને તેમાંથી બે જીવ સિવાય બધા તિર્યંચ અને નરકગતિમાં ગયા છે, એમ કહ્યું છે.

एवं सत्यपि श्रीमदागमोपदिष्टे चेटककोणिक-नृपतिसङ्ग्रामे न कोऽपि मनुजः शस्त्रहतः परासुरभूदित्येतदपि भूतनिह्नवाख्यमलीकं ज्ञेयम् ।।२१०।।

એમ શ્રી આગમમાં કહ્યું હોવા છતાં પણ ચેટક-કોણિક રાજાના યુદ્ધમાં કોઇ પણ મનુષ્ય શસ્ત્રથી હણાઇને મર્યો નથી, એ પણ 'જે હતું તેને સંતાડવા'રૂપ જુટ્ઠાણું સમજવું. ।।૨૧૦।।

एवमेवमादीनि बहुन्यपि विरुद्धानि ब्रह्मकमनीयसिद्धौ। तथैतस्मिन्शास्त्राभासे यत्सन्धान[1]जातस्यात्यन्तनिर्वेदिनोऽपि दीक्षामात्रमेव देयम्, न तु काचिद्विशेषपदवी तस्य यत्प्रतिपाद्यते, तदपि विरुद्धम्, चेदेवमेकान्तः स्यात्, तदा श्रीवीरेण द्वयोर्गणभृतोः सन्धानजयोरपि कथं दत्ता गणभृत्पदवी ? तस्माद् योग्य[2]स्य सन्धानस्यापि पदवी देया । अयोग्यस्यान्यस्यापि न देयेति स्थिते सत्यपि यदेकान्तेन सन्धानजस्य पदवी निषिध्यते, तद्विरुद्धम् ।।२११।।

એવા એવા ઘણા વિરુદ્ધ વચનો બ્રહ્મકમનીયસિદ્ધિમાં છે. તથા આ શાસ્ત્રાભાસમાં જે એમ કહ્યું છે કે - અકુલીન વ્યક્તિ અત્યંત વૈરાગ્યવાન હોય, તો પણ તેને માત્ર દીક્ષા જ આપવી. પણ કોઇ વિશેષ પદવી ન આપવી - આ પણ વિરુદ્ધ છે.

१. क - खप्रतौ 'अकुलीनस्य'इति स्पष्टीकृतम् ।

२. क - ०ग्यस्यासन्धा० ।

**કારણ કે જો એવો એકાતં હોત તો પછી શ્રી વીરે બે ગણધરોને અકુલીન હોવા છતાં પણ ગણધરપદવી કેમ આપી ? માટે જે યોગ્ય હોય, તે અકુલીન હોય, તો પણ તેને પદવી આપવી, અયોગ્ય હોય, એ કુલીન હોય તો પણ એને ન આપવી. એવું હોવા છતાં પણ જે અકુલીનને પદવીનો એકાંતે નિષેધ કરાય છે, તે વિરુદ્ધ છે. ॥૨૧૧॥**

અહીં બે ગણધરોને અકુલીન કહ્યા, તે વર્તમાન દેશાચારની અપેક્ષાએ ઘટી શકે, ત્યારના દેશાચારમાં તથાવિધ વિવાહ લોકસંમત-અનિંદ્ય હોવાથી બે ગણધરોને અકુલીન ન કહી શકાય.

**तथा संवत्सरचाउम्मासिएसु अट्ठाहिआसु अ तिहीसु । सव्वायरेण लग्गइ जिणवरपूआतवगुणेसु ।।१।। इत्यादिकाभिः श्रीमदागमेयगाथाभिः संवत्सरचतुर्मासकाष्टाह्निकाचतुर्दश्यादि-तिथिषु चतुर्थादिविशिष्टतपः कर्तव्यतया प्रोक्तं श्रीजिनपूजा च । एवं सत्यपि उपवासे कृते श्रीजिनपूजा न कार्येति यदुच्यते, तदपि विरुद्धम् ।।२१२।।**

**તથા સંવત્સરી, ચૌમાસી, અષ્ટાહ્નિકાઓ અને પર્વતિથિઓમાં સર્વ આદરથી (શ્રાવક) જિનવરની પૂજા અને તપગુણની આરાધનામાં લાગી જાય. ॥૧॥ (ઉપદેશમાલા ૨૪૧, ચૈત્યવંદન મહાભાષ્ય ૮૧૯) - ઇત્યાદિ શ્રી આગમિક ગાથાઓથી સંવત્સરી, ચૌમાસી, અષ્ટાહ્નિકા, ચૌદશ વગેરે તિથિઓમાં ઉપવાસ વગેરે વિશિષ્ટ તપ અને જિનપૂજા કરવી**

જોઇએ એમ કહ્યું છે. એમ હોવા છતાં પણ ઉપવાસ કર્યો હોય, ત્યારે જિનપૂજા ન કરવી એવું જે કહેવાય છે, તે પણ વિરુદ્ધ છે. ॥૨૧૨॥

तथा-ततो माध्याह्निकीपूजां कुर्यात्कृत्वाथ भोजनम् । तद्विद्भिः सह शास्त्रार्थरहस्यानि विचारयेत् ।।१।। ततश्च सन्ध्यासमये कृत्वा देवार्चनं पुनः । इत्येवं भोजनान्तरमपि श्रीजिनपूजायाः कार्यत्वे प्रतिपादितेऽपि भुक्त्यनन्तरं न कार्यैवार्हदर्चेति यदूच्यत एकान्तेन, तदपि विरुद्धम् । एवं चेद् भुक्तिसमनन्तरमेकान्तेन निषेधः स्यादर्हदर्चायास्तदा श्राद्धस्य नियतस्त्रिकालपूजाविधिः सिद्धान्तोक्तः कथं सङ्गच्छत इति ।।२१३।।

તથા - પછી મધ્યાહ્નની પૂજા કરે, પછી ભોજન કરીને શાસ્ત્રાર્થજ્ઞોની સાથે શાસ્ત્રાર્થના રહસ્યોનો વિચાર કરે. ॥૧॥ પછી સંધ્યાના સમયે ફરી દેવપૂજા કરીને (યોગશાસ્ત્ર ૨૯૯-૩૦૦) - આ રીતે ભોજન પછી પણ શ્રીજિનપૂજા કરવાની હોય છે, એમ કહ્યું હોવા છતાં પણ જમ્યા પછી જિનપૂજા ન જ કરવી એવું જે એકાંતે કહેવાય છે, તે પણ વિરુદ્ધ છે - જો આ રીતે જમ્યા પછી જિનપૂજાનો એકાંત નિષેધ હોય, તો આગમમાં એવું જે કહ્યું છે કે - શ્રાવકે ત્રણ કાળ અવશ્ય પૂજા કરવી જોઇએ - તે શી રીતે સંગત થાય ? ॥૨૧૩॥

तथा क्षीरनीरनिधिर्मनुष्यक्षेत्राद् बहिर्वर्तते, तत्पानीयैः श्रीजिनजन्माभिषेकः सुरैः क्रियते । तत्र यदुच्यते तानि नीराणि निखिलानि प्रासुकीकृतानि चूर्णक्षेपेणेति, तदपि विरुद्धम्,

यत एतत्शास्त्रानुसारेणापि मनुष्यक्षेत्रबहिर्वर्तिक्षीराम्भोधिसत्कवारिजीवानामन्तर्मुहूर्तायुर्नियमेन न सम्भवति । किन्तु मध्यमायुष उत्कृष्टायुषोऽपि तोयजीवास्तत्र भवन्ति । तत्कथं तेषां चूर्णेन प्रासुकता स्यादिति ।।२१४।।

તથા - મનુષ્યક્ષેત્રની બહાર ક્ષીરસમુદ્ર છે, તેના પાણીથી દેવો શ્રીજિનજન્માભિષેક કરે છે. તેમાં જે કહેવાય છે કે તે બધું પાણી ચૂર્ણ નાખીને અચિત્ત કરાય છે, તે પણ વિરુદ્ધ છે. કારણ કે આ શાસ્ત્રને અનુસારે પણ મનુષ્યક્ષેત્રની બહાર રહેલા ક્ષીરસમુદ્રના પાણીના જીવોનું અવશ્યપણે અંતર્મુહૂર્ત પ્રમાણ જ આયુષ્ય હોય, એવું સંભવતું નથી, પણ મધ્યમ અને ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અપ્કાયના જીવો ત્યાં હોય છે. તો પછી તે પાણી ચૂર્ણથી અચિત્ત શી રીતે થઇ જાય ? ॥૨૧૪॥

तथाष्टप्रवचनमातर इत्यत्राष्टशब्दः प्रवचनमातृणां विशेषणं विद्यते । अत्र तु प्रवचनविशेषणतया यत्तद्व्याख्यानम्, तद् विरुद्धम् । अनुयोगद्वार-ऋषिभाषित-पाक्षिकसूत्रादीनां प्रवचनमध्ये सङ्ग्रहः कथं स्यात्तदष्टत्वनियमे ? ।।२१५।।

તથા 'અષ્ટ પ્રવચનમાતાઓ' અહીં 'અષ્ટ' શબ્દ પ્રવચનમાતાઓનું વિશેષણ છે. આ શાસ્ત્રાભાસમાં તો 'પ્રવચન'ના વિશેષણ તરીકે અષ્ટ શબ્દ જણાવ્યો છે, તે વિરુદ્ધ છે. કારણકે જો પ્રવચન આઠ જ હોય, તો પછી અનુયોગદ્વાર - ઋષિભાષિત - પક્ખીસૂત્ર વગેરેનો પ્રવચનમાં સંગ્રહ શી રીતે થાય ? ॥૨૧૫॥

तथा-ईर्यासमित्यादीनामष्टप्रवचनमातृणां यत्पृथक् पृथक् पुत्रतयाङ्गादीनि प्रवचनानि विवक्ष्यन्ते, तत्रापि बहु विचार्यम् ।।२१६।।

તથા ઇર્યાસમિતિ વગેરે અષ્ટપ્રવચનમાતાના જે અલગ અલગ પુત્ર તરીકે અંગ વગેરે (અંગો-ઉપાંગો-પ્રકીર્ણકો) પ્રવચનો વિવક્ષિત કરાય છે, તે વિષયમાં પણ ઘણું વિચારણીય છે. ।।૨૧૬।।

तथाऽसङ्ख्येयशब्दस्थाने यत्स्थाने स्थान ऽनन्तशब्दप्रयोगो दृश्यते, सोऽपि महाविरुद्धः । सूत्रेऽसङ्ख्येया-नन्तयोरन्तरस्य महतः प्ररूपणादिति ।।२१७।।

તથા અસંખ્ય શબ્દની બદલે અનેક સ્થાનોમાં જે અનંત શબ્દનો પ્રયોગ દેખાય છે, તે પણ મહાવિરુદ્ધ છે. કારણ કે સૂત્રમાં અસંખ્ય અને અનંત વચ્ચે મોટું અંતર કહ્યું છે. ।।૨૧૭।।

एवमेवमादीनि विरुद्धानि कियन्ति वक्तुं पार्यन्ते ? तथा तिलेषु कृष्णानि कियन्ति विविच्यन्ते ? वर्णिकामात्रदर्शनार्थं तु प्रतिपादितान्येतावन्ति । यत एवंविधानि बहूनि श्रीमदागम-विरुद्धानि व्याकरणविरुद्धानि पूर्वापरविरुद्धानि स्थाने स्थाने दृश्यन्ते, तस्मादेतदाधुनिकमित्यनुमीयते ।।१।।

આવા તો કેટલા વિરુદ્ધ વચનો કહી શકાય ? જેમ કે તલમાંથી કેટલો કચરો વીણી શકાય ? આટલા તો નમૂના માત્ર દેખાડવા માટે કહ્યા છે. જેથી આવા ઘણા શ્રી આગમ વિરુદ્ધ, વ્યાકરણવિરુદ્ધ, પૂર્વાપરવિરુદ્ધ વચનો અનેક સ્થાનોમાં

દેખાય છે, માટે આ શાસ્ત્ર આધુનિક છે, એવું અનુમાન થાય છે. ||૧||

तथैतत्सम्बन्धिषु बहुषु ग्रन्थेषु षष्टिहायनमदकलदन्तावलोपरि यत्पटहवादनं प्ररूप्यते, तदप्याधुनिकत्वसूचकम्, यतो येषां तीर्थकृतां तीर्थेषु पटहवादनं प्ररूप्यते, तेषां तीर्थसमये प्रभूतवर्षसमये प्रभूतवर्षलक्षकोटयादिमिते सति गजायुषि यन्मदकलत्वं षष्टिहायनस्यापि तस्य प्रतिपाद्यते, तद् विरुद्धम्, यतो हि मदकलत्वं तारुण्ये स्यात्, तदा तु शैशवावस्था । तस्मादनुमीयते विस्मृततत्कालीनगजायुषाऽऽधुनिक(के)नैतत्कर्त्रा साम्प्रतकालानुसारेण षष्टिहायनस्यापि दन्तिनो मदकलत्वं प्रतिपादितम् ।।२-३-४।।

તથા એના સંબંધી ઘણા ગ્રંથોમાં સાઠ વર્ષના મદોન્મત્ત હાથીના દાંત અબળ (?) ઉપર પટહ વગાડવાની પ્રરૂપણા કરાય છે, તે પણ આધુનિકત્વને સૂચવે છે. કારણ કે જે તીર્થંકરોના તીર્થોમાં પટહ વગાડવાની પ્રરૂપણા કરાય છે, તેમના તીર્થના કાળે ઘણા લાખો - કરોડો વર્ષ પ્રમાણ સમય જેટલું હાથીનું આયુષ્ય થાય ત્યારે તે મદોન્મત્ત થાય છે. અહીં સાઠ વર્ષના હાથીને પણ મદોન્મત્ત કહ્યો છે, તે વિરુદ્ધ છે. કારણ કે મદોન્મત્તતા તો યૌવનમાં થાય. ત્યારે તો હાથીનું બાળપણ હોય છે.

માટે આ શાસ્ત્રાભાસના આધુનિક કર્તા તે કાળના હાથીનું આયુષ્ય ભૂલી ગયા, અને વર્તમાન કાળને અનુસારે સાઠ

વર્ષના હાથીને પણ મદોન્મત્ત કહ્યો, એવું અનુમાન થાય છે.

तथा चतुर्थीपर्युषणात् कृष्णपक्षान्तासुर-सम्बन्धिमासाऽदीनि पूर्वोक्तान्येतस्याधुनिकत्वं पिशुनयन्ति । तथा पदवीवृद्धं साधुमशीतिसंवत्सरपर्यायोऽपि यतिर्वन्दते, अत्राशीतिवर्ष-पर्यायस्योत्कृष्टा या पर्यायवृद्धता ज्ञाप्यतेऽशीति-पदेन, साप्याधुनिकत्वमेतस्य प्रकटयति । यतश्चेद्भरत-कालीनमेतत् स्यात्तदा देशोनपूर्वकोटिपर्याय इति प्रोक्तं स्यादिति ।।५।।

તથા ચોથના પર્યુષણથી વદ પક્ષ સુધીના અસુર સંબંધી માસ વગેરે જે પૂર્વે કહ્યા, તે આ શાસ્ત્રાભાસ આધુનિક છે, એવું સૂચવે છે. તથા પદવીથી વડીલ સાધુને એંશી વર્ષના પર્યાયવાળા મુનિ પણ વંદન કરે છે, અહીં એંશી-પદથી એંશી વર્ષના પર્યાયને જે ઉત્કૃષ્ટથી મોટો પર્યાય કહેવાય છે, તે પણ એમ પ્રગટ કરે છે, કે આ શાસ્ત્રાભાસ આધુનિક છે, કારણ કે જો આ શાસ્ત્ર ભરતના કાળનું હોત તો દેશોનપૂર્વકોટિ પર્યાય એમ કહ્યું હોત. ।।૫।।

तथा पिप्पलाद-याज्ञवल्कादिभिरनार्या(:) कृता वेदा इत्यत्र कृता इत्यतीतकालोक्तिराधुनिकत्वव्यञ्जिकैतस्य ।।६।।

તથા 'પિપ્પલાદ - યાજ્ઞવલ્ક વગેરેએ અનાર્ય વેદો બનાવ્યા.' અહીં 'બનાવ્યા' એમ ભૂતકાળનું વચન પણ એમ પ્રગટ કરે છે, કે આ શાસ્ત્ર આધુનિક છે. ।।૬।।

तथा बह्ववि(?) अवश्यं यातार इत्येतस्य वृत्तस्य तथा-वयं येभ्यो जात्या-इत्यादीनां भर्तृहर(रि)विरचितशत-

कान्तर्गतवृत्तानां यादृगर्थो विद्यते, तादृश एव किञ्चित्शब्द-
परावृत्या तत्र क्षिप्तोऽस्ति, सोऽप्येतस्याधुनिकत्वपिशुनः ॥७॥

તથા - (વૈભવો) અવશ્ય ચાલ્યા જવાના છે - આ શ્લોકનો તથા - અમે જેમનાથી જાતિ વડે - ઇત્યાદિ ભર્તૃહરિએ રચેલા શતકમાં રહેલા શ્લોકોમાં જેવો અર્થ છે, તેવો જ અર્થ કંઇક શબ્દો ફેરવીને તેમાં મુક્યો છે. તે પણ તેના આધુનિકપણાને સૂચવે છે. ॥૭॥

तथा-बीजं चिन्तामणिश्चेत्कनकगिरितटी जन्मभूमी
भवेच्चेत्सेक्त्री चेत्कामधेनुर्निधिकुलमखिलं मूलसंस्कारकृच्चेत्।
वित्तेशो रक्षिता चेत्सरसिजनिलया मञ्जरी चेत्तदास्याद्रामक्ष्मा-
पालमौले तव भुजलतया कल्पवृक्षः सदृक्षः ॥१॥
इत्येतस्मिन्खण्डप्रशस्तिवृत्ते यादृशं श्रीरामस्य पाणेर्वर्णनं तादृगेव यद् विज्ञानेश्वरग्रन्थे श्रीसागरजिनस्य करवर्णनम्, तदपि पिशुनयत्येतस्य साम्प्रतिकत्वम् ॥८॥

તથા - ખંડ પ્રશસ્તિની ટીકામાં જેવું શ્રીરામના હાથનું વર્ણન છે કે - જો ચિન્તામણિ બીજ હોય, મેરુ પર્વતની તળેટી જો જન્મભૂમિ હોય, જો કામધેનું સિંચન કરનારી હોય, સર્વ નિધિઓનો સમૂહ જો મૂળ રૂપે સંસ્કાર કરનારો હોય, જો કૂબેર રક્ષણ કર્તા હોય, લક્ષ્મી જો મંજરી હોય, તો હે શ્રેષ્ઠ રાજા રામ ! કલ્પવૃક્ષ આપની ભુજલતાની સમાન થઇ શકે. ॥૧॥

વિજ્ઞાનેશ્વર ગ્રંથમાં શ્રી સાગરજિનના હાથનું તેવું જ વર્ણન

કરાયું છે. તે પણ સૂચવે છે, કે આ ગ્રંથ આધુનિક છે. ॥૮॥

तथा सिद्धागमसङ्केते स्तवकग्रन्थे पाश्चात्यकृत-भागवतग्रन्थमध्यगतवृत्तानि स्नात्रविधौ यानि प्रोक्तानि, तान्यपि व्यञ्जयत्येतस्याधुनिकत्वम् ।।९।।

તથા સિદ્ધાગમસંકેત સ્તબક ગ્રંથમાં પાછળથી થયેલ કવિએ કરેલા ભાગવત ગ્રંથમાં રહેલા જે શ્લોકો સ્નાત્રવિધિમાં કહ્યા છે, તે પણ સૂચવે છે, કે આ ગ્રંથ આધુનિક છે. ॥૯॥

तथा कल्पिततया प्रतिभासमानानि पाश्चात्यचतुर्विंशतिकागणभृन्नामानि प्रथमं कथयित्वा पश्चात्केशी प्रभृतयोऽपि प्रवर्तमानचतुर्विंशतितमजिनसामाचारीं स्वीकृत्य सिद्धा इत्यतीतकालोक्तिः सूचयत्येतस्याधुनिकत्वम् ।।१०।।

તથા કલ્પિત હોય તેવા લાગતા પાછલી ચોવીશીના ગણધરોના નામો પહેલા કહીને પછી કેશી વગેરે પણ વર્તમાન ચોવીશીના જિનની સમાચારીને સ્વીકારીને સિદ્ધ થયા, એવું જે ભૂતકાળ વચન છે, એ પણ તેના આધુનિકપણાને જણાવે છે. ॥૧૦॥

જો એ ગ્રંથ ભરતચક્રીકાલીન હોય તો કેશી વગેરે... સિદ્ધ થશે, એમ ભવિષ્યકાળમાં પ્રયોગ હોવો જોઇએ. પણ એવું નથી, માટે એ ગ્રંથ આધુનિક છે, એવું પૂરવાર થાય છે.

३८० तथा-भरतो गृहिधर्मेणैव केवलज्ञानी समभूदित्येतद्वाक्यमप्येतस्याधुनिकत्वाविर्भावकम् । यतश्चेदेतद्भरतेन कृतं स्यात्तदाहं गृहिधर्मेणैव केवली भविष्य इत्यस्मदर्थेनागतसमय प्रयोगः कृतोऽभविष्यदिति ।।११।।

તથા ભરત ગૃહસ્થધર્મથી જ કેવળજ્ઞાની થયો, આ વાક્ય પણ એનું આધુનિકપણું જણાવે છે. કારણ કે જો આ શાસ્ત્ર ભરતે બનાવ્યું હોય, તો 'હું ગૃહસ્થધર્મથી જ કેવળી થઇશ' એમ પ્રથમ પુરુષ - ભવિષ્યકાળનો પ્રયોગ કર્યો હોત. ॥૧૧॥

तथा साम्प्रतकालीनसाधुश्राद्धचरित्राणि कल्पिततया प्रतिभासमानानि यतोऽत्र ग्रथितानि, तस्मादाधुनिकमेतदित्यनुमीयते ।।१२।।

તથા કલ્પિત જેવા લાગતા વર્તમાનકાળના સાધુ-શ્રાવકના ચરિત્રો એમાં ગુંથેલા છે, માટે આ આધુનિક છે, એવું અનુમાન થાય છે. ॥૧૨॥

तथा जङ्गमश्मशानकल्पाः कुणपकल्पा इत्याद्यसभ्यतमवाक्यप्रयोगोऽपि सूचयत्येतस्याधुनिक-तत्तादृशासभ्यवचनवादिकर्तृमूलताम् ।।१३।।

તથા જંગમ શ્મશાન જેવા, મડદાં જેવા - વગેરે અત્યંત અસભ્ય વાક્યોનો પ્રયોગ પણ સૂચવે છે, કે એના કર્તા આધુનિક અસભ્યવચન બોલનાર વ્યક્તિ છે. ॥૧૩॥

तथा पाश्चात्यकविकृतनिर्घण्टुवाक्यान्येतन्मध्यक्षिप्तानि सूचयन्त्येतस्याधुनिकत्वम् ।।१४।।

તથા પાછળથી થયેલા કવિઓએ બનાવેલા નિઘંટુ વાક્યો એમાં મુક્યા છે, તે પણ સૂચવે છે, કે આ ગ્રંથ આધુનિક છે. ॥૧૪॥

तथार्चाधिकारे साधूनां वस्त्राणि सकागदसूत्राणि विहारणीया-

नीति यदेतस्मिन्कागदविहारणं प्रोक्तम्, तदाधुनिकत्वमेतस्य सूचयति । यतः श्रीऋषभजिनकाले साधूनां पुस्तकपरिग्रहः क्वापि नोक्तः । श्रीवर्द्धमानजिनतीर्थेऽपि नवशताशीतिवर्षातिक्रमेषु पुस्तकपरिग्रहः साधुभिः कृतः प्रज्ञाया हीनत्त्वेन । ततो विज्ञायते यदाधुनिकं कागदविहारणमेतस्मिन्नुक्तम्, तस्मादाधुनिकमेतत् ।।१५।।

તથા પૂજાના અધિકારમાં કહ્યું છે કે - સાધુઓના કાગળ-દોરા સાથેના વસ્ત્રો વાપરવા. અહીં જે કાગળ વાપરવાની વાત કરી, તે સૂચવે છે, કે આ ગ્રંથ આધુનિક છે. કારણ કે શ્રી ઋષભજિનના કાળે ક્યાંય સાધુઓનું પુસ્તકગ્રહણ કહ્યું નથી. શ્રીવર્દ્ધમાનજિનના તીર્થમાં પણ ૯૮૦ વર્ષ ગયા બાદ પ્રજ્ઞાની હાનિથી સાધુઓએ પુસ્તકગ્રહણ કર્યું. માટે જણાય છે, કે જે આમાં વર્તમાનકાલીન કાગળ વાપરવાની વાત કરી છે માટે આ શાસ્ત્ર આધુનિક છે. ॥૧૫॥

तथा द्वादशाध्यायी सामवेदोपनिषदुक्ता, पञ्चाध्यायी तु अथर्वणवेदोपनिषदुक्ता । अग्रेतना अपि ग्रन्थाश्चेदुपनिषन्नाम्न युष्माभिरुच्यन्त उपनिषदः कस्य वेदस्य ? अथ चेदेतेऽग्रेतनग्रन्था उपनिषन्नाम्ना भवद्भिः कीर्त्यन्ते न पुनरेतस्य वेदस्येमा उपनिषद इति विभागश्च यन्नोच्यते, तस्माद् विज्ञायते यदेतदाधुनिकम् ।।१६।।

તથા દ્વાદશાધ્યાયી સામવેદોપનિષદ્‌માં કહી છે. પંચાધ્યાયી તો અથર્વણવેદોપનિષદ્‌માં કહી છે. આગળના ગ્રંથો પણ જો તમે ઉપનિષદ્-નામથી કહો છો, તો ઉપનિષદો કયાં વેદના

છે ? જો આ આગળના ગ્રંથોને પણ તમે ઉપનિષદ્-નામથી કહો છો, પણ આ વેદના આ ઉપનિષદો એમ વિભાગ નથી કહેતા, એનાથી જણાય છે કે આ ગ્રંથ આધુનિક છે. ॥૧૬॥

तथा श्रीऋषभजिनकाले यदा वेदाः श्रीभरतेन कृतास्तदा तेषामार्यत्वमभूत्, तेन तदा सिद्धान्ते तेषमनार्यत्वं नोक्तम् । पश्चाद् गच्छति समये सुलसा-याज्ञवल्क्यादिभिरनार्येषु कृतेषु वेदेषु श्रीवीरजिनकालीनसिद्धान्ते गणधरैस्तेषामनार्यत्वं प्रोक्तम्। एवं सति यदेतस्मिन्श्रीवीरजिनकालीनसिद्धान्तोक्तऋग्वेदादि-चतुर्वेदमिथ्याश्रुतत्वोपनयनाय युक्तिस्फोरणं क्रियते तदाधुनिकत्वमेतस्य व्यञ्जयति ।।१७।।

તથા જ્યારે શ્રીઋષભજિનના સમયમાં શ્રીભરતે વેદો બનાવ્યા, ત્યારે તે (વેદો) આર્ય હતાં. તેથી ત્યારે સિદ્ધાન્તમાં તેમને અનાર્ય નથી કહ્યા. પછી સમય જતાં સુલસા-યાજ્ઞવલ્ક્ય વગેરેએ અનાર્ય વેદો કર્યા, ત્યારે શ્રીવીરજિનના સમયના સિદ્ધાન્તમાં ગણધરોએ તેમને અનાર્ય કહ્યા. આ સ્થિતિમાં જે આ શાસ્ત્રમાં શ્રીવીરજિનના સમયના સિદ્ધાન્તમાં કહેલા ઋગ્વેદ વગેરે ચાર વેદમાં મિથ્યાશ્રુતપણાને બતાવવા યુક્તિની સ્ફુરણા કરાય છે, તે પ્રગટ કરે છે, કે આ ગ્રંથ આધુનિક છે. ॥૧૭॥

तथा-अन्नत्थ सत्थपरिणएणं-इत्यत्रान्यत्र शस्त्रपरिणतेभ्यः पृथिवीकायिकादिभ्य इत्यन्यत्रशब्दव्याख्यां सम्यगविज्ञायान्य-स्थशस्त्रे परिणतेऽन्यथा यत्तद्व्याख्यानं कृतम्, तदपि सूचकमेतस्याधुनिकत्वस्य ।।१८।।

